आर्य संस्कार

जयकृष्ण प्रेमशंकर शुक्ल.

॥ ॐ श्री ॥

॥ ॐ परमात्मनेनम ॥

आर्य संस्कार

ચતુર્વેદ, સુત્રો, શ્રુતિ, સ્મૃતિ, ધર્મસિંધુ તથા
ઉપનિષદોને આધારે સંશોધન કરી
ગુજરાતી ભાષાન્તર સહિત

गर्भाधानपुंसवन सोमन्तोन्नयनतथा ।
जाताद्यन्त्येष्टिपर्यन्ता संस्काराइतिसन्मत ॥

ગર્ભાધાન, પુંસવન સીમન્તોન્નયન અને જાતકર્માદિથી
અન્ત્યેષ્ટિ પર્યન્ત ષોડશ સંસ્કારો શાસ્ત્ર સંમત છે

કર્તા અને પ્રકાશક,

જયકૃષ્ણ પ્રેમશંકર શુકલ.

ઠે૦ પારેખ ફળીઆ-રાંદેર.

પ્રથમાવૃત્તિ] [પ્રત ૧૦૦૦

સુરત-ચાગના પલ ઉપર આવેલા "શંકર" પ્રિન્ટીંગ
પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપી

સંવત્ ૧૯૮૦] [સને ૧૯૨૪

કિંમત રૂ. ૨-૮-૦.

अनुक्रमणिका.



પ્રસ્તાવના.

પરમાત્માની સૃષ્ટિમા નિરતર ફેરફારો થાય છે, તે તમામ ફેરફારોને યોગ દૃષ્ટિથી કારણ કાર્યની શૃખલાથી યથાર્થ સમજી લઈ આર્યાવર્તના પૂર્વકાળના ઋષિમુનિઓએ યુગ અને યુગધર્મ બાધી તે પ્રમાણે સનાતની ચાતુર્વર્ણ્યને શ્રેયસ્કર એવા શાસ્ત્રો પરમાર્થ માત્રના હેતુથી રચી મુક્યા છે નિસ્વાર્થ પરાયણતાની આ પરોપકાર વૃત્તિ એટલે સુધી વિસ્તાર પામી કે સૌથી કનિષ્ઠ એવા કલિયુગના આરભથી અત સુધીમા કેવી સ્થિતિ જનતા પામશે, અને કેવા સજોગો ઉભા થશે તેનુ પણ ભવિષ્ય કથન ભવિષ્યોત્તર પુરાણમા સ્પષ્ટ કહી તેવા દુર્ઘટ સમયમા પણ અમુકજ સ્મૃતિશાસ્ત્રાદિનો આધાર રાખીને વર્ણાશ્રમ ધર્મનેજ પોતાનુ જીવન સર્વસ્વ માનનાર ધર્મ પરાયણ સજ્જનોએ યાવચ્છક્ય આચરણે રાખવુ એમ વિધિનિષેધાત્મક સકલના યોજી રાખી છે વર્ણોમા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રોને પોત પોતાના અધિકાર સમજાવી સમાજસ્થિતિ અસ્ખલિત પ્રવાહમા ચાલૂ રહે, તેમજ આશ્રમોમા બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ અને સન્યાસની શ્રેણીની ઉત્તમોત્તમ પ્રણાલિકા બાધી તૈયાર રાખી કલિયુગમા યવનો, મ્લેચ્છો ઇત્યાદિ બીજી પ્રજાઓ આર્યાવર્તમા કાળબળે અને સૃષ્ટિ સમસ્તના વિકાસક્રમને અર્થે આવી સત્તાધારી થશે, તેવા સમયમા પણ ધર્મકર્મભ્રષ્ટ થતા અટકવાને બને તેટલોજ આપત્તિધર્મ સમજી તેનુ પરિપાલન કરી વર્ણાશ્રમની છાયા માત્રનુ પણ રક્ષણ થાય એવો ક્રમ યોજી રાખ્યો છે

આ કલિયુગનુ પ્રધાન સ્વરૂપ તો એજ છે કે ઇતર યુગોમા જેમ અધિકારી થયા પછીજ શકા કરી તે શકાનુ યથાર્થ સમાધાન કરનારા અધિકારી ગુરૂ પાસે જઇ પ્રશ્નોત્તરરૂપે તેનો નીવેડો લાવતા, તેમ આ યુગમા રહેશે નહી દૃષ્યન્ત પ્રસિદ્ધ છે કે અર્જુન જેવો અધિકારી પુરૂષ શ્રીકૃષ્ણ જેવા પૂર્ણકળાવતાર અધિકારી પાસે યુગના આરભમા શકા કરે છે અને પરમાત્મા તે શકાનુ પૂર્વના ઉપનિષદ્ વાક્યોને સરળ સ્વરૂપમા ભગવદ્ગીતાને રૂપે સમાધાન કરે છે અને તેમા પણ અતર્હિત હેતુ ત્યારપછી આવતા ઘોર કલિકાળમા અધિકારીઓ તેનુ રહસ્ય સમજી સમજાવી ધર્મનુ પરિશીલન કરે એવો છે છતા કાળબળે દુર્ભાગ્ય એવુ નડ્યુ થયુ કે હવે તે અધિકારી કે અનધિકારી બાળક કે વૃદ્ધ બ્રાહ્મણ કે શૂદ્ર સૌ કોઇ શકા કરે અને તેનુ ગમે તે માણસ પોતાનુ અધિકાર સામર્થ્ય વિચાર્યા વગર સમાધાન કરવાનુ બીડુ ઝડપી લે. શ્રી ભગવાનના ગીતવાણીના વચનોને **न बुद्धिभेद जनयेदज्ञाना**

कर्मसंगिनाम् । गी, अ-३-२४ કર્મમાં સંગ (આશક્તિ) રાખનાર અજ્ઞાની મનુષ્યોએ બુદ્ધિમા ભેદ (શંસય) ઉત્પન્ન ન કરવો. તેમજ **अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति** । गी. अ ४-४० અજ્ઞાન અશ્રદ્ધાળુ અને સંશયી વિનાસ પામે છે ઈત્યાદિનુ પણ હવે ભાન જમાનો રાખે એવી સ્થિતિ રહી નથી એક તરફથી આક્ષેપ થાય છે કે બ્રાહ્મણોએ બગડી પ્રજાને બગાડી, બીજી તરફથી ઉત્તર અપાય છે, બીજી અબ્રાહ્મણ વર્ણે પોતાનો ક્ષાત્ર વૈશ્ય શૂદ્રાદિ તરીકે કેટલો ધર્મ સાચવ્યો છે, કે બ્રાહ્મણોને દોષ આપો છો આમ ધરમાને ધરમા તકરાર કે વિવાદ ક્લેશથી કશુ સાફલ્ય નથી યુગમાહાત્મ્યથી બ્રાહ્મણ અને ઇતર સૌ કોઈજ સ્થિતિ ભ્રષ્ટ થયુ છે તેથી સૌ એજ પોતપોતાની નિકૃષ્ટ સ્થિતિ સમજી લઇ બીજા ઉપર દોષ નહીં મૂકતા પોતે પાછા ઉચે શી રીતે ગતિ કરી શકે તેનો માગ ગ્રહણ કરવો, જેમા બ્રાહ્મણોએ પ્રથમ પ્રયાસ કરવો એ સર્વથા નિર્વિવાદ છે

વર્ણાશ્રમના સસ્કારોને સતેજ રાખી પાળનાર પળાવનાર બ્રાહ્મણોજ સસ્કારો કે તેના વિધાન મત્રાદિની સાર્થકતા જાણે નહીં, તે પ્રમાણે વર્તે નહીં, તો અન્ય વર્ણનાની તો કેવી સ્થિતિ થાય એ સહજ સમજાય એવુ છે જેથી કાળબળે યજમાનવર્ગ પૃચ્છા કરે કે મહારાજ આ તમે શુ મત્ર મત્ર કરીને બોલી ગયા ? એનો અર્થ શુ ? ઇત્યાદિ મહારાજ બિચારા પોતેજ શુ મત્ર અને શો એનો અર્થ એ જાણે નહીં, તે બીજા યજમાનાદિ વર્ગને શુ સમજાવે ? જેથી કર્મ ઉપરથી સસ્કાર વિધાનાદિ ઉપરથી જનસમહની આસ્થા ઊઠી ગઇને પ્રજા માત્ર કર્મહીન અસસ્કારી થવા લાગી આવી દયાપાત્ર સ્થિતિમા પણ કેટલાક શ્રદ્ધાળુ ગૃહસ્થોએ નવીન માર્ગ શોધ્યો કે ભલે બ્રાહ્મણો અજ્ઞાન થયા, આપણને નહી સમજવી શકે, તોપણ આપણેજ કાઇક વિદ્યા બળે અથવા દ્રવ્યબળે આ બધાનો અર્થ સમજી તે બધુ પાળવુ અને આચાર શુદ્ધ રહેવુ આવા સમયમા ચારે તરફથી મુક્ત કંઠે એકજ માગણી સભળાવા લાગી કે આપણા ઋષિમુનિ પ્રણીત શ્રૌતસ્માર્ત સસ્કારોના વિધાન તથા મત્રો અને તેના અર્થો સમજાય એવુ કોઈ પુસ્તક થાય તો ધર્મ કાર્યો બરાબર થઇ શકે, અને આસ્થા પણ રહે આવી લોક સમૂહની તીવ્ર ઇચ્છાને તૃપ્ત કરી ગમે તેમ કરી પણ આપણો અમૂલ્ય ધર્મ અખડિત પળાય તો સારુજ તેમા શ્રેય છે '**धर्मएवहतोहन्ति धर्मो रक्षति रक्षित**' એ પરમપૂજ્ય મનુ મહારાજના વાક્યને અનુસરી આ ગ્રથ યોજાયો છે. તેમા શ્રુતિ સ્મૃતિ ચતુર્વેદ અને ગૃહ્ય સૂત્રો

જેવા આર્ય ગ્રંથોના તથા શ્રી ગીતાજી વગેરેના પ્રમાણો પણ ઠેકઠેકાણે આપી ધર્મ રહસ્ય ટીકાને આધારે પણ સમજાવવા યત્ન કર્યો છે, આ તકે રા રાજેશ્રી ભાઈ મગનલાલ જીવણરામે આ ધર્મ કાર્યમા અંત કરણ પૂર્વક અને સમયને અનુસરી પોતાના ઉદાર હસ્તે કરેલી મદદ માટે આભાર માનવા શિવાય ચાલે તેમ નથી આ પુસ્તકની છપામણીનો સપૂર્ણ ખર્ચ તેઓશ્રીએ આપેલ છે તેમની ઉદાર વૃત્તિનિ કઇક અશે કદર થાય અને તેમના આશુભ કાર્યને જોઇ આ પુસ્તકના પ્રત્યેક વાચક વર્ગને ભવીષ્યમા પરમાર્થનો એક સુદર ધડો મળી શકે તેવા હેતુથી આ પુસ્તકના મુખપ્રષ્ઠ ઉપર તેઓશ્રીનો ફોટો મુકવા ધાર્યુ હતુ પરતુ તેમની તીવ્ર ઇચ્છા પોતાના સ્વર્ગસ્થ ગુરૂદેવ ડા કેસવરામ હરિદત્ત ઇચ્છાપોરીઆનો ફોટો આપી તેમના પ્રત્યેની ગુરૂભક્તિ દર્શાવી કૃતાર્થ થવાની ઇચ્છા હોવાથી તેઓને બદલે તેઓના સ્વગસ્થ ગુરૂદેવનો ફોટો આપવામા આવ્યો છે તેમજ જે દવાખાનુ આજે વર્ષો થયા ભાઈ મગનલાલને હસ્તે સતોષકારક રીતે ચાલે છે અને મુબાઇ શહેરમાંજ નહી પરતુ આખા ઇલાકામા સારી કિર્તિ ધરાવે છે

રા ભાઇ મગનલાલે કરેલી આ ઉદાર મદદ તેઓના સ્વ ગુરૂદેવના સ્મર્ણાર્થે કરવામા આવી છે એમ કહીશુ તો ખોટુ નથી તેઓ પોતે રાદેર પારેખ ફળીઆના રહીશ છે અને મારા આત્મિક બાળ મિત્ર છે અને જ્ઞાતે મોઢ વણિક તેમજ વૈશ્ય વૃત્તિને બરાબર સમજી શકે એવા ધમજ્ઞ તથા નિતિજ્ઞ છે એમને માટે વધારે પ્રશસા કરૂ તો આત્મ શ્લાધા ગણાય, એઓ સાધારણ સ્થિતિના ગૃહસ્થ છે એજ વાત પુરવાર કરી શકે છે કે માત્ર શ્રીમતોજ કોઇપણ ધમ કાર્યમા સહાયતા આપી શકે એ સર્વથા અવમાન્ય છે પરતુ પોતાની કમાણીનો ખર્ચ નકામા મોજ શોખમા ન કરતા સદરહુ સદ્ગ્રહસ્થ પેઠે આવા અનેક ધમ કાર્યોથી લોક કલ્યાણ કરી શકે છે

આ પુસ્તકમા વેદ મત્રોના સ્વર ન હોવાનુ મુખ્ય કારણ અત્રે સ્વરના ટાઇપો ન મળી શકવાથી મુકી શકાયા નથી અને શબ્દોમા કાઇ ખામી હોય તેનુ શુદ્ધિ પત્ર મુકવામા આવ્યુ છે તેમજ જે સજ્જનોએ આ ધર્મ કાર્યમા મને સહાય થઈ ઉત્તેજન આપ્યુ છે તેમનો આભાર માની, છેવટ જિજ્ઞાસુ વાચનારે **गुणदोषौबुधोगृहणन्निन्दुक्ष्वेडाविवेश्वर । शिर साश्लाघतेपूर्वपरंकंठेनियच्छति ॥** એ મહાવાક્ય પ્રમાણે પ્રસ્તુત ગ્રથનો આશય માત્ર સમજીને એનો યથાયોગ્ય ઉપયોગ કરી ધર્મજાગૃતિ રાખવી, જેથી હુ પોતાને કૃતાર્થ માનીશ, ઇતિ શિવમ્

"અભિપ્રાય."

રાંદેરના વે. શા. સ સુકલ, જેકૃષ્ણ પ્રેમશંકરે સગ્રહ કરેલો. "આર્ય સસ્કાર" નામનો ગ્રંથ મે વાંચી વિચારી મોકલ્યો છે આવા ધર્મનો લોપ થતા કાળમાં આર્ય પ્રજાનો ત્રૈવાણુક સસ્કારોનુ રહસ્ય તથા મહિમા અને દૈવી પ્રયોજન નહિ સમજાતા તેથી અનાસ્થા થઈને મદતા અને ધર્મ શૈથિલ્ય આવી જવા જેવુ દેખાય આવા વખતમાં પુનર્જન્મ પ્રાપ્ત કરાવે એવા ઉજ્વળ સામર્થ્યવાળા સંસ્કારો નષ્ટ ભ્રષ્ટ થવાથી પ્રજા નિસ્તેજ નિર્બળ અને નિરૂત્સાહ થાય એ સ્વભાવિક છે. ઉત્તરોત્તર અધોગતિ થતાં છેવટ વર્ણસકરતા અને નિર્મૂળતા એજ પરિણામ આવે છે આવી ઘોર ભયાનક દશામાથી બચાવવા સસ્કાર માત્રનો સમત્રક સ્ફોટ કરી વિધિ પૂર્વક પરિચય કરાવી તેના તરફ અભિરૂચિ કરાવે એવો આ ગ્રથ રચીને સુકલજીએ આર્યપ્રજાનો ઉપકાર તો શુ પણ ઉદ્ધાર કર્યો છે એમ કહેવામા અતિશયોકિત નથી ઇશ્વર કૃપાથી પ્રજાજન અને શિષ્ટ જનોએ ગ્રથને પ્રભાવે પોત પોતાના સુમાર્ગે સુદૃઢ થઈ અધિકારી થાય તેમાજ આ પરિશ્રમનુ સાર્થકય છે.

લી૦ રાદેરવાળા

રાજારામ રામશંકર શાસ્ત્રી મુંબઈ

॥ ॐ ॥

यथाशिखामयूराणां नागानांमणयोयथा ।
तद्वद्वेदांगशास्त्राणां ज्योतिषमूर्द्धन्यवस्थितम् ॥

અર્થાત્ જેમ મોરને માથે શીખા, અને નાગને માથે મણી છે, તેમ વેદના ૭ શાસ્ત્રોમા જ્યોતિષ શાસ્ત્ર શિખારૂપ છે એટલે છએ શાસ્ત્રોમા જ્યોતિષ શાસ્ત્ર મુખ્ય છે

સનાતન ધર્મ અને શાસ્ત્રપર શ્રદ્ધા રાખનાર લોકોના સન્મુખ “જ્યોતિષશાસ્ત્ર મોટુ ચમત્કારીક છે” એમ કહેવુ ખોટુ નથી કેમકે તેઓ તેનો અનુભવ કરતા રહેલા છે છતા પણ જ્યોતિષનુ અર્ધજ્ઞાન ધરાવનાર આડબરી જોશીઓના સહવાસમા આવવાથી જ્યોતિષ શાસ્ત્રપર અશ્રદ્ધા ઉત્પન્ન થાય છે એ અશ્રદ્ધા દૂર કરવાને હમોએ “શ્રી જ્યોતિષ કાર્યાલય” ખોલ્યુ છે જેમા સાયન તથા નિરયન પદ્ધતિથી, પ્રાચિન અર્વાચિન ગ્રથોને આધારે, બ્રહ્મપક્ષ, સૌરપક્ષ વિગેરે દેશાનુકુળ પક્ષ પ્રમાણે કેશવી, ગ્રહલાઘવ વિગેરેના સ્પષ્ટ ગણીતથી જન્મોત્રિ, વર્ષફલ પ્રશ્નોત્રિ વિગેરે બનાવવમા તથા તે જોઇને જીદગીનો વર્તારો કહેવામા આવે છે ભૃગુસહિતામા કુડલી મેળવી ભૃગુઋષિએ કહેલુ ફળ લખી આપવામા અને જ્યોતિષનુ દરેક કામ જેવા કે મૂહુર્તો, તેજીમદી, વરકન્યાના મેળાપ વિગેરે કામો રૂબરૂ અથવા પોષ્ટ મારફતે બનાવી આપવામા આવે છે વિશેષ ખુલાશા માટે એક આનાની ટીકીટ મોકલી “પ્રારબ્ધ” નામની બુક મગાવો

રામચંદ્ર રવિશંકર જોશી.

અધ્યક્ષ; “શ્રી જ્યોતિષ કાર્યાલય”

ઓલપાડ-(જી. સુરત)



મુંબઈમાં બાળવૈદ્ય નામે પ્રખ્યાત ગુજરાતી નાગર

સ્વર્ગવાસી ડાકતર કેશવરામ હરીદત્ત ઇચ્છાપોરીઆ

જન્મ	સ્વર્ગવાસ
સં. ૧૮૯૩ માગસર વદી ૧	સં. ૧૯૬૭ અષાડ વદી ૪

જેઓના સ્મરણાર્થે તેઓના શિષ્ય

ભાઈ મગનલાલ જીવણરામ રાંદેરવાળાએ

આ પુસ્તક પ્રગટ કરાવવામાં સંપૂર્ણ સહાય આપી છે

પેન્ડર મેન્યુફેકચરીંગ કં., ફોટ મુંબઈ

आर्य संस्कार.



॥ अथमंगलम् ॥

॥ श्री शार्दुलविक्रिडितम् ॥

श्रीगौरीरमणंरतीशदहन भक्तार्तिपीडाहरम ।
श्रीलक्ष्म्याश्चपतिंसुरेन्द्रविबुधैर्वंद्यजगत्पालकम् ॥
ब्रह्माणंचसरस्वतींचभगवतीं प्रेमादिमशंकरम ।
नत्वैतान्प्रवितनोम्यहंसुसरलग्रंथसतांतुष्टये ॥ ३ ॥

રતિપતિના નાશ કરનાર હરિજનોની હરકતો અને દુઃખને દૂર કરનાર સૌભાગ્યવિશિષ્ટ પાર્વતિપતિને ઇન્દ્રાદિક દેવો પણ જેને વદન કરે છે અને જે જગત્‌નો પાલક છે તે સૌભાગ્યવિશિષ્ટ લક્ષ્મીપતિને બ્રહ્માને તેજસ્વિની સરસ્વતિને પ્રેમશકરને એ સર્વેને નમસ્કાર કરીને સજ્જનોના સતોષ માટે અતિ સરલ ગ્રથ રચુ છુ—

પ્રકરણ ૧ લું.

પૂર્વ ઇતિહાસ.

संस्कार—આ વિષય આદર્યા પહેલા સસ્કાર શબ્દની વ્યાખ્યા કરવાની ખાસ જરૂર છે **संस्कार**-શબ્દ **सं**-ઉપસર્ગ તથા **कार** (**कृ** ધાતુ ઉપરથી) એ બે મળીને થયેલો છે

सं=सु-રુડુ, **शुद्ध**, **कार**-**कर्म**, **कृत्य**, એટલે શુદ્ધ કર્મ એટલે અતિ રૂડે પ્રકારે શુદ્ધ રીતે કર્મ વિધિ કરી, કાઇપણ કર્મ કરવાને શુદ્ધ થવુ તેનુ નામ સસ્કાર અમુક કર્મ અથવા કૃત્ય કરવાને અધિકાર પ્રાપ્ત થવાને જે ગુણ જોઇએ તે ગુણ મેળવવાને માટે અમુક વિધિ અગર ક્રિયા કરી શુદ્ધ થવુ અને તે વિધિ કરી તે વિષે દેવગુરૂ અગર સદ્‌ગુરૂ પ્રતાપે આચરણ કરી તે કર્મના અધિકારી એટલે તે કર્મ કરવાને યોગ્ય

ગુણુ મેળવવા તે સંસ્કાર વિધિ તો ઘણુા કરે, પરતુ સસ્કાર વગર અધિકારી થવાતુ નથી સસ્કાર થયેથી ગુરૂ દીક્ષા મળે ને તે મળેથી જે જે કમ કરવાના હોય તેનો અધિકાર ચલાવવાને ગુણુ પ્રાપ્ત થાય અને તે તે અધિકારને યોગ્ય થાય હિંદુઓમા સસ્કાર થયેથી દ્વિજ કકહેવાય છે, જ્યા સુધી સસ્કાર થયો નથી ત્યા સુધી તે શૂદ્રવર્ણમા રહે છે પારસીઓમા સદરો, કસ્તિ પહેરવાની ક્રિયા થાય અને સસ્કાર પામેથી જરથોસ્તી મજહબ પાળવાને અધિકારી થાય છે, ત્યા સુધી તે નધર્મી અગર બેહેદીન કહેવાય છે વળી આતસ બહેરામમા પ્રવેશ અને અપસન (યજન) સ્પશ કરવા તથા આચાર્યપણુ મેળવવાને સસ્કાર વિધિ પૂવક તે કરે ત્યારે મોબેદ થવાય છે તેમજ દસ્તુર દસ્તુરાન વિગેરે મોટા આધકારી થવાને તે તે ગુણોવાળા સસ્કાર તથા તપ કરવાની જરૂર છે બૌદ્ધ ધમના આચાર્ય થવાના અધિકારી થવાને એકાસણુ, તપ, દમ, નિરશન, કરી યોગાભ્યાસ કરી સસ્કાર કરવાની જરૂર છે તેજ રીતે જૈન ધર્મના ગોરજી, ગણીજી, શ્રીપૂજ આચાય થવાને સસ્કાર વિધિઓ કરવાની જરૂર છે મોહમેદન મુસલમાન ધમના છોકરાને સુન્નત સસ્કાર થાય ત્યા સુધી તે ખરો મુસલમાન ગણાય નહિ અને ત્યાર પછી તેઓના ધમશાસ્ત્રનુ પુસ્તક જે કુરાન તે પઢવાને અધિકારી થાય છે એજ રીતિ ખ્રીસ્તિ ધર્મિ થવાને બાપ્ટીઝમ એટલે પાદરી સાહેબ તરફથી પવિત્ર શુદ્ધ પાણી માથા ઉપર છાટવામા આવે અને નામ પાડવામા આવે ત્યારે તે ખ્રીસ્તી ધર્મિ થવાને અધિકારી થાય છે એ પ્રમાણે હિંદુ ધમ પાળવાને અધિકારી થવા માટે તે ધર્મના વિધિ પૂર્વક સસ્કાર પાળવા પડે છે ઉપરના દાખના ઉપરથી સમજાશે કે કોઇપણુ કમ ક્રિયા વગર ધર્મ પાળવાને અધિકારી થવા પહેલા તે કર્મો કરવાના ગુણો મેળવવા તે આચરવાને ગુરૂપાસેથી દીક્ષા લેવી તે કરવાને શક્તિમાન થવા માટે વિધિ અગર ક્રિયાઓ કરવી, તેનુ નામ સસ્કાર, એ સસ્કાર થયેથી દેહ, મન તથા બુદ્ધિની શુદ્ધિ થવાને અધિકાર મળે માટે સસ્કારની અવશ્ય જરૂર છે

ब्राह्मण—બ્રાહ્મણુ શબ્દની વ્યાખ્યા કરવાની જરૂર છે બ્રાહ્મણુ, ક્ષત્રિ, વૈસ્ય, અને શુદ્ર તેમા પ્રથમ કહેલા બ્રાહ્મણો ઉત્તમ છે

पतितोपिद्विज' श्रेष्ठ न च शूद्रोजितेंन्द्रिय ।
सर्वभक्षागयाश्रेष्टा सर्वत्यागीनगर्दभ' ॥ २ ॥

પતિત થયેલો બ્રાહ્મણુ શ્રેષ્ઠ છે પરતુ જીતેન્દ્રિય શદ્ર શુદ્ધ થતો નથી સરણુ સવ ભક્ષણુ કરનાર ગાય પૂજ્ય તથા શ્રેષ્ઠ છે પરતુ ગધેડો સવ ભક્ષણુ ત્યાગી હોય પરતુ શ્રેષ્ઠ કહેવાતો નથી.

ब्राह्मणोऽस्यमुखमासीद्बाहुराजन्यः कृतः ।
ऊरुतदस्य यद्वैश्यः पद्भ्याꣳ शूद्रोऽअजायत ॥
यु. य. अ. ३१ मंत्र ११

પ્રથમ ભગવાનના વિરાટ્ સ્વરૂપના મુખમાથી બ્રાહ્મણો ઉત્પન્ન થયા છે બાહુ (હાથમાથી) રાજન્ય (ક્ષત્રી) ઉત્પન્ન થયા છે ઉરૂ (જાગ) માથી વૈશ્ય ઉત્પન્ન થયા છે અને પગમાથી શૂદ્ર ઉત્પન્ન થયા છે અને ભગવાન કહે છે કે બ્રાહ્મણ મારા મુખમાથી ઉત્પન્ન થયા માટે મારૂ મુખ છે એટલે બ્રાહ્મણની વાણી એ મારી વાણી જાણવી એટલે જે વિદ્યાથી ઉત્તમ ગુણેવાળો તે બ્રાહ્મણ વળી મનુસ્મૃતિમા કહ્યુ છે કે—

जन्मनाजायतेशूद्र संस्काराद्द्विजउच्यते ।
वेदाभ्यासाद्भवेद्विप्र ब्रह्मजानातिब्राह्मण ॥

બ્રાહ્મણ યેનિમા જન્મ ધારણ કરે છે તે જન્મે કરી શૂદ્ર વત્ પરતુ સસ્કાર થયેથી દ્વિજ કહેવાય છે द्विज=द्वि=बे=ज=जन्म. બીજો જન્મ એતુ નામ દ્વિજ અને અભ્યાસ કરેથી વિપ્ર કહેવાય છે અને બ્રહ્મને (પરબ્રહ્મ, સચ્ચિદાનદ, અતર્યામિના સ્વરૂપને શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્ગુરૂદ્વારા જે અનુભવથી જાણે તેજ બ્રાહ્મણ એ ઉપરથી ખરો બ્રાહ્મણ તેજ છે કે વિજ્ઞાને કરી પરબ્રહ્મને ઓળખે તે ખરો બ્રાહ્મણ જાણવો વળી ભગવદ્ગીતામા બ્રાહ્મણ કોને કહેવો તે વિષે કહ્યુ છે —

चातुर्वर्ण्यमयासृष्ट गुणकर्मविभागश
भ. गी. अ. ४ श्लोक १३

ગુણ અને કર્મના વિભાગે કરીને મે ચાર વર્ણ ઉત્પન્ન કરી. ભગવાન અર્જુનને કહે છે કે —

शमोदमस्तप शौचक्षातिरार्जवमेवच ।
ज्ञानविज्ञानमास्तिक्य ब्रह्मकर्मस्वभावजम ॥
भ. गी. अ. १८ श्लोक ४२

શમ,-દમ,-તપ-શૌચ, ક્ષાતિ આર્જવ, જ્ઞાન, વિજ્ઞાન, वि=અનુભવ, ज्ञान=જાણવુ અનુભવ સહિત જે જ્ઞાન તે વિજ્ઞાન, અને આસ્તિકતાદિ જે ગુણો જેનામા હોય તે બ્રાહ્મણ વળી પોત પોતાના ગુણ કર્મ પ્રમાણે ચાર વર્ણ કરી છે તે ઉપરથી બ્રહ્મયોનીમા જન્મ ધારણ કર્યો તે બ્રાહ્મણ નહિ, પરતુ બ્રાહ્મવિદ્યાએ યુક્ત તે બ્રાહ્મણ વળી વૃદ્ધ ચાણા ક્યમા કહ્યુ છે કે —

गुरुरग्निर्द्विजातिनां वर्णानां ब्राह्मणो गुरुः ।
पतिरेव गुरुः स्त्रीणां सर्वस्याभ्यागतो गुरुः ॥

બ્રાહ્મણોનો ગુરૂ અગ્નિ, ચારે વર્ણોનો ગુરૂ બ્રાહ્મણ અને સ્ત્રીનો ગુરૂ પોતાનો પતિ, અને બધી વર્ણોના ગુરૂ અભ્યાગત એટલે અનાયાસે આવી મળેલો માણસ અભ્યાગત્ જાણવો તેમા વર્ણોમા ગુરૂ બ્રાહ્મણ શ્રેષ્ઠ છે

બ્રાહ્મણના કર્મ—વેદ ભણવો, ભણાવવો, દાન લેવુ, આપવુ, વેદ, શ્રુતિ, સ્મૃતિ, વેદાગ, શિક્ષા કલ્પ વ્યાકરણ, જ્યોતિષ, નિરૂક્ત અને છદ એ છ (કાવ્ય) ઉપનિષદ ષડશાસ્ત્ર અષ્ટાદશ પુરાણો ઇત્યાદિનો અભ્યાસ કરી, બ્રહ્મવેત્તા થવુ તથા (ષડ્કર્મના અધિકારી થવુ) એ એોને ઘેર ખાવા પિવાનુ બીજી બે વર્ણે માનપૂર્વક પુરૂ પાડવુ એઓએ રાજાને સારી સલાહ આપવી એટલા બ્રાહ્મણના કર્મ છે

ક્ષત્રિના કર્મ—દેશનુ સરક્ષણ કરવુ, પ્રજાનુ નિતિપૂર્વક પાલન કરવુ, ગાયનુ રક્ષણ કરવુ, બ્રાહ્મણોને પાળવા, યજ્ઞયાગાદિકો કરવા અને નિતિપૂર્વક રાજ્ય કરવુ

વૈશ્યના કર્મ—ધર્મ એ જે વણજ=વેપાર, ખેતીવડી ઇત્યાદિ કરવા અને બ્રાહ્મણોને અન્ન વસ્ત્રાદિકો આપવા રાજાને દાણવેરા આપી દેશના રક્ષણાર્થે મદદ કરવી શૂદ્રોએ ઉપલી ત્રણે વર્ણની સેવા કરવી એ પ્રમાણની પર્વે ચાર વર્ણો હતી પછી કેટલોક કાળ વ્યતીત થયા પછી ગદ્રમાથી અઢાર વર્ણો થઇ પરતુ બ્રાહ્મણોની એકજ હતી ઉપર કહ્યા પ્રમાણે પોતાની બુદ્ધિ, વિદ્યા તથા બ્રહ્મવેત્તાથી એક માણસ બ્રાહ્મણ થવાને અધિકારી થઇ શકે, બાહુબળથી તથા ધનુર્વિદ્યાના યોગે કરી ક્ષત્રિ થઇ શકે અને તે પક્તિમા ભળવાને બાધ ન નડે, તેમજ વણજ વેપારમા ચાતુર્યતા ખેતીવાડીના પરિશ્રમથી વશ્ય થવાને અધિકારી થઇ શકે છે એટલે જેને અધિકારી થવુ હોય તેને અધિકારની વિદ્યા, કળા, ચાતુર્યમા કુશળતા મેળવવી જોઇએ ઉપર કહેલી રીતો દ્વાપર અને ત્રેતા યુગ સુધી હતી

મધ્યકાળમા સવત પૂર્વે ચારસે વરસથી સવત સાતસે સુધી બૌદ્ધ મતી રાજા પાચ કુળના ક્ષત્રી જેઓને યુદ્ધકળા શિખવી તયાર કર્યા તથા ચક્રવર્તિ રાજા પણ બૌદ્ધમતિ થયા તેઓના પુસ્તકો ઉપરથી જણાય જે જે બ્રાહ્મણોને પલાયન કરી ડુગર પર્વતોની ખિણોમા ભરાઈ બેસી રહેવુ પડયુ હતુ અને ત્યા તેઓ પોતાના શ્રુતિ સ્મૃતિના પુસ્તકોનુ

સંરક્ષણ કરી રહ્યા હતા ક્ષત્રિય વંશનો નાશ થયો તેથી બ્રાહ્મણોએ યજ્ઞ કરી પાંચકુળના ક્ષત્રિઓ ઉત્પન્ન કર્યા તેઓ પાવર, સોલંકી, રાઠોડ, આબુ, અને ચૌહાણ એવી રીતે પાંચ કુળના ક્ષત્રિઓએ યુદ્ધ કરી. બૌધ્ધોને હાંકી કાઢયા તે સંવત ૭૦૦ સુધી ચાલ્યો તે વખતે બૌદ્ધ મત ચીન, ટીબેટ, બ્રહ્મદેશ, સીંહલદ્વીપ, જાપાન, તથા શિઆમમાં પ્રચાર થયો, અને ભરતખંડમા વેદ ધર્મ ચાલુ થયો પણ એમ લાગે છે કે બૌદ્ધમતિ લોકો એ વૈદિક ગ્રંથોનો નાશ કરવાથી એ અરસામાં બ્રાહ્મણોએ વેદ શ્રુતિ સ્મૃતિઓને અનુસરીને તથા બૌદ્ધમતને અનુસરીને પુરાણો બાંધ્યા છે એમ લાગે છે તેમા-**અહિંસા પરમો ધર્મ** એ બાદ્ધમતના પહેલા સિદ્ધાંત પ્રમાણે પ્રતિપાદન રાખવામાં આવ્યો હતો વૈદિક ગ્રંથોમા યજ્ઞ યાગાદિક સર્વ કર્મમાં હોમ અને હોમ સાથે કેટલા એક પ્રસંગે જીવ વધ પણ થતો હતો તેઓનો કેવળ નાશ કર્યો અને તેને બદલે અન્ન જેવા કે ચોખા, તલ, જવ, અડદ, વિગેરે (રંગ બેરંગી પશુને બદલે) અન્નની આહુતિ તેમજ હસ્તિ ચર્મને બદલે છાલ સહિત, સમિધની આહુતિ પ્રસરત થઈ અને બ્રાહ્મણોનું મ્હાત્મ્ય. પહેલા પ્રમાણ સબળ થયું પરંતુ એક ચક્રવતિ રાજા ન હોવાને લીધે મનુ સ્મૃતિના કાળની રીત પ્રમાણે રહ્યું નહિ વર્ણાશ્રમમા પરસ્પર ભેદ ગણાવા લાગ્યો તેના બીજા પણ કારણો ખરા, બૌદ્ધમતિ લોકોનો કેવળ પરાજય થયો ન હતો તેથી બ્રાહ્મણો નિશંકપણે બીજાઓ સાથે પંક્તિ વ્યવહાર રાખવાને શંકાશિલ થયા વળી બાદ્ધ જાતોમાથી વર્ણાશ્રમના ભય વગર જૈન મત શાખા જેમ તેમ ચાલવા લાગી તેઓના ધર્માચાર્યો સાથે બ્રાહ્મણોને અતિ વાદવિવાદ થયો તેમા બ્રાહ્મણોનો વધુ મતે જય થયો અને જૈનમતાનુસારીઓનો થોડે મતે થયો તેથી બ્રાહ્મણોએ બીજાઓનો પંક્તિ વ્યવહાર આપવો એ શંકા ભરેલું લાગ્યું એ કારણને અનુસરી બ્રાહ્મણ વર્ણ બીજી વર્ણથી કેવળ જુદી પડી

તે વખતમાં બ્રાહ્મણોની વર્ણ એકજ હતી પછી સંવત ૯૦૦ ને સુમારે શ્રીમત્ શંકરાચાર્ય બ્રાહ્મણ દક્ષિણમા ઉત્પન્ન થયા, તેમણે બાદ્ધમતાનુસારી સર્વ લોકોનો પરાજય કરી તેમનું ખંડન કર્યું પણ તેમણે દેશકાળાનુસાર વર્તિને બ્રાહ્મણોની ન્યાતીના દશ વિભાગ કર્યા, તેમા પંચ દ્રાવિડ (પાંચ) પંચ ગૌડ (પાંચ) આવી રીતે બ્રાહ્મણની ન્યાતીના દશ વિભાગ થયા, તેઓના નામ-૧, ઉત્કલ ૨, મિથિલ ૩, સરવર્યા, ૪, ગૌડ ૫, કાન્યકુબ્જ એ રીતે પાંચ ગૌડ અને ૧. મહારાષ્ટ્ર ૨, ગુર્જર (ગુજરાતી) ૩, તૈલંગી ૪, દ્રવિડ ૫, કર્ણાટક એ પ્રમાણે પાંચ દ્રાવિડ

થયા. એઓમા પક્તિવ્યવહાર પરસ્પર હતો પણ કન્યા વ્યવહાર ન હતો એ શિરસ્તા પ્રમાણે બીજા પચ દ્રવિડીઓમાં પક્તિવ્યવહાર છે. પણ ગુજરાતી સાથે પક્તિવ્યવહાર બધ થયો. તેનુ કારણ દત કથા ઉપરથી એ છે કે બીજા પચ દ્રાવિડીઓની સ્ત્રીઓ કચ્છ ધારણ કરે છે તે ઉપરથી ગુજરાતીઓએ ના કબુલ કર્યું તેથી પક્તિવ્યવહાર બધ થયો હાલમા પચ ગૌડમા પણ એક બીજા સાથે પક્તિવ્યવહાર નથી એટલુજ નહિ પણ એક ન્યાતના સાથે પણ પ્રચાર નથી, ઉપર કહેલી ઉભય ન્યાતીઓ થઈ ત્યારબાદ, ગુજરાતીઓમા સો વિભાગ થયા તેના કારણો જુદા જુદા કહેવામા આવે છે પણ તેનુ વિશેષ વિવેચન કરવાની આ જગાએ જરૂર નથી તો પણ એ વાત સિદ્ધ છે કે ગુજરાતી બ્રાહ્મણોની જ્ઞાતિઓમા ઘણી ખરી ન્યાતો ગામ અથવા ઠામ ઉપરથી પડી છે જેવી કે મોઢની ન્યાત મોઢેરા ગામ ઉપરથી, વડનગરા નાગર બ્રાહ્મણની ન્યાત વડનગર ઉપરથી, વિસનગરા બ્રાહ્મણ વિસનગર ઉપરથી ખેડાવલ ખેડ (બ્રહ્મન્ન) પરથી, મોતાળા મોતા ગામ ઉપરથી અનાવલા અનાવિલ ગામ ઉપરથી, બોરસદા બોરસદ કસ્બા ઉપરથી, હરસોલા હરસોલ ઉપરથી ઉનેવાલ ઉના ઉપરથી ધીણોજા ધીણોજ ગામ ઉપરથી રોડવાલ રોડગામ અગર રોડ નદી ઉપરથી કપિલ કાવિ ગામ ઉપરથી કડોળીઆ કડોળ ગામ ઉપરથી સોમપરા સોમેશ્વર મહાદેવ ઉપરથી, જાબુ, જબુસર ગામ ઉપરથી, સિહોર, સિહોર ગામ ઉપરથી ગોમતીવાલ, ગોમ ગામ અથવા ગોમતી નદી ઉપરથી, શ્રીમાળી એ મારવાડમા શ્રીમાળ ગામ ઉપરથી, એ રીતે ગામો ઉપરથી ઘણા ખરા બ્રાહ્મણોની ન્યાતીના નામ પાડયા

એમાથી ઘણીખરી ન્યાત અસલ એક ઔદીચ્ય ન્યાતમાથી ગામ પરત્વે પડી છે તે વિષે એક શ્લોક છે **उदीच्याऋषय सर्वे न च मूढा न च नागरा** એના દ્વિઅર્થ છે એમાનો એક અર્થ ઋષિ (બ્રાહ્મણ) માત્ર ઔદીચ્યજ છે મોઢ મોઢ કે કોઈ નાગર નથી બીજો અર્થ એ કે ઋષિઓ સર્વે ઉદીચ્ય એટલે ઉત્તરથી આવ્યા છે તેમા મૂઢ (મૂર્ખ) કે નાગર (નગરવાસી) એવો ભેદ નથી સર્વે ઉત્તરના (પાટણ ગલ) વાસી છે એ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે સઘળા ગુજરાતી બ્રાહ્મણો ઘણે ભાગે ઔદીચ્ય ન્યાતિમાના છે પણ જુદી જુદી ન્યાતો કેમ થઈ તેના ઘણા કારણો કહેવાય છે તેમા રાજાઓના આગ્રહ હતા પરધર્મિ રાજાઓના જુલમોથી વટલાવુ તથા બ્રાહ્મણોની ટેક તથા અભિમાન એ મુખ્ય દક્ષિણિ બ્રાહ્મણોમા તેવી અનેક ન્યાતિઓ

શીવાજી વગેરે ચક્રવર્તિ રાજાઓ થયા તેઓના ચાતુર્ય તથા પડિતાઇની કુશળતાને લીધે થવા પામી નહી સસ્કાર વિષય સાથે હિંદુધર્મના મૂળતત્વ નિકટ સબધ રાખે છે તેથી તે ધર્મ તથા સક્ષિપ્ત ઇતિહાસ તથા તે ધર્મના પુસ્તકો વિષે વિવેચન કરવુ અગત્યનુ છે હિંદુઓના ધર્મમા વેદ આદિ અનાદિ કહેવાય છે બ્રહ્મદેવ (સૃષ્ટિકર્તા)ને ચાર મુખ સજીને તે ચાર મુખમાથી તે ચાર વેદ સૃષ્ટિ જગતના આરભ કાળથી ઉત્પન્ન થયા તેઓના નામ ઋગ્વેદ, યર્જુવેંદ, સામવેદ, અથર્વવેદ છે ચાર વેદમા બ્રહ્મદેવની સ્તુતિ કરવાની વિધિ લખેલી છે તથા કાઇ પણ કર્મ દેવને અગર કો-પણ દેવીને (બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, ઇદ્રિ, વરણુ, સૂર્ય, ચદ્ર, ઉષા, અગ્નિ, દેવી વીગેરે (તેત્રીસ કોટી દેવતા કહેવાય છે) તેનુ યજન કરવાને તથા તેઓને પ્રસન્ન કરવાને યજ્ઞ હોમ યાગ વિગેરે અગ્નિ દેવની મારફતે આહુતિ દ્વારા સોમવલ્લિ પાન તૈયાર રાખી ઋષિઓ બ્રહ્મા, ઋત્વિજ, આચાર્ય, અધ્યુ, હોતા ઉપાધ્યાય, ભટ્ટ, એઓએ વેદી કરાવવી તેમા જે જે દેવ નિમિત્ત હોમ કરવાનો હોય તેને પ્રસન્ન કરવાને તેના સુત્રમત્ર જે જે વેદમા હોય તે તે વેદ જાણનારા બ્રહ્મા (ચતુર્વેદ જાણનારા) ત્રિવેદી (ત્રણ વેદ જાણનાર ઋષિ) દ્વિવેદી (બે વેદ જાણનારા ઋષિઓ (બ્રાહ્મણો) પઠન કરી તે દેવને પ્રસન્ન કરે અને તેનો પ્રસાદ યજ્ઞ કરનારા યજમાનને આપે એટલે જે યાગમા જે વધુ કરવુ હોય તેમાથી ઋત્વિજ યજમાન સર્વ પ્રસાદ લે આધુનિક કાળમા બોદ્ધધર્મને અનુસરી પશુવધ તથા નરવધને બદલે ચોખા તથા નાળિએર હોમાવવામાં આવે છે તેનો નૈવેદ્ય ધરી પ્રસાદ આપવામા આવે છે અને સોમવલ્લિના મદ્યને મધુપર્ક (દહી મધ ને ઘી) વિગેરે મેળવી તેનો સુરો બનાવી પ્રસાદ ગ્રહણ કરે છે

ચાર વેદ પ્રથમ બ્રહ્માના મુખમાથી ઉત્પન્ન થયા, તે વિષે એવું કહેવામા આવે છે કે એક વેદના એકએક સૂત્રો તેમા નિકળ્યા અને તેમા મહા તપસ્વી ઋષિઓ ધ્યાનાવસ્થામા તદ્રુપ બની તે પછી વધારો કરી બીજા સૂત્રો ઉમેર્યા એ વાત સત્ય લાગે છે તેનુ કારણ દરેક વેદના સુત્રોને મથાળે કયા દેવનુ યજન કયા છદમા તથા કયા ઋષિનુ કરેલુ એ રીતે લખેલુ છે તે ઉપરથી જુદા જુદા ઋષિઓએ ધ્યાનાવસ્થિત્ દશામા વેદના સૂત્રો કર્યા અને સમાધિ ઉતર્યા પછી તેઓના શિષ્યોને મોઢે કરાવ્યા એ રીતે જુદા જુદા ઋષિઓએ જુદે જુદે કાળે સૂત્રો બનાવેલા તેઓને રચી ગોઠવી એક વેદ થયો એ રીતે ઋગ્વેદ ઘણો જુનો છો તેજ પ્રમાણે યજુર્વેદ ત્યારપછી થયો અને

સામવેદ તે પછી ઘણે સમયે થયો અને તે પછી અથર્વવેદ પણ ઘણો મોડો થઇ રચાયો એમ દેખાય છે, એ દરેક વેદની ભાષા ઉપરથી પણ સિદ્ધ થાય છે. ઋગ્વેદની ભાષાગિર્વાણ ખરી પણ આધુનિક કાળીદાસ કવિના કાળની સંસ્કૃત ભાષાથી ઘણીજ ફેરફારવાળી તથા જુદી છે ચારે વેદમા વિષયો જુદા જુદા છે તથા તેમા સ્તુતિ વિધિઓ જુદી જુદી છે ઋગ્વેદમા સંહિતા તથા બ્રાહ્મણ ભાગ છે યજુર્વેદમા બ્રહ્મદેવાગ્નિની સ્તુતિ તથા તે કરવાને વિધિ છે સંહિતા ભાગમા સ્તુતિ અને બ્રાહ્મણભાગમા વિધિ છે, તેમા બ્રાહ્મણભાગમા શતપથ બ્રાહ્મણ નામનો વિધિ સમુહનો ગ્રંથ છે, તેમા વિધિઓના પ્રકાર લખ્યા છે સામવેદમા સ્તુતિ તથા વિધિ છે પણ તે દેવને પ્રસન્ન કરવાના જે મંત્ર તે રાગરાગણીઓમા તથા વાજીંત્રોમા ઉતરે તેવા કરેલા છે તેથી સામ ગાયન કહેવાય છે એજ પ્રમાણે અથર્વવેદમા પણ જુદો વેદ પાઠી પ્રકાર છે કેટલાકો કહે છે કે મુસલમાનોના ધર્મના દેવ તથા દેવતાઇ પુરૂષોની પણ તેમા સ્તુતિ છે, તેથી એવુ અનુમાન થાય છે કે જેમ બૌદ્ધને અનુસરી કેટલીક ક્રિયાઓમા ફેરફાર કર્યો છે તેમ મુસલમાન ધર્મને અનુસરી કેટલાક સૂત્રના મંત્ર એમા ઉમેર્યો કે મુસલમાનો વેદધર્મિઓના ઉપર જુલમ ન કરે, એ શિવાય સ્મૃતિઓમા આધારભૂત ગણાય છે તેમજ ન્યાયના કામમા યાજ્ઞ વલ્ક્ય પ્રમાણ તથા કલિયુગમા પરાશર સ્મૃતિ મુખ્ય ગણાય છે

હિંદુઓના વેદોમા તથા પુરાણોમા એવુ લખ્યુ છે કે ભારત વર્ષિય આર્યો સિંધુનદિની ઉત્તરે તથા પશ્ચિમેથી આવ્યા અને વેદના વૈદિક ધર્મો ત્યાથી પોતાની સાથે લાવ્યા એટલે કાકેસસ પર્વતથી હિંદુકુશ પર્વતની ખીણ તથા નદીઓવાળી રેતાળ ભૂમિમાથી ભારત ખંડમા આવ્યા તે પહેલા તે ભૂમિમા તેઓને તથા બીજા ધર્મિ લોકો સાથે ધર્મ સંબંધી વાદવિવાદ થયા હતા તેમા મુખ્યત્વે કરી જરથોસ્તી તથા હિંદુ ધર્મ સાથે હિંદુઓ સ્વાભાવિક વસ્તુને પુજનારા જેવાકે સૂર્ય, ચંદ્ર, તારા ગ્રહો પૃથ્વી, પાણી વાયુ, ઉષા, ધનુષ્ય, વિદ્યુત, ગર્જના, અગ્નિ,આકાશ પવનો વૃષ્ટિતત્વો જેજે તેઓને અદ્દભૂત તથા ચમત્કારી તથા મનુષ્યોને સુખાકારી કરનારા તેઓને પૂજવાની શ્રદ્ધાવાળા તેઓને અને જરથોસ્તી ધર્મિ જે અગ્નિ પુજક તેઓમા મોટા ભેદ પડે તેમા કાંઇ નવાઇ નથી અને તેઓ બન્નેના આચાર્યો એ તેઓના ધર્મના પહેલવાન તથા દેવોને ઉશ્કેરી બાહુબળે લડાવ્યા, અને અન્તે હિંદુઓ પોતાના ધર્મનુ તથા વેદનુ રક્ષણ કરી દક્ષિણ તથા પૂર્વ દિશામા

ગયા અને સિંધુ તથા સરસ્વતી નદી વચ્ચે પંચ નદના રમાળ પ્રદેશમાં વસ્યા તે સમયે તેઓમા પણ ચાર વેદ હતા પરંતુ ચાર વર્ણ બરાબર ત્યા સુધી હતી નહિ અને એ બનાવ કયારે બન્યો તે કાંઇ કહી શકાતુ નથી પણ ગ્રહોના પાત અને યોગ ઉપરથી ગણિત કરતા એ બનાવો બનવાને છ હજાર વર્ષથી ઓછા વર્ષ નથી એવુ જુના ગ્રંથો ઉપરથી જણાય છે અને જે જગ્યા ઉપર તેઓ વસ્યા તે દેશને આર્યાવર્ત કહે છે અને એમા જે રહ્યા તેઓ આર્ય લોક એવુ મનુસ્મૃતિમા નામ આપ્યુ છે એ આર્ય લોકોને પશ્ચિમના મીડ તથા જરસ્થોસ્તી લોકોના હલ્લા સામે તથા પન તરફના હિન્દુસ્તાનના અસલિ રહેવાસીઓ જેઓને આર્ય લોકોએ રાક્ષસ નામે ગ્રંથમા વર્ણવ્યા છે તેઓના ઘણા જુથ સામે યુદ્ધ પ્રસંગો કરવા પડયા અને પોતાના યજ્ઞાદિક કર્મોમાથી ભ્રષ્ટ ન થવાને એટલે તે હમેશા વખતે વખતે જાગી રાખવા તે યજ્ઞાદિકોની રક્ષા કરવા ઋષિઓની જરૂર પડી, તેથી ક્ષત્રીય વર્ણ જે જોગવર કદે મોટા તથા શરીરે બળીષ્ટ તથા સહન શીલતાવાળા, અને શક્તિવાળા એ પ્રમાણે વર્ણ બનાવી તેઓ યજ્ઞાદિકનુ રક્ષણ કરે એક તરફથી અસુર (અહુર, પારસીઓના જરથોસ્તી પહેલવાન રૂસ્તમ આદિ) લોકોને અને બીજી તરફ રાક્ષસો યજ્ઞનો ધ્વંસ ન કરે માટે ક્ષત્રી વર્ણ સ્થાપી અને મુખરૂપે ક્ષત્રીઓ રાજ્ય કરવા લાગ્યા એટલે વસ્ય તથા શુદ્ર વર્ણ જુદી પાડી ક્ષત્રીઓ પોતપોતાના વર્ણાશ્રમના ધર્મ તથા કર્મ પ્રમાણે બહાર હુમલાઓને અટકાવી બ્રાહ્મણ તથા ગાયો તથા પ્રજાનુ પાલન કરવા લાગ્યા ત્યારબાદ તેઓની માહોમાહે વિરોધ થયો અને પરસ્પર બ્રાહ્મણોને અને ક્ષત્રીઓ વચ્ચે વિરોધ થયો બ્રાહ્મણો કહે અમારુ રાજ્ય અને ક્ષત્રીઓ કહે કે હમારુ રાજ્ય એવી રીતનો માહોમાહે વિરોધ થયો પરંતુ આખરે પરશુરામ અવતારરૂપે બ્રાહ્મણ જન્મમા રહી ક્ષત્રીઓને પરાજય કરી તેઓના વંશજોનો નાશ કર્યો તેમાથી માત્ર એક વંશ (કુળ) ક્ષત્રીનુ રહ્યુ તે દશરથના પુત્ર રામચંદ્રજીએ પરશુરામનો પરાજય કરી કોકણપટ્ટી સંસ્થાન સ્થાપી ત્યા રહેવાની આજ્ઞા કરી એ રીતે ક્ષત્રી વંશમા રાજ્ય કરતા રામચંદ્રજી (વિષ્ણુના અવતારી પુરૂષ મનાય છે તે) અને તે સમયમા આર્ય પ્રજામા ચક્રવર્તિ રાજેન્દ્ર થયા અને આખા ભરતખંડમા તેમની આણ મનાઇ તોપણ બ્રાહ્મણોનુ જોર સર્વોપરી રહ્યુ તેમજ કોઇથી બ્રાહ્મણોનુ નામ લેવાય નહી શ્રીરામચંદ્રજીથી તે ચંદ્રગુપ્તના રાજ્ય પર્યન્ત બ્રાહ્મણો રાજાઓના ખરા સલાહકાર તથા ધનુર્વિદ્યા શિખવનાર ગુરૂ હતા તથા ધર્મગુરૂ પણ તે હતા સંવત

આરંભ પૂર્વે ૪૦૦ વરસ ઉપર બૌદ્ધ અવતાર થયો તે સમયથી બૌદ્ધનું પ્રાબલ્ય વધ્યુ તે સંવત ૭૦૦ના સુમાર સુધી ધર્મગુરૂઓ તથા બૌદ્ધ મતના આચાર્યો બ્રહ્મચર્યવ્રતનુ પાલન કરનારા થયા તેઓને લગ્ન કરવાની છુટ નહિ અને જેઓ તપ દમ ક્ષમા વિગેરે મોટા સિદ્ધાતો પ્રમાણે વર્તનારા તથા ઇશ્વરોપાસનામા તત્પર તેજ તેઓના આચાર્યો થયા પછી તે જન્મથી ક્ષત્રી, વૈશ્ય, કે શૂદ્ર હોય તેની ચિંતા નહી ઉપર લખ્યા પ્રમાણે બ્રાહ્મણોનુ જોર ૧૧૦૦ વરસોમા ગુજરાતમા કેવળ નહી સરખુ રહ્યુ તે સંવત ૮૦૨મા ચાવડા વંશના વનરાજે પાટણમા રાજ્યધાની કરી રાજ્ય સ્થાપ્યુ ત્યારે પ્રાદુર્ભાવ પામ્યુ એ વખતે બ્રાહ્મણોમા ઘણી ન્યાતો ન હતી ગુજરાતમા બ્રાહ્મણની વસ્તી થઇ અને તેઓ ગણ્યા રાજા તિનવદેવની સાથે નાઇ નસિંગી બ્રાહ્મણો પણ આવ્યા પણ તેઓ રાજ્ય સ્થાપવાના પ્રસંગથી આવ્યા ન હતા તેથી તે ઘણા દિવસ રહ્યા નહી ગુજરાતમા બ્રાહ્મણની વસ્તી ન હતી અને હતી તે સોરઠ પ્રાંતમા આબુગઢ નજીક હતી તે સત્વળા આદીચ્યો હતા એવુ અનુમાન થાય છે ગુજરાત ઘણો ખરો જંગલી સરખો હતો ભિલ કોળી વિગેરેની વસ્તી હતી પછી સોલંકી વંશના મૂળરાજ અને તેના વંશજ ભીમ તથા સિદ્ધરાજે મોટા મોટા યજ્ઞ કર્યા તેમા વિદ્વાન ચારે વેદને જાણનારા બ્રાહ્મણો સરસ્વતિ (પંજાબમા) કાંઠેથી આવ્યા ગંગા તટીર કનોજથી કાન્યકુબ્જ, મિથિલાના નગરીથી મિથિલ, ઉત્કલ નગરથી ઉત્કલા નદીઆથી ગાડ, વિગેરે ન્યાતિના બ્રાહ્મણોને બોલાવી યજ્ઞ કર્યા અને તેઓમાના ઘણાએકને પુષ્કળ દ્રવ્ય દાન ગામ, વિગરે આપી ગુજરાતમા રાખ્યા તે ગુજરાતી બ્રાહ્મણો થયા અને તેઓ ઉત્તરમાથી આવ્યા માટે ઉદીચ્ય=આદીચ્ય નામ ધારણ કર્યુ

બ્રાહ્મણો જે ઉત્તરેથી આવી ગુજરાતમા સંસ્થાન કરી રહ્યા તે આદીચ્યો પોતાના અસલ વેદ તેની શાખા, ગોત્રપ્રવર ઇષ્ટદેવ, ગોત્રજ, (માતા) ગણપતિ એ સર્વે પરાપર પ્રમાણે રાખી રહ્યા તેમાના ઋગવેદી કેટલાક શુક્લ યજુર્વેદી કેટલાક કૃષ્ણ યજુર્વેદી, કેટલાક સામવેદી અને કેટલાક અથર્વવેદી, એ રીતે ચાર વેદના બ્રાહ્મણો છે અને હાલમા પણ તેઓ પોતપોતાના વેદ અને શાખા પ્રમાણે કર્મ વિધિઓ કરાવે છે તેમા ઋગવેદની પાંચ શાખા—(શાકલા, બાષ્કલા, આશ્વલાયન, શાખ્યાયન, અને માંડૂકાયન) તેમા વેદના ગ્રાડ૫ અને તેની શાખા તે ડાળ૫ છે ઉપર કહેલી પાંચ શાખાઓમાથી હાલ ત્રણ રહી છે શાખ્યાયન, આશ્વલાયન, અને માંડૂકાયન, એ ત્રણ શાખા રહી

છે વળી શાખા શાખાઓમા પણ ભેદ છે પ્રત્યેક શાખાઓમાં પણ કેટલાક ગોત્રનો સમાવેશ થયો છે તે તે ઋષિઓના નામથી ઓળખાય છે જેમકે ભરદ્વાજ ઋષિઓના વશથી ભરદ્વાજ ગોત્રિ, અને કશ્યપ ઋષિના વશથી કશ્યપ ગોત્રિ, એ રીતે પ્રત્યેક ગોત્રના પ્રવર ત્રણ કે પાચ હોય છે ઋષિઓએ પોતાના શાખાના ભેદ પ્રમાણે વેદ, તથા સૂત્ર મત્રનો ઉચ્ચાર કરેલો હોય છે અને જેટલા શિષ્યો બ્રહ્મચારી રહી તે પ્રમાણે પાઠ કરીને પ્રચારમા લાવ્યા હોય તો તેમની નામના રહેવા માટે તેમના નામ પ્રવર પડયા જેમકે ગાર્ગીય ગર્ગ ઋષિનુ ગોત્ર તેની શાખા પઠનવાળી એ રીતે ત્રણ શિષ્યોએ બ્રહ્મચર્યવ્રત રાખી પ્રચારમા આણી તે ભાલનદ, વત્સ, અને ગર્ગ, એવા ત્રણ શિષ્યો તે ત્રિપ્રવર, એવી રીતે ઋગવેદમા ગોત્ર હતા તેમાથી હવે ત્રણ ગોત્ર રહ્યા છે

યજુર્વેદમા—કૃષ્ણયજુર્વેદમા ૧૭ ગોત્ર છે અને શુકલ યજુર્વેદમા ૧૫ ગોત્ર છે તેમાના બહુ થોડા રહ્યા છે તેમાના ઘણાના નિર્વંશ ગયા છે યજુર્વેદમા ૧૮ શાખાઓ હતી એમા ભેદ છે તેમા કૃષ્ણયજુ અને બીજી શુક્લયજુ, કૃષ્ણયજુમા માત્ર બે શાખા છે અને શુક્લ યજુમા ચાર શાખાઓ છે માધ્યદિની કણ્વિ, આપસ્તબી અને મૈત્રિની એ પ્રમાણે શુક્લ યજુર્વેદની શાખા છે શુક્લ યજુર્વેદની ત્રણ શાખાના ૧૫ ગોત્રમા આઠ કે નવ રહ્યા છે તેઓના નામ ભરદ્વાજ, કૃષ્ણાત્રિ ગાગશ, કાડિનિમમાટર હાનિશ વાશિષ્ઠ કશ્યપ વિગેરે શાખા પરત્વે સ્વર લેવાની રીત જુદી જુદી છે કાણ્વિ શાખાના સ્વર લેવાની રીત કઠથી એટલે કે ઉચો નીચો ડાબો જમણો એવી રીતે સ્વર લેવાની રીત માધ્યદિની શાખાના સ્વર, કઠસ્વર પણ ષ ને બદલે ખ અને અને ય ને બદલે જ બોલાય છે યજુર્વેદની સહિતાના ચાલીસ અધ્યાય છે શાખા પરત્વે સુત્ર ગ્રહ્યમત્ર છે

સામવેદની શાખા બે રહી છે તેમા નાથમી અને ગાભિલ છે ગોત્ર ૫૨ તેમા સાત રહ્યા છે એ વેદમા મત્ર હસ્તસ્વરે પઠન થાય છે એટલે મત્ર બોલતો ઉચા નીચા ડાબા જમણા હાથ હલાવવામા આવે છે એ વેદની સહિતાના અધ્યાય ૧૫ છે અથર્વવેદના બ્રાહ્મણ ગુજરાતમા કલ્યાણી, ભાવનગર, તથા નુણાવાડામા છે બીજે ઠેકાણે જાણવામા નથી ગુજરાત સૌરાષ્ટ્ર, તથા કચ્છદેશમા ગુજરાતી બ્રાહ્મણોની વસ્તિ છે તેમા શુદ્ધ ગુજરાતના તથા દક્ષિણના મહારાષ્ટ્રી બ્રાહ્મણ જે ગુજરાતમા આવી વસ્યા તથા સર્વ એ રીતે ગુજરાતી જેવા થયા પચગૌડમાના જેમ

બ્રાહ્મણો જેઓ પણ સર્વે ગુજરાતી થયા તેઓને પણ તેઓના આચાર વિચાર, વિધિઓ, ક્રિયા પહેરવેશથી તથા ભાષાથી બારીક રીતે અવલોકન કર્યાથી તેઓના મુળ સ્થાનની પરીક્ષા કરાય છે કઇ ન્યાતના બ્રાહ્મણો અસલ દક્ષિણા તથા કઈ ન્યાતના અસલ પંચગૌડમાના તે વિષે તે ન્યાતિના વિવેચન કરતી વખત લખવામા આવશે ગુજરાતી બ્રાહ્મણોની ન્યાતિઓ નામ લગ્યા પહેલા ગામનુ નિશાન ક દરેક ન્યાતિના બ્રાહ્મણો પોતે પોતાના કર્મવિધિ કરતા જેજે વેદ શાખી તેમના ગોત્રના ઋષિ જે જે મત તે તે પ્રમાણે જુદા જુદી રીતે વિધિઓ કરે છે પોતપોતાના કુળના (ગોત્રના) ઇષ્ટદેવ ગણપતિ તથા ગોત્રજને (માતા) વ ામણા તથા નૈવેદ્ય કરે છે તે નિમિત્તે બ્રાહ્મણ ભોજન થાય છે ત્યારેજ દરેક કર્મની સમાપ્તિ થાય છે ગુજરાતી બ્રાહ્મણમા એકજ ન્યાતના બ્રાહ્મણમા જુદા જુદા વેદના બ્રાહ્મણો તથા જુદી જુદી શાખાઓના બ્રાહ્મણો પણ છે જેમકે ઔદીચ્ય સહસ્ત્ર જ્ઞાતિના બ્રાહ્મણોમા કેટલાક ઋગવેદી આશ્વલાયન શાખાના તેમજ યજુર્વેદી માધ્યંદિની શાખાના બ્રાહ્મણો છે તેઓ પોતપોતાના સંસ્કાર તથા કર્મો પોતપોતાના વેદ પોતપોતાની શાખા પ્રમાણે કર્મ કરે છે તેમજ વડનગરાની ન્યાતિમા ઋગવેદિ, યજુર્વેદિ, સામવેદિ તથા અથર્વવેદિ તથા હિરણ્યકેશી, શાખાના, માધ્યંદિની શાખાના તથા તૈત્તિરિય શાખાના બ્રાહ્મણો છે (એ ઉપરથી વડનગરમા રહેલા આદિત્ય વડનગરા બ્રાહ્મણ થયા એમ સિદ્ધ થાય છે) એ પ્રમાણે ઘણા બ્રાહ્મણોની ન્યાતિમા ભેદ થયા હોય એ ઉપરથી સિદ્ધ થાય છે

પ્રકરણ ૨ જું.

ગર્ભાધાન સંસ્કારઃ ॥૧॥

ગર્ભાધાન સંસ્કાર—કેટલાએક બ્રાહ્મણોની ન્યાતિમા સમયે એટલે મંગલ સંસ્કાર કરે છે ગર્ભાધાન સંસ્કાર એટલે ગર્ભ ધારણ કરતી વખતે જે સંસ્કાર વિધિપૂર્વક કરવામા આવે છે તે ઋતુદાન—કેટલાએક ગુજરાતી બ્રાહ્મણોમા સમયે ઋતુ શાન્તિ કરવાનો રિવાજ નથી પણ ઋતુ આવ્યા પહેલા અગર પછી ગમે તે સમયે ઋતુદાન આપવામા આવે છે એ શ્રુતિ સ્મૃતિ, શાસ્ત્ર અને પુરાણોથી વિરુદ્ધ છે માટે એવા કેટલાએક કારણોને લઈ પ્રજા તેમજ સ્ત્રીએ નિર્વીર્ય તથા અપરાક્રમી અવિચારી ઉત્પન્ન થાય છે પૂર્વે ઋતુદાન આપતી વખતે એ વિધિઓ કરે છે અને કેટલીએક ન્યાતોમા ગર્ભાધાન પુંસવન, અને સીમંત, એ ત્રણે સંસ્કારો કાલાતિક્રમ પ્રાયશ્ચિત્ત કરી સીમંત વખતે કરવામા આવે છે તેમા પૂર્વે કહેલી ઋતુ શાન્ત પણ આવી જાય છે ગર્ભાધાન સંસ્કારની વિધિ જુદા જુદા વેદોમા તથા તેઓના જુદા જુદા ગૃહ્યસૂત્રમા જુદી જુદી વિધિએ, તથા સૂત્રો તથા મંત્રોવડે થાય છે તે નીચે પ્રમાણે મંત્રોક્ત તથા સૂત્રોક્ત રીતે થાય છે એ માટે પોત પોતાની શાખા પ્રમાણે કર્મ વિધિ કરાવવાને ગોર (ઉપાધ્યાય) જોઈએ તેવી સર્વ બ્રાહ્મણોને (ક્ષત્રી વૈશ્યને પણ) કુળગોર હોય છે એટલે કુળગોર તેની રિતભાતથી વાકેફ હોય છે તેજ ગોર અને પછી તેનો કુટુંબનો ગોર નજ હોય તો ગમે તે વિધિ એ કર્મ કરાવે તોપણ હાલમા કુળગોર (ઉપાધ્યાય)પણામા નિભાવ ન થવાથી બીજા ધંધાઓ કરવા લાગ્યા તેથી પોતપોતાના કુળ જજમાનોએ તેઓને છોડી દીધા, અને બીજા ગોરને પાળ્યા છે એવું પણ જોવામા આવે છે તથાપિ કુળગોર પોતાના યજમાન પાસેથી દાપુ લીધા વગર રહેતા નથી

ગર્ભાધાન વિધિ.

'ગર્ભાધાન'–ગર્ભાધાન (ગર્ભ+આધાન) આધાન=સ્થાપન ગર્ભાધાન એટલે ગર્ભ સ્થાપન ગર્ભ સ્થિરી કરણ–ગર્ભને સ્થિર કરવો એ પ્રથમ સંસ્કાર છે કારણ કે આ જન્મના મૂળમા આ પ્રથમ વિધિ કહેલી છે એને 'નિષેક' કે 'ઋતુદાન' કે 'ચતુર્થી કર્મ' પણ કહે છે એ વિષે મનુસ્મૃતિમા કહ્યું છે કે—

निषेकादि श्मशानान्तो मन्त्रैयस्यो दितो विधि ।

નિષેક=ગર્ભસ્થાપન પ્રથમ સંસ્કારાદિ લઈ મૃત્યુ પર્યંત વેદ મંત્રો વડે વિધિ કહી છે ગર્ભ સ્થાપન કરવો એ પણ વિચારથી તથા વેદના મંત્રોવડે કરવો જ્યારે શરીર અતિ દૃઢ ઇન્દ્રિઓ, પરાક્રમ, યૌવનાવસ્થાદિક હોય સ્ત્રી પુરુષને પરસ્પર યથાયોગ્ય પ્રીતિ હોય ત્યારે વ્યવહારની રીતે તથા મંત્રવડે ગર્ભ સ્થાપન કરવો તથા તેનુ સંરક્ષણ કરવુ સંરક્ષણ અને રક્ષણમા ફેર એ જે "સ" ઉપસર્ગ=રૂડી રીતે એમ થાય છે એ સંસ્કૃતમા અને વેદવાણીમા વિશેષ આવે છે

વળી શતપથના કાંડ ૧૪મા ૯મા અધ્યાયમા કહ્યું છે કે—

सय कामयेत् महत्प्राप्नुयामित्युदगयनऽआर्पूयमाणपक्षे पुण्याहे द्वादशाह मुपवसद्रती भून्वोदुवरेक ~ सेचमसे वागषर्वोषध फलानीति सभृन्येत्यादि

જે મનુષ્ય એવી ઇચ્છા રાખે કે મહા ગુણયુક્ત સંતાન મને પ્રાપ્ત થાય, તેમણે પુનશ્ચંદ્ર શુક્લપક્ષ અયન સમયે પોતાને પ્રસન્ન (પુણ્ય દિવસ યોજીને બાર દિવસ સુધી ઉમરડાના લાકડાના પાત્રમા તથા તેનાજ લાકડાની ચમચ કરીને તે વડે સર્વોષધી (સર્વોષધી જટામાંસી, આમાહળદર, હળધર, મોરવેલ, શિલાજીત, સુખડ, વેખડ ભદ્રમોથ વાળો, કુષ્ટ આટલી દશ વસ્તુ સર્વોષધી જાણવી) વૈદકમા કહી છે તે પુષ્ટિ, આરોગ્યતા, બળ અને બુદ્ધિને વધારે એવી છે તે ઉપર કહેલી સર્વોષધી દૂધમા મેળવી તેને જમાવી તેને ઉપર કહેલા લાકડાના વાસણમા ઉપર કહેલી ચમચવડે વલોવી માખણ કાઢી તેનુ ઘી બનાવી તેમા સુગંધિયુક્ત મસાલા નાખી તેમાથી દરરોજ સ્ત્રી પુરુષ ઉભયે થોડુ પ્રાશન કરવુ પછી એજ ઘી આગળ કહેવામા આવે તે પદાર્થ સાથ પ્રાશન કરવુ વળી શતપથના દશમા ખણ્ડમા કહ્યુ છે કે—

अथ यामिन्छेत् । गर्भदधीतेति तस्यामर्थं निष्ठाप्य मुखेन मुख ~ सधाया पन्यामि प्राण्यादिन्द्रियेण तेरेतसारेत आदधामीति गर्भण्ये व भवति ॥ १० ॥

સ્ત્રી પુરુષ પોતાની પ્રીતિએ કરી ગર્ભને ધારણ કરતી વખતે પુરુષના શરીરમાથી વીર્ય નીકળતી વખતે અને સ્ત્રીને ધારણ કરતી વખતે ઉભયની વૃત્તિ સ્થિર થવી જોઇએ તેમા સઘળી ઇંદ્રિઓ પોતાને

સ્થાનક રહી સ્થિર થઇ ત્યારબાદ ત્રાય દશ મીનિટ રહી સ્નાન કરવું અને પ્રથમ કહેલી સુગંધીયુક્ત ઔષધી થોડી દુધ સાથે રૂચે તે પ્રમાણે ઉભયને પીવી, ગર્ભ ધારણ કરવાનો કાળ રાતના દસ વાગ્યાથી કે રાત્રીના બે વાગ્યા સુધીનો છે ઉપલો વખત કદાચ તદ્દન આપને અયોગ્ય લાગશે પણ એનો અર્થ સર્વથા એજ પ્રમાણે છે વળી એજ ગ્રંથના ૧૩, ૧૪ ૧૫ ૧૬, ૧૭મા શ્લોકમાં લખ્યું છે કે—

स यइच्छत मे गोरो जायत वदमनुब्रवीत सर्वमायु रिया-दिति क्षीरौदन पाचयित्वा सर्पिष्मन्त मश्नीयाता मीश्वरौ जनयितवै ॥ १३ ॥ अथयइच्छेत। पुत्रोमकपिल पिंगलो जायेत द्वौवेदावनु नवातसर्व मायुरियादि दध्योदन पाचयित्वा० ॥१४॥ अथयइच्छत। पुत्रोम श्यामो लोहिताक्षो जायेत त्रीन्वेदाननु ब्रवीति सर्वमायुरित्यादि त्युद्रोदन पाचयित्वा० ॥१५॥ अथय इच्छेत। दुहितामे पण्डिता जायत सर्वमायुरित्यादि दध्योदन पाचयीत्वा० ॥१६॥ अथयइच्छेत। पुत्रोमे पण्डितो विजिगीथ समितिगम शुश्रूषितावाच भाषिताजायेत सर्वान्वेदाननुब्रवीत् सर्वमायुरि या दिति मा सोदन पाचयीत्वा सर्पिश्मन्त मश्नीयातामीश्वरौ जनयीत बाऽऔक्षणेन वार्षभेणवा ॥ १७ ॥

ભાવાર્થ—કોઈ એવી ઇચ્છા કરે કે મારો પુત્ર ગૌરવર્ણવાળો ઉત્પન્ન થાય તથા એક વેદ પાઠક (શિખવનાર) થાય તથા સોવર્ષનાળો થાય તેણે પયોક્ત ઘીયુક્ત દુધપાક નિત્ય ખાવો અને ઉચિત સમયે ઋતુદાન આપવું એટલે ઉભયના યોગવડે ઇશ્વર સમાન પુત્ર ઉત્પન્ન થાય (૧૩) અને કોઈ એવી ઇચ્છા કરે કે મારો પુત્ર પીળા કેશવાળો અને પીળા નેત્રવાળા તથા દ્વિવેદપાઠી તથા પાઠક તથા સોવર્ષ જીવવાવાળા થાય તો તેણે ચોખા રાંધી દહી સાથે પર્યોક્ત ઘીયુક્ત ખાઇ ઋતુદાન કરવું (૧૪) કોઈ એવી ઇચ્છા કરે કે મારો પુત્ર શ્યામવર્ણવાળા અને રક્તનેત્રવાળો અને ત્રિપાઠી ત્રણ વેદ જાણનાર પાઠક અને સોવર્ષના આયુર્બલવાળા થાય તેણે ચોખા રાંધી માંહે પર્યોક્ત ઘી નાખી ખાવું અને ઉચિત સમયે ઋતુદાન આપવું એટલે ઉપર કહ્યા પ્રમાણે પુત્રોત્પત્તિ થવા સંભવ છે (૧૫) જેને એવી ઇચ્છા થાય કે મારી પુત્રી પંડિતા તથા સો વર્ષના આયુર્બલવાળી થાય, તેણે તલ તથા ચોખા સાથે રાંધી પૂર્વોક્ત ઘી નાખી ખાવું (૧૬) કોઇ ઇચ્છે કે મારો પુત્ર સદ્વિચારવંત શત્રુઓને જીતવાવાળો, નિર્ભય અને સામાને સારી અસર કરે એવા

વક્તા તથા સર્વવેદ વેદાંગ સાથે વિદ્યાપાઠી તથા પાઠક તથા સોવર્ષનું આયુર્દા ભોગવવાવાળો ઉત્પન્ન થાય તેણે ભાત અને પૂર્વોક્ત ઘી ખાવા.

ઋતુદાનના સમય કયા છે તે વિષે મન્વાદિ ઋષિઓએ જે નિયમ કહ્યા છે તે નિચે પ્રમાણે —

ऋतुकाळाभि गामी स्यात स्वदार निरत सदा ।
पर्ववर्ज्ज व्रजे चैना तद्व्रतो रतिकाम्यया ॥ ४५ ॥

ऋतु स्वाभाविक स्त्रीणा रात्रय षोडषस्मृत ।
चतुर्भि हितरै सार्ध महोभि सद्भिर्गर्हितै ॥ ४६ ॥

तासा माद्याश्च तस्त्रस्तु निन्दितै कादसीचया ।
त्रयोदशी च शेषास्तु प्रशस्तादश रात्रय ॥ ४७ ॥

युग्मासु पुत्रा जायन्ते स्त्रियोऽयुग्मासु रात्रिषु ।
तस्तायुग्मासु पुत्रार्थि मविषे दार्तवे स्त्रियम ॥४७॥

पुमान् पु सोधि के शुक्रे स्त्रीभवत्यधिकेस्त्रिया ।
समेऽपुमान् पु स्त्रिगो वा क्षीणेल्पेच विपर्यय ॥४९॥

निंद्यास्वष्टासु चान्यासु स्त्रियोरात्रिहु वर्जयेत ।
ब्रह्मचर्येव भवति यत्र तत्राश्रमे वसत ॥ ५० ॥

ગૃહસ્થ હોય તેણે સનમળ ઋતુદાન સ્વસ્ત્રી સાથે કરવુ તેણે એક પતિવ્રત મન રાખવુ કામવાસના તથા પ્રજોત્પત્તિની ઇચ્છાના હેતુથી અમાવાસ્યા, પર્ણિમા, વર્જ્ય કરી પોતાની વિવાહીત સ્ત્રીને પ્રીતિયુક્ત ઋતુદાન આપવુ (૪૫) સ્ત્રીઓને ઋતુકાળ સ્વાભાવિક થાય છે તેથી જે દિવસે રજોદર્શન થાય તે થકી સોળ દિવસ સુધી ઋતુદાન અવધિ છે તેમા પ્રથમથી ચાર દિવસ નિંદિત છે બાકીના બાર દિવસ યુકત છે (૪) એઓમા પહેલી ચાર રાત્રિ છોડી દઇ તેમ પાછલી અગીઆરસ અને તેરમી રાત્રિ વર્જીત છે બીજી જે દશ રાત્રિ રહી તેમા ઋતુદાન ઉચિત કહ્યુ છે વળી તેમા પૂર્વોક્ત અમાવાસ્યા, અને પર્ણિમા પણ વર્જ્ય કરવાનુ કહ્યુ છે

રજોદર્શનના ચાર દિવસમા પુરુષ સ્ત્રીનો સગ કરે તો આયુષ્ય, બુદ્ધિ, અને તેજ તથા બળની હાનિ થાય છે કારણ કે એ ચાર દિવસ સ્ત્રીના શરીરમા રોગીષ્ટ ગરમી રહે છે તેમજ ગર્ભ પણ સ્થિર રહી શકતો નથી, તથા બીજી નિષેધેલી રાત્રિએ સ્ત્રીનો ધાતુ વિષમ થાય છે

માટે તેઓ પણ વર્જીત કહી છે (૪૭) યુગ્મ એટલે બેકીની રાત્રિ છઠ્ઠી આઠમી બારમી ચૌદમી રાત્રીઓમા સ્ત્રીઓમા ઋતુદાન કરવાથી પુત્ર ઉત્પન્ન થાય છે કારણ કે એ રાત્રિઓમા સ્ત્રીઓમા રક્ત ઓછુ રહે છે એકીની રાત્રિ એટલે પાચમી સાતમી નવમી રાત્રિએ ઋતુદાન કર્યાથી કન્યા ઉત્પન્ન થાય છે કેમકે એ રાત્રિઓમા સ્ત્રીનુ રક્ત અધિક હોય છે (૪૮) પુરૂષના અધિક વીર્યથી પુત્ર અને સ્ત્રીના અધિક રક્તથી કન્યા ઉત્પન્ન થાય છે અને સ્ત્રી અને પુરૂષના બરાબર વીર્ય અને રક્તથી નપુસક ઉત્પન્ન થાય છે અને ઓછા વીર્યથી ગર્ભ રહેતો નથી (૪૯) પુર્વોક્ત આઠ રાત્રિ વર્જીત કરવાની કહી છે તે સિવાય બાકીની રહેલી આઠ રાત્રિએ ઋતુદાન કરે તે ગૃહસ્થાશ્રમમા તેજ બ્રહ્મચારી છે એટલે ગૃહસ્થે (સ્ત્રી પુરૂષે) એક મહિનામા ઉપર બતાવ્યા પ્રમાણે ઉપર કહેલી આઠ રાત્રિમા એક રાત્રિમા ગર્ભસ્થાપનક્રિયા કરવી તેમ નહી કરે તો પોતાનુ શરીર તથા પ્રજા નબળા અને રોગિષ્ટ થઇ દુખ પ્રાપ્ત થવાનો સભવ થાય છે

ચાર વેદોના ગૃહ્યસૂત્રોમા પણ આ રીતે ગર્ભાધાનક્રિયા લખી છે —

॥ ऋगवेदना आश्वलायन गृह्यसूत्र अध्याय १ खड १३ ॥

उपनिषदि गर्भ लम्भन पुसवन मनवलो भनच ॥१॥ यदि ना धीयात तृतीये गर्भमासे तिष्येणो पोषि ताया सरुप वत्साया गार्दघनि द्वौद्वौ मासौ यवच दधि प्रसतेन प्राशयेत्॥२॥ किपिबसि किपिबसीति पृष्ट्वा पुसवन पुसवनमिति त्रि प्रति जानीयात ॥३॥ एवत्रीन् प्रसृतान् ॥४॥

મહાનારણ્યક ઉપનિષદમા ગર્ભ લાભ જે પુસવન તે નહિ કરવુ એમ લખ્યુ છે જે સ્ત્રી ગર્ભ ધારણ ન કરી શકતી હોય તેને શખ વલિ આદિ ઔષધીઓ ખવડાવવી ગાયનુ દહી તથા જવના દાણા પ્રાશન કરાવવા શુ પીવુ છે શુ પીવુ છે એમ તેને પુછવુ તે કહે કે પુસવન એ રીતે ત્રણ ચાર વાર પુછવુ અને પછી પાવુ વળી યજુર્વેદ ગૃહ્યસૂત્રમા પણ એ પ્રમાણે લખ્યુ છે —

अथ गर्भाधान स्त्रिया पुष्पवत्या श्चतुरहादूर्ध्व स्नात्वा विरुजाया तस्मिन्ते वदिना आदित्य गर्भ मित्यादित्यमवेक्षने गृहेत्वा स्नापयित्वा तामभि गच्छेदिति श्रुते तस्मिन्प्रजाया सभवकाले यिशाया कुर्याद्यदि दिवा मथुन व्रजे क्लीबा अल्प वीर्या अल्पायुषाश्च प्रसूयते तस्माद्देतद्व र्जयेत् प्रजाकामोगृही

श्रुति स्मृति विरोधास्या दक्षिणेन पाणिनाऽऽरू प्रशार्य प्रजास्थान ममिमृशति पूषाभग ५ सविता मे ददातु रुद्र कल्पयति ललामगु विष्णुर्योनि कल्पयतु त्वष्टारूपाणि पिंशतु ॥

आस्मिंचतु प्रजापतिर्धाता गर्भं दधातु ते ।

गर्भं धेहि सीनिवालि गर्भं धेहि पृथुष्टुके । गर्भं ते अश्विनौ देवावाधत्तां पुष्कर स्रजावाति संसृजेथा स्तजो वैश्वानरो दधा ब्रह्माण मामत्रयते ब्रह्मागर्भं दर्श वनि प्राग्मुखो उदङ्मुखो वोपविष्टो मथेद्वेतो भूत्रभिमिति चक्र स्रावण कुयात ॥२४॥ मायदि गर्भं नदधीत सिंह्या श्वेते पुष्पाउपाध्य पुष्पेण मूलमुत्थाप्य चतुर्थे हनि स्नाताया निशाया मुदपेप पिष्ट्वास्या नासिकाया दक्षिणमा सिंचती यमोषधी त्रायमाणा सहमानाय सरस्वती ॥ अस्या अह बृहत्या पुत्र पितुरिव नाम जग्रभमिति ॥२५॥

પ્રથમ સ્ત્રી ગમનના અર્થ દિવસ ત્યાગ કરી પ્રથમ દિવસ ત્યાંગ થાય તે દિવસ આદિ ગમનનિતિ મત્રથી સ્નાન કરી પ્રથમ મૈથુન ગમન કરવું પછી પતાના પતિનું ધ્યાન કરવું પછી ગ્ર ઋતુદાન કરવું તે પણ દિવસના કરવું નહીં દિવસ ઋતુદાન કરવાથી તે દિવસથી ઉત્પન્ન થયેલી પ્રજા નપુંસક જ પાપવિ અલ્પ દિવસ તથા અલ્પ બુદ્ધિમાન થાય છે તેથી પ્રદાન કરી વખતે નયમ ઇત્યાદિ" મત્રથી ઈશ્વરની પ્રાર્થના કરી પણ પતિ ... પાર પરમેશ્વર ભગ ... ઐશ્વર્ય યુક્ત પુત્ર મને આપ ... ગાનુ તાન કરનાર પરમેશ્વર, ગર્ભની કલ્પના સફળ કરે તથા ... પરમેશ્વર તે ગર્ભ ધારણ કરનારી નારીને શક્તિમાન કર, ... ગુણ યુક્ત ગર્ભને ... પ્રજાપતિ—જે પરમેશ્વર ગર્ભ ... આસ્થાપન (...) કર, ધાતા જે આ જગતનો ધારણ કરનારો તે આ ગર્ભનું ધારણ કરે, ગર્ભને દશ માસ પુરા થતા પહેલા પતન (...) ન થાય આ નગરની સ્તુતિ ... જે ઈશ્વર તેની સ્તુતિ ... પહેલા કરી હું ... પત્ની તું ગર્ભને ધારણ કર ... વિસ્તીર્ણ ... વાળી તું ઈશ્વરાનુગ્રહ થઈ ગર્ભ ધારણ ... તથા તારા ગર્ભનો અગ્નિ ... એટલે શરીર બ્રહ્માનું ધારણ કરનાર ... , ... , ... , પ્રાણ અપાન વાયુ એને ધારણ કર (૧૪)

હે સ્ત્રી તુ પુરુષનો સંગ કર, અને ગર્ભ તથા બાળકનું પ્રીતિથી પાલન કર, તથા તેજ=સ્વપ્રકાશમાન વિશ્વમા વિરાજમાન પરમાત્મા તે તને ગર્ભધાન કૃપાવડે કરે, અને જે સ્ત્રી ગર્ભ ધારણ નહી કરતી હોય તેણે પૂર્વે કહેલી ઔષધી પાણીમા મેળવી જમણા નસકોરામા સુંઘવી એ ઔષધી સર્વથા ગર્ભનું રક્ષણ કરે એ તથા શુદ્ધ વાણી તથા બુદ્ધિ મંગળ કરનારી થશે તે સ્ત્રી થકી ઉત્પન્ન થયેલો પુત્ર મહા પરાક્રમી તેમજ બુદ્ધિમાન થશે

ऋग्वेद अध्याय ८ अनुवाक ४ वर्ग २० मो.

यथा वात पुष्क रिणीं समिं गयति सवतः एवाते गर्भ एजतु निरैतु दशमास्य ॥८॥ यथावातो यथावन यथासमुद्र एजति ॥ एवात्व दश मास्य सहा वेहि जरायुणा ॥ ८ ॥ दशमासा च्छसयान कुमारो अधिमातरि॥ निरैतु जीवो अक्षतो जीवो जींवन्त्था अधि ।९॥

॥ **ऋग्वेद अध्याय ८ वर्ग ४२** ॥

विस्मुर्योनि कल्पयतु त्वष्टा रुपाणि पिं शतु । आसिंचतु प्रजापति र्धाता गर्भंदधातुते । गर्भंधेहि सिनीवालि गर्भंधेहि सरस्वति ॥ गर्भंते अश्विनौ देवावाधत्ता पुष्कर स्रजौ ॥ हिरण्य यी अरणी य निर्मयतो अश्विना ततेगर्भं हवामाहे दशमेमासि सूतवे ॥ १ ॥ २ ॥ ३ ॥

ભાવાર્થ—(ઓરથી) હે સ્ત્રી જેમ વાયુ સર્વ ઓરથી પુષ્કરણી=નાની સ્થાનનો જલાશય તેને ધિમ ધિમે ચલાવે છે તેમજ તારા ગર્ભને છે તેમજ તારા ગર્ભને પ્રાણશક્તિયુક્ત થઈ ધિમે ધિમે ચલન કરે અગર સુખપૂર્વક બહાર આવે એટલે જન્મ થાય જેમ વાયુ, વન, તથા સમુદ્ર ધિમે ધિમે ચેષ્ટા કરે છે તેમજ હે ગર્ભ, તુ, "જરાયુ" (ઓર સાથે) પુરા દશ માસ સુધી ધિરે ધિરે ચેષ્ટા કરીને સુખપૂર્વક બહાર આવ માતાના ઉદરમા દસ માસ શયન કરીને જીવતો "અક્ષત" સાંગોપાંગ કુમાર બહાર આવે, તથા તે કુમારની માતા પણ નીરોગી સુખી અને જીવતી રહે એવી કૃપા પરમેશ્વર પરમાત્મા, અમો સર્વ ઉપર કરે "વિષ્ણુર્યોનિકલ્પયતુ" એનો અર્થ આગળ આવી ગયો છે સ્ત્રીહિરણ્યયી—તેજસ્વી અરિણી આ સ્ત્રી અને હુ જે પુરુષ તે બે જણના સમાગમથી

આદિત્યરૂપ ગર્ભ રહે છે એજ અગ્ની(અરણી)ના લાકડાને મથન કરીને પુરૂષ અગ્નિ ઉત્પન્ન કરે છે તેમજ આ ગર્ભને તારી પામે લઇએ સ્ત્રીએ વળી યજુર્વેદમા કહ્યુ છે કે—

॥ यजुर्वेद् अध्याय ८ मंत्र २८ मो. ॥

ॐ एजतु दशमास्यो गर्भाजरायुणा सह ॥ यथाय वायुरेजति यथात्यमसुद्र एजति ॥ एवायदशमास्योऽअस्त्रज्जरायुणा सह ॥ अ० १३ मंत्र ४१ ॥ आदित्यगर्भं पयसा समङ्धिसहस्रस्य प्रतिमा विश्वरूपम ॥ परिवृङ्धि हरसा माभिमंस्थाः शतायुष कृणुहि चीयमानः अ० १९ मंत्र ७६ ॥ रेतोमूत्रविजहाति योनि प्रविश दिन्द्रियम ॥ गर्भो जरायुणा वृतउल्वं जहाति जन्मना ॥ ऋतेन सत्यमिन्द्रिय विपानꣳशु क्रमन्धस इन्द्रस्येन्द्रियमिद पयाऽमृतमधु ॥ यत्तेसुसीमे हृदय दिविचन्द्रमसिश्रित । वेदाहन्मातद्विद्यात् ॥

"એજતુ"નો પહેલા અર્થ થયો કે "આદિત્યમિતિ =હે પરમેશ્વર ચીયમાન ગર્ભની "ચયન' સમપન્ન કરિ ... અતિરત' સુખના ... તેજસ્વી ... તથા પયથી ગર્ભને અન્ન માટે ભાગિઓ ... 'વિશ્વરૂપ'=આ જગતમા લાવણ્ય યુક્ત હજારો મનુષ્યની માફ 'પ્રતિમા તાલન તુલના ... કર, તેના સઘળા ... ઓનો નાશ ... તે ગર્ભને 'ચિઅન'–તાડન ન કર તથા ... કપાથી 'શતાયુ' ... સો વરસ સુધી જીવવાવાળો કર .

સામવેદમા પણ ગર્ભાધાન વિધિ મંત્રો છે તેમા પણ **विष्णुर्योनी-कल्पयतु०** તથા **गर्भधेहिसिनीवालि०** ઋગ્વેદના મંત્રો તે કરતા વિશેષ બીજા આ

શતપથ બ્રાહ્મણ प्र० ला० ९

पुमाꣳ सौमित्रा वरुणौपुमाꣳ सावश्विना वुभो ॥ पुमानग्निश्चवायुश्च पुमान् गर्भस्तवोदरे ॥ पुमानग्निः पुमानिन्द्रः पुमान्देवोबृहस्पति पुमाꣳ सपूत्र विन्दस्व त पुमाननु जायताम ॥

ભાવાર્થ–હે સ્ત્રી જેમ સૂર્ય, ચંદ્ર પુરૂષાર્થ યુક્ત તેજાદિ બ્રાહ્મણમા છે તથા જેમ શરીરમા પ્રાણ તથા અપાનવાયુ પુરૂષાર્થ યુક્ત છે તથા જેમ અગ્નિ, વાયુ, પણ પુરૂષરૂપ છે તેમ તારા ઉદરમા

ગર્ભ શ્રેષ્ઠ ગુણ વાળો છે જેમ અગ્નિ, ચંદ્ર, સૂર્ય, પુરૂષરૂપે છે, તેવા ગુણયુક્ત પુરૂષરૂપ પુત્રનુ પ્રાપ્ત કર મિત્ર, વરુણ, અશ્વિનૌ, અગ્નિ, તથા વાયુ પુરૂષરૂપ છે તેના પુરૂષરૂપ પુત્ર તારે ઉદરે અવતારને ધારણ કરે, પુરૂષરૂપ બ્રહ્મા, અગ્નિ હરિ, અને બ્રહસ્પતિ એ પણ છે, તેવોજ પુરૂષરૂપ પુત્ર તને પ્રાપ્ત થાય

વળી સામ વેદમા "નિષેકસંસ્કાર વિધાન" છે તેમજ અથર્વ વેદમા પણ નિષેકસંસ્કાર વિધિ કહ્યો છે

॥ अथर्ववेद काण्ड ६ प्र० अनु० १७ मो ॥

यथेय पृथिवी मही भूतानां गर्भमादधे। एवातम्रियतां गर्भो अनुसूतं सवितवे ॥ १ ॥ यथेय पृथिवी मही दाधारे मान्वनस्पतीन् ॥ एवा० ॥ २ ॥ यथेय पृथिवी मही दाधार पर्वतान् गिरिन् ॥ एवा० ॥ ३ ॥ यथेय पृथिवी दाधार विष्ठित जगत एवत म्रियया गर्भो अनुसूतु सवितवे ॥ ४ ॥

ભાવાર્થ-જેમ આ પૃથ્વી જીવોના ગર્ભને ધારણ કરે છે તેમજ તારો ગર્ભ સ્થિર રહો ૧ જેમ પૃથ્વી વનસ્પતિને ધારણ કરે છે તેમજ તારો ગર્ભ દસ માસનો થવા માટે સ્થિર રહો ૨ ૩ જેમ આ પૃથ્વી પર્વતોને ધારણ કરે છે તેમજ તારો ગર્ભ દસ માસ થવાને માટે સ્થીર રહો

૪ જેમ આ પૃથ્વી આ આશ્ચર્યકારક થએલા સર્વ જગતને ધારણ કરે છે તેમજ તારો ગર્ભ દસ માસનો થવાને માટે સ્થીર રહો આ પ્રમાણ ગર્ભાધાનનો વિધિ કહ્યો છે

ગર્ભાધાનને ઉપયોગી હોવાથી પ્રથમ રજોદર્શનમા દુષ્ટ એનામાથી તિથિ ઇત્યાદિકનો નિર્ણય કરે જે, અષાડ ભાદ્રપદ કાર્તિક, અને પોષ એટલા માસમા પ્રથમ રજોદર્શન થાય તો દુષ્ટ જાણવો એજ, રિક્તાતિથિ (ચોથ, નોમ, ચઉદસ) આઠમ છઠ, અને દ્વાદસી અને પુણિમા એ તિથિઓમા જો પ્રથમ રજોદર્શન થાય તો નિંદત ફળ જાણવું, તેમજ રવિ શની અને મંગળ એ વાર પણ નિંદત છે ભરણી, કૃતિકા, આર્દ્રા આશ્લેષા મઘા, પુર્વાફાલ્ગુની, પુર્વાષાઢા, પુર્વા ભાદ્રપદા, વિશાખા અને જ્યેષ્ઠા એટલા નક્ષત્રો પણ નિંદ્ય જાણવા વિષ્કંભ ગંડ અને અતિગંડ શુળ, વ્યાઘાત વજ્ર, પરિઘનુ પુર્વાર્ધ, વ્યતીપાત, અને વૈધૃત એટલા યોગો પણ નિંદિત છે, ગ્રહણ, રાત્રિ, સંધ્યાકાળ,

અપરાન્હકાળ, નિદ્રાવસ્થા, પણ નિષેધ છે, જીર્ણવસ્ત્ર, ગાતા, ગાળી, અને વિચિત્ર રંગના વસ્ત્રનિષેધ છે નગ્નપણામા, પારકે ઘેર, તથા બહાર ગામ, એટલી અવસ્થામા પ્રથમ રજોદર્શન નિષેધ છે તે રજ અલ્પ, અધિક અને અંગે કાળુ ઇત્યાદિક હોય તો દુષ્ટ ફળને આપે, સાવરણી, લાકડા, ઘાસ, અગ્નિ તથા સુપડુ એટલા પદાર્થો હાથમા હોય અને પ્રથમ રજોદર્શન થાય તો તે સ્ત્રી વ્યભિચારિણી થાય અને પહેરેલા વસ્ત્રોમા રૂધિરના બિંદુ વિષમ ત્રણ, પાચ, અને સાત ઇત્યાદ હોય તો તેથી પુત્ર પ્રાપ્તિ થાય અને સમ ચાર, છ, અને આઠ ઇત્યાદિ હોય તો તેથી કન્યાની પ્રાપ્તિ થાય ગર્ભાધાનનો કાળ ચદ્ર, સૂર્યના ગ્રહણ સમયે તથા જન્મ દિવસ એટલા દિવસો વર્જ્ય કરવા, સધિકાળ માતાપિતાનો મરણ દિવસ શ્રાદ્ધનો દિવસ અને તેના આગળનો અને પાછળના દિવસો વર્જ્ય કરવા ચોથ, નોમ, ચાદસ, આઠમ, પુર્ણિમા, અને અમાસ, એ તિથિઓ વર્જ્ય કરી બાકી રહેલી તિથિઓ ગર્ભાધાનમા ઉત્તમ જાણવા સોમ, ગુરુ બુધ, અને એટલા વાર ગર્ભાધાનને માટે શુભ જાણવા મૂળ મઘા રેવતી અને જ્યેષ્ઠા એટલા નક્ષત્રો વર્જ્ય કરવા, ભરણી કૃત્તિકા અને આશ્લેષા, ત્રણ પુર્વા (પુર્વાફાલ્ગુની, પુર્વાષાઢા પુર્વાભાદ્રપદ) અને વિશાખા એટલા નક્ષત્રો મધ્યમ જાણવા બાકી રહેલા નક્ષત્રો શુભ છે ગર લગ્નમા ગોચર વિશે ચદ્રમા અનુકૂળ હોય અને શુક્લ પક્ષમા ખાન્તિ પાચમો અને નવમો ચદ્ર શુભ જાણવો મૈથુન અતેના અન્તનો વિધિ ઋતુકાળે ગમન કરવાથી ગર્ભ રહેવાનો સંભવ છે માટે મૈથુન કરીએ મૈથુન અતે સ્નાન કરવુ ઋતુકાળ વિના અન્ય સમયે ગમન કરે તો મળમૂત્રની પેઠે શૌચ હાથ પગ ઇત્યાદિ ધોઇ આચમન કરવુ તે વચન સ્મૃતિમ (વચન ઉતારવા) અથવા મૈથુન કરી આચમન કર્યા વિના મૈથુન કરે તો એક અહોરાત્ર ઉપવાસ વડે શુદ્ધિ થાય, આવા વચનો છે માટે મૈથુનને અંતે આચમન કર્યા વિના મળમૂત્રનો ત્યાગ કરે તો એક અહોરાત્ર ઉપવાસ કરવો મૈથુનને અતે સ્ત્રીઓને સ્નાન કરવુ નહિ કારણ કે ગંગા ઉપરથી ઉતરી સ્ત્રી શુદ્ધ છે, પણ પુરૂષ શુદ્ધ નથી, એ રીતે ગર્ભધાન સસ્કારનો નિર્ણય સમાપ્ત થયો

પ્રકરણ ત્રીજું

॥ २ ॥ पुंसवन संस्कार. ॥

पुंसवन-એટલે પુંસવન કર્મ યાને ગર્ભને પુરુષ કરવો, પુંસવન સંસ્કાર કોઈ જાતિમાં ગર્ભધાન કર્યા પછી બીજે, ત્રીજે, ચોથે, કે પાંચમા માસમાં કરવામાં આવે છે. પુંસવન જે વડે પુરુષના જીવને નામ મળે તે સંસ્કાર, પુંસવન સંસ્કાર એવો પણ અર્થ થાય છે કે પુંસવન એટલે પાંચમા માસમાં ખોળો ભરવાનો વિધિ કરવામાં આવે છે તે તે વિધિ આશ્વલાયન ગૃહ્યસૂત્ર પ્રમાણે

अथास्यै मण्डलागारच्छायायां दक्षिणस्यां नासिकायामजितामोषधीं नस्तः करोति ॥ ५ ॥ प्रजावज्जीवपुत्राभ्यां हैके आ ते गर्भो योनिमेतु पुमान्बाण इवेषुधिम् ॥ आ वीरो जायतां पुत्रस्ते दशमास्यः ॥ अग्निरेतु प्रथमो देवतानां सोऽस्यै प्रजां मुञ्चतु मृत्युपाशात् ॥ तदयं राजा वरुणोऽनुमन्यतां यथेयं स्त्री पौत्रमघं न रोदादिति ॥ ६ ॥ प्राजापत्यस्य स्थालीपाकस्य हुत्वा हृदयदेशमस्या आलभेत ॥ यत्ते सुसीमे हृदयं हितमन्तः प्रजापतौ मन्येऽहं मां तद्विद्वांसं माहं पौत्रमघं नियामिति ॥ ७ ॥

अ० १ ॥ गा० १३ ॥

અર્થ—'મંડલાગારછાયાયાં' બીજે ત્રીજે, ચોથે, મહિને પુંસવન સંસ્કાર કરવો. મંડલાગાર છાયાયાં ગર્ભવાળી સ્ત્રીને ઘરની છાયામાં ધરો (દ્રો) એટલે ધરોના રસ નાકના જમણા નસકોરામાં વડે સુંઘાડવો તેણે સ્ત્રીને ગર્ભ સ્થિર થાય છે, ફિરકર નમના છઠ્ઠા તથા સાતમા એ મંત્ર ભણીને ઇશ્વરની સ્તુતિ કરવી તે મંત્રના અર્થ હે સ્ત્રી, તારામાં પુરુષ રૂપ ગર્ભ સ્થિર થાઓ—જેમ ધનુષમાં બાણ સ્થિર રહે છે તેમજ તારા ઉદરમાં ગર્ભ સ્થિર રહે અને જ્યારે દશ માસ પૂર્ણ થાય ત્યારે તને ગંભીર અને ઉત્તમ ગુણયુક્ત પુત્રનો પ્રસવ થાય 'અગ્નિ જે દેવતાઓમાં શ્રેષ્ઠ વિદ્વાનોમાં વિદ્વાન તે આપણે પ્રાપ્ત થાય, અને તે પ્રાપ્ત થઈ આપણા ગર્ભ તથા પ્રજાને મૃત્યુના પાશમાંથી મુક્ત કરી તેમજ (વરુણ) સર્વથી શ્રેષ્ઠ પરમાત્મા રાજા તે આપણી પ્રાર્થના અંગિકાર

કરો, તેણે કરીને મારી સ્ત્રીમા પુત્ર વિરહનુ દુખ પ્રાપ્ત ન થાઓ ॥૯॥ 'પ્રજાપતિ'=જે બ્રહ્મા (પરમેશ્વર) તેને વાસ્તે સુંદર પાયસાદિ પાક કરીને તેનો હોમ કરી તેમાનુ શેષ જે બાકી રહે તેનુ નૈવેદ્ય ધરાવી તે નૈવેદ્યનુ સ્ત્રીએ પ્રાશન કરવુ પછી સ્ત્રીના હૃદય દેશને હાથનો સ્પર્શ કરી પતિએ ય તે=મંત્ર ભણવો યત=જે હે સુસીમે=કે સુંદર ગુણયુક્ત સ્ત્રી, તારા હૃદયમા હિતાદિ ગુણવાળો પુત્ર સ્થિર થાઓ અને આપણો પુત્ર 'પ્રજાપતિ' જે સર્વ જગતનો ધણી તેની પ્રીતિ કરવાવાળો થાઓ અને તે અંતર્યામિ 'બ્રહ્મદેવ' મને ઉપદેશ કરે છે કે તુ પુત્રને કાંઇ પણ દુખનુ કારણ થઇશ નહિ અને આપણે ઉભય પ્રજાના સુખવાળા થઇએ

હવી પુંસવન યજુર્વેદના પારસ્કર સૂત્ર લખ્યુ છે જે

अथ पुंसवन पुरास्यन्दत इति मासद्वीतिये त्रतीये वा यदह पुं सा नक्षत्रेण चन्द्रमायुज्येत तदहरुप वास्या प्ला व्याहते वाससिपरिधायन्यग्रोधा वरोहाछुगाश्च निशायामुदपेष पिष्टवा पूर्ववदा शेचनं हिरण्यगर्भोद्भय सम्मृत इत्येताभ्या कुशाकटं सोमां शुचैके कूर्मपित्त चोपस्थे कृत्वा सयदि कामयेत् वीर्यवात्स्यादिति मभिमत्रयते सुपर्णो सिति प्राग्वि-ष्णुक्रमेभ्य ॥ ३ ॥

અર્થ=એમા વિશેષ એ છે જે, જે દિવસે પુષ્ય શ્રવણ અને પુનર્વસુ આદિ પુલિંગ નામના નક્ષત્રનો ચંદ્ર હોય તે દિવસે વડના ઝાડની મુળી તથા કુપળ એ એને વાટિ તથા છુંદીને વસ્ત્ર ગાળ કરી ગર્ભવાળી સ્ત્રીના જમણા નસકોરામા સુંઘાડવુ તથા પિંડુ તથા આરોચન એટલે શરીરે લગાડવુ, એ કરવાના નિચેના મંત્ર ભણવા

॥ यजुर्वेदना अध्याय १३ मंत्र ४-११ ॥

हिरण्यगर्भ समवर्त्तताग्रे भूतस्य जात पतिरेकऽआसीत् ॥
सदाचार पथि वीद्या मुतेमा कस्मैदेवाय हुविषा विधेम ॥
अद्भय सम्भृत पृथिव्यै रसाश्चविश्व कर्मण समवर्त्तताग्रे ॥
तस्यत्वष्टा विदधद्रूपमे तितन्मतस्य देवत्वमाजानमग्रे ॥

અર્થ=સૃષ્ટિની ઉત્પતી પહેલા જે 'હિરણ્ય ગર્ભ' (સ્વપ્રકાશમાન જ્યોતિરૂપ) પરમાત્માજ એકજ વિદ્યમાન હતા તેજ આ જગતના ઉત્પન કરનાર છે તે પૃથ્વિથી કે સૂર્યાદિ દિવ્ય સૃષ્ટિ સર્વ જગતને

સ્ત્રીને પોતે તે ધારણ કરે છે તેજ પરમાત્માની આપણે ભક્તિ કરવી તે જેમ સર્વ જગતનુ ધારણ અને સરક્ષણ કરે છે તેમજ કૃપા- દૃષ્ટિથી ગર્ભનુ ધારણ તથા સરક્ષણ કરે છે અને બીજી તેની ઔષધના રસથી 'સભૃત'=(ધારિત્ રસ) જે વીર્ય તેનાથી ગર્ભ ધારણ તથા ઉત્પન થાય છે જેમ પૃથ્વિઆદિ જગત 'વિશ્વકર્મા' પરમાત્માના બળ થકી પૂર્ન થકી ઉત્પન થઇને આજ સુધી વિધમાન રહી છે તેમજ વીર્યથી ગર્ભ ધારણ અને ઉત્પન થાય છે, જેમ આ જગતના રૂપાદિ પદાર્થોનુ વિદ્વાન, 'ત્વષ્ટા' જે સૃષ્ટિનો કરવા વાળો પરમાત્મા વિચિત્ર રૂપ બનાવે છે તેમજ પ્રથમ ગર્ભથી મનુષ્યના દેવપણા તથા 'આજાન' ઉત્તમ ગુણ યુકત વીર્ય અને મનુષ્ય આ શરીરને કારીગર માફક બનાવે છે

पुमांसौ मित्रावरुणौ पुमांसावश्विनावुभौ ॥ पुमाना- माग्नि श्चवायुश्च पुमानागर्भ स्तवोदरे ॥१॥ पुमानग्नि पुमानिन्द्र' पुमान्देवो बृहस्पति. ॥ पुमांसं सपुत्र विन्दस्वत पुमाननु- जायताम ॥ २ ॥

અર્થ=પ્રાણ અપાન પુરૂષ છે તથા બે 'અશ્વિનો' પૃથ્વી તથા આકાશ પુરૂષ છે તેવોજ તારા ઉદરમા ગર્ભ છે તેનુ તુ તથા તથ્ય= સરક્ષણ કર ॥૧॥ જઠરાગ્નિ, ઇન્દ્ર, બ્રહસ્પતિ જે સૂર્ય પુરૂષ છે, તેવોજ પુત્ર તુ પ્રાપ્ત કર

अथर्ववेदनां काण्ड ६ अनुवाक २ प्रपाठ० ११.

शमीमश्वत्थ आरुढस्तत्र पुंसवनं कृतम ॥ तद्वैपुत्रस्य वेदनंतत्स्त्रीष्वा भरामसि ॥ १ ॥ पुंसिवैरेतो भवति तत्स्त्रिया मनुषिच्यते ॥ तद्वै पुत्रस्य वेदन तत्प्रजापति रब्रवीत ॥ २ ॥ प्रजापति रनुमति सिनी वाल्यची क्लृपत् ॥ स्त्रैषुयमन्यत्रद- धत्पुमा समुदध दिह ॥ ३ ॥

અર્થ—જેમ શમિના ઝાડ ઉપર પિપળો ઉગે છે તે પ્રમાણે શમિસ્થાને સ્ત્રિ અને પિપળાને સ્થાને પુરુષ એ ઉભયના સમાગમે કરીને ગર્ભાધાન થાય અને પુરૂષત્વનો લાભ જે પુત્ર તે ઉત્પન્ન થાય છે કેમકે એજ પુત્ર પ્રાપ્તિનો ઉપાય છે એજ વીર્ય સિચવાને રસ્તે ગર્ભ ધારણ તથા પોષણ કરવાનો ઉપાય છે, પરંતુ વિપરીત રીતે નહી. ૧ પુરૂષમા જે 'રેત'- વીર્ય જે ઉત્પન્ન થાય તેનુ સ્ત્રિમા સિચન થાય છે એજ ઉપાય પુત્ર પ્રાપ્તિનો છે તે 'પ્રજાપતિ' પરમેશ્વર તે સર્વ વિધા તથ આગરે પુત્રપ્રાપ્તિનો ઉપાય એજ કહ્યો છે અને 'પ્રજાપતિ' જે પરમેશ્વર સર્વ વિધા તથા ધર્મનો 'અવદ્ગા'=ઉપદેશ કરવા

વાળો છે તે 'સિની' પ્રેમાદિ ઉત્તમ વ્યવહારના બંધનોનો હેતુ છે તે 'વાલિ' સુકુમાર ગુણેયુક્ત તથા ઉત્તમ કેશવાળી સ્ત્રિ ગર્ભ ધારણ કરવાને કુશળ થાય છે તેમા પુરૂષ પતિ ગર્ભનો ધારણ કરનારો છે સ્ત્રિ ક્ષેત્રરૂપ છે પુરૂષ બીજ રૂપે છે એ ઉભયને સયોગે કરીને પ્રજોત્પતિ થાય છે તેમજ એખલી સ્ત્રી થકી તેમજ પુરૂષ એખલા થકી પણ પ્રજોત્પતિ થતી નથી પરતુ ઉભયના સયોગે થાય છે વળી ધમસિંધુમા કહ્યુ છે કે—

પુસવન સસ્કાર ગર્ભનુ સ્પસ્ટ જ્ઞાન થયા પછી બીજે, ચોથે છઠ્ઠે અથવા આઠમે માસે પુસવન સસ્કાર કરવો અથવા શીમન્તો નયન સસ્કાર સાથે કરવો શુકલપક્ષની પચમી થકી આરભ કરી કૃષ્ણપક્ષની પચમી પયત પદર દિવસમા રિક્તાતિથિ (ચોથ નોમ, અને ચતુર્દશી) તથા પૂર્ણીમા એટલી તિથિઓ વર્જ્ય કરી બીજા દિવસે, રવિ ભોમ અને ગુરૂ એ ત્રણ વારે કરવો કોઇ ગ્રથમા સોમ બુધ, અને શુક્ર એ વારે પણ કરવો એમ કહ્યુ છે એ સસ્કારને વિષે પુરૂષ નામના નક્ષત્રો એટલે પુરૂષ નક્ષત્રો ઉત્તમ છે તે (પુરૂષ નક્ષત્ર) કહે છે પુષ્ય, શ્રવણ હસ્ત, પુનર્વસુ, મગશીર, અભિજીત, મૂળ, અનુરાધા અને અશ્વિની એઓમા પુષ્ય નક્ષત્ર મુખ્ય છે તેમજ પુષ્ય મળે ન મળે તો શ્રવણ લેવુ તેમજ શ્રવણ ન મળે તો હસ્તાદિક લેવા 'અનવલોભન સસ્કારનો પણ એજ (પુસવનનોજ) કાળ જાણવો કારણ પુસવન સસ્કાર સાથે અનવલોભન કરવુ એમ કહ્યુ છે, પુસવન એ અનવલોભન સસ્કાર છે 'ગર્ભાધાન' અને 'શીમન્તોન્નયન' એ સસ્કાર સ્ત્રી સસ્કાર છે માટે એ પ્રત્યેક ગર્ભ કરવા યોગ્ય નથી માટે પ્રથમ ગર્ભ સમયેજ કરવા જો કદાચ પ્રથમ ગર્ભ સમયે સસ્કાર ન કીધા હોય તો દરેક ગર્ભ વખતે તેના લોપનુ પ્રાયશ્ચિત અવશ્ય કરવુ કારણ કે પ્રથમ ગર્ભ સમયે (ગર્ભાધાન અને સીમન્તો ન્નયન) નુ પ્રાયશ્ચિત કરવાથી બીજા, ત્રીજા ઇત્યાદિક સસ્કારોની સિદ્ધિ થતી નથી, ત્યારે પ્રાયશ્ચિત કરવાથી માત્ર દોષની નિવૃત્તિ થાય છે પરતુ પુણ્યનુ આધિક્ય પણ ઉત્પન્ન થતુ નથી તે પુણ્યાધિક્ય સસ્કાર વિધિ કરવાથીજ ઉત્પન થાય છે માટે દરેક ગર્ભ સમયે પ્રાયશ્ચિત કરવુ યોગ્ય છે પુસવન અને અનવલોભન એ સસ્કાર પ્રથમ ગર્ભને કરેલા હોય તો પણ જે જે ગર્ભ સમયે ન થાય ત્યારે તેના લોપનુ પ્રાયશ્ચિત ન કરવુ તેમજ જાણી જોઇને સસ્કારનો લોપ થયો હોય તો બમણુ પ્રાયશ્ચિત કરવુ પુસવન સસ્કાર સ્ત્રીના પતિએ કરવો એ રિતે પુસવન સસ્કાર સમાપ્ત થયો.

પ્રકરણ ૪ થું.

॥ सीमन्तोन्नयन संस्कारः ॥

सोमन्तो न्नयन=એ શબ્દ **सीमन्त उत+नयन** એ ત્રણ શબ્દ મળીને થયો છે સીમન્ત=સેંથો ઉત્=ઉપસર્ગ=ઉપર હનકુ અને નયન=નિ ધાતુ પરથી નીકળ્યું બીજો અર્થ સીમન્તોન્નયન સંસ્કાર એટલે કેટલાકમાં "અઘરણી' પણ કહે છે

आश्वलाय ग्रह्यसू अ० १ खड १८मा कहयु छे के

चतुर्थे गर्भमासे सीमन्तोन्नयनम् ॥१॥ आपूर्यमाणपक्षेयय पुंसा नक्षत्रेण चन्द्रमायुक्तस्यात् ॥ १ ॥ यथाग्नि मुपसमाधाय पश्चादस्याऽनडुह चर्मास्तीर्य प्राग ग्रीवमुत्तर लोपतस्मिन्नु पविष्टाया समन्वार ब्धाया धातादददातु दाशुषइति द्वाभ्या॰ राकामहमिति द्वाभ्या नेजमेषइति तिसृभि प्रजापते नत्वदि तान्यन्यईतिच ॥ ३ ॥ अथास्यै युग्मेन शलाटुग्लप्सेन त्र्येण्या च शलल्या त्रिभिश्च कुशपिंज्जूलैरूर्ध्वं सीमन्त व्यूहति भूर्भुवः स्वरोमितित्रीं ॥ ४ ॥ चतुर्वा ॥ ५ ॥ वीणागाथिनौ ससास्ति सोम राजान स गायेतामिति ॥६॥ सोमोनो राजाऽवतु मानुषी प्रजानिविष्ठचक्राऽसविमा नदी मुपवसिथा भवति ॥७॥ इति॥

અર્થ-શુક્લ પક્ષમાં પુણ્ય ચંદ્રપુષ્પ, પુંલિંગ વાચક નક્ષત્રો હોય તે દિવસે ઉત્તમ પદાર્થોનો બરાબર હોમ કરવો 'ધાતાદદાતુ દાસુષે' ઇત્યાદિ મંત્રોવડે મંત્રાન્તે સ્વાહા શબ્દનો ઉચ્ચાર કરવો ત્યાર પછી સુગંધદાર સુંદરનિર્મળ જળ વડે સગર્ભા સ્ત્રીએ સ્નાન કરવું, અને પતિએ સ્ત્રીની સાથે બેસવું અને તેણે ઉમરડો અગર માહુડીના સિસા ળીઆ વડે અગર દાશડાથી સુગંધિદાર તેલ ફુલેલ સ્ત્રીના માથામાં નાખીને કેશ ઓળવા પછી 'અયમૂર્જાવતો વૃક્ષ' એ મંત્ર ભણવો યેનાદિતિ' એ મંત્રથી ચોળવું (માર્જન કરવું) તથા ખાનપાન ઔષધાદિસેવન યુક્તિપૂર્વક કરવું વળી ઋગ્વેદના મંત્રમાં લખે છે કે—

ॐ धाताददातु दाशुषे प्राचीं जीवातु मुक्षितं वयदेवस्य धीमहि । सुमति वाजिनी धतिं स्वाहा ॥ १ ॥ धाताप्रजाना मुत्तरायऽईशे धात्रेद विश्वं भुवनजज्ञान धाताकृष्टी रनिमिषा मिचष्टे धात्रऽईद्रय घृतवज्जुहोति स्वाहा ॥ २ ॥ राकामहं सुहवा सुष्टुतिहुवे शृणोतुन. सुभगा बोधतुत्मना । सीव्यत्वप सूच्याच्छिद्यमानया ददातु वीर शतदाय मुक्थ्य ॥३। यास्ते शकेसुमतसो सुपेशययामि ददासि दाशुप वसूनि तभिर्नो अद्यसुमना उपागहि सरस्वपोष सुभगे रराणा । नेजयतितिस्त्र. ॥ प्रजापत्येकी ॥ ४ ॥

અર્થ=ધાતા જે જગતને ધારણ કરનાર પરમેશ્વર તે બુદ્ધિ આદિક ગુણ કૃપાવડે થાઓ, 'વાજીનિવતી' સ્ત્રી અન્નાદિગુણ યુક્ત ગુણ આપણે ઉભયમળીને ઇશ્વરનુંધ્યાન કરીએ તેણે કરીને પરમાત્મા શોભા યુક્ત પુત્ર આપે અને આપણે સુખિ થઇએ હે જગતને ધારણ કરનાર પરમાત્મા, તારા થકી આ સઘળુ જગત ઉત્પન્ન થયું છે અને સઘળા મનુષ્યો આપનાથી ઉત્પન્ન થયા છે અને આ સઘને ઉપદેશ કરી રહ્યા છો માટે હે ઇશ્વર ધૃતાદિયુક્ત ઉત્તમ પદાર્થો લેના યોગ્ય હોય તે અને અર્પણ કરો યજુર્વેદના પારાશર ગૃહયસૂત્રમા લખ્યુ છે કે—

पुंसवनवत्प्रथमे गर्भे मासेप छेष्टमे वा तिलमुदु, मिश्र स्थालीपाक श्रपयित्वा प्रजापतेर्हुत्वा पश्चाद्‌ग्निं भद्रपीठ उप विष्टायां युग्मेन सटालुग्रप्सनौदुवरेण त्रिभिश्च दर्भपिंजुलै स्त्रिण्या सल्लय वीर तरदाकुना पूर्ण चात्रेण सीमन्त मूर्द्ध विनयति भूर्भुव' स्वरिति प्रति महा व्याहृती भिर्वा त्रिवृत्तमा वधात्यय मूर्जावतो वृक्षऊर्जीव फलिनी भवेत्यथाह वीणा गाथिनौ राजानः सगायेना योवाप्यन्नो वरितर इति नियुक्त-मप्यके गाथा मुपोदा हरन्ति सोमो एवनो राजे मा मानुषी प्रजा । अविमुक्त आसीर स्तीरे तुभ्यमसावितीया नदीमुप घमिता भवति तस्यानागृण्हानि ता ब्राह्मणभोजन ॥ १७ ॥

પુંસવન સંસ્કાર થયાબાદ સીમન્તમા પ્રથમેં ગર્ભે છઠ્ઠાઅગર આઠમા માસમા મુહુર્ત લઇ ગર્ભવતિ સ્ત્રીને સ્નાન કરાવી સાગવસ્ત્ર પહેરાવી ઉંચા આસન ઉપર બેસાડી અગ્નિનુ સ્થાપન કરી તેને ઓઆ. તથા મગત્રણેને એકત્ર કરી ॐ પ્રજાપતેય સ્વાહા' એમ બેકરી

હોમ કરવો પછી ઉમરડાની લાકડાની સાથે ત્રણ દર્ભયુક્ત લઈ સગર્ભા સ્ત્રી જેના સેથા ઉપર ૐ ભુ ચિંતયામિ, ભુવશ્ચિંતયામિ, ૐ સ્વશ્ચિંતયામિ એ ત્રણ મંત્રે કરી લગાડવી પછી દર્ભની અગરતો 'ઉમરડાના લાકડાં'ની માળ ગીમરી સગર્ભા સ્ત્રીના જમણા કર્ણ આગળ 'સોમ એવનો રાજા' એ મંત્રે કરીને લગાડવી આ સંસ્કાર સગર્ભા સ્ત્રીના પતિએ કરવો અને પછી ગંગા, જમના, અને સરસ્વતી, ત્રણ મહા નદી માંથી એક નદીનું નામ દેવડાવવું આ વિધિ પારાસ્કર સુત્રમાં છે વિશેષમાં સર્વાધાર પુજન યોગ્ય પરમાત્માને હું પુજુછું અને તે હમારી સ્તુતિ સાંભળે, અને ગર્ભમાં રહેના આત્માને બોધયુક્ત કરે અને ગર્ભપ્રાણાદિ શરીર સાથે અનુસંધાન કરાવે, જેમ સગીન સોયવડે કપડું સાંધીએ છીએ તેમજ વિદ્યાવાન અગર વખાણ કરવા યોગ્ય વીર અને બુદ્ધિશાળી પુત્રની પ્રાપ્તિ થાઓ 'હેરાકે' હે પરમાત્મા જે સુંદર રૂપ તથા ઉત્તમ બુદ્ધિવાન સંતાનોને આપ સુમતિ આપો તથા ઉત્તમ ધનની પ્રાપ્તિ કરાવો છો અને અનંત પ્રકારની પુષ્ટિ પણ અર્પો છો હે સુભગા' હે ઉત્તમ નેત્રવાળી સ્ત્રી તું સારા ભાગ્યશાળી પુત્રનો જન્મ આપ કે આખા કુળનો તેમજ જગતનો ઉદ્ધારક થાઓ

यजुर्वेद मन्त्र

ॐ भूर्भुव स्व स्वाहा ॥ ॐ भू स्वाहा ॥ ॐ भुव स्वाहा ॥१॥ ॐ सुमित्रीया नऽआप ओषधय सन्तु दुर्मित्रिया स्तस्मै सन्तु योस्मान्द्वेष्टि यं च वयं द्विष्म ॥ २ ॥ ॐ मूर्धानंदिवो अरतिंपृथिव्या वैश्वानरमृतऽ आजातमग्निम् । कविं सम्राजम तिथिं जनाना मासन्नापात्र जनयन्तदेवा ॥ ३ ॥ ॐ त्र्यायुष जमदग्ने कश्यपस्य त्र्यायुषम् ॥ यद्देवेषु त्र्यायुष तन्नोअऽस्तु त्र्यायुषम् ॥ ४ ॥

અર્થ—ૐ 'ભુભુવસ્વ એ પરમેશ્વરની સ્તુતિવાચક નામ છે હે પરમેશ્વર આપની કૃપાવડે પ્રાણજળ તથા સર્વ ઔષધી હમારે વાસ્તે સુમિત્રથી સુખદાયક થાઓ તથા જે હમારા શત્રુ (દુષ્ટલોક) વા હમારા દ્વેષી જેનો હમે દ્વેષ કરીએ છીએ તે સમગ્ર જગતને માટે સર્વ આપેલી જળ આદિ સર્વ પદાર્થો તથા તે દુષ્ટના પ્રાણ પણ તેઓના 'દુમિત્ર' શત્રુ થાઓ જેણે કરી તે શત્રુઓનું બળ વધે નહિ.

જે તેજસ્વી સૂર્યાદિનો–મૂર્ધા=ઉત્કૃષ્ઠ પૃથ્વિનો ઉત્પન્ન કરનાર વિશ્વનો રાજા તથા સત્યનો આધાર 'સવત્ર' પ્રસિદ્ધ સર્વનો પ્રકાશક, સર્વજ્ઞ, સર્વ રાજાઓમાં પણ શ્રેષ્ઠ સર્વમાં પૂજનીય અને પ્રાપ્તિ યોગ્ય અને દેવના પણ દેવ, અને વિદ્વાન લોક જેને વિજ્ઞાન પડે સર્વ વ્યાપક જાણે છે તેમજ સતૂચિત્ આનંદ અસ્તિ ભાતિ પ્રિયરૂપે રહેલો જે પરમાત્મા, તે આગર્ભનું રક્ષણ કરો.

હે 'જમદગ્નિ' ચક્ષુનામ 'કશ્યપ' જીવનું નામ અને દેવ વિદ્વાનોનું નામ છે અને જમદગ્નિ, અગ્નિસ્વરૂપ છે કશ્યપસૂર્ય સ્વરૂપ છે અને ત્રણ ગણું આયુષ્ય છે તે પ્રમાણે હમારા ગર્ભમાં રહેલા દેહનું આયુષ્ય ત્રણસે વર્ષનું થાઓ અને ગોભિલ તથા સોમન ગૃહ્યસૂત્રમાં પણ ગોભિલ–ગૃહ્યસૂત્રમાં જે વિશેષ લખ્યું છે તે

माबध्नाति अथमूर्जावनो वृक्षइति ॥ ४ ॥ अथसीमन्त मुन्नयति भूरिति दर्भ पिंजुलाभिरेवप्रथम भुवरिति द्वितीय स्वरितितृतीय ॥ ५ ॥ अथवीनरेण यनादि रित्यत यश्वी ॥६॥ इति पूर्ण पात्राणि राकामह मित्येन वर्चा ॥ ७ ॥ त्रिश्वेतया चशलल्या यास्तेराके सुमतयइति ॥ ८ ॥ कृमरस्थालि पाक उत्तरघृत स्तमवेक्षयत ॥ ९ ॥ किंपश्यमीत्युक्तरा प्रजामिति वाचयेत ॥ १० ॥ ता स्माश्रय मुञ्जजात ॥ ११ ॥ वीरसू वीरसू जीवपत्नीति ब्राह्मण्यो मगलया भिवाग्मि रुपासीरन् ॥१२॥

આનો અર્થ પારસ્કર ગૃહ્યસૂત્રમાં આગળ લખી ગયા તે પ્રમાણેનો છે ધારે લખ્યું નથી

सामवेदना मत्र ब्राह्मणमा लख्यु छे.

अथमूर्जा वनो वृक्षउर्जीव फलीनां मत्र ॥ पर्णवनस्य तेनुत्वा सूयनार रयि ॥ १ ॥ येनादित सामान नयति प्रजापति महत सोभगाय॥ तना हमस्य सामाने नयामि प्रजामस्यैजर दष्टि कृणोमि ॥ २ ॥ राकामह सहवा सुष्टुति हुवे शृणोतुन सुभगा बोधतु ॥ उपागदि महस्त्राय सुभगे रराणा ॥३ । किंपश्यसि प्रजा पशुन सौभाग्य मह्य दीघायुष्ट्व पत्यु ॥ ४ ॥ यास्तराक सुमतय सुपेश तो याभिर्द दासि दाशुषे वसूनि । ताभिर्ना अद्यसुमनोदयसि प्रजापशु न्सौभाग्य मह्य दीघायुष्ट्व प्रत्यु. ॥ ५ ॥ यातिरश्ची तिपद्यते

अदृषि धरणी इति॥ तांतवा घृतस्य धारया यजेस२ राधनी महेसर राधन्यै देव्यै देष्ण्ये ॥६॥ विपश्चित्पुच्छम भरतद्धाता पुनराहरत् परेहित्व विपश्चित् पुमानय जनिष्यते सौं नाम ॥७॥

અર્થ–'અયમજે, એનો ભાવ આગળ કહી ગયા છીએ યેનાદિ તરેતિ પ્રજાપતિ'=પરમાત્મા 'અદિતિ'=પૃથ્વીની સિમ જે સામર્થ્યથી કરે છે અગર જે જાગે છે તે પરમાત્માના સામર્થ્યથી સ્ત્રીની સિમા (કેશ) તેની અબાધ મોગ ભાગ્યશાળી પુત્રિ પાત્રિ ધન ધાન્યાદિ એશ્વય આપવાને હુ બરાબર છુ આ મારી પતિની પ્રજાને વૃદ્ધાવસ્થા સુધી ઇશ્વર કૃપાથી સુખી રહેવા માટે સ્થિર કરુ છુ રાકેતી એ ઉભય મત્રનો અર્થ આગળ કહી ગયા છીએ હે સ્ત્રીનુ ગર્ભ ધારણ કરવાને અપસ્થ (તત્પર) થાય છે તે તને ઘીની ધારાથી સત્કૃત કરુ છુ સ્ત્રીપુરૂષને કહે છે કે હુ ગર્ભ ધારણ કરવા માટે સત્ત્વળી તયારી કરુ છુ તેમજ હે વિદ્યાવાળી તુ સર્વ સુખને આપનારી છે માટે આપે સવદા અનુકુળ રહેવુ 'વિપશ્ચિત'=પડિત ગર્ભ વિદ્યાનો જાણનારો જે પતિ તે 'પુચ્છ' જે ગર્ભ, તેને સ્ત્રીમા નિયુક્ત કરે છે તથા ગર્ભને બરાબર રીતે પાલન કરીને જન્મ સમયે જાત કર્મ વડે અગ્રહણ કરે છે જન્મ સમયે હે વિપશ્ચિતપતિ,' પરેહિ=જે સ્થાનમા પુત્રનો જન્મ થાય ત્યાથી આપ દૂર રહો કારણ એ સમયે સ્ત્રી પુત્ર યા પુત્રીનો જન્મ આપશે

अथर्ववेदना का० ५२ नाम० २ મા કહ્યુ છે કે —

अघोर चक्षुर पतिघ्नीस्योन शग्मा सुशेवा सयमागृहेभ्य ऽ ॥ वीर सूर्देवका मास्त्वयेधिषीमहि सुमनस्यमाना ॥ १ ॥

અર્થ—હે સ્ત્રી તુ પ્રેમ દૃષ્ટિથી પતિની રક્ષક, સુખ સ્વરૂપ, મંગળ કારિણી, શ્રેષ્ઠ ધનરૂપ જીતેન્દ્રિય ગૃહનુ તથા ગર્ભાગ્નિનુ રક્ષણ કરવા યોગ્ય થા તથા વીર પુત્રને ઉત્પન્ન કરવાવાળી થા તેમજ પતિ સાથે નિયોગ કરવાવાળી થા સુવિચારવાળી થા તારી સાથે આનંદ યુક્ત રહી પરમાત્માની સદા ભક્તિ કરીએ એવા વિચાર યુક્ત થા

હવે ધર્મ સિંધુમા સીમન્તોન્નયન સસ્કારના કાળ કહે છે સીમન્તોન્નયન સસ્કાર કરવો તે ચોથે આઠમે છઠે પાચમે અથવા નવમે માસે કરવો જ્યા સુધિ બાળકનો જન્મ થાય ત્યા પર્યન્તનો સમય છે કદાચ સીમન્તોન્નયન સસ્કાર કર્યા વગર સ્ત્રીને બાળકનો જન્મ થાય તો તે સ્ત્રી બાળકને હાથમા લઈ બેસે અને યથાવિધિ સસ્કાર કરવાને

યોગ્ય છે શુકલ પક્ષથી પચમીથી આરભીને કૃષ્ણપક્ષની પંચમી પર્યંત પદર દિવસમા ચોથ, નોમ, ચોદશ, અને પુર્ણિમા એ તિથિ વર્જ્ય કરી બીજા દીવસે રવિ, ભોમ, અને ગુરૂ એ વારે કરવો કેટલાક ગ્રથકાર એમ પણ લખે છે કૃષ્ણપક્ષમા દશમી સુધી કરવો, પરતુ છઠ, આઠમ, દ્વાદશી, રિકતા, (ચોથ, નોમ ચતુર્દશી) એ તિથિ વર્જ્ય કરવી તેમા કદાચ સકટ સમય હોય તો ચોથ, ચોદશ અને પુર્ણીમા લેવી પુરૂષ નક્ષત્ર ન મળે તો રોહિણી, રેવાતિ, અને ત્રણ ઉત્તરા એ નક્ષત્ર લેવા ઉપર કહેલા નક્ષત્રોમા પ્રથમ અને છેલ્લા એ બે પાદ છોડી મધ્યમના બે પાદ લેવા એમ કહ્યુ છે આ સીમન્તોનયન સસ્કાર એકજ વાર કરવો એમ કહ્યુ છે

કાત્યાયનિ મતવાળાનો એ ગર્ભ સસ્કાર છે માટે તેમણે એ સસ્કાર ગર્ભ સમયે કરવો સીમન્તોન્નયન સસ્કાર એ સ્ત્રીના પતિએજ કરવો ગર્ભાધાન સસ્કારનો લોપ થયો હોય તો તેના પ્રાયશ્ચિત માટે બ્રાહ્મણને ગોપ્રદાન કરી પુસવનાદિક સસ્કાર કરવા એ સસ્કારના અગ ભુત નાદિશ્રાદ્ધમા ક્રતુ અને દક્ષ, એ નામના વિશ્વેદેવા લેવા પુસવન સસ્કાર જુદો કરવો હોય તો પવમાન નામના ઓપસ્નાગ્નિનિ સ્થાપના કરવી અને પુસવન અનવલોભન, તથા સીમન્તોન્નયન એ ત્રણે સસ્કાર એક તંત્રે કરવા હોય તો ‘શત્તમગળ’ નામના અગ્નિની સ્થાપના કરવી ગૃહ્યાગ્નિનો નાશ થયો હોય તો સર્વાધાનીએ અગ્નિની ઉત્પત્તિ પ્રથમ કહ્યા પ્રમાણે કરવી પુસવન સસ્કાર વિષે પ્રજાપતિને ઉદ્દેશિને ચરૂ હોમ કરવો સીમન્તોનયન સસ્કાર વિષે ધાતા, દેવતાને ઉદ્દેશીને બે આહુતિ રાકા, દેવતાને ઉદ્દેશીને બે આહુતિ વિષ્ણુ દેવતાને ઉદ્દેશી ત્રણ આહુતિ અને પ્રજાપતિ દેવતાને ઉદ્દેશી એક આહુતિ એ પ્રમાણે આજ્યાહુતિ આપવી અત્રસ્થળે દરેક સસ્કાર વિષે બે બે દશ દશ અથવા ત્રણ ત્રણ બ્રાહ્મણ ભોજન કરાવવા શક્તિ હોય તો સો સો બ્રાહ્મણ ભોજન કરાવવા સીમત સસ્કાર સબધી ભોજનનુ પારિજાત ગ્રથમા પ્રાયશ્ચિત કહ્યુ છે બ્રહ્મોદન સોમયાગ સીમન્તોન્નયન સસ્કાર અને જાતકર્મ સબધી નાદિ શ્રાદ્ધ એટલાઓના વિષે ભોજન કરનારી ભોજન કરનારને ચાદ્રાયણ પ્રાયશ્ચિત કરવુ

ગર્ભિણી સ્ત્રીના ધર્મ કહે છે.

ગર્ભિણી સ્ત્રીએ હાથી, ઘોડા ઉપર કદાપિ બેસવુ નહી પર્વત અથવા ત્રણ ચાર માળથી બાધેલા ઘર ઉપર ચડવુ નહી પરશ્રમ કરવો ઉતાવળુ ચાલવુ. ઘાડની ગાડીમા બેસવુ એ વર્જ્ય કરવા, રાખ

વાળી જમીન ઉપર અને 'મુસળ' (સાંબેલું) ઉલૂખલ (ખાંડણી) ઇત્યાદિ ઉપર બેસવું નહી જળમાં ઉતરી બુડકી મારી નહાવું નહી શૂન્યગૃહમાં અગર ઝાડ નીચે બેસવું નહી કલહ કરવા અંગ મરોડવા તીખા અને અતિ ગરમ પદાર્થ ભક્ષણ કરવા, સાંજના ભોજન કરવું અતિ શિતળ તથા અતિ ખાટા પદાર્થોનું ભક્ષણ કરવું અને ભારે પદાર્થનું ભોજન કરવું એ સઘળું વર્જ્ય કરવું મૈથુન, શોક, રૂધિર કાઢવું દિવસે નિદ્રા, રાત્રિએ જાગરણ રાખવી, ક્રોધમાં, તથા નખવડે પૃથ્વી ઉપર રેખા કાઢવી અને સંધ્યાકાળનિદ્રા એ વર્જ્ય કરવા અમંગળ શબ્દ બોલવા નહિ ઘણું હસવું નહી કઠે બેસવું નહિ ઉદ્વેગ કરવો નહી કુક્કુટાસન (કુકડાની પેઠે વિષમ આસન) કરવું નહી નિત્ય પવિત્રતા રાખવી ઉત્તમ મંત્ર લખવા સુગંધી પુષ્પની માળા અને સુગંધી ચંદન ધારણ કરવા સ્વચ્છ ઘરમાં રહેવું દાન કરવા સાધુ સમાગમ ઇત્યાદિક વડીલોની સેવા કરવી એ પ્રમાણે ગર્ભનું રક્ષણ કરવું હળધર, કંકુ, સિંદુર કાજળ એ વાપરવા, કેશ ગુંથવા તાંબુલ ભક્ષણ, અને સૌભાગ્યના આભુષણ પહેરવા એ શુભકારક છે ચોથો છઠો, અને આઠમો એ માસમાં સગર્ભાસ્ત્રીએ અવશ્ય યાત્રા (બીજે ગામ જવું) કરવી નહી અને અષાડ માસમાં વિશેષ કરીને યાત્રા વર્જ્ય કરવી

સગર્ભા સ્ત્રીના પતિના ધર્મ કહે છે કે

ગર્ભિણી જે પદાર્થની ઇચ્છા કરે તે પદાર્થ તેને યથાયોગ્ય આપવો તેથી દીર્ઘાયુષી પુત્રનો જન્મ થાય છે અને તેની ઇચ્છા પૂર્ણ ન કરવાથી દોષયુક્ત થાય છે સમુદ્રસ્નાન, ઝાડ કાપવા, ક્ષૌર, મડદાને ઉપાડવું, અને પરદેશ જવું એ ગર્ભિણીસ્ત્રીના પતિએ અવશ્ય વર્જ્ય કરવા ક્ષૌર, મૈથુન, તિર્થયાત્રા, શ્રાદ્ધ ભોજન, નાવ ઉપર બેસવું, યુદ્ધ, ઈત્યાદિક કરવા, ઘર બાંધવું, નખ કાપવા, કેશ કાપવા, ચૌલ, શબના પાછળ જવું અને વિવાહ એ સઘળા સાતમો માસ બેઠા પછી વર્જ્ય કરવા પિંડદાન અને પ્રેત ક્રિયા એ જેનો પિતા જીવતો હોય તેણે અને ગર્ભિણીના પતિએ કરવા નહી ગર્ભિણીના પતિને ક્ષૌરનો નિષેધ છે પરંતુ નૈમિત્તિક ક્ષૌરનો બાધ નથી તેમજ ગર્ભિણીના પતિએ પોતાના માતા પિતાની પ્રેત ક્રિયા કરવી અન્વષ્ટકા અને અષ્ટકા શ્રાદ્ધ વિષે ગર્ભિણીના પતિએ પણ પિંડદાન કરવું કેટલાક મનુષ્યો માતાપિતાના પ્રતિ સાંવત્સરિક શ્રાદ્ધને વિષે પિંડદાન કરે છે પરંતુ દર્શમાસ શ્રાદ્ધ અને મહાલય ઇત્યાદિક શ્રાદ્ધને વિષે પિંડદાન કરવુંજ નહી ગર્ભ ધારણ રહ્યા

પછી કોઇ વખત સ્ત્રીને ગર્ભ સ્ત્રવે જાય છે. અથવા ક્વખતે ગર્ભનો સ્ત્રાવ થાય છે. સ્ત્રીની કક્ષામા બાળક સુકાઇ જાય છે મૃત જન્મ થાય છે અથવા કોઇ વેળા જન્મીને તુરત મૃત થાય છે તેમા સ્ત્રીને શરીર સબધી રોગ અથવા કુપથ્યા ચરણરૂપ દોષનુ કારણ હોય છે કાર્ય વગર કારણનિ ઉત્પત્તિ હોતી નથી એવો સૃષ્ટિનો કુદરતિ નિયમ છે માટે સારા અનુભવિ વૈદ્યની સલાહ લઇ તેના કહેવા પ્રમાણે વતન કરવુ ગર્ભ ધારણ થયા પછી તેના રક્ષણાર્થે ગર્ભવતિસ્ત્રીએ સર્વ અહારવિહારમા નિયમિતપણે રહેવુ

એ વિષે વાગભટ્ટ અષ્ટાગ હૃદયગ્રથના શરીર સ્થાનના પ્રથમા અધ્યાય કહ્યુ છે કે —

अति व्यवाय मायास भार प्रावरणगुरु ।
अकाल जागर स्वप्न कठिनोत्कटकाशनम ॥

ગર્ભવતી સ્ત્રીએ અતિ મૈથુન, ઘણી મહેનત, ઘણો ભાર ઉપડી નશકે એવુ વસ્ત્ર, સમયવિના જાગવુ તથા શયન કરવુ કઠિણ તથા વિષમ આશન ઉપર બેસવુ એટલી વસ્તુનો ત્યાગ કરવો

शोक क्रोध भयोद्वेग वेगश्रद्धाविधारणम ।
उपवासा ध्वतीक्ष्णोष्ण गुरविष्टंभि भोजनम ॥

શોક ક્રોધ તથા ઉદ્વેગ, બહુવેગથી ચાલવુ, અહિત ઇચ્છા, ઉપવાસ ઘણુ ચાલવુ કડવુ અતિ ગરમ, ભારી તથા મધકોષ થાય એવા પદાર્થો એટલી વસ્તુનો સર્વસ્વ ત્યાગ કરવો

रक्त निवसनश्चभ्र कूपेक्षा मद्यमांशितम ।
उत्ताशयन यश्च स्त्रिया नेच्छति तत्यजेत ॥

રાતા વસ્ત્ર, ઉડા ખાડા અથવા કુવામા જોવુ નહી મધપાન કરવુ નહી માસ ભોજન, ચત્તા સુવુ, એટલી વસ્તુની અનુભવિ સ્ત્રીઓએ મના કરેલી છે

तथारक्तस्त्रुतिं शुद्धिं वस्तिमामाम्नतोऽष्टमात ।
एभिर्गर्भ स्त्रवेदाम कुक्षाशुष्येन्म्रियेनवा ॥

શરીરમાથી લોહીનુ કાઢવુ શરીરની શુદ્ધિ, ઉત્વટી અગર જુલાબ લેવો આટલી વસ્તુ આઠમા માસથી ત્યાગ કરવી કારણકે ગર્ભને સ્ત્રાવ થવાથી ધાસ્તી રહે છે.

એ રીતે ગર્ભવતિ સ્ત્રીને નિયમ પાળતા સહન થાય એ રીતે હરતા ફરતા રહેવુ એક જગ્યાએ પડી રહેવુ નહી કારણકે પડી રહેવાથી સવ અવયવોમા જડતા ઉત્પન્ન થાય છે જે તેને તથા તેના ગર્ભને પ્રસુતિ સમયમા હાનિકારક થઇ પડે છે ગર્ભધારણ રહ્યા પછી જે સ્ત્રીઓમા લક્ષણ થાય છે તે ગ્રથકારે નીચે પ્રમાણે કહ્યા છે

लिंग तुसद्यो गर्भाया योन्या बीजस्य सग्रह ।
तृप्ति गुरुत्व स्फुरण शुक्रास्नान नुबधनम ॥

સ્ત્રી પુરૂષ પરસ્પર સયોગ કરે ગભાશયમા બીજનો સગ્રહ, તૃપ્તિ ભારેપણુ તથા સ્ફુતિ જનનેન્દ્રિયથી વીર્યના તથા રજના બહાર નીકળી ઉભયના એકત્રપણાથી ગર્ભને ધારણ કરે છે

हृदय स्पदन तद्रा तृड्ग्लानि लोम हर्षणम ।
अव्यक्तप्रथमे मासि सत्पाहत्कलली भवत् ॥

હૃદયમા કપ, સુસ્તિ તૃષા થાક રોમહષ એટલા લક્ષણ પછી પહેલા માસમા ગભ, સાતદિસ વિત્યા બાદ કલનરૂપ અર્થાત્ નરમ ગાર થાય છે

द्वितीये मासि कललाद् घनोव्यक्तस्य लक्षणम ।
शामता गरिमा कुक्षौ मूर्छाछर्दिर रोचक ।
जृभनिसक सदन रोमाज्या प्रकाशनम् ॥

બીજે માસે ગભમા કઠણ ગાઢ થાય છે અને સ્પષ્ટ થયેલા ગભ પછીના લક્ષણ સ્ત્રીને અશક્તિ ઉખમા ભાર, મસ્તકની ભ્રમણતા, ઓકારી, અરૂચિ, બગાસા, પાણી પડવુ, અતિ થાક અને રોમાવળીનો પ્રકાશ થાય છે

अम्लचेष्टा स्तनौ पीनौ मस्तन्यौ कृष्णचूचकौ ।
पादशोकोविदाहोन्ये श्रद्धाश्चविविधात्मिका ॥

ઘણા ખાટા પદાર્થો ખાવાની ઇચ્છા, સ્તનનુ મોટાપણુ, તેમાથી ચિકણાપદાથનો શ્રાવ થવો તથા સ્તનના અગ્રભાગમા શ્યામતા આવવી પગ ઉપર સોજા આવવા શરીરમા દાહ થવો અનેક પ્રકારોના પદાર્થોની ઇચ્છા આટલી વસ્તુ થાય છે,

व्यक्ति भवति मासेऽस्य तृतीये गात्रपञ्चकम् ।
मूर्द्धादि सक्थिघनी बाहू सर्वं, सूक्ष्मांगजन्म च ॥

પછી ત્રીજે માસે ગર્ભને મસ્તક, બે સાથળ અને બે હાથ, પાંચ ગાત્ર, એ શિવાય બીજા સર્વ સૂક્ષ્મ અંગના આકાર થાય છે

गर्भस्य नाभौ मातुश्च हृदि नाडी निबध्यते ॥
ययास्य पुष्टि माप्नोति केदार इव कुल्यया ॥

ત્યારપછી યદૃચ્છાથી ગર્ભની નાભિ તથા માતાના હૃદય સાથે એક નાડી બંધાય છે એ દ્વારા માતાએ ખાધેલા અન્નનો રસ મળવાથી એ નળ દ્વારા જતા પાણીથી ક્યારામાંથી વનસ્પતિની પેઠે તે ગર્ભ પોષાય છે

चतुर्थे व्यक्ततांगाना चेतनायाश्च पञ्चमे ।
षष्ठे स्नायु शिरारोम बलवर्ण नखत्वचाम् ॥

પછી ચોથે માસે ગર્ભના સર્વ અંગ પાંચમે માસે ચેતન અને છઠ્ઠે માસે સ્નાયુ, શિરા, રોમ બળ વર્ણ નખ તથા ચામડી સ્પષ્ટ થાય છે

सर्वैस्सर्वांग सम्पूर्णो भवि पुष्यति सप्तमे ।
ओजोऽष्टमे सञ्चरति माता पुत्रौ मुहु क्रमात् ॥

પછી સાતમે માસે ગર્ભના સર્વ અંગ સંપન્ન ગર્ભ બધી રિતે પોષાય છે અને આઠમે માસ માતા તથા ગર્ભને ક્રમથી વારંવાર સર્વ ધાતુનું તેજ પ્રાપ્ત થાય છે

तस्मिंस्त्वेकाह्यातेपि कालसूते रत परम् ।
वर्षाद्विकार कारीस्यात्कुक्षौवातेन धारित ॥

અને આઠ માસ પુરા થયા પછી નવમા માસનો એક દિવસ પણ જાય ત્યાંથી તે વર્ષ પર્યંત પ્રસૂતિ કાળ કહ્યો છે અને તે ગર્ભ વાયુએ ત્યાંમા રહે તો વિકાર કરનાર થાય છે

प्राक्चैवनव मान्मासात् सूतिका ग्रहमाश्रयेत् ।
देशे प्रशस्ते सम्भारे सपन्न साधकेऽहनि ॥

ગર્ભવતિ સ્ત્રીએ નવમો માસ બેઠા પહેલાંજ સારે ઠેકાણે આયના તથા પ્રસૂતિ સમયે જોઈતિ વસ્તુ જેમાં તૈયાર કરી રાખી હોય એવા સૂતિકાગૃહમાં વાસ કરવો

तत्रो दीक्षेन सासूति सूतिकापरिवारिता ।
अद्यश्व प्रसवे ग्लानि कुक्ष्यसिश्लथताक्रम ॥

પ્રસુતિ કાળમા જેમણે ત્રણી વાર પ્રસવનો અનુભવ કર્યો હોય તથા તે સમયની વ્યવહારમા કુશળ હોય તેવી દાઇયણી પાસે રાખી પ્રસવની વાડ જોવી પ્રસવ સમયના એક બે દિવસ અગાઉ ગ્લાનિ કુખ તથા નેત્રની શિથિલતા તથા ઘણો થાક એટલા ચિન્હો થાય છે

अधोगुरुत्व मरुचि प्रसेको बहुमूत्रता ।
वङ्नो रुदर कटी पृष्टह्रस्ति वक्षणे ॥

નિચેના ભાગમા ભારીપણુ, અરુચિ, પાણીનો સ્રાવ થવો, બહુ મુત્રની, સાથળ, ઉદર, કેડ, પૃષ્ટ, હૃદય, પેડુ તથા સાથળમા તથા મુત્રાદિકમા વેદના થાય છે

योनि भेद रुचा जातोदस्फुरण स्त्रवणानिच ।
आवि नामनुजन्मा नस्ततो गर्भोदक श्रुति ॥

અને જનનેન્દ્રિયમા ભેદ, પીડા, વ્યથા, સ્ફુરણ તથા સ્રવણુ થાય છે પછી પ્રસવ કાળની શુળ ઉત્પન્ન થઇને ગર્ભમા બાળક બહાર આવે છે

એ રિતે થાય પછી બાળક જન્મે છે બાળકના જન્મ પહેલા ગર્ભવતિ સ્ત્રી પ્રસવની વેદનાથી વળી ક્લેશ પામે છે માટે તેને તે વખતે કોઇ ડાહી અને સ્યાણી સ્ત્રી અનુભવિ સ્ત્રીઓએ ધીરજ આપવી બાળક જન્મ થાય કે તુરત દાઇયણે જેમને ઘણા બાળકનો જન્મ આપ્યો એવી અનુભવી સ્ત્રીએ ઘણીજ સભાળથી જતન બન્નેનુ કરવુ તે સમયમા પ્રસવની વેદનાથી તે બન્ને થાકીને એટલા તો નિર્મળ થઇ ગયા હોય છે કે કોઇ પણ પ્રસવનો મિથ્યોપચાર તેમને હાનિકારક થઇ પડે છે પછી દોઢ માસ પર્યંત પ્રસવ થયેલ સ્ત્રીને યોગ્ય જે શરીર સબધી ઉપચાર કરવાના હોય છે તે અનુભવિ વૈદ્ય તથા અનુભવી સ્ત્રીઓની સલાહ પ્રમાણે કરવા અને આહાર પણ તેને યોગ્ય જે હોય તે આપવો કોઇ પણ પ્રકારે તેને વિરૂદ્ધાચરણ કરવા દેવુ નહી અને કોઈ પણ તેના શરીરને અસહ ન થાય તે રીતે તેના પ્રત્યે આચરવુ નહીં.

यत्नेनोपचरे त्सुतातु माध्वाहित दामया ।
गर्भवृद्धि प्रसव रुक् क्लेदा स्रस्रुति पीडनै ॥

પ્રસવ થયેલી સ્ત્રીને આહારાદિ ઉપચાર કરવામાં ઘણીજ સંભાળ રાખવી કેમકે ગર્ભનું રહેવું તેનિર્વૃદ્ધિ પ્રસવ તે સબંધી શૂળ અને જળ તથા રૂધિરનો સ્રાવ ઇત્યાદિ પિડાએ કરી તેના રોગ સહેજે મટતા નથી

एवंच मासाद्ध्यर्धान्मुक्ताहारादि यन्त्रणा ।
गतसूता भिधाना स्यात् पुनरार्तव दर्शनात् ॥

એ રિતે દોઢ માસ સંભાળ રાખ્યા પછી ખાવા પિવાની જેને યોગ્ય છુટ મળી છે એવી તે સ્ત્રીને ફરી રજોદર્શન થાય ત્યારે સુવાવડી પણાથી મુક્ત થાય છે

પ્રસૂતિ થયા પછી ચાર માસ પર્યંત તે સ્ત્રી યથાર્થ મુક્ત થતી નથી એમ જાણવું હવે જેમ બાળકને જન્મ આપનાર સ્ત્રીની સંભાળ રાખવાની જરૂર છે તેમજ જન્મેલા બાળકની પણ પૂરતી સંભાળ રાખવાની જરૂર છે કારણ બાળકનું શરીર કાચું અને ઘણુંજ કોમળ હોય છે કદાચ તેની યથાર્થ સંભાળ નહી લઈ શકાય તો નાચો ઘટ જેમ પાણીના પડવાથી નાશ પામે છે તેમ બાળક રોગરૂપિ જળથી નાશ પામે છે બાળકની આરોગ્યતાનો આધાર એની માતાના ઉપર છે કારણ કે બાળક પોતાની માતાનું સ્તનપાન કરીને પોતાનો આહાર મેળવે છે અને જે જે પદાર્થો માતાના ખાવામા આવે છે તે તે પદાર્થના રસ તેની માતાના દુધમા આવે છે તેને દુધ બાળકના ધાવવામા આવવાથી તેના શરીરમા તે તે ગુણદોષ પ્રાપ્ત થાય છે માટે માતાએ કુશળ વૈદ્ય તથા અનુભવી અને શ્યાણી સ્ત્રીઓની સલાહ પ્રમાણે બાળને ગુણ કરે તેવા પદાર્થોનોજ આહાર કરવો પરંતુ અવગુણ કરે એવા પદાર્થોને ખાવાની ઇચ્છા કરવી નહી કારણ કે બાળકના સુખમા માતાપિતાના સુખનો સમાવેશ થયેલો છે અને બાળક દુખી અવસ્થામા જોવાથી ક્લેશ ઉત્પન્ન થાય છે પશુપક્ષિઆદિઓમા પણ એમજ જણાય છે એ પરમાત્માનો કુદરતી નિયમ છે માટે પ્રથમ થકીજ માતાપિતાએ બાળક અર્થે એવી રીતે વર્તવું જોઇએ કે પાછળથી તેમને પશ્ચાતાપ કરવો પડે નહી શરૂઆતમા બાળકનું શરીર કોમળ હોવાથી તેની ઇન્દ્રિઓ પણ કોમળ હોય છે તેથી તેને કાંઈ સમજ હોતી નથી માત્ર સ્તનપાન કરવું, સુવું તથા મળમુત્ર છોડવા એજ તે સ્વભાવથી કરી શકે છે અને કાંઇ શરીરને વિક્રિયા થતી હોય તો રડે છે પરંતુ તેને શું થાય છે તે જણાવી શકાતું નથી એ ઉપરથી બાળક તદ્દન તદ્દન પરતંત્ર ભાસે છે માટે માતાપિતાએ તેનું સારી રીતે રક્ષણ કરવું તેને વખતસર સ્તનપાન કરાવવું. સુવડાવવું કદાચ મળમૂત્ર કર્યા હોય તો

સ્વચ્છ કરવું. કદાચ રડતું હોય તો તેનું કારણ શોધિ કાઢી તેનો યોગ્ય ઉપાય સત્વર કરવો બાળકના સુવાના બિછાના તે ઉપર પાથરવાના વસ્ત્રો તથા તેને પહેરવાના લુગડા સર્વે નાના મોટાં, સ્વચ્છ કોમળ અને સુગંધીયુક્ત રાખવા કોઇ કાળે પણ મેના પસીનાવાળા કે દુર્ગંધ યુક્ત ઝીણા જંતુ જેમા પડયા હોય તેવા તથા મળમૂત્રથી ખરડાયલા કદાપિ રાખવા નહિ કદાચ તેવા રાખવાથી બાળકના આરોગ્યની હાનિ કરે છે માટે દરરોજ વસ્ત્રોને લુગડાઓને ધોઈને ચોખ્ખા રાખવા અને બિનાશ તથા શરદી થાય એવા રાખવા નહી અનેક જાતના પક્ષીઓ તથા ઉંદર જેવા નાહના પશુઓ પણ પોતાના બચ્ચાઓ માટે ઘણી સુવાળી જગ્યાઓ રાખે છે એ ઉંદરો લાગ આવે તો ગૃહસ્થોના સુંદર રેશમી તથા સુતરાઉ કપડા કરડી લઇ જઇ તે પોતાના બચ્ચાઓ માટે તૈયાર કરેલી જગ્યાઓ ઉપર પાથરે છે ઘણા મનુષ્યોના ધારવામા એવુ છે કે ઉંદરો વિના કારણે કપડા કરડી ખાય છે પરંતુ તેમ નથી તેમા કહ્યા પ્રમાણે કારણ રહેલુ છે કેમકે જંતુનો એવો સ્વભાવ છે કે પ્રયોજન વિના પ્રવૃત્તિ થતિ નથી જેમના જોવામા ઉંદરને રહેવાના સ્થાન આવ્યા હશે તેમને એ તરત જણાઇ આવ્યુ હશે

પશુપક્ષિ આદિઓ પણ પોતાના બચ્ચાને ઉછેરવામા વાગીજ કાળજી રાખે છે તેમા પક્ષિઓ બહાર નિકળી જ્યાથી પ્રાપ્ય થાય ત્યાથી મચ્યો પામી અહાર મેળવી પોતાને ખાવાને બદલે પોતાની ચાંચમા ભરી લાવી માળામા બેઠેલા બચ્ચાના મુખમા આપે છે અને જ્યા સુધી બચ્ચુ ધરાય ત્યા સુધી તેમ કરે છે પછી પોતે ખાય છે બચ્ચુ મોટુ તથા તેને પોતાની રિત પ્રમાણે ઉડવા, બોલવા તથા ચારો કરવા માટે બહાર ફરતા શિખવે છે એજ રિતે સર્વ અન્ય પ્રાણીઓ પણ પોતાના બચ્ચાને પોતપોતાની રિત પ્રમાણે ઉછેરી મોટા કરે છે જે શોધક પુરુષોમા વારવાર આવેલ છે જ્યારે મનુષ્ય પ્રાણીથી જ્ઞાનમા ઘણાજ ઉતરતા પ્રાણીઓ એ રીતે પોતાના બચ્ચાને ઉછેરવા સમ તત્પર રહે છે ત્યારે મનુષ્યે અવશ્યજ રહેવુ જોઇએ બાળકનુ શરીર જેમ જેમ વૃદ્ધિ પામતુ જાય છે તેમ તેમ તેની ઇન્દ્રિઓ પણ વધારે શકિતમાન થતી જવાથી તેને દિવસે દિવસે વધુ જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્રણ ચાર માસનુ બાળક થાય છે ત્યારે તેને સાન આવી એવુ જણાય છે કારણ કે તેના હાથમા કાંઈ આપતા તે ગ્રહણ કરે છે ધમકાવતા રડે છે અને રમાડતા હસે છે ઘણુ કરીને છ માસ પર્યંત બાળક આરોગ્ય રહે છે પછી દાંત આવવા શરૂ થવાથી તેની પિડાવડે તેને વારવાર તાવ, ઉધરસ,

ઝાડો, સલેખમ, તથા ગુમડા વિગેરે રોગ ઉત્પન્ન થાય છે તેને અનુભવી વૈદ્ય તથા સ્યાણી સ્ત્રીઓની સલાહથી યોગ્ય ઉપચાર કરવા જ્યા સુધી બાળકને દાત આવ્યા નથી ત્યા સુધી બાળક સ્તનપાન કરવા યોગ્ય છે કારણ કે અન્નને ચાવવાનુ સાધન મુખ્ય દાતજ છે અને દાત આવેથી ચાવવાથી બાળકના જઠરાગ્નિને અન્ન પચાવવા ઉત્પન્ન કરે છે દાત આવ્યા વગરનુ અન્ન કદાપિ પાચન થતુ નથી માટે તે કાળથી બાળકને દુધ ખાવાનુ ચાલુ રાખતા થોડા થોડા પાચન કરી શકે એવો હલકો પદાર્થ તથા—પૌષ્ટિક અન્ન બાળકને ખવરાવતા જવુ પરન્તુ ભારે પદાર્થ આપવો નહી અને અન્ન પચાવવા બરાબર યોગ્ય નથી અને અન્ન પાચન ન થવાથી અજીર્ણાદિ રોગ ઉત્પન્ન થાય છે બાળકને મારવુ નહી તેમજ ત્રાસ પણ પમાડવો નહી કેમકે તેનુ શરીર કોમળ હોવાથી તેના હૃદય, ભેજુ, તથા ઇન્દ્રિઓ પણ અતિ કોમળ હોય છે જેથી ભય પામતા બાળકને ન ધારેલી હાનિ પ્રાપ્ત થાય છે જેમ જેમ બાળકને સમજ આવતી જાય તેમ તેમ તેમના આગળ અપશબ્દ કદાપિ પણ બોલવો નહી પરતુ ઉચ્ચ પ્રકારની વાણી બોલવી કેમકે તે નકલ કરનાર હોવાથી જેવુ સાંભળે તેવુજ બોલવા શિખે છે વળી બાળકનુ નામ રાખવુ તે શુભ સુચક રાખવુ કદાપિ અશુભસુચક રાખવુ નહી કેમકે અશુભસુચક નામ ઉચ્ચારતા મનને કલેશ ઉત્પન્ન થાય છે

એ રીતે બાળકને ઉછેરવામા જો કે સદા સ્ત્રી પુરૂષ ઉભયને હમેશા તત્પર રહેવુ તોપણ મુખ્યત્વે કરીને બાળકને ઉછેરવાનુ કૃત્ય સ્ત્રીઓનુ છે કારણકે પુરૂષને બહારના વ્યવસાયમા રોકાવુ પડે છે જેથી પુરૂષ ઘણો વખત ઘર આગળ રહી શકતો નથી અને સ્ત્રીને હમેશા ઘરનુ કામ હોવાથી તે સદા ઘર આગળ રહી શકે છે બાળક સ્ત્રીથીજ ઉત્પન્ન થાય છે અને તેના સ્તનનુ પાન કરીને પોતાનો આહાર મેળવે છે એ ઉપરથી એમ જણાય છે કે બાળકને ઉછેરવાનુ કાર્ય મુખ્ય કરીને સ્ત્રીનુજ હોય છે માનવ ધર્મ શાસ્ત્રના ૯મા અધ્યાયમા કહ્યુ છે કે —

उत्पादनमपत्यस्य जातस्य परिपालनम ।
प्रत्यह लोकयात्रायाः प्रत्यक्ष स्त्रीनिबन्धनम ॥

છોકરા ઉત્પન્ન કરવા ઉત્પન્ન થયા પછી તેનુ પાલન કરવુ અને પ્રતિદિવસ ઘરનુ કામકાજ કરવાને તત્પર રહેવુ એ સ્ત્રીઓનુ પ્રત્યક્ષ કામ છે

આ પ્રમાણે ગર્ભવતિ સ્ત્રીઓને નિયમનુ આચરણ કરવાથી સદાકાળ નિરોગી રહી ભગવાને જલદીએ સુખે કરી પ્રસવ કરે છે ઇતિ સીમન્તોન્નયન સસ્કાર સમાપ્ત

પ્રકરણ ૫મું.

॥ अथजातकर्म संस्कारः ॥

જાત કર્મ એટલે 'જાત+કર્મ' જાત=જન્મ કર્મ=વિધિ, જન્મ થતિ વેળાનિ વિધિ એટલે જાત કર્મ આ સંસ્કાર કરતા પહેલા સગર્ભા સ્ત્રીએ પ્રસૂતિ સમયે પ્રસવ યોગ્ય ઘરમા ગર્ભિણીનો પ્રવેશ કહે છે

સગર્ભા સ્ત્રીનો નિવાસ ગૃહની નૈઋત્ય કોણમા સુતિકા ગૃહ કરી તે ગૃહમા અશ્વિની, રોહિણી મૃગશીર્ષ પુનર્વસુ, પુષ્ય, ત્રણ ઉત્તરા, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા ધનિષ્ઠા અને શતભિષા એ નક્ષત્રો રિક્તાદિ તિથિ (ચોથ, નોમ, ચૌદશ,) વર્જ્ય કરી બીજી તિથિઓમા અને ચંદ્ર અનુકુલ છતા ગાય, બ્રાહ્મણ, અને દેવની પુજા કરી મંત્ર અને વાધના ઘોષપૂવક બાળક યુક્ત એવી સુવાસિની સ્ત્રી સહિત શુભ લગ્ન વિષે સગર્ભા સ્ત્રીએ પ્રવેશ કરવો તેવો સંભવ ન હોય તો તત્કાળેજ પ્રવેશ કરવો પ્રસવ (બાળકની ઉત્પત્તિ)મા પ્રતિબંધ થાય તો ઋગ્વિધાન આદિ ગ્રંથોમા ઉપાય કહ્યા છે

॥ प्रसव मंत्र ॥

हिमवत्स्युत्तरे पार्श्वे सुरथानाम यक्षिणी ॥
तस्य; स्मरणमात्रेण विशल्या गर्भिणी भवेत् ॥ १ ॥

ॐ श्रीं ॐ स्वाहा

એ મંત્ર ભણી દુર્વાંકુરવડે તલના તેલને સો અથવા હજાર વાર મંત્રિને તેમાથી થોડુ પિવરાવવુ, અને થોડુ ગર્ભ સ્થાનકે ચોપડવુ એ સારી રીતે ચોપડવાથી શીઘ્ર અને સુખપૂર્વક પ્રસવ થાય છે (૨) વાસની અને લિંબડાની છાલ, તુળશીના મૂળ, કોરીના પાતરા, અને કરેણુના બીજ સરખે ભાગે લઈ ભેસના દુધમા વાટી તેમા તલનુ તેલ નાખી તેનો યોનીએ લેપ કરવાથી તત્કાળ પ્રસવ થાય છે

પ્રસવયંત્ર.

૮	૧	૬
૩	૫	૭
૪	૯	૨

ઉપરનો યંત્ર ×અષ્ટગંધવડે ભોજપત્ર ઉપર લખી ગર્ભિણી સ્ત્રીને દેખાડવાથી શીઘ્ર પ્રસવ થશે

आश्वलायन गृह्य सूत्र अ० १ खंड १५.

कुमारंजातं पुराऽन्यैरालम्भात् सर्पिर्मधुनी हिरण्यनिकाषं हिरण्येन प्राशयेत् प्रतेददामि मधुनो घृतस्य वेदं सवित्राप्रसूतं मेधानां आयुष्मान् गुप्तोदेवताभिः शतंजीवशरदोलोके अस्मिन्निति ॥ १ ॥ कर्णयोरुपनिधाय मेधाजननं जपति ॥ मेधान्ते देव सविता मेधां देवी सरस्वती ॥ मेधान्ते अश्विनौ देवावाधत्तां पुष्करस्रजौ इति ॥ २ ॥ असावभिमृशति अस्माभव परशुर्भव हिरण्यमस्तुतं भव । वेदावैपुत्रनामासि सजीवशरदः शतमिति ॥ इन्द्र श्रेष्ठानि द्रविणानि धेह्यस्मे प्रियन्त्रि मघवन्नृजीषिंतिच ॥३॥

અર્થ—'કુમારંજાત' ઇત્યાદિ જે વખતે બાળકનો જન્મ સમય અથવા બાળકનો જન્મ થાય તે વખતે બાળકને સ્નાન કરાવી ઔષધિ યુક્ત થોડા ઉના પાણીથી સ્નાન કરાવવું ત્યારબાદ તેનું શરીર નરમ અને સુવાળા વસ્ત્રે કરીને લુછવું બાળકના પિતાએ ઘી તથા મધ, (ગળહુતિ) એ બન્ને એકત્ર કરી તાવડીને સુવર્ણની સળી વતિ તે બાળકના મુખમાં મધ જીભ ઉપર 'પ્રતિદદામિ' એ મંત્રવડે બાળકને ચટાડવું અને કહેવું કે હે બાળક હું તને મધ અને ઘીનું પ્રાશન પ્રથમ કરાવું છું માટે 'સવિતા' જે મન જગતના ઉત્પન્ન કરનાર પરમાત્માની કૃપાથી સર્વોત્તમ ભોજનનો ભોક્તા તું થા અને તું મારો પુત્ર થયો છે, માટે હું તને વેદનું દાન કરૂં છું જેથી તું ઇશ્વર કૃપાથી વિદ્યાવાન થાય 'સવિતાભગવાન' તથા સર્વે ઇંદ્રિયો તથા વિદ્વાન પુરુષોથી તારૂં સંરક્ષણ થાઓ તારૂં સો વર્ષનું આયુષ્ય થાઓ, १ આ બાળકના પિતાએ પછી બાળકના જમણા કાનમાં 'મેધાજનન મંત્ર' ભણવો તે એ કે હે પુત્રિ કે પુત્ર 'સરસ્વતી' જે બુદ્ધિને વૃદ્ધિ કરનાર તે તારી બુદ્ધિને નિર્મળ કરો અને 'સવિતાદેવતા' સત્વર તને શાસ્ત્રથી નિપુણ કરે તથા સૂર્ય ચંદ્ર, દેવો આયુષ્યને વધારે અને અશ્વિદેવ તારી મેધા=ગિરવિદ્યા પ્રાપ્ત થાય તેવી બુદ્ધિ ધારણ કરો એ પ્રમાણે જગતકર્તા પરમાત્માની સ્તુતિ કરવી ૨ પછી પિતાએ બાળકના બન્નો ખભાને કોમળ હાથે સ્પર્શ કરીને 'અસ્માભવેત્યાદિ૦ મંત્ર ભણવો

×અગર, તગર, સુખડ, રતાંજળી, કેસર, બરાસ, કપુર, અને ગોરોચન

હે કુમાર તારી અશ્મા=પથ્થરના જેવિ વજ્ર બુદ્ધિ થાઓ 'પરશુભવ' પરશુગમના જેવી તારી તીવ્ર બુદ્ધિ થાઓ, અને 'હિરણ્યમસૃતભવ) એટલે પુસ્કળ દ્રવ્યવાન થાઓ અને તારૂ નામ વેદ=જ્ઞાન સ્વરૂપ એવુ પરમાત્માએ રાખ્યુ છે તે પ્રમાણે મે પણ રાખ્યુ છે અને તારૂ આયુર્દા સો વર્ષનુ થાવ ૩ હે ઇન્દ્રિ તુ મોટો દેવ છે, આ જગતમા સર્વે ઉત્તમ પદાર્થો તથા દ્રવ્યો, એ તારા છે માટે હે ઇન્દ્ર દેવતા તે પદાર્થો તમે આ બાળકને આરૂ રાખો હે 'મેઘવન્ ઋજીષિન્'-પરમધન યુક્ત, ગુણમા પ્રવિણ કરો

ऋग्वेदना मत्रमा कह्यु छे के —

प्रतेददामि मधुनो घृतस्य वेद सवित्रा प्रसूत मेघानाम॥ आयुष्मान् गुप्तो देवताभि शतजीव शरदो लोकऽअस्मिन् मेघान्ते देवसविता मेघादेवी सरस्वती। मेघान्ते अश्वि नौ देवा-वाधत्ता पुष्करस्रजौ॥ अश्माभव परशुर्भव हिरण्यमश्रु तभवा वेदोवै पुत्रनामासि सजीवशरद मिति॥

આનો અર્થ આશ્વલાયન ગૃહ્ય સૂત્રમાના મત્રોમા લખી ગયા તેજ પ્રમાણે છે માટે લખ્યો નથી

यजुर्वेदमन्त्रा सूत्रस्थाविशेषाज्ञावबसिष्टौच યજુર્વેદના મત્રો તથા સૂત્રોમા લખે છે કે —

ॐ इमम् स्तन मूर्जस्वत धयापा प्रपीनमग्ने शरीरस्य मध्ये। उत्सजुषस्व मधुमन्त मर्वत्समुद्रियम् सदनमा विवश्व॥ यस्तेस्तन शशयो यो मयो मूर्यो रत्नधावसुविद्य सुदत्र येनविश्वा पुष्यसिवीर्याणि सरस्वति तमिह धातवेक॥

पारस्कर गृह्यसूत्रे

सोष्यन्ती मद्भिर भ्युक्षत्यै जतुदशमास्य इति प्रागस्यैत इत्यथावरा वपतन मवतु पृश्नि शेवलम् शुन जरायत्त्वत्तवेमाम् स्तनपवरीं न कस्मि श्चनायतन मवजरा युपद्यता मिति जातस्य कुमारस्याच्छिन्नाया नाड्या मेधाजनना युष्येकरोति अनामि-कया सुवर्णान्तर्हितया मधुघृते प्राशयति घृत वा भूस्त्वयिदधामि भुवस्त्वयिददामि स्व स्त्वयिददामि भूर्भुव स्व सर्व त्वयिद-दामि इत्यथास्या आयुष्य करोति नाभ्या दक्षिण वाकर्णे

स्पति अग्निरायुष्मान् स वनस्पतिभिरायुष्मांस्तेन त्वायुषा युष्मन्तं करोमि सोम आयुष्मान् स ओषधीभिरायुष्मांस्तेन० ब्रह्म आयुष्मत्तद्ब्राह्मणैरायुष्मत्तेन० ऋषय आयुष्मन्तस्ते व्रतैरायुष्मन्तस्तेन० पितर आयुष्मन्तस्ते स्वधाभिरायुष्मन्तस्तेन० यज्ञ आयुष्मान् स दक्षिणाभिरायुष्मांस्तेन० समुद्र आयुष्मान् स स्रवन्तीभिरायुष्मांस्तेन त्वायुषा युष्मन्तं करोमीति त्र्यायुषमिति च स अस्मिन्नेव जातो भवति तमभिमन्त्रयते वेद ते भूमिहृदयं दिवि चन्द्रमसि श्रितं वेदाहं तन्मां तद्विद्यात् पश्येम शरदः शतं जीवेम शरदः शतं शृणुयाम शरदः शतमित्यथैनमभिमृशतीति अश्मा भव परशुर्भव हिरण्यमस्रुतं भव आत्मा वै पुत्रनामासि स जीव शरदः शतमित्यथास्य मातरमभिमन्त्रयते इडासि मैत्रावरुणी वीरे वीरमजीजनथाः सा त्वं वीरवती भव यास्मान् वीरवतोऽकरदित्यथास्यै दक्षिणं स्तनं प्रक्षाल्य प्रयच्छमिति …स्तनमितीयस्ते स्तन इत्युत्तरमेताभ्यामुदपात्रं … शिरस्तो निदध्यात् आपो देवेषु जाग्रथ यथा देवेषु जाग्रथ एवमस्यां सूतिकायां सपुत्रिकायां जाग्रथेति द्वारदेशे सूतिकाग्निमुपसमाधायोत्थानात् … फलीकरण मिश्रान्सर्षपान् अग्नावावपति शण्डामर्का उपवीरः शौण्डिकेय उलूखलः। मलिम्लुचो द्रोणासश्च्यवनो नश्यतादितः स्वाहा॥ आलिखन् अनिमिषः किंवदन्त उपश्रुतिर्हर्यक्षः कुम्भी शत्रुः पात्रपाणिर्नृमणिर्हन्त्रीमुखः सर्षपारुणश्च्यवनो नश्यतादितः स्वाहेति॥

અર્થ—ઉત્પન્ન થએલા બાળકનું 'મેધાજનન' કરવું. મધ ને ઘી એકત્ર કરી સુવર્ણની શલાકાએ પિતાએ બાળકને ચટાડવું 'ભૂસ્ત્વયિ દધામિ=ભૂલોક જાણનું એટલે ભૂમિમાં રહેલા લાભોનું સામર્થ્ય તારામાં મૂકું છું ભુવસ્ત્વયિ દધામિ અંતરિક્ષમાં રહેલા લાભોનું સામર્થ્ય તારામાં મૂકું છું સ્વસ્ત્વયિ દધામિ સ્વર્ગમાં રહેલા લાભોનું સામર્થ્ય તારામાં મૂકું છું ભૂર્ભુવઃસ્વઃ સર્વં ત્વયિ દધામિ (સ્વર્ગ, મર્ત્ય, અને પાતાળ) એ ત્રણે લોકોનું સામર્થ્ય તારામાં મૂકું છું બાળકના પિતાએ બાળકના જમણા કાનમાં નીચેના મંત્ર ભણવા 'અગ્નિરાયુષ્માન્' હે અગ્નિ વનસ્પતિ તથા અન્ન આપનાર ચંદ્રમા સહિત બ્રહ્માયુષ્મ' બ્રાહ્મણોથી વેદ અમૃત મય વિદ્યાથી વિદ્વાન સત્ય વ્રતાથી ઋષિ સત્ય જ્ઞાન 'પિતર=પિતૃથી તથા દક્ષિણાથી યજ્ઞ (સમુદ્ર) નદીઓથી ચાલતી સમુદ્રગામિ નદીઓથી યુક્ત સમુદ્ર, એ સર્વ આયુષ્માન્ દીર્ઘાયુ નામા આવરદાવાળો

થાવ તેમજ હું પણ તેને લાંબા આયુર્દાવાળો થા એમ કહું છું પછી 'આયુષમજમગ્ને' એ મંત્રના પાઠ ત્રણવાર કરવો તથા 'વેદતેભૂમિ' એ મંત્ર બાળકનો જન્મ થયો હોય ત્યાં ભણવો હે પુત્ર તું આત્મ સંરક્ષક એટલે આત્મવત્-આત્મા જેટલો મન વહાલો થા 'ઇડે ઇત્યાદિ' હે સ્ત્રી વખાણવા લાયક તથા શ્રેષ્ઠ ગુણવાળી તું છે હે ઉત્તમ ગુણ વાળી સ્ત્રી તે વીરયુક્ત ગુણવાળો પુત્રનો જન્મ આપ્યો છે તે તું વીર પુત્રવાન તથા સૌભાગ્યવાન સદા રહો જે તે અમને વીર પુત્ર યુક્ત કર્યા છે, અને તું સદા ઇશ્વરની કૃપાથી સુખી થાઓ ત્યાર પછી 'ઇમિગુસ્તન ઇતિ મંત્રેણ' સ્ત્રીના સ્તનો ધોઇને ઉપર લખેલા મંત્રવડે પવિત્ર કરી પ્રથમ જમણું સ્તન અને પછી ડાબું સ્તન ધોઇને પછી બાળકને ધવડાવવું એ પ્રમાણે થયા પછી (શ ડામમતિ) મંત્ર વડે આજ્યનો અગ્નિનું સ્થાપન કરી હોમ કરવો સુતિકાના ગૃહદ્વારમાં અગ્નિનું સ્થાપન કરી તેમાં હોમ કરવો

अथ सामवेद मन्त्रा

कोमि कतमो स्यषोस्य मृर्तोसि आहस्पत्य मास प्रवि साशौ ॥१४॥ मत्वाह्ने समदद्दात्वह स्त्वाराध्य परिददातु रात्रि स्त्वाहोरात्राभ्या परिदद्दा त्वहो रात्रौ त्वार्द्ध मासेभ्य परिदत्ता मर्द्धमासात्वा मासेभ्य परिददतु मासा स्त्वर्त्तुभ्य परिददत्व तवस्त्वा सवत्सराय परिददतु सवत्सर स्त्वायुषे जरायै परि ददात्वसौ ॥ १५ ॥ अगादगा त्सभ्र श्रवसि दधि जायसे ॥ प्राणन्ते प्राणेन सन्दधामि जीवमया वद्रायुषम् ॥१६॥ अगाद गात् सभवसि हृदयादधिजायस ॥ वेदो वैपुत्रनामासि सजीव शरद शतम् ॥ १७ ॥ अश्माभव परशुर्भव हिरण्य मश्रुतभव ॥ आत्मासि पुत्र मामृथा सजीवशरद शतम् ॥१८॥ पशूनात्वाहिंकारेण्या भिजि घ्र म्यसौ ॥ १९ ॥

અર્થ—તું કોણ છે અને ક્યાંથી આવ્યો છે તું આ છે તું અમૃત સ્વરૂપ છે તો સૂર્ય નિમિ ને માસોમા પ્રવેશ કર અને દિર્ઘાયુષિ થા ૧૪ માટે તને દિવસ અપું છું સવિતા ભગવાન તને દિવસ અપણ કરે છે રાત્રિ અપણ કરે છે દિવસ અને રાત્રિ ઉભય અપણ કરે છે, અહોરાત્રિ આપે છે અહોરાત્રિ અને અર્ધમાસ આપે છે માસ અને ઋતુઓ અપણ કરે છે તથા ઋતુઓ સવત્સરો પણ અપણ કરે છે. સવત્સરો તથા વૃદ્ધાવસ્થા નિગમન કરી સપૂર્ણ આયુષ્યને

ભોગવ. ૧૫ હે પુત્ર તુ મારા અગથી ઉત્પન્ન થયો છે તથા હૃદય થકી ઉત્પન થયો છે તેથી તારા તથા મારા પ્રાણુને યુક્ત કરૂ છુ હે પુત્ર જ્યા સુધી મારૂ આયુર્દા છે તેથી પણ વધુ આયુર્દા ભોગવ તેમજ હુ દિર્ઘાયુષિ છુ તેવો તુ પણ દિર્ઘાયુષિ થા

अथ अथर्व मंत्रा का० ६ अनुवाक ४

मनसे चेतसे धिय आकूतय उत्तचित्तये मत्यै श्रुताय चक्षसे विधमे हविषा वयम् ॥१॥ अपानाय व्यानाय प्राणाय भूरि धायसे॥ सरस्वत्या उरु व्यचे विधेम हविषा वयम् ॥२॥ मानो हासिषु ऋषयो दैव्याये तनुपायेन स्तन्व स्तनुजा ॥ अमर्त्या मर्त्यो अभिन स च ध्वमायु र्धत्त प्रतर जीवसेन ॥३॥ अ० का० १२ प्र० पा० २६ अनुवाक परमृत्यो अनुपरेहि पन्था यस्तएष इतरो देवयानात चक्षुष्मते शृण्वते ते ब्रवीमीहे मे वीराबहवो भवन्तु ॥२१॥ इमे जीवा विभृतै रावबृत्र नमूद्र द्रैव हूतिर्नो अद्य ॥ प्राञ्चो जगाम नृतयेहसाय सुवीरासो वेदथ मावदेम ॥ २२ ॥ ईम जीवेभ्य परिधिं दधामि मैषानु गादपरो अथ मतम् शत जीवन्त शरद पुरुची स्तिरो मृत्युर्दधाता पर्वतेन ॥२३॥ आरोह तायुर्जरस वृणाना अनुपूर्व यतमाना यतिस्थ ॥ ता त्वस्तष्ठा सुजनिमा सजोषा सर्व माव्युनेयतु जीवनाय ॥२४॥ यथा हान्यनु पूर्व भवन्ति अथ तेवऋतुभि-र्यन्ति साकम् ॥ यथा नुपूर्वमपरो जहात्येवा धातरा युषिं कल्पयैषाम् ॥ २५ ॥ अ० का० १८ प्र. ३४ अनुवाक ३ विव-स्वॉन्तो अभय कृणोतु य सुत्रामा जीरदानु सुदानु ॥ इहेमे वीरा बहवो भवन्तु गोमदश्व वन्मय्यस्तु पुष्टम् ॥

અર્થ—પરમેશ્વર-હે પરમાત્મા, મન, ચેતમા, બુદ્ધિ, સકલ્પ, ચિત્ત મનન, શ્રવણ, કથન ઇત્યાદિ અઠ ગુણ હમારા સતાનોમા થાય તેને માટે હમો ભનિ વિધા અને હોમ, ઇત્યાદિ કરીએ છીએ તે કારણ માટે સતાનોમા અપાન, વ્યાન, પ્રાણુ, સરસ્વતિ, બહુ વિદ્યાયુક્ત અત્યન્ત સ્થિર થાય, એ માટે હોમ ઇત્યાદિ જરૂર છે અરે મૃત્યુ તુ હમારી પાસેથી દૂર જા જે વિદ્વાન જ્ઞાનયુક્ત પાસેથી દૂર જા અને દુષ્ટ, પાપી મુઢ એઓનો જે માર્ગ ત્યા ગમન કર જે તુ દેખનારો તથા સાભળનારો તેને હુ કહુ છુ કે, અને દેખાડુ છુ જે અમારામા પૂર્ણ આયુષ્ય ન થાય સુધી અમારામા ગમન કરશો નહી તેણે કરી

હમારા કુળમા શ્રેષ્ઠ ગુણવાળા તથા ચક્રવર્તી રાજ ભોગવનારા અને દિર્ઘાયુષી થાય, 'ઓયતિસ્થ' અતકાળને કેમાણે રહેના પરમેશ્વર, અમે પુરૂ આયુષ્ય અનુક્રમે બરાબર ભોગવીએ ઉત્તમ પુરૂષાર્થી થાય, અહો પુત્રાદિઓ, તમને 'ત્વષ્ટા' જે મવ જગત । રચનારો એક જન્મનો આપનારો તથા પરસ્પર પ્રીતિ કરાવનારો જે પરમેશ્વર મવને દીર્ઘાયુષ ભોગવનારા કરો જેવા અનુપમ દિવસ જાય , તથા આવે છે જેવા ઋતુઓ સાથે ઋતુ ભોગવનારા છે તથા એક નામ છોડી અગર એક માણસને છોડી બીજે મોજમા પ્રાપ્ત થાય છ તેમજ આ વાત" પરમાત્મા શન્તાનાદિકોને પુ આયુષ્ય ભાગવવાને દય કરી સમથ કર

बृहदारण्य उ० १

सोष्यर्न्ती मद्भिरभ्युक्षति । यथावायु पुष्करिणीं समिङ्ग यति सर्वत ॥ एवाते गर्भएजतु सहा तु जरायुणा । इन्द्रास्य व्रज कृत सार्गल स परिश्रय तमिन्द्र न जहि गर्भेण सावरा सहति ॥

य यथा वायु એ મત્ર ભણીને પ્રમવ કાળે સ્ત્રીની ઉપર પતિએ જળનુ પ્રોક્ષણ કરવુ, જેથી સુખે પ્રસવ થાય જેવિ રીતે વાયુ સગેવરને સવ દિશામા ચલાયમાન કરે છે, તેવી રીતે તારો ગર્ભ ચલાયમાન થાવ આ જરાયુ (પડદો) જીવાત્માનુ નિવાસ સ્થાન છે હે જીવ તુ જરાયુનો ત્યાગ કરી તુ ગર્ભની બહાર આવ

जातिऽग्निमुप समाधायाङ्क आधायकसे पृषदाज्य सनीय पृसदाज्य स्योपघात जुहोति । अस्मिन्सहस्र पुष्पासमध-मान स्वेगृह ॥ अस्योपसन्त्या माच्छैत्सत्प्रजया पशुभिश्च स्वाहा ॥ मयिप्राणा स्त्वयि मनसा जुहोमि स्वाहा ॥ यत्कर्मणा त्यरिरिच यद्वानू न मिहाकरम ॥ अग्निष्ट त्स्विष्टकृ द्विद्वा न्स्विष्ट सुहुत करोतुन स्वाहेति ॥ अथा स्यदक्षिण कर्ण मभि निधाय वाग्वा गिति त्रि । अथ दधि मधु घृत सनीयान न्त र्हितेन जातरूपेण प्राशयति ॥ भु स्तेदधामि ॥ भुव स्तेद धामि ॥ स्व स्तेदधामि भु भुर्व स्व सर्वं त्वयि दधामि ॥ यथास्य नाम करोति वेदस्य इति तदस्य तद्गुह्य मेवनाम भवति ॥ बृहदा० ॥ १० ॥

પુત્રને જન્મ થયા પછી અગ્નિનુ સ્થાપન કરી પુત્રને ખોળામાં લઇ ઘી તથા દહીન ભેગા કરી અગ્નિમા આહુતિઓ આપવી **अस्मिन्सहस्र०** એ મત્ર ભણિ પ્રથમ આહુતિ આપવી, આ મારા ગૃહમા મોટો થઇ મારો પુત્ર હજારો મનુષ્યનુ પોષણ કરનાર થાઓ, અને અની સતતિમા પ્રજા તથા પશુનો વિચ્છેદન થાઓ **मयिप्राणा०** એ મત્ર ભણી બીજી આહુતિ આપવી એથી મારામા જે પ્રાણશક્તિ છે તે મારા મનોબળથી હુ તને અર્પણ કરૂ છુ **यत्कर्मणा०** એ મત્ર ભણી ત્રીજી આહુતી આપવી હે વિદ્વાન અગ્નિ દેવતા મારાથી જે ન્યુનાધિક કર્મ થયુ હોય તેને તુ શાસ્ત્રાનુકુલ કર જે પછી પુત્રનો જમણો કાન મુખ આગળ લાવી વાક્ વાક્ વાક્ એમ ત્રણવાર પિતા બોલે છે આ પ્રમાણે બોલી પિતાએ દહી ઘી તથા મધ એ ત્રણને ભેગા કરી સુવર્ણની ચમચીએ કરી નીચેના મત્રો ભણી ચટાડવી

ॐ भूस्ते दधामि ॐ भुवस्ते दधामि ॐ स्व स्ते दधामि ॐभू भुर्व स्व, सर्वत्वयिदधामि ॥ પછી પિતા તેને ગુહ્ય નામ કહે છે **वेदोसि०** એ મત્ર વડે છે કહે છે કે હે પુત્ર તુ વેદ છુ અર્થાત્ જ્ઞાન સ્વરૂપ છુ

अथैन मात्रे प्रदाय स्तन प्रयच्छति। य॰ते स्तन शशयो यो मयोभूयो रत्नधाव सुविघ सुदत्र ॥ येन विश्वा पुष्यसि वीर्याणि सरस्वति तमिह धातवे करोति ॥ आथास्य मातर माभि मन्त्रयत इलाऽसि मैत्रा वरुणी वीरे वीरमजी जनत। सात्व वीरवती भव। याऽस्मान्वीरवतो ऽकरदिति तवा एत-माहुरिति पिता ‹ता भूरिति पितामहो वता भूपरमावत काष्ठा प्रापच्छिया वशसा ब्रह्मचर्यसेन यएव विदो ब्राह्मणस्य पुत्रो जायति इति। बृहदा० ॥११॥

પુત્રને તેની માતાને આપીને **यस्तेस्तन०** એ મત્ર ભણીને સ્ત્રીએ પોતાનુ સ્તન પુત્રના મુખમા આપવુ હે સરસ્વતિ જેવો તારો સ્તન રસયુક્ત સુખપ્રદ રત્ન ધારણ કરનાર ધન પ્રાપ્ત કરાવનાર તથા ઉત્તમ વસ્તુઓ અર્પણ કરનાર છે અને જેનાથી વિશ્વના ઉત્તમ આત્માઓનુ તુ પોષણ કરે છે, તેવો મારી ભાર્યાનો સ્તન મારા પુત્રને સ્તનપાન કરવા સારૂ કર પછી **इडासि०** મત્ર ભણીને સ્ત્રીનુ અભિમત્રણ કરવુ

मन्त्रा मुच्चर यन्नेव मन्त्रार्थ स्वेन पस्मरेत्।
शाषिण तन्मना भूत्वा स्वाद् तदभिमन्त्रणम् ॥

(મત્રના ઉચ્ચાર કરી જેનુ અભિમત્રણુ કરવુ હોય તેનુ મત્રના અર્થરૂપે સ્મરણ કરી તન્મય થવુ તેને અભિમત્રણુ કહે છે) હે સ્ત્રી તુ સ્તુત્ય છે તુ અરૂધતિના જેવી દૃઢ છુ મારા જેવા વીર પુરૂષને ત્યા વીર પુત્રને ઉત્પન્ન કર્યો છે, તે અમને પુત્ર સપન્ન કર્યા છે, અને તુ વીર પુત્રોને ઉત્પન્ન કર આવી રીતે સસ્કૃત થએલોપુત્ર પિતા અને પિતામહ કરતા અધિક શ્રી યશ અને બ્રહ્મવર્ચમ્ પ્રાપ્ત કરે છે આવી રીતે જાણી જે બ્રાહ્મણુ સસ્કાર કરે છે તેનો પુત્ર શ્રી યશ અને બ્રહ્મવચસ્ પ્રાપ્ત કરે છે (જાતકર્મમા વર્જ્યા વર્જ્ય કર્મ કહે છે)

મુળ, જ્યેષ્ઠા, વ્યતિપાત ઇત્યાદિ અશુભ કાળમા ઉત્પન્ન થયેલો એવો પુત્ર ઉત્પન્ન થતાજ પિતાએ કુલ દેવતા અને વડીલ એમને પ્રથમ નમસ્કાર કરી પુત્રનુ મુખ જોઈ નદી ઇત્યાદિક વિષે ઉત્તર તરફ મુખ રાખી સ્નાન કરવુ નદી ઇત્યાદિકનો અભાવ હોય તો ઘેર લાવેલા શિતળ જળમા સુવર્ણ નાખી તે જળવડે સ્નાન કરવુ, એ સ્નાન રાત્રિએ પણ નદી ઇત્યાદિક વિષે કરવુ અશક્ત હોય તો તેણે અગ્નિની સમિપમા ઉભા રહી સુવર્ણયુક્ત શિતળ જળવડે સ્નાન કરવુ પિતા દેશાન્તર ગયો હોય ત્યા 'પુત્રજન્મ થયો એમ સાભળી તેણે સ્નાન કરવુ, સ્નાન કર્યા શિવાય કોઇનો પણ સ્પર્શ કરવો નહિ એ પ્રમાણે કન્યાનો જન્મ હોય તોપણ એ પ્રમાણે સવત્ર સમજવુ બીજા સપિડો સબધી આ શૌચ છતા તેમા પુત્રજન્મ સાભળે તોપણ સ્નાન, દાન ઇત્યાદિક કર્મ અને જાતકર્મ કરવા વિષે પિતાને તાત્કાલિક સુદ્ધિ છે કોઈ ગ્રથકાર મૃતાશૌચ વિષે પુત્રજન્મ થવાથી જાતકર્મ કરવુ તે જાતશૌચની નિવૃત્તિ થયા પછી કરવુ એમ કહે છે નાળ છેદન થયા પછી પ્રથમ સધ્યા વદનાદિ સપૂર્ણ કરવા વિષે આશૌચ નથી પ્રથમ, પાચમો, છઠો અને દશમો, એ દિવસે દાન દેવુ અને લેવુ એમા દોષ નથી, પરતુ રાધેલુ અન્ન લેવુ નહિ

જેને જ્યોતિષ્ઠોમાદિક દિક્ષા થઇ હોય તો તેણે પોતેજ અથવા બીજા વડે જાત કર્મ કરવુ તથા સ્નાનનુ નદી ત્યારે યજ્ઞની સમાપ્તિ થયા પછી અવભૃથ (યજ્ઞાન્ત) સ્નાન કરી યજ્ઞ દિક્ષાનુ વિસર્જન કરી પોતેજ જાત કર્મ કરવુ જયેષ્ટે કનિષ્ઠ પાસે પુસવન ઇત્યાદિ કરાવવા

નહીં, પરંતુ જાતકર્મ તો કનિષ્ઠ પાસે પણ કરાવવુ 'અતિક્રાન્ત, (પ્રથમ કરવાનુ રહી ગયેલુ) હોય તે પિતાએજ કરવુ કદાચ, પિતા મહારોગે પિડિત હોય તો તેણે જાતકમ કરવુ નહી પુત્ર તથા પુત્રિના જન્મ થયા પછી નાળ છેદ થકી પ્રથમ નાદિ શ્રાદ્ધ કરવુ એ જન્મ સબધી નાદિ શ્રાદ્ધ રાત્રિએ પણ કરવુ પણ હેમ વડે કરવુ, પરતુ અન્નાદિકે કરવુ નહી તેમજ પિતાએ સ્નાન કરી અલકાર યુક્ત થઇ નાળછેદ રહિત, સ્તનપાન રહિત, અને સ્પર્શ રહિત એવા બાળકને શુદ્ધ જળવડે સ્નાન કરાવી માતાને પણ સ્નાન કરાવી, બાળકને માતાના ખોળામા આપી સસ્કાર કરવો સસ્કાર સમાપ્ત થયા પછી, સુવર્ણ, ગાય, ઘોડો, રથ, છત્ર, પુષ્પમાળા, પલગ, આશન, ગૃહ, અને સુવર્ણ સહિત તિલપાત્ર એટલા દાનો આપવા

આશૌચવાળાના ગૃહનુ રાધેલુ અન્નનુ ભોજન કરે તો તે બ્રાહ્મણે ચાદ્રાયણ પ્રાયશ્ચિત કરવુ આશોચમાપિડોને તેના ઘરનુ અન્ન ભક્ષણ કરવાથી દોષ નથી એમ મનુ કહે છે

કન્યાના પણ જાતકર્મ થકી ચાલ પર્યન્ત સસ્કાર મત્ર રહિત કરવા અને વિવાહ સસ્કાર મત્ર સહિત કરવો માટે કન્યાના જાતકર્મ સસ્કારા દિકનો લોપ થાય તો એટલે તે સસ્કાર નથયા હોયતો જે કાળે એ સસ્કાર કરવાના હોય તે તે કાળે અથવા વિવાહને સમયે તે સસ્કારના લોપનુ પ્રાયશ્ચિત કરી વિવાહ કરવો આ સર્વ જાતકમ, નામકર્મ ઇત્યાદિક સસ્કારના મુખ્ય કાળનુ ઉલઘન થયુ હોય તો ગુરૂ ઇત્યાદિકનો અસ્ત, ન હોય અને શુભ નક્ષત્ર ઇત્યાદિક જે દિવસે હોય તે દિવસે જાત કર્માદિક કરવા જાતકમ વિષે નક્ષત્રો રોહિણી, ત્રણ ઉત્તરા, અશ્વિની, હસ્ત, પુષ્ય, અનુરાધા, રેવતી, મૃગ, ચિત્રા શ્રવણ ધનિષ્ઠા, શતતારકા સ્વાતિ અને પુનર્વસુ એ નક્ષત્રો, રિક્તા તિથિ (ચોથ નોમ, ચોદશ) પર્વ (પુનમ અમાસ) એ તિથિ વર્જ્ય કરી અન્ય તિથિ લેવી મગળ અને શની એ વાર વર્જ્ય કરી બીજા વાર લેવા ભદ્રા, વ્યતિ, ઇત્યાદિકે રહિત એવા શુભ દિવસે શુભ કેદ્રવાળુ લગ્ન છતા જાતકર્મ શુભ થાય

જાતાશૌચ તથા મૃતાશાચમા પ્રાણાયામ અમત્રક કરવા માર્જનના મત્ર મનમા બોલી માર્જન કરવુ ગાયત્રી મત્રનો ઉચ્ચાર સ્પષ્ટ કરી સૂર્યને અર્ઘ આપવા, ઉપસ્થાન (પ્રાર્થના) કરવુ નહી, અને માર્જન કરવુ નહી સૂર્યનુ ધ્યાન કરી નમસ્કાર કરવા ગાયત્રી મત્રનો જપ

કરવો નહી કારણ, અર્ઘ્ય પર્યંત મનમા ઉચ્ચાર કરી સધ્યા કરવી એવા વચન છે કોઇ ગ્રથકાર, મનમા ઉચ્ચાર કરી દશવાર ગાયત્રી જપ કરવો એમ કહે છે વૈશ્વદેવ બ્રહ્મયજ્ઞ ઇત્યાદિ પચ મહાયજ્ઞ કરવા નહી. અને વેદપાઠ કરવો નહી ઓપાસન હોમ અને પિડ પિતૃયજ્ઞ ભિન્ન ગોત્રિ પાસે કરાવવા કોઈ ગ્રથકાર, તો, શ્રોત કર્મ કરવુ હોય તો તે કર્મ કરવા પર્યંત શુદ્ધિ છે એવા વચન છે માટે અગ્નિહોત્રી એ હોમ પોતેજ કરવો, એમ કહે છે બીજા ગ્રથકારો તો સઘળા આશાચના અપવાદથી બીજી ગતીજ નથી માટે બ્રાહ્મણ હોય તો બ્રાહ્મણવડેજ હોમ કરાવવો બ્રાહ્મણ ન હોય તો પોતે કરવો એમ કહે છે સ્થાલીપાક, આશોચમા કરવો નહી, પણ આશોચ નિવૃત્ત થયા પછી કરવો સવથા સ્થાલીપાકના લોપનો સભવ આવે તો સ્થાલીપાક પણ બ્રાહ્મણદ્વારા કરાવવો અન્વાધાન થયા પછી આશોચ પ્રાપ્ત થાય તો શ્રોતેષ્ટિ અને સ્થાલીપાક બ્રાહ્મણ પાસે કરાવવા, હોમ ઇત્યાદિ કર્મ ત્યાગ કરવો તે સ્નાન કરી પોતેજ કરવો દર્શ ઇત્યાદિ શ્રાદ્ધનો લોપજ કરવો પ્રતિ સાવત્સરિક શ્રાદ્ધ કરવુ પણ તે આશોચાન્તે અગીઆરમે દીવસે કરવુ અગીઆરમે દિવસે શ્રાદ્ધ કરવાનો અસભવ હોય તો અમાવાસ્યા, વ્યતિપાત ઇત્યાદિ પર્વ દિવસે કરવુ એ રીતે સ્ત્રી રજસ્વલા હોય તો પિડ પિતૃયજ્ઞ અને દર્શ શ્રાદ્ધ પણ (પાચમે દિવસે) કરવા

અન્વાધાન થકી સ્ત્રી રજસ્વલા થઇ હોય તો કાલાન્તરે કરવા દાન લેવુ, દાન દેવુ અને વિદ્યાભ્યાસ વર્જ્ય કરવા આશૌચ વિષે બીજાનુ અન્ન ભક્ષણ કરવુ નહિ પિડપિતૃયજ્ઞ સ્થાલીપાક અને શ્રવણા કર્મ ઇત્યાદિક પાક સસ્થાઓનો પ્રથમ આરભ બ્રાહ્મણ દ્વારા એ પણ બન્ને આશોચમા કરવો નહિ પ્રથમ આરભ થયા પછી શ્રવણાદિક કર્મ કરવા તે, આશોચ હોય અથવા રજસ્વલા સ્ત્રી હોય તથાપિ બ્રાહ્મણ દ્વારાએ કરાવવા આચાયણ માત્ર કરવુ નહિ અગ્નિનો સમારોપ (સામિધ સેકી તે ઉપર અગ્નિ લેવો) પ્રત્યવરોહણ (સેકી રાખેલી સામિધનો ફરી અગ્નિમા હોમ કરવો) એ આશૌચમા થતા નથી તેથી અગ્નિનો સમારોપ કીધા પછી આશોચ પ્રાપ્ત થાય તો તૈત્તિરીય શાખાવાળાઓને ત્રણ દિવસ હોમનો લોપ થવાથી અને ઋગવેદીઓને બાર દિવસ હોમનો લોપ થવાથી બન્નેનો અગ્નિ નાશ થાય છે માટે આશૌચ ગયા પછી (તૈત્તિરીય શાખાવાળાઓએ તથા ઋક્ શાખાવાળાઓએ) શ્રોતાગ્નિ અને સ્માર્તાગ્નિ એમનુ નિશ્ચયથી ફરી

આધાન (સ્થાપન કરવુ) કારણ અગ્નિનુ સમારોપણ અને પ્રત્યવરોહણ એ કર્મ બીજાવડે કરાવવાને આધાર નથી, માટે કરાવવા નહિ અગ્નિ નાશ થયો હોય તો અગ્નિનાશનુ પ્રાયશ્ચિત કરી બીજાવડે અગ્નિ ઉત્પન્ન કરાવવો ભોજન કાળે આશોચ પ્રાપ્ત થાય તો મુખમા જે ગ્રાસ હોય તે કાઢી નાખી સ્નાન કરવુ કદાચ મુખમાનો ગ્રાસ ભક્ષણ થઇ જાય તો એક ઉપવાસ કરવો સન્નણુ (પાત્રમા લીધેનુ) અન્નભક્ષણ કરે તો ત્રણુરાત્રિ ઉપવાસ કરવા, જનના આશોચ અને મૃતાશોચ એમા ગ્રહણ પ્રાપ્ત થાય તો સ્નાન કરી આશોચ વિષે પણ, શ્રાધ, દાન અને જપ ઇત્યાદિક કરવા એ પ્રમાણે સક્રાંતિ નિમિત્તિક પણ સ્નાનદાન ઇત્યાદિક કરવા, સકટસમય હોય તો નાદિશ્રાદ્ધ થયાપછી મૌજી અને વિવાહ એને વિષે દોષ નથી સકટ વિષે મધુપર્કાદિ પુજન થયા પછી ઋત્વિજોને અશોચ નથી યજમાનને યજ્ઞદિક્ષા લીધા પછી અવભૃથ (યજ્ઞાંત) સ્નાન ી પ્રથમ આશોચ નથી અવભૃથ સ્નાન આ શૌચ પછી કરવુ વ્રત વિષે આશૌચ નથી એવુ વચન છે માટે અનતવ્રત ઇત્યાદિ બીજા પાસે કરાવવા પ્રથમ આરભ કરેલા અન્ન સત્ર સબધી અન્નદાનાદિ વિષે આશૌચ નથી પ્રથમ સકલ્પ કરેલા અન્નાદિકનો દોષ નથી જળ, દૂધ, દહી, ઘી, લવણ ફળ, મૂળ, અને સેકેલા ધાન્ય, ઇત્યાદિક સુતકીના ઘરમા રહેલા પદાર્થો લેનારાએ પોતાને હાથે લેવાનો દોષ નથી પરતુ સુતકીને હાથે લેવા નહિ કોઇ ગ્રથકાર ચોખા ઇત્યાદિ કાચુ અન્ન લેવાનો દોષ નથી એ પ્રમાણે કહે છે હવે જાતાશૌચ નિર્ણય કહે છે

હવે "જાતા" શૌચ કહે છે બાળક જ્યારે ઉત્પન્ન થાય ત્યારે સ્નાન વિષેનો વિચાર, જે સમયે પોતાને ઘેર પુત્ર ઉત્પન્ન થાય અથવા પુત્રિ ઉત્પન્ન થાય તે સમયે પિતાએ સ્નાન કરવુ જોઇએ પરતુ આધુનિકકાળમા સ્નાન કરવાનો ચાલ પ્રચલિત નથી પરતુ સ્નાન તો કરવુજ જોઇએ તેમજ કેટલીક જગ્યાએ મગળ સ્નાન પણ કરે છે જન્મ થનાર બાળકના પિતા શિવાય કોઇ બીજાને સ્નાનનો અધિકાર નથી

आचतुर्थाद्भवेत्स्राव पात पचम षष्ठयो ।
अतऊर्ध्व प्रसूतिस्या त्तत्रा शौच विविच्यते ॥

સ્ત્રીઓને ગર્ભ રહ્યા પછી ચોથે માસે ગર્ભ પડી જાય તો "સ્રાવ" થયો કહેવાય છે પાચમે તથા છઠે માસે પડે તો "ગર્ભપાત"

કહેવાય છે ત્યાર પછી જન્મ થાય તો "પ્રસવ" થયો કહેવાય છે ગર્ભ રહ્યા પછી ત્રીજે માસે જો સ્ત્રાવ થાય તો તે સ્ત્રીએ રજસ્વલાની પેઠે કોઇને ત્રણ રાત્રિ સ્પર્શ કરવો નહિ ચોથે માસે ગર્ભ સ્ત્રાવ થાય તો ચાર દિવસ સ્પર્શ ન કરવો ચોથે માસે શ્રાવ થાય તો સાત પેઢી વાળાએ સ્નાન કરવુ જોઇએ પાંચમે માસે ગર્ભપાત થાય તો તે સ્ત્રીએ પાંચ દિવસ સ્પર્શ કરવો નહિ છઠે માસે ગર્ભપાત થયો હોય તો છ દીવસ સુધી તે સ્ત્રીએ સ્પર્શ કરવો નહિ તેમજ સાત પેઢીવાળાએ ત્રિરાત્રિ આશોચ પાળવુ બ્રાહ્મણે દશ રાત્રિનુ, ક્ષત્રિએ બાર રાત્રિનુ અને વૈશ્યે પંદરરાત્રિ આશોચ અને શૂદ્રે એક માસનુ જાતાશોચ પાળવુ સચ્છુદ્રે વૈશ્ય જેટલુ પંદર રાત્રિ આશોચ પાળવુ સચ્છુદ્ર કોને કહેવો

विशुद्धान्वय सञ्जातो निवृतो मद्य मांसयो' ।
द्विज भक्ति र्वणिग्वृत्ति' सच्छूद परिकल्पित ॥

જેનો શુદ્ધ વંશમા જન્મ થયો હોય, મદ્ય માંસ ભક્ષણ ન કરતો હોય, અને બ્રાહ્મણ ભક્તિ પરમાણ હોય, તથા વ્યાપારવડે પોતાની આજીવિકા ચલાવતો હોય તે સચ્છુદ્ર (સારો શુદ્ર) સમજવો

સાપત્ન માતા (સાવકીમા)ને પોતાની શોકને જ્યારે પુત્રજન્મ થાય ત્યારે પોતાના પતિ જેટલુ આશોચ પત્નિએ પાળવુ પુત્રિ પિતાને ઘેર હોય અને બાળકનો જન્મ થાય તો એક ઘરમા રહેનારા સઘળા મનુષ્યોને તથા તેના ભાઇને એકરાત્રિ 'જાતાશોચ' લાગે છે તેજ પ્રમાણે બહેન ભાઇને ઘેર હોય અને બાળકનો જન્મ થાય તો પણ એક રાત્રિ જાતાશોચ પાળવુ

પતિને ઘેર જો પ્રસવ થયો હોય તો સ્ત્રીના માબાપને ઘેર કોઇને જાતાશોચ લાગતુ નથી પરંતુ સાપિંડીઓને દશ રાત્રિ જાતાશોચ લાગે છે

જન્મ થતી વખતે બાળક જીવતુ હોય અને નાળ છેદન થયા પહેલા જો તેનુ મૃત્યુ થાય તો સાપિંડીઓને ત્રણરાત્રિ જાતાશોચ આશૌચ લાગે છે નાળ છેદન થયા પછી દશ રાત્રિની અંદર જો બાળકનુ મૃત્યુ થાય તો મૃતાશૌચ લાગતુ નથી.

મૂળ પુરૂષથી સાત પહેઢી સુધીના "સાપિંડી" સમજવા ત્યાર પછી ચૌદ પહેઢી સુધીના "સમાનોદક" જાણવા, ત્યાર પછી એકવીશ પહેઢી સુધીના "સગોત્રી" સમજવા સપિંડનુ સંપૂર્ણ એટલે ઉપર લખ્યા પ્રમાણે સૌ સૌની જાતિ પ્રમાણે આશૌચ લાગે "સમાનોદક"નુ ત્રિરાત્રિ આશૌચ લાગે તથા "સગોત્રીનુ એક રાત્રિ આશૌચ લાગે અને ત્યાર પછી સ્નાન માત્રે શુદ્ધિ થાય છે

હવે સુતિકા (પ્રસવવાળી સ્ત્રી)ની શુદ્ધિ કહે છે

પ્રસવ થયા પછી દશ દિવસ નિત્યાદ અસ્પૃશ્યતાને નિવૃત્તિ, અને જાતકર્મ, નામકર્મ, ઇત્યાદિ પ્રાપ્ત થયેલા કર્મ કરવા વિષે તો જેને પુત્ર ઉત્પન્ન થયો હોય, તેને વીશરાત્રિ વ્યતિત થયા પછી અધિકાર થાય છે જેને કન્યા ઉત્પન્ન થઈ હોય તેને એક માસ પછી અધિકાર છે આ પ્રમાણે જાતકર્મ સસ્કાર સમાપ્ત થયો.

પ્રકરણ ૬ ઠું.

॥ अथनामकरण संस्कार. ॥

नाम कर्म सस्कार—જન્મ દિવસથી દશમે બારમે દીવસે અગર એક વર્ષમા નામ કરણ એટલે નામ પાડવુ નામ પાડવુ એનુ કારણ, બીજા અન્ય મનુષ્યોને ઓળખવુ સુગમ પડે, અથવા જેનુ નામ દઈ બોલાવનામા આવે તે માણસ બોને 'નામ' એ સજ્ઞાવાચક છે કેટલાક નામ ગુણ, કર્મ, લક્ષણ, રીતભાત ઉપરથી પાડનામા આવે છે નામ કરણ તે માટે ઋગવેદમા પ્રમાણ છે

आश्वलायन गृह्य सूत्र अ० १ कां० ८

नाम चास्मै दद्यु ॥ ४ ॥ घोष वदाद्यन्तर न्तस्थ मभि निष्ठा नान्न द्वयक्षरम् ॥५। चतुरक्षरवा ॥६॥ द्वयक्षर ब्रह्म वर्चस काम ॥ ७ ॥ युग्मानि त्वेव पुसाम् ॥ ८ ॥ अयुजानि स्त्रीणाम् ॥ ९ ॥ अभिवादनीय च समीक्षे त तन्माता पितरौ विधाता मोपनयनात् ॥ १० ॥ प्रवासादेत्यपुत्रस्य शिर परिगृह्य जपति अगादगा त्सभवसिऋदयाद्धि जायसे । आत्मावै पुत्रनामासि शजीव शरद शत मिति मूर्द्धनि त्रिरव घ्राय ॥ ११ ॥ आवृत्तैव कुमार्यै ॥ १२ ॥

નામ એવા રાખવા કે કકારાદિ વગ પાચના પ્રથમ અગર બીજો વર્ણ અગર ચોથો વર્ણ ય ર લ, વ, વચમા આવે અન્તે હ્રસ્વસ્વર તેને અન્ને વિસર્જન આવે, અને બે અક્ષર અગર ચાર અક્ષર યુકત નામ આવે ઉદાહરણ, ભદ્ર, દેવ, દેવદત્ત યજ્ઞદત્ત ઇત્યાદિ પ્રતિષ્ઠાનિ ઇચ્છાવાળાએ બે અક્ષરનુ નામ પાડવુ પુરૂષના નામ જોડાઅક્ષરના આવે જેમ દત્તકન્યા નામના આગળ જોડાઅક્ષર નહિ આવે તથા અન્તમા દીર્ઘ સ્વર આવે જેમકે સુખદા, સુભદ્રા, વસુદા, જસોદા, સાવિત્રી, સુભગવી, જમના, નમદા કાશી, રમા, વેદમતી, ભાનુમતી, રૂક્ષ્મણી ઇત્યાદિ નામ સુદર પાડવા પરતુ ભયાનક પાડવા નહિ નામનો અર્થ સુદર કર્ણને પણ સારા લાગે એવા નામ પાડવા પિતા પરદેશમા ગયા હોય ત્યાથી જ્યારે પાછા આવે ત્યારે 'અગાદગાત્સભવતિ' એ મત્ર ભણીને પુત્રનુ મસ્તક સુઘવુ કન્યાને પણ એજ પ્રમાણે નામકરણ સસ્કારની ક્રિયા કરવી પરતુ મત્રયુક્ત અગર અમત્રક પણ કરવો.

गोमिल ग्रह्य सूत्रना प्र० २ कां ८

जन नादय स्तृतीयो ज्यौत्स्नस्तस्य तृतीयायां प्रात' । सशिरस्कं कुमारमा च्छाद्यास्तमितेवीत लोहितिम्न्यञ्जलि कृतः पितापतिष्ठते ॥१॥ अथमाताशुचिनावसनेन कुमार माच्छाद्य दक्षिणतउदञ्च पित्रेप्रयच्छत्युदक शिरसम् ॥२॥ अनुपृष्ठ परिक्रम्मोत्तरतोऽवतिष्ठते ॥३॥ अथ जपतिबत्तेशुषिमे इति यथाऽयन्नप्रमिघेतपुत्रोजनित्रयाअधीति ॥४॥ उदञ्च मात्रेप्रदाययथार्थम् ॥७॥ जनना दशरात्रे व्युष्टेशतराच्च सवत्सरेनानामधेयकरणम् ॥८॥ अथ यस्तत्करिष्यन् भवति पश्चादग्ने उदगग्रेषु दर्भेषु ॥११॥ अथ जुहोति प्रजा पतये नक्षत्राया देवतया इति ॥१२। तस्य मुख्यान् प्राणान् सस्पृशन् कोसि कतमोऽसि त्यन्नमन्त्र जपति ।१३॥ आहस्पत्य मास प्रविसावित्यन्ते च मन्त्रस्य घोषवदाद्यन्तरन्तस्थं दीर्घा भिनिष्ठान्त कृत नामदध्यात् ॥१४॥ एत दतद्धित्तम् ॥१५॥ अयुग्दान्त स्त्रीणाम ॥१६॥ मात्रेचैव प्रथमनामधेय माख्याय यथार्थम् ॥१७॥

અર્થ—બાળકને શુદ્ધ વસ્ત્ર પહેરાવીને તેને પતિની ડાબી બાજુએ બેઠેલા પતિને આપવો પછી સ્ત્રીએ પતિની પાછળથી પ્રદક્ષિણા ફરી ઉત્તર તરફ પતિની ડાબી બાજુએ ઉભા રહેવુ પછી 'ય તે સુસિમે' મત્ર ભણવો તથા યથાયન્ન 'પ્રમીપેત પુત્રો જનિત્રયા અધીતિ' એ મત્ર ભણીને પુત્રને પોતાની સ્ત્રીને આપવો ત્યાર પછી ચદ્રની સામે જળની અજલી ભરીને ઉભા રહેવુ 'યન્દશ્ચદ્રમસી' ઇત્યાદિ મત્રવડે પરમાત્માની સ્તુતિ કરવી, પછી એજ મત્ર બે વાર મોન રહી મનમા ભણીને પુત્રને આશિર્વાદ આપવો કે હે સર્વશક્તિમાન પરમેશ્વર તારૂ રક્ષણ કરો અને તુ ઉત્તમ ગુણયુક્ત થાઓ

વળી ધર્મસિધુમા નામ ચાર પ્રકારના કહ્યા છે જે કે દેવતા સબધીના ૧, માસ સબધી ૨ નક્ષત્ર સબધી ૩, વ્યવહાર સબધી ૪, એ પ્રમાણે ચાર પ્રકારના નામ જાણવા તમા 'અમુકદેવતાભક્તોસ્મિ' અમુક દેવતા ભક્ત એ દેવતાનામ પ્રથમ ચત્રાદિમાર્ગશીર્ષાદિ માસ નામ.

कृष्णोनन्तोऽच्युत चक्रि वैकुंठो थ जनार्दनः। उपेन्द्रो यज्ञपुरुषो वासुदेवः स्तथा हरि॥ योगीश पुंडरीकाक्ष मास नाम्नान्यनुक्रमात.

ચૈત્ર માસથી અથવા માર્ગશીર્ષ માસથી નક્ષત્રના નામ આરંભ કરવો. કૃષ્ણ, અનંત, અચ્યુત, ચક્રિ, વૈકુંઠ, જનાર્દન, ઉપેન્દ્ર, યજ્ઞપુરૂષ, વાસુદેવ, હરિ, યોગીશ, પુંડરીકાક્ષ એ બાર નામ ક્રમવડે વિદ્વાનો કહે છે એ પ્રમાણે માસ સંબંધી નામે બીજું એ નામ પ્રકરણમાં ચાંદ્રમાસ લેવા તે શુકલ પક્ષ થકી ને કૃષ્ણ પક્ષ પર્યંતજ લેવા જે નક્ષત્રમાં જન્મ હોય તે નક્ષત્રવાચક જે શબ્દ તે થકી 'જાત' એ અર્થમાં આવેલા તદ્ધિત પ્રત્યયવડે સિદ્ધ થએલું તે નક્ષત્ર નામ ત્રીજું તે નિચે પ્રમાણે આશ્વયુક્ (અશ્વિનિ નક્ષત્રમાં ઉત્પન્ન થયો તે ઇત્યાદિ૦ એ પ્રમાણે સર્વ નક્ષત્ર સંબંધી નામનો અર્થ જાણવો) કોઇ ગ્રંથકારતો ચુ, ચે, ચો, લા, આશ્વિનિ ઇત્યાદિક જ્યોતિષ ગ્રંથમાં કહેલા અવકહડા ચક્રને અનુસારે આશ્વિનિ ઇત્યાદિકના ચાર ચરણ વિષે, ચૂડામણી, ચેદીશ, ચોલેશ, અને લક્ષ્મણ ઇત્યાદિ નક્ષત્ર નામ ગ્રહણ પણ તેવા નામ ગ્રહણ કરવા તે અનેક શ્રૌત ગ્રંથાદિકોને માન્ય નથી સાખ્યાયન મતાનુસારી કૃત્તિકામાં ઉત્પન્ન થએલાનું 'અગ્નિશર્મા' એવું નક્ષત્ર દેવનાના નામવડે જોડાયનું એવું નામ પાડે છે અને કાત્યાયનો પણ એ પ્રમાણે નક્ષત્ર નામ પાડે છે નક્ષત્ર સંબંધી નામજ અભિવાદનીય (માતા, પિતા, અથવા ગુરૂ એમને નમસ્કાર કરતી વખતે ઉચ્ચાર કરવા યોગ્ય) છે અને તે મૌંજી યથાપર્યંત માત્ર માતા પિતાનેજ ખબર હોતા બીજાથી ગુપ્ત રાખવું અને વ્યવહાર સંબંધી નામ તે ચોથું તે વ્યવહાર નામ કવર્ગાદિ પાંચ વર્ગના ત્રીજા ચોથા અથવા પાંચમા વર્ણ અને હકારવર્ણ એમાંનો કોઇ પણ અક્ષર પ્રથમ હોય ય, ર, લ, વ એમાંનો કોઈપણ અક્ષર મધ્યમાં હોય, ઋ, લૃ એ વર્ણ રહિત હોય જેની અન્તે વિસર્ગ હોય તદ્ધિત પ્રત્યય રહિત હોય જેને કૃત્ પ્રત્યય હોય એવું પુરૂષનું સમ અક્ષરનું અને સ્રીઓનું વિષમ અક્ષરનું નામ પાડવું જેમકે દેવ, હરિ, ઉપર કહેલા સવ લક્ષણો ન મળે તો પુરૂષના સમ અક્ષરના અને સ્રીઓના વિષમ અક્ષરના એ પ્રમાણે એક લક્ષણ યુક્ત નામ પાડવા રૂદ્ર, રાજા ઇત્યાદિ જન્મદિવસથી દશમે અગર સોળમે દિવસે અથવા એક વર્ષે નામકરણ સંસ્કાર કરવો પછી અગ્નિનું 'આધાન' (સ્થાપન) કરી પ્રજાપતયે સ્વાહા, અતિથયે સ્વાહા, નક્ષત્રાય સ્વાહા દેવતાયૈ સ્વાહા, એ મંત્રોવડે કર્માધિકારી જે પુરૂષ હોય તેણે બરાબર હોમ કરવો. ત્યારપછી

બાળકના નાકદ્વારેથી પ્રાણ વાયુને સ્પર્શ કરીને 'કોસિકતમોસી' મંત્ર ભણવો 'આહસ્યત્વ પ્રવિસા વિત્યન્ત૦ સૂત્ર પ્રમાણે નામ પાડવા. વળી મનુસ્મૃતિમાં એથી અધિક વિશેષ એ છે કે, જે નામ પાડવા તે કોઈ દેવના તથા દેવીના પાડવા અને ટુંકામા અથ સમતો હોય તથા ગૌરવ જળવાનુ હોય એવા નામ પાડવા જીભનો નિયમ તુટે નહી નામ બોલતા શબ્દનો અપભ્રંશ થાય નહિ જેમકે નિભયશંકરનુ, નરભે શંકર, પાર્વતીનુ પાલી, પ્રેમબાઇનુ પેમબાઇ વ્હનગરનુ વડનગર, રાજ નગરનુ રાંદેર, જ્યેષ્ઠારામનુ જેઠારામ એવા નામોમા શબ્દના અપભ્રંશ થઇ જાય છે, માટે ઉપર કહ્યા મુજબ નામાવિધાન કરવુ

पारस्कर गृह्यसूत्रमां

दशम्या मुत्थाय ब्राह्मणान्योजयित्वा पिता नामकरोति द्व्यक्षरंचतुरक्षरं वा घोषवदाद्यन्तरन्तस्थ दीर्घाभिनिष्ठान कृत कुर्यान्नतद्धितम् अयुजाक्षरमाकारान्तं स्त्रियै तद्धितं शर्म ब्राह्मणस्य वर्म क्षत्रियस्य गुप्तेति वैश्यस्य ॥

અર્થ—અગિઆરમે દિવસે સ્ત્રીને સુતિકા ગૃહમાથી બહાર કાઢી સ્નાન કરાવી શુદ્ધ કરી ત્રણ બ્રાહ્મણ ભોજન કરાવી પિતાએ નામકરણ સંસ્કાર કરવો નામકરણમા બે અક્ષર અથવા ચાર અક્ષરવાળુ નામ પાડવુ તેમા ગ, ઘ જ, ઝ ડ, ઢ દ, ધ ન, બ ભ મ હ આમાના કોઈ પણ અક્ષરથી શરૂ થતુ મધ્યમા ય, ર, લ, વ, માથી કોઇ પણ અક્ષરવાળુ અને દીર્ઘ અન્ત્યાક્ષરવાળુ અથવા અન્તમા કૃત પ્રત્યયવાળુ પાડવુ અન્તમા તદ્ધિત પ્રત્યય આવે તેવુ પાડવુ નહી પુત્રીનુ ત્રણ અક્ષર અગર પાચ અક્ષરનુ નામ પાડવુ બ્રાહ્મણના નામને અન્તે શર્મ શબ્દ આવે અને ક્ષત્રીને વર્મ શબ્દ અન્તે આવે અને વશ્યને ગુપ્ત શબ્દ અન્તે આવે અને શૂદ્રનુ દાસ શબ્દ અન્તે આવે, એવા નામ પાડવા જેમકે દેવશર્મા કૃષ્ણવર્મા ચદ્રગુપ્ત રામદાસ એ પ્રમાણે બ્રાહ્મણનુ સુખવાચક નામ પાડવુ, ક્ષત્રિનુ રક્ષાવાચક તથા વશ્યનુ શ્રી વાચક નામ પાડવુ અને સ્ત્રીનુ નર્મદા, યમુના, યશોદા ઇત્યાદિ નામ પાડવા

બાળકને પારણામા સુવાડવુ તે કહે છે.

પુત્રને પારણામા સુવાડવાને બારમો દિવસ શુભ છે અને કન્યાને પારણામા સુવાડવાને તેરમો દીવસ શુભ છે એ દિવસે નક્ષત્રના વિચારની જરૂર નથી અન્ય દિવસે પારણામા સુવાડવુ હોય તો દિન શુદ્ધિ જોવી.

ત્રણ ઉત્તરા, રોહિણિ, હસ્ત, અશ્વિની, પુષ્ય, રેવતી, અનુરાધા, મૃગ, ચિત્રા, પુનર્વસુ, શ્રવણ અને સ્વાતિ એ નક્ષત્રે, સોમ, બુધ, ગુરૂ, અને શુક્ર એ શુભ વારે રિક્તા (ચોથ, નોમ, ચૌદશ) વિના બીજી તિથીઓમા ચદ્રબળ અને તારાબળે યુક્ત એવે દિવસે કુટુબની સ્ત્રીઓએ બાળકને પારણામા સુવાડવુ

બાળકને એકત્રીશમે દિવસે કિવા બીજા જન્મ નક્ષત્રે અથવા પારણામા સુવાડવાને જે નક્ષત્રો કહ્યા છે તે નક્ષત્રે પુર્વાન્હે (પ્રાત કાળે) અથવા મધ્યાન્હે કુલદેવતા અને બ્રાહ્મણોનુ પુજન કરી શખવડે ગાયનુ દુધ બાળકને પીવડાવવુ એ પ્રમાણે દુગ્ધ પ્રાશન કરાવવુ

હવે જળપૂજન વિધિ કહે છે.

પ્રસૂતાને પ્રસવાનન્તર પૂર્ણ એક માસ ગયા પછી બુધ, સોમ, અથવા ગુરૂવારે રિક્તા વિના બીજી તિથીએ શ્રવણ, પુષ્ય, પુનર્વસુ, મૃગ, હસ્ત, મૂળ અને અનુરાધા એ નક્ષત્રે જળને સ્થાનકે જઇ જળની પૂજા કરવી, એમા ગુરૂ શુક્રનો અસ્ત ચત્ર, પૌષ, અને અધિક માસ વર્જ્ય કરવા એ પ્રમાણે જળપૂજન કરવુ એ પ્રમાણે નામકરણ સસ્કાર સમાપ્ત થયો

પ્રકરણ ૭ મું.

॥ अथनिष्क्रमण संस्कारः ॥

નિષ્ક્રમણ=નિ ક્રમણ=નિસ્=લઇ જવું ક્રમણ=ફરવું એટલે બહાર લઇ જવું નિષ્ક્રમણ સંસ્કારને કોઇ બહિર્નિષ્ક્રમણ પણ કહે છે એનો અર્થ એ કે બાળકને ઘરમાંથી બહાર કાઢવું, વળી એ સંસ્કારને કોઇ સૂર્ય દર્શન સંસ્કાર પણ કહે છે, કેમકે એ સંસ્કારમાં બાળકને બહાર કાઢી પ્રથમ સૂર્યના દર્શન કરાવવા એટલે સૂર્ય જે કુદરતમાં પ્રથમ ચમત્કારી પદાર્થ છે, અને અતિ તેજસ્વિ છે તે માટે બાળકને પ્રથમ સૂર્યના દર્શન કરાવવા જોઇએ, અને પછી તેને પગે લગાડવું વળી પારસ્કર ગૃહ્ય સૂત્રમાં કહ્યું છે કે —

चतुर्थमासे निष्क्रमणिका सूर्य मुदि क्षय मिति ॥ ॐ तच्च क्षुर्देव हितंपुरस्ताच्छु मुच्चरत् ॥ पश्ये मशरद शत जीवे मशरद शतꣳ श्रृणुया मशरद शत प्रब्रवा मशरद शतमदीना श्याम शरद शतमूयश्च शरद शतात् ॥ १ ॥

ચતુર્થ માસે=ચોથે માસ નિષ્ક્રમણ સંસ્કાર કરવો શ્રાદ્ધ થઇ મર્ક'પાદિ કરી ૐ **तच्चक्षुर्दे॰** એ મંત્ર ભણીને પુત્રને ઘરથી બહાર લઇ જઇ સૂર્યનું દર્શન કરાવવું તેનો અર્થ – દેવ મનુષ્ય આદિનું હિત કરનાર તેજસ્વી સૂર્ય દેવતા પૂર્વમાં ઉદય પામે છે, તેના દર્શનથી અમે સો શરદ્ઋતુઓ જોઇએ સો શરદ્ઋતુ શ્રુતિનું અધ્યયન કરીએ સો શરદ્ઋતુ વેદ ચર્ચા કરીએ, સો શરદ્ઋતુ શ્રી પ્રજા અને બ્રહ્મચર્યથી યુક્ત રહીએ, અને સોથી વધારે વર્ષ આયુષ્ય ભોગવીએ શરદ્ઋતુમાં તાવનો ઉપદ્રવ બીજી ઋતુઓ કરતા વધારે હોવાથી તેનું અહીઆ નામ ગ્રહણ કરવામાં આવ્યું છે

નિષ્ક્રમણનો કાળ જન્મ થકી ચોથા મહિનામાં શુક્લપક્ષ શુભ છે છેવટના પાંચ દિવસ વર્જ્ય કરી કૃષ્ણપક્ષ પણ શુભ છે રિક્તા તિથી (ચોથ, નોમ, ચૌદશ) છઠ, આઠમ અમાવાસ્યા, અને બારસ, એ તિથિઓ વર્જ્ય કરી, બુધ, શુક્ર, અને ગુરુ એ વાર શુભ છે અશ્વિની, રોહિણી, મૃગ, પુષ્ય, ત્રણ ઉત્તરા, હસ્ત, ધનિષ્ઠા, શ્રવણ, રેવતી, પુનર્વસુ અને અનુરાધા એ નક્ષત્રો શુભ છે સૂર્યનું દર્શન અને નિષ્ક્રમણ એમાં "**नान्दिश्राद्ध कृताकृत**" નાન્દિશ્રાદ્ધ કરવું અથવા ન કરવું એમ છે

હવે બાળકને પૃથ્વિ ઉપર બેસાડવાનો કાળ કહે છે.

પાંચમે માસે નિષ્ક્રમણમાં કહેલી જે તિથિ વાર, અને નક્ષત્ર તે દિવસે ભોમબળ (મંગળનું બળ) હોય તો બાળકને પૃથ્વિ ઉપર બેસાડવો **એ પ્રમાણે નિષ્ક્રમણ સંસ્કાર સમાપ્ત થયો**

પ્રકરણ ૮ મું.

॥ अथअन्नप्राशन संस्कारः ॥

અન્નપ્રાશન અન્ન+પ્ર+અશન=અન્ન=અનાજ પ્ર ઉપસર્ગ છે તેનો અર્થ વિશેષ એવો થાય છે અશન=ખાવું=આખા શબ્દનો અર્થ અન્ન ખાવું પ્રનો અર્થ વિશેષ એવો થાય છે પણ ઉપસર્ગોના નિયમ પ્રમાણે એકજ અર્થે તે એ શબ્દમા ભળેથી તે વપરાતો નથી પ્રસંગ પ્રમાણે અર્થ વપરાય છે તેથી પ્રથમ અન્ન ખાવું એમ કહિએ તો ચાને એ વિષે આશ્વલાયન ગૃહ્ય સુત્રમા કહ્યું છે કે

आश्वलायन गृह्यसूत्र अ० १ कां० १६

षष्ठे मास्यन्न प्राशन ॥ १ ॥ घृतोदन तेजसकामः ॥ ४ ॥ दधि मधु घृत मिश्रमन्न प्राशयेत् ॥ अन्न पतेऽन्नस्य नोदेह्य नमीवस्य शुष्मिण ॥ प्र प्रदातारन्तारिषऊर्जनोधेहि द्विपदेशश्च तुष्पदे इति ॥ ५ ॥ आवृतैव कुमार्ये ॥ ६ ॥

છઠે માસે અન્નપ્રાશન સંસ્કાર કરવો ઘીની સાથે ચોખાનું અન્ન જેને તેજસ્વી થવાની ઇચ્છા હોય તેને ભોજન કરાવવું દહી, મધ તથા ઘી ત્રણે એકત્ર કરી બાળકને અન્નપતેન્નસ્ય એ મંત્રવડે પ્રાશન કરાવવું એ મંત્રનો અર્થ હે અન્નપતે-પરમેશ્વર નિરોગનારક અન્ન અમને સદાને માટે આપો સર્વ દુખોનો ઉદ્ધાર કરનારો, અન્નનો દાતા એવો હમારો બાળક થાય, તથા પરાક્રમિ થાય તેમજ દ્વિપદ મનુષ્ય અને ચતુષ્પદ=પશુ એઓના હિત કરનાર બાળક થાવ અને આરોગ્ય તથા બળવાન થાય જેથી અમે તારી આજ્ઞાને અનુસરી શકીએ વળી પારસ્કર ગૃહ્ય સુત્રમા કહ્યું છે જે

पारस्कर गृह्य सूत्र-,

षष्ठेमासेन्न प्राशनं स्थालीपाकं श्रपयित्वा ज्यमागाविष्णु ज्याहुतिर्जुहोति देवीवाचमजनयन्तदेवास्ता विश्वरुपा पशवो वदन्ति ॥ सानो मन्द्रेषमूर्जंदुहाना धेनुर्वागस्मानुपसुष्टुतैतु स्वाहेति ॥ वाजोनो अद्येतिचद्वितीयां स्थालीपाकस्य जुहोति प्राणेनान्नामसीयस्वाहाऽपानेन गधानसीयस्वाहा चक्षुषा रुपाण्यशीय स्वाहा श्रोत्रेण्यशोप्यशीयस्वाहेति प्राश नान्तेसर्वान्नसात्सर्वमन्नमेकतउध्धृत्यौथनप्राशेय तूष्णीं हुन्तेति वाहन्तकारं मनुष्या इति श्रुतेः ॥

દુધયુક્ત ચોખાનો પદાર્થ કરી માહે ઘી નાખી બાળકને દેવીવાચં એ મત્રવડે બાળકને પ્રાશન કરાવવુ તથા પ્રાણ અપાન આ રીતે બાળકને શ્વાસ ભરાવવા.

ॐ हन्त इति मंत्रेण कटु आम्ल तिक्त क्षार कषाय मधुर एकिकृत्य कुमार प्राशयेत् ॥

હન્ત એ મત્રવડે એકવાર કુવારનોગલ, મરી, મીઠું, અવેજ આમલી અને સાકર, એટલી વસ્તુ એકત્ર કરી બાળકને પ્રાશન કરાવવુ,

હવે અન્નપ્રાશનનો કાળ કહે છે.

છઠે, આઠમે, દશમે, બારમે માસે અથવા વર્ષ પુરૂ થતા બાળકને અન્નપ્રાશન સસ્કાર કરવો પાચમે, સાતમે અથવા નવમે માસે કન્યાને અન્નપ્રાશન સસ્કાર કરવો બીજ, ત્રીજ, પાચેમ, સાતેમ, તેરશ અને દશેમ એ તિથિઓ અન્નપ્રાશન સસ્કારને વિષે શુભ છે બુધ, ગુરૂ, અને શુક્ર એ વાર શુભ છે રવિ અને ચદ્ર એ વાર કોઈ ગ્રથમા શુભ કહ્યા છે અશ્વિની, રોહિણી, મૃગ, પુનર્વસુ, પુષ્ય, ત્રણ ઉત્તરા, હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, અને રેવતી એ નક્ષત્રો શુભ છે જન્મ નક્ષત્ર અશુભ એ કોઈ ગ્રથકાર કહે છે ભદ્રા, વૈધૃતિ, વ્યતિપાત, ગડ, અતિગડ, વજ્ર, સુલ, પરિઘ, એ યોગ વર્જ્ય કરવા ગિણ શિવ, ચદ્ર, સૂર્ય, દિક્પાળ, ભૂમિ, દિશા અને બ્રાહ્મણ એમની પૂજા કરી માતાના ખોળા ઉપર બેસાડેલા બાળકને સુવર્ણ અથવા કાશાના વાસણમા રાખેલા દહી, મધ, ઘીયુક્તપાયસ (ખીર) સુવર્ણ યુક્ત હાથમા લઇ મત્રવડે બાળકને પ્રાશન કરાવવુ અન્નપ્રાશન થયા પછી કર્તવ્ય વિધિ બાળકની સામે કળા કુશળતાના મત્ર પદાર્થો શસ્ત્ર, વસ્ત્ર, પુસ્તક, હિરણ્ય, કલમ, ઇત્યાદિ રાખી તે ઉપરથી બાળકનુ લક્ષણ જાણવુ સામે રાખેલા પદાર્થમાથી જે પદાર્થને બાળક સ્પર્શ કરે તે પદાર્થ વડેજ તેની આજીવિકા થવાની અન્નપ્રાશન પર્યંત સસ્કારો વિષે મળમાસ, ગુરૂ અને શુક્રના અસ્તાદિકનો દોષ નથી એવુ જે કહ્યુ તે શુદ્ધ કાળમા અસભવ (ન થઇ શકે એમ) હોય તો જાણવુ તેથી છઠ્ઠા ઇત્યાદિક માસમા અસ્તાદિક દોષ હોય તો (અન્નપ્રાશન) આઠમા ઇત્યાદિ માસમા કરવુ એ પ્રમાણે અન્નપ્રાશન સસ્કાર સમાપ્ત થયો

પ્રકરણ ૯ મું.

॥ अथचौल अथवा चूकाकरण सस्कारः ॥

ચૂડાકરણ એ શબ્દ ચૂડા+કરણ ચૂડા એટલે મુડન કરણ=કરવું આને ચૌલ પણ કહે છે મુડન કરાવવુ, બાબરી લેવડાવવી અથવા જન્મના વાળ લેવડાવવા એવિરિતે અનેક શબ્દમા છે એ વિષે આશ્વલાયન ગૃહ્ય સૂત્રમા લખ્યુ છે કે

तृतीये वर्षे चौल यथा कुल धर्मंवा ॥ १ ॥ उत्तरतोऽग्ने र्व्रीहियव माष तिलानां पृथक् पूर्ण शरावाणि निदधाति ॥ २ ॥ पश्चात्कारयिष्यमाणो मातुरुपस्थ आनडुह गोमय नवेशरावे शमीपर्णानि चोप निहितानि भवन्ति ॥ ३ ॥ मातु पिता दक्षिणत एकविंशति कुशपिंजूलानादाय ॥४॥ ब्रह्मावैनानि धारयेत् ॥ ५ ॥ पश्चात्कारयिष्यमाणस्यावस्थाय । शीतोष्णा अप समानियोष्णेनवायउदकेनहीति ॥ ६ ॥ तासागृहीत्वा नवनीत दधि द्रप्सान् वा प्रदक्षिणशिरस्त्रिरुन्दति अदिति केशान्वापत्वायउदन्तुवर्चस इति ॥ ७ ॥ दक्षिणकेशपक्षे त्रीणि त्रीणि कुशपिंजूलान्यभ्यात्माग्राणि निदधाति ओषधे-त्रायस्वैनमिति ॥ ८ ॥ स्वधितेमन हिंसीरिति लौहेन क्षुरेण ॥ ९ ॥ प्रछिनति येनावपत्सवीताक्षुरेणसोमस्यराज्ञो वरुणस्य विद्वान् ॥ तेन ब्रह्माणोवपते दमस्यायुष्याञ्जरदष्टि यथासदिति ॥१०॥ प्रच्छिद्य प्रागग्रान्शमीपर्णै सहमात्रे प्रयच्छति तानानडुहेगोमयेनिदधाति ॥ ११ ॥ येन धाताबृहस्पतेरग्नि रिन्द्रस्यचायुषेवपत तेनतआयुषेवपामि सुश्लोक्यापाय स्वस्तय इति द्वितीय येनभूयश्चरात्यज्योक् च पश्यामि सूर्य तेनते आयुषेवपामि सुश्लोक्याय स्वस्तय इति तृतीय ॥ १२ ॥ सर्वै मन्त्रै चतुर्थ ॥ १३॥ एवमुत्तरत स्त्रि ॥ १४ ॥ क्षुरतेजोनि सृजत् यत्क्षुरेणमर्चयता सुपेयसावत्पावपसिकेशान् । शुन्धि शिरोमा स्यायु प्रमोषी रिति ॥ १५ ॥ नापित शिष्या च्छीतोष्णाभिरद्भिरर्थकुर्वाणोक्षुण्वन् कुशालि कुर्वति ॥ १६ ॥ यथाकुल धर्म केश वेशान् कारयेत् ॥ १७ ॥ आवृत्तैव कुमार्य ॥ १८ ॥

ત્રીજે વર્ષ ચૌલ સંસ્કાર કરવો અગ્નિને ઉત્તર ભાગે જવ, અડદ, અને તલ કોડીઆમા ભરી મુકવા જે વખતે ક્ષૌર (હજામત) કરાવના માટે તે વખતે બાળકની માની પાસે એક નવા કોડીઆમા બળદનુ છાણ,

બીજડાનુ ને શમિ વૃક્ષનું પત્ર મુકવુ માતાનિ પાસે પિતાએ એકવિશ દર્ભ મળ શુદ્ધા લઇને બેસવુ.

અગર તો બ્રહ્મા (બ્રહ્માસને બેઠેલા બ્રાહ્મણ) તે લઇને બેસે. પછી ક્ષૌર કરાવવા માટે શિતોષ્ણ (થડુ તથા ગરમ) પાણી (યઉદકેને હીતિતિ) એ મત્ર ભણી બાળકના વાળ ભિજવવા (નવનીત) માખણ યા દહીં રાખવુ અને જલવડે કરીને બાળકના મસ્તકને પલાળીને 'અદિતિ કેશાન્' એ મત્ર ભણી વાળને છેદવા 'અદિતિ' એટલે વિનાશરહિત ઇશ્વરની શક્તિ તે તારા વાળોનુ વપન એટલે છેદન કરે, તથા તેજ, વિદ્યા આપવા માટે જળ વાળોને કોમળ કરે, દહીં શિરના મધ્ય ભાગના જે વાળને કોમળ કરે, તેનુ દર્ભ સાથે છેદન કરવુ અને તે વાળો તે કોડીઆમા મૂકવા ઓષધેત્રાય સ્વૌનમિતિ॰ હે ઔષધ આ બાળકનુ તુ રક્ષણ કર એ મત્ર ભણવો જેને હજામત કરતા જે યુક્તિ કરવાની તે કરવી લોઢાના અસ્ત્રાવડે વપન કરવુ 'સ્વધિતે' હે ઇશ્વર તુ આ બાળકના શિરનુ વપન કર, 'સવિતા' સૂર્યના કિરણોવડે રસ તથા પાણી ચુસીલઇ પૃથ્વી ઉપર પાડે છે જે વરસાદ વરસે છે તેવી રીતે તુ શનૈ, શનૈ, ધીમે ધીમે વાળોનુ છેદન કર 'સોમ' સર્વ જગતનો સર્વોત્તમ પરમાત્મા છે તેની કૃપાથી આ બાળક વિદ્વાન્ થાય, એ મતનમથી વિદ્વાન પુરુષો બાળકના વાળનુ વપન કરે છે અને તેથી તેને સુખ થાય છે અને આ બાળક 'શતાયુ'માન' સો વર્ષનુ આયુર્દા સુખે કરી ભોગવો અને છેદન થયેલા વાળ શમિ પત્ર તથા દર્ભની સાથે તે બાળકની માતાને આપવા તથા છાણમા રાખવા—જે બળવડે 'ધાતા' જગતને ધારણ કરનાર પરમેશ્વરે બ્રહસ્પતિ, બ્રહ્માડ, અગરવાયુ, અગ્નિ તથા ઇન્દ્ર અને જે સૂર્ય એઓની આયુર્દાને માટે નિયમ બાંધેના છે તે પરમાત્મા તેજ બળવડે હે પુત્ર આયુર્દા તથા વિદ્યા (સ્વસ્તિ) આરોગ્યતા એઓને માટે તારા વાળનુ છેદન કરૂ છુ એક એક મત્ર ભણતા ભણતા એકવાર અસ્ત્રો ફેરવવો એ રીતે માથાના ડાબા ભાગનુ પણ વપન કરવુ અને હજામને કહેવુ કે તુ હોશિયારીથી વપન કર, એ રીતે કન્યાનુ પણ ક્ષૌર કરવુ હાલ કન્યાનુ વપન કરવાનો ચાલ નથી

उदगयन आपूर्य माणपक्षे कल्याणे नक्षत्रे चौल कर्मोपनयन गोदान विवाहा' चौले यथाकुल धर्म केशवेशान् कारयेत्॥

ઉત્તરાયનમા શુકલપક્ષમા શુભ નક્ષત્ર હોય ત્યારે ચૌલ, ઉપનયન, કેશાન્ત અને વિવાહ એ ચાર સસ્કાર કરવા ચૌલકર્મમા કુળધર્મ પ્રમાણે કેશ રાખવા. (વળી પારસ્કર ગૃહ્યસૂત્રમા કહ્યુ છે કે).—

पचसु बहि सालायां विवाहेचूडाकरणे उपनयन केशान्ते शीमन्तोन्नयन इति सांवत्सरीकस्य चूडाकरणम्। तृतीये वा प्रतिहते। यथामगल वा सवषा ब्राह्मणान्भोजयित्वा माता-कुमार मादाय प्लाव्याहते वाससी परिधाप्यांकआधाय पश्चादग्ने प्राविशति। अन्वारब्ध आज्याहूतिर्हुत्वा प्राशनान्ते सीताश्चप्सूष्णीं आमिश्चति उष्णेन वा वउदकेने ह्यदिते केशान्वपेति। अथात्र नवनीत पिंड घृतपिंड दध्नोवा प्राद्यति। तत आदाय दक्षिण गोदान मुदनि। सवित्रा प्रसूता दैव्या आपउन्दन्तुतेतनु दीर्घायुत्वायर्चस इति। त्र्येण्या शलल्या विनीयत्रीणि कुशतरणान्यन्तर्दधातिओषध इति शिवोनामेति लोह क्षुरमादाय। निवर्तयामीति प्रवपतियेनावपत्सविताक्षुरेण-सोमस्यराज्ञोवरुणस्यविद्वान् तेनब्रह्मणोवपतेदमस्यायुष्य ज्ञरद्दष्टिर्यथासदिनिसकेशान् प्रच्छिद्यानडुहगोमयपिंडे प्राश्य-त्युत्तरतो ध्रियमाणेएव छिपर तुष्णीम्। इतरीयोश्चोंदनाति अथ पश्चाघ्यायुषमिति च। अथोत्तरत येनभूरिश्चरादिवज्यो कचपश्यामिसूर्यम्। तेनतेवपामि ब्रह्मणा जीवातवेजीवनाय सुश्लोक्यायस्वस्तय इति। त्रिक्षुरेण शिर प्रदक्षिणपरिहरति यत्क्षुरेणमज्जयता सुपेशसावप्तावपत्निकेशान्प्रच्छिद्यान्धि शिरोमा स्यायु प्रमोषी। नाभिरद्भिशिर समुद्यतापितायक्षुर प्रयच्छति। अक्षण्व परिवपेति। यथामगल कश शेष करणम्॥ अनुगुप्त मेन सकेसगोमयपिंडे निधाय गोष्टे पल्वलउदकान्तेवा आचार्याय वर ददाति॥

વિવાહ ચૌલ ઉપનયન, કેશાન્ત, અને સીમત એ પાચ સસ્કાર ઘરની બહાર મડપ બાધી, તેમા કરવા પુત્ર એક વર્ષનો થાય ત્યારે અથવા ત્રણ વર્ષનો પુરો થતા પહેલા તેને ચૌલ સસ્કાર કરવો, અથવા કુલાચાર પ્રમાણે ગમે તે વર્ષે કરવો ત્રણ બ્રહ્મણોને ભોજન કરાવી માતાએ કુમારને સ્નાન કરાવી નવા વસ્ત્ર પહેરાવી તેને ખોળામા લઈ અગ્નિનિ પશ્ચિમ બાજુએ બેસવુ અને પછી પિતાએ વિધિ યુક્ત ચૌદ ઘીની આહુતીઓ અગ્નિમા આપવી સસ્રવ પ્રાશન કરી **उष्णेन वाय०** એ મત્ર ભણીને ઠડા પાણીમા ગરમ પાણી નાખવુ હે વાયુ તુ આવીને ઉષ્ણ જળથી મારા પુત્રના કેશ પલાળી તેનુ વપન કર, આમ કર્યા પછી પિતાએ, પાણીમા માખણ ઘી, અથવા દહી નાખવુ આમાથી થોડુ જળ લઈ પુત્રની દક્ષિણ બાજુની લટ પલાળે છે તે વખતે **सावित्री०** મત્ર ભણેછે

સૂર્યે ઉત્પન કરેલું દિવ્ય જળ તને દીર્ઘાયુષ્ય તથા ઐશ્વર્ય પ્રાપ્ત કરવા તારા કેશને પખાળો. પછી ત્રણ ઠેકાણે શ્વેત હોય એવા પિછાંથી તે લટને છુટી પાડી **ओषधेत्राय०** એ મંત્ર ભણી ત્રણ દર્ભ તેની અંદર ગુંથે છે. પછી **शिवोनामा०** એ મંત્ર ભણી અસ્ત્રો લઇ **निवर्तयामि०** કહી તે લટનું વપન કરે છે અને તે વખતે **येनावपत्०** મંત્ર ભણે છે. જેવી રીતે આદિત્યે અસ્ત્રાથી રાજસૂય યજ્ઞની દિક્ષા સારૂ સોમ અને વરુણ રાજાનું વપન કર્યું હતું, તેવી રીતે બ્રાહ્મણ આ પુત્રને દિર્ઘાયુષ્ય અને સંપૂર્ણ વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થવા માટે વપન કરે છે. દર્ભ સાથે કેશની લટનું વપન કરી અગ્નિની ઉત્તરમાં રાખેલા વૃષભના ગોમયમાં તેને મુકે છે. આવીજ રીતે દક્ષિણ બાજુની બીજી બે લટોનું પણ વપન કરે છે, તે વખતે મંત્ર ભણવામાં આવતો નથી. આ રીતે પશ્ચિમ અને ઉત્તર ગોદાનનું વપન કરવામાં આવે છે. જ્યારે પશ્ચિમ ગોદાન્તનું વપન કરવામાં આવે છે ત્યારે

ॐ त्र्यायुषं जमदग्नेः कश्यपस्य त्र्यायुषम् । यद्देवेषु त्र्यायुषं तन्नोऽअस्तु त्र्यायुषम् ।

એ મંત્ર બોલે છે. ઋષિઓનું તથા દેવોનું જેવું દિર્ઘાયુષ્ય છે તેવું અમારૂં થાઓ. ઉત્તર ગોદાનનું વપન **येनभूरिश्च०** એ મંત્રથી કરવામાં આવે છે. જે મંત્રના પ્રભાવથી વાયુ તથા સૂર્યને કલ્પ પર્યંત હું સ્થિતિમાં જોઉં છું, તેવા મંત્રોથી તને દિર્ઘાયુષ્ય પ્રાપ્ત કરવા યશ પ્રાપ્ત કરાવવા તથા સર્વ પ્રકારે મંગળ પ્રાપ્ત કરાવવા તારૂં વપન કરૂં છું. પછી **यत्क्षुरेण०** એ મંત્ર વડે પુત્રના શિરની અસ્ત્રા વડે, ત્રણવાર પ્રદક્ષિણા કરાવે છે. હે ક્ષુર આ કુમારનો સંસ્કાર કરવા તથા એને સુશોભિત કરવા જ્યારે નાપિત એનું વપન કરે ત્યારે એના શિર તથા આયુષ્યની રક્ષા કરી એના કેશનું વપન કરજે. ઉપર કાઢી ગયેલા પાણીથી પુત્રનું માથું પલાળીને પિતા નાપિત (હજામ)ને અસ્ત્રો આપે છે અને કહે છે કે એના શિરમાં વાગે નહી, તેમ આજુ બાજુથી વપન કર. આ સંસ્કારમાં માથું બોડું કરાવવાનું નથી પરંતુ કુળાચાર પ્રમાણે કેશ રાખવાના છે. પછી કેશયુક્ત ગોમયને ગૌશાળા, તળાવ, નદી, સમુદ્ર, અગર પાણીમાં નાખી આચાર્યને દક્ષિણા આપવી.

જન્મથકી કિંવા ગર્ભથકી પહેલે, ત્રીજે, અથવા પાંચમે વર્ષે ચૌલ સંસ્કાર કરવો અથવા ઉપનયનની સાથે કરવો, એ વિષયમાં જેવો કુલાચાર હોય તે પ્રમાણે વ્યવસ્થા જાણવી. માઘ, ફાગણ, વૈશાખ, અને

જેઠ એ માસમા ચાલ સસ્કાર શુભ છે છેવટના પાચ દિવસ વર્જ્ય કરી કૃષ્ણપક્ષ શુભ છે બીજ ત્રીજ, પાચેમ, સાતમ, દશમ, અગીઆરસ અને તેરસ એ તિથિઓ ઉત્તમ છે રવિ, ભૌમ, અને શનિ, એ વાર કૃમથી બ્રાહ્મણાદિક (ચાર) વર્ણને શ્રેષ્ઠ છે બ્રાહ્મણને રવિવાર ક્ષત્રિયને ભૌમ, વૈશ્યને શનિ અને શૂદ્રને શનિ ગુરૂ શુક્ર, બુધ અને શુકલપક્ષમા સોમવાર એ સર્વ વર્ણને શુભ છે અશ્વિની, મૃગ, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, ચિત્રા, સ્વાતિ, જ્યેષ્ઠા, શ્રવણ, ધનિષ્ઠા, શતતારકા, અને રેવતી, એ નક્ષત્ર શુભ છે ક્ષૌરકર્મ પ્રયાણ અને ઔષધસેવન વિષે જન્મ નક્ષત્ર સર્વદા વર્ય કરવુ અનુરાધા કૃત્તિકા, ત્રણઉત્તરા, રોહીણી અને મઘા, એ નક્ષત્રોમા ચૌલકર્મ કરવાથી આયુષ્યનો ક્ષય થાય છે

સિહરાસીનો ગુરૂ હોય તેમા ચૌલાદિક શુભકર્મ કરવુ નહિ. બાળકની માતા સગર્ભા હોય અને બાળકનુ વય પાચ વર્ષની અદર હોય તો ચૌલ કરવુ નહીં, બાળકનુ વય પાચ વર્ષ કરતા અધિક હોય તો તેની માતા સગર્ભા છતા ચૌલ કરવુ જનોઇની સાથે ચૌલકર્મ કરવાનુ હોય તો દોષ નથી ચૌલકર્મ અને યજ્ઞોપવીત એ સસ્કાર માતા સગર્ભા હોય તો ભિન્ન ભિન્ન કરવા નહિ બન્ને સાથે કરવમા દોષ નથી માતા સગર્ભા હોય તો પાચમા માસ પર્યંત દોષ નથી કારણ પાચમા માસથી પ્રથમ કરવા પાચમા માસ પછી ક વા નહી એવા વચન છે જ્વરયુક્ત હોય તેના ચૌલાદિક મગળ કરવા નહી વિવાહ મૌજી અને ચૌલ એ સસ્કાર કરવા છતા જો તેની માતા રજસ્વલા થાય તો તેની શુદ્ધિ થયા પછી મગળ કાર્ય કરવા એમ મનુ કહે છે નાદિશ્રાદ્ધ થયા પછી રજસ્વલા થાય તો શાન્તી કરી મગળ કાર્ય કરવા, કોઇ ગ્રથકારતો, બીજુ મુહુર્ત ન મળે તો પ્રારભથકી પ્રથમ પણ રજસ્વલારૂપ દોષ થતા શ્રીપૂજનાદિક વિધિ વડે શાન્તિ કરી મગળ કાર્ય કરવુ એમ કહે છે મામો અથવા કાકો ઇત્યાદિક કર્તા હોય અને તેની સ્ત્રી રજસ્વલા થઇ હોય તથાપિ મગળ કાર્ય કરવુ નહિ એમ નિર્ણય સિધુ ગ્રથમા કહ્યુ છે ત્રણ પુરૂષ પર્યંત કુળમા મૌજી અથવા વિવાહરૂપ મગળકાર્ય થયા પછી છ માસ પર્યન્ત મુડનછે નામ જેનુ એવુ ચૌલકર્મ ઇત્યાદિક કરવુ નહિ સકટ હોય તો વર્ષ ભેદથી કરવુ, એટલે ફાગણમા વિવાહ થયો હોય તો વૈશાખમા ચૌલાદિક કરવુ ચાર પુરૂષ પર્યંત કુળમા સપિડી કરણ અને માસિક એકશ્રાદ્ધ જેની અતમા છે, એવુ પ્રેતકર્મ સમાપ્ત થયાથી પ્રથમ ચૌલ કર્માદિક માગલીક કર્મ કરવુ નહિ. એક માતાથી ઉત્પન્ન થયેલા એવા બે સગાભાઇ અથવા

સગિબહેન એમના સમાન (સરખા) સંસ્કાર કરવા નહિ, પરંતુ માતા ભિન્ન હોય તો કરવા પ્રારંભ થયા પછી આશૌચ પ્રાપ્ત થાય તો કુસ્માંડિ ઋચાવડે ધૃતનો હોમ કરી ગૌદાન કરી, ચૌલ, મૌંજી અને વિવાહાદિક કરવા એ વિષયમાં વિષેષ નિર્ણય છે તે વિવાહ પ્રકરણમાં કહેવાશે મધ્યમાં મુખ્ય એક શિખા રાખવી બીજી શિખા પાછળ એ પ્રમાણે કુળાચાર પ્રમાણે અથવા પ્રવરની સંખ્યા હોય તેટલી એટલે ત્રણ પ્રવર હોયતો ત્રણ, પાંચ પવર હોય તો પાંચ એક પ્રવર હોયતો એક, એ પ્રમાણે પ્રવરની સંખ્યા યુક્ત કુલાચાર પ્રમાણે શિખા રાખવી મૌંજી સમયે મધ્યના ભાગની શિખા રાખવી બાકીની સર્વ શિખા કાઢી નાખવી અને મૌંજી પછી મધ્યભાગમાંજ શિખા ધારણ કરવી ચૌલ અને જાતકર્મ વિષે ભોજન કર્યું હોય તો સાંતપનકૃચ્છ્ર પ્રાયશ્ચિત કરવું, બીજા સંસ્કારો વિષે ભોજન કર્યું હોય તો એક ઉપવાસ વડે શુદ્ધિ થાય છે જાતકર્મ થકી ચૌલ પર્યંત સંસ્કાર સ્ત્રીઓને અમંત્રક કરવા હોમ માત્ર મંત્ર સહિત કરવો કદાચ હોમ પણ અમંત્રક કરે તો ચાલે એ વૃત્તિકારાગ્નિનો મત છે એ પ્રમાણે ગૃહ્યનું પણ ચૌલ અમંત્રક કરવું હાલના વર્તમાનકાળમાં શિષ્ટજનો સ્ત્રીઓના ચૌલ સંસ્કાર કરતા હોય એમ દેખાતું નથી પરંતુ વિવાહ સમયે ચૌલાદિક સંસ્કાર લોપનું પ્રાયશ્ચિત કરે છે પરંતુ કેટલાક બીલકુલ પણ કરતા નથી ચૌલ કીધા પછી સપિંડીએ ત્રણ માસ પર્યન્ત પિંડદાન અને તિલતર્પણ કરવા નહી મહાલયશ્રાદ્ધ, ગયા શ્રાદ્ધ અને માતા પિતાનું સાંવત્સરિક શ્રાદ્ધ એમાં પિંડદાનાદિક કરવા મનુસ્મૃતિમાં કહે છે કે

चुडाकर्म द्विजातीना सर्वेषामेव धर्मत ।
प्रथमेऽब्दे तृतीये वा कर्तव्य श्रुति चोदयात् ॥

સર્વ દ્વિજવર્ણના બાળકને (બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય, ના બાળકને પહેલે વર્ષે અથવા ત્રીજે વર્ષ, વા પાંચમે વર્ષે ચુડાકર્મ નામનો (વાળ મોવાળા ઉતારવાનો) સંસ્કાર કરવો એમ વેદમાં પણ કહ્યું છે

गोर्भैहोमै जातकर्म चौडमौंजी निबधनै ॥
बैजिक गार्भिक चैनोद्विजाना मप मृज्यते ॥

ગર્ભને પવિત્ર કરનારા હોમો કરવાથી જાતકર્મ કરવાથી ચુડાકર્મ કરવાથી મૌંજી બંધન કરવાથી દ્વિજવર્ણનું બૈજીક પાપ (પિતાએ કરેલી નિષિદ્ધ મૈથુનના સંકલ્પાદિક વડે તેની વીર્યદ્વારા બાળકમાં ઉતરેલા દોષો) તથા ગાર્ભિક પાપ (માતાએ કરેલા નિષિદ્ધ મૈથુનાદિના સંકલ્પદ્વારા તેના રુધિરદ્વારા બાળકમાં ઉતરેલા દોષો અથવા તો વીર્યમાં અને રૂધિરમાં રહેલી અપવિત્રતા)ને નાશ પમાડે છે ચુડાકરણ સમાપ્ત

પ્રકરણ ૧૦ મું.

॥ अथकर्णवेध संस्कारः ॥

નવમો વિધિ કર્ણવેધ સસ્કાર કર્ણવેધ=કર્ણ=કાન+વેધ=વિધવે। પાચમે સાતમે વર્ષ કર્ણવિધવાનો સસ્કાર કરવો એ બાબતમા માત્ર પારાસ્કર ગૃહ્યસુત્રમા પ્રમાણ છે બીજામા નથી

अथकर्णवेधो वर्षे तृतीये पञ्चमेवापुष्येन्दुचित्राहरि रेवतिषु पुर्वाण्हे कुमारस्य मधुरंदत्वाप्राङ्मुखायोपविष्टाय दक्षिणकर्णमभिमंत्रयते भद्रंकर्णभिरितिसव्य वक्ष्यन्ति वेदति चाथभियात्ततोब्राह्मणभोजनम् ॥ भद्रंकर्णेभि श्रृणुयामदेवा भद्रंपश्येमा क्षभिर्जजत्रा ॥ स्थिरै रंगै स्तुष्टुवाꣳ सस्तनुभिर्व्यसे महिदेवहित जदायु ॥१॥ वक्ष्यन्ति वेदा गनीगन्ति कर्णम्प्रियꣳ सखायम् परिषस्वजाना योषेवशिंक्ते वितताधिधन्वज्यायꣳ समने पारयन्त ॥

ત્રીજે પાચમે વર્ષ કર્ણવેધ સસ્કાર કરવો પુષ્ય ચિત્રા શ્રવણ, અને રેવતીનો ચદ્રમા હોય તે દિવસે કાન વિધાવવા બાળકને મિઠું મિટ ખાવાનુ આપી પૂર્વાભિમુખે બેસાડી જમણો કાન ભદ્રંકર્ણેભિ= એ મત્ર ભણતા જતા વિધાવવો પછી બ્રાહ્મણ ભોજન કરાવવુ જમણો કાન વિધાવતા 'ભદ્રંકર્ણેભિ=૦" તથા ડાબો કાન વિધાવતા 'વક્ષ્યતિ" એ મત્રો ભણવા એ બન્ને મત્રોના અર્થ, હે પરમેશ્વર અમે કર્ણો વડે ભદ્ર, કલ્યાણકારી વાતો નિત્ય સાભળીએ તથા આખોએ આનદ જોઇએ અને સ્થિર અગોએ પરમેશ્વરનુ યજન કરીએ તથા તેની સ્તુતિ કરીએ દેવ પરમેશ્વર તથા વિદ્વાન લોકો એના હિતકારક વાક્યો કહે અને દિર્ઘા યુષી થાઓ એવો આશિર્વાદ આપો 'વક્ષ્યતિ' વેદાદિવિદ્યા સારી રીતે પ્રાપ્ત કરે તથા સર્વ લોક એજ સદા સત્ય ઉપદેશ કરે, અજ, વ્યાપી, નિરાકાર દયાળુ પરમાત્માની ભક્તિ સદાકાળ કરે તથા કાન પાકવાન દે તથા છિદ્ર બધન થવા ન દે

હિંદુઓમા કાન વિધેલોજ જોઇએ તેમજ ખરા મુસલમાનો બીલકુલ કાન વિધાવતા નથી તેથી હિદુ મુસલમાન કાન વિધેલા અગર ન વિધેલા ઉપરથી ઓળખાય છે હાલમા ઘણા મુસલમાનો પણ કાન વિધેલા જોવામા આવે છે, તેથી તેના પુર્વજ હિદુઓ હતા એ ઉપરથી

અનુમાન થાય છે, તેથી કાન વિંધાવવાનો રિવાજ રહી ગયો છે. વળી એ ઉપરથી એવું અનુમાન થાય છે જે હિંદુઓમાં કાનમાં અલંકાર અગર રૂદ્રાક્ષાદિક પહેરવાનો ચાલ અસલથીજ છે, તેવો મુસલમાનોમાં ન હતો. જ્યારે કાન વિંધાવવો હોય ત્યારે સુશ્રુત નામના વૈદિક ગ્રંથમાં કહ્યા પ્રમાણે સુંદર તિખા શસ્ત્ર વડે નસનઆવે એવી રીતે વિંધવો અને સવારમાં દસ વાગ્યા પહેલા વિંધાવવો વળી ધર્મ સિંધુમાં કહ્યું છે કે

જન્મ દિવસ થકી દશમે બારમે તથા સોળમે દિવસે બાળકના કર્ણો વિંધાવવા કિંવા છઠ્ઠે, સાતમે, આઠમે, દશમે, અથવા બારમે માસે તેમજ પહેલે અથવા ત્રીજે વર્ષે બાળકના કર્ણો વિંધાવવા પુત્ર અથવા કન્યાનો કર્ણવેધ સમ (૨-૪-૬) ઇત્યાદિ વર્ષે કરવો નહિ ત્રીજા ઇત્યાદિક વર્ષે કર્ણવેધ કરવો હોય તો માસ કહે છે-કાર્તિક, પૌષ, ચૈત્ર અથવા ફાલ્ગુન એ માસના સુકલ પક્ષમાં કર્ણવેધ કરવો પરંતુ જન્મ માસમાં કરવો નહી ભદ્રા તિથિમાં (૨-૧૨-૭) અને વિષ્ણુ સયન (ચાતુ ર્માસમાં) કર્ણવેધ કરવો નહી આ ઉપરથી કાર્તિક માસનો વિધિ સુદ બારસ પછી કરવો કોઈ ગ્રંથકાર મીનના સુર્યમાં ચૈત્ર માસ અને ધનના સુર્યમાં પાસ માસ એ કર્ણવેધ વિષે વર્જ્ય કરે છે બીજ, દશમ, છઠ્ઠ, સાતમ, તેરસ, બારસ, પાંચમ અને ત્રીજ એ તીથીઓ કર્ણવેધ વિષે ઉત્તમ જાણવી ચંદ્ર, બુધ, ગુરૂ અને શુક્ર એ વાર શ્રેષ્ઠ પુષ્પ, પુનર્વસુ, મૃગ, ઉતરાત્રણ, હસ્ત, ચિત્રા, અશ્વિની, શ્રવણ, રેવતી અને ધનિષ્ટા એ શુભ છે બ્રહ્મા, વિષ્ણુ રૂદ્ર, સુર્ય, ચંદ્ર, દિક્પાળ, અશ્વનિકુમાર, સરસ્વતી, ગાય, બ્રાહ્મણ અને ગુરૂનુ પુજન કરી કાનમાં લાખના રસવડે ચિન્હ કરી પુરૂષનો પ્રથમ જમણો કાન વિંધિ પછી ડાબો કાન વિંધવો સ્ત્રીઓને પ્રથમ ડાબો કાન અને પછી જમણો વિંધવો બાળકના આઠ આંગુળ પ્રમાણે લાંબી એવી રાજપુત્રની કર્ણ વેધમાં સુનાની બ્રાહ્મણ અને વૈશ્ય માટે રૂપાની, અને શુદ્ર માટે લોઢાની સુચી, (શોય) કરવી કાનનુ છિદ્ર સુર્યના કિર્ણ અંદર આવે એવડું વધારવું કર્ણવેધ વિના બાળકને જુએ તો પુર્વના પુણ્યનો નાશ થાય છે એ પ્રમાણે કર્ણવેધ સમાપ્ત થયો

પ્રકરણ ૧૧ મું.

॥ अथउपनयन सस्कार ॥

ઉપનયન-ઉપ+નયન ઉપ ઉપસર્ગ ઉપરથી સમિપ-નયન લઇ જવુ એટલે પરબ્રહ્મ જગકર્તા સબધી જ્ઞાન થવાન અધિકાર જે વડે થાય એટલે પરમાત્મા સબધી જેના વડે જ્ઞાન થાય, તે ઉપનયન સસ્કાર ઉપ+નયન ઉપ=ત્રીજુ-નયન=નેત્ર જ્ઞાન પ્રાપ્ત કરવા તેમજ વેદાધ્યયન કરવાનુ ત્રીજુ નેત્ર એટલે જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર પ્રાપ્ત કરવાનુ પગથીયુ તે ઉપનયન સસ્કાર છે ઉપનયન સસ્કાર જે બાળકને બુદ્ધિ યુક્ત થવાનુ સાધન તેમજ શરીરે બળવત્ર થવાનુ સાધન બ્રાહ્મણના બટુકને પાચમે અથવા આઠમે વર્ષે અને ક્ષત્રિયને છઠે આઠમે વર્ષે તથા વૈશ્યને દશમે તથા બારમે વર્ષે સસ્કાર થાય ત્યારે દ્વિજ કહેવાય છે દ્વિ-બે-જ=જન્મ બીજો જન્મ દ્વિજ કહેવાય છે સસ્કાર થવાથી દ્વિજ સજ્ઞાને પ્રાપ્ત થાય છે-અથવા બીજો અવતાર થયો બીજો અવતાર એટલે બાળક વિદ્યા શિખવાનો અધિકાર પ્રાપ્ત થયો શૂદ્રને વિદ્યારભ કરવાને ઉપનયન વિના અધિકાર છે એ પ્રમાણે સુશ્રુતનુ પ્રમાણ છે **कुलगुणसपन्नमुपनीयशूद्रमध्यापयेत्** ॥ જે શૂદ્રનો બાળક બુદ્ધિમાન, કુલિન અને ગુણસપન્ન હોય તેને વ્યાકર્ણાદિનો અભ્યાસ બરાબર કરાવવો વળી મનુસ્મૃતિમા પણ કહ્યુ છે કે —

ब्रह्मवर्चसकामस्यकार्यविप्रस्यपचमे ।
राज्ञोबलाथिन षष्ठे वैश्यस्येहार्थिनोष्टमे ॥

અર્થ—બ્રહ્મવિદ્યાની ઇચ્છા કરનારા બ્રાહ્મણના બાળકને પાચમે અને બળની ઇચ્છા રાખનારા ક્ષત્રિયને છઠે અને વ્યાપાર તથા ખેતીની ઇચ્છા રાખનારા વૈશ્યને આઠમે વર્ષ ઉપનયન ધારણ કરવુ

गर्भाष्टमेऽब्देकुर्वीत ब्राह्मस्योपनोयनम ।
गर्भदेकादशेराज्ञो गर्भातुद्वादशेविश ॥

બ્રાહ્મણને ગર્ભથી અથવા તો જન્મથી આઠમે વર્ષે ક્ષત્રિયને ગર્ભથી અથવા તો જન્મથી અગીઆરમે વર્ષે અને વૈશ્યને ગર્ભથી અથવા જન્મથી બારમે વર્ષે ઉપનયન સસ્કાર કરવો અથવા જનોઈ ધારણ કરાવવુ બ્રાહ્મણ જાતિના બટુકને ગ્રીશ્મઋતુમા કરવો અને વૈશ્યજાતિના બટુકને વર્ષા અથવા શરદ્ઋતુમા કરવો શાસ્ત્રના નિયમ પ્રમાણે કર્તાજ

ફળનો ભોક્તા થઇ શકે છે પરંતુ આ જગતમા બે ધર્મ કર્મ એવા છે કે જે કર્મનો કર્તા પુરૂષ ભિન્ન હોય છે અને ફળનો ભોક્તા પુરૂષ પણ ભિન્ન હોય છે તેવા બે કર્મો એક "ઉપનયન" અને બીજુ "શ્રાદ્ધ" છે—જે મનુષ્ય પોતાના પિતૃઓના પારલૌકિક શ્રેયને માટે શ્રાદ્ધ કરે છે તેનુ ફળ પિતૃઓને મળે છે તથા પિતા પુત્રને જે સસ્કારો કરે છે, તે સસ્કારનુ ફળ પુત્રને મળે છે

आषोडषा ब्राणस्य सावित्रीनातिवर्तते ।
आर्द्धिशान्क्षत्रबन्धोरा चतुर्विंशतिमोर्विश ॥

સોળ વર્ષ પછી બ્રાહ્મણને બાવિસ વર્ષ પછી ક્ષત્રિયને અને ચોવિસ વર્ષ પછી વૈશ્યને ઉપનયન સસ્કારનો સમય વિતી જાય છે

બ્રાહ્મણને ત્રણ પાદવાળી ગાયત્રીનો ઉપદેશ કરવાની અને ક્ષત્રિયને ચાર પાદવાળી ત્રિષ્ટુપનો ઉપદેશ કરવાની, અને વૈશ્યને ચાર પાદવાળી જગતીનો ઉપદેશ કરવાની શાસ્ત્રની આજ્ઞા છે તેમા ગાયત્રીના પ્રથમ પાદમા આઠ અક્ષરો હોવાથી બ્રાહ્મણોને આઠમે વર્ષે ઉપનયન સસ્કાર કરવામા આવે છે ત્રિષ્ટુપના પ્રથમ પાદના અગીઆર અક્ષર હોવાથી ક્ષત્રિયને અગીઆરમે વર્ષે ઉપનયન સસ્કાર કરવો અને જગતીના પ્રથમ પાદમા બાર અક્ષર હોવાથી વૈશ્યને બારમે વર્ષે ઉપનયન સસ્કાર કરવો પરંતુ આ સસ્કારના નિયમિત કાળ અમણો વીતિ જાય તો તેના છંદના બમણે પાદ પુરા થઇ જાય છે તેથી છંદો નિરસ થઇ જવાથી સસ્કારના સમયનુ ઉલ્લઘન થઇ જવાથી તે પુરૂષને છંદનો ઉપદેશ કર્યા છતા તે છંદો ફળને આપી શકતા નથી શાસ્ત્રોક્ત સમયે જો ઉપનયન સસ્કાર નહિ થઇ શકે તો પ્રાયશ્ચિત કરી ઉપનયન ગ્રહણ કરવુ હાલના ઘણા વિદ્વાનો ત્રણે વર્ણોને ગાયત્રી મત્રનો ઉપદેશ કરે છે પરંતુ મનુસ્મૃતિમા કહ્યુ છે કે - **तदित्यचोऽस्या सावित्र्या ॥** તેઓએ જાણવુ જોઇએ કે વર્ણોમા બ્રાહ્મણ પ્રધાન હોવાથી મનુએ ગાયત્રીની ઉત્પત્તિનુ વર્ણન કરીને તેના જપનુ વિધાન કર્યુ છે તે પ્રમાણે દ્વિજવર્ણોએ પોતાના ઉપાસ્યમત્રનો જપ કરવો તેમજ ક્ષત્રિય તથા વૈશ્યે પણ પોતાનો ઉપાસ્ય મત્ર હોય તેનો જાપ કરવો ક્ષત્રિનો ઉપાસ્યમત્ર—

ह्रीं योदेव सवितास्माक मन प्राणेन्द्रिय क्रिया ।
प्रचोदयइतितद्भर्ग वरेण्यसमुपास्महे ॥ ह्रीं० स्वस्ति ॥

સવિત દૈવત', અમારા મન, પ્રાણ અને ઇન્દ્રિયોને તમારા ઉત્તમ ... પ્રત્યે તથા હમારી બુદ્ધિ વિગેરેને પ્રેરણા કરો.

આ પ્રમાણે ક્ષત્રિઓએ આ મત્રનો જાપ કરવો અગર વૈશ્યે પણ આમત્રની ઉપાસના કરવી અગર વૈશ્યોએ **ह्रीं नमो भगवतेवासुदेवाय** એ દ્વાદશાક્ષરનુ ધ્યાન કરવુ આ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યો પોતપોતાના મત્રોવડે પરિપૂર્ણ ઉપાસના કરીને કૃતકૃત્ય થયા હોય અને તેને વિશ્વામિત્રની પેઠે જો બ્રહ્મવર્ચસ કામના હોય, તો તેણે પોતપોતની ગાયત્રી મત્રવડે પરમાત્માની ઉપાસના કરવી પરતુ મુખ્યત્વે કરીને તો પ્રત્યેક વર્ણોને જુદા જુદા છદનો ઉપદેશ કરવો આ પ્રમાણે યજુર્વેદના દશમા અધ્યાયમા તથા તૈતરીય શાખાના યજુર્વેદના મત્રોમા વિશેશમા જણાવેલી છે

विद्यारंभकाल ॥

છોકરાને પાચમે વર્ષે ઉત્તરાયણના સુર્યમા વિદ્યાનો આરભ કરાવવો. તેમા પ્રથમ અક્ષર લખાવવા એ અક્ષર લખાવવામા કુભરાશીના સૂર્યનો ત્યાગ કરવો શુકલ પક્ષ શુભ છે કૃષ્ણપક્ષમા છેલ્લા પાચ દિવસ વર્જ્ય કરવા બીજ, ત્રીજ, પાચેમ, દશમ, એકાદશી, અને તેરસ એ તિથિઓ શ્રેષ્ઠ છે અશ્વિની, મૃગ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, ચિત્રા, સ્વાતી, અનુરાધા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા અને રેવતી એ નક્ષત્રો શુભ છે મગળ અને શની વર્જ્ય કરી બીજાવારો શુભ છે વિઘ્નેશ, લક્ષ્મી, નારાયણ, સરસ્વતી, અને પોતાનો વેદ અને સુત્રકાર એમની પુજા કરી ગુરૂ, બ્રાહ્મણો અને ઉપમાતા અથવા માતા એમની પુજા કરી નમસ્કાર કરી મર્વની ત્રણ પ્રદક્ષિણા કરી પ્રથમ પ્રણવ (ૐકાર) લખી બીજા અક્ષરો લખવાનો આરભ કરાવવો પછી ગુરૂને નમસ્કાર કરી દેવતાનુ વિસર્જન કરવુ પછી **अत्रभुवनमात सर्ववाङ्मयरूपेणागच्छागच्छ** એ મત્રવડે સરસ્વતીનુ આવાહાન કરવુ અને પ્રણવ મત્રવડે ષોડસોપચાર પુજા કરાવવી પછી ભણાવવા

જેને યજ્ઞોપવીત નથી મળયુ તેના ધર્મ કહે છે.

મોજી (ઉપનયન) થયા પહેલા બાળક ઇચ્છા પ્રમાણે ફરે ઇચ્છામા આવે તેની જોડે ભાષણ કરે તેમા દોષ નથી તેથી લઘુ શકા, અને શૌચ ઇત્યાદિકા વિષે આચમન કરવાનો જે આચાર યુક્ત છે તે મૌજી પહેલા નથી ઇચ્છામા આવે તે ભક્ષણ કરે તેમા દોષ નથી, લઘુપાતકનુ

કારણુ એકે લક્ષણુ, વાસી રહેલુ અન્ન, અને ઉચ્છિષ્ઠ અન્ન ઇત્યાદિકનુ ભક્ષણુ થવાથી દોષ નથી એ પ્રમાણે પિતામા અયોગ્ય પદાર્થ આવે અથવા તો અસત્ય કે ન બોલવાનુ ભાષણુ બોલવામા આવે તો પણુ દોષ નથી મહાદોષના કારણુ એકે=માસ, અથવા અંત્યેજ, અને રજસ્વલા ઇત્યાદિકનુ સ્પર્શ કરેલુ અન્ન તેનુ ભક્ષણુ થયુ હોય અથવા મદ્યાદિકાપિવામા આવ્યુ હોય તો દોષ છેજ રજસ્વલા ઇત્યાદિકનો કુમારનો સ્પર્શ થાય તો કુમારે સ્નાન માત્ર કરવુ અને શિશુ અવસ્થામા જળનુ સિંચન કરવુ અને બાળકે આચમન કરવુ અન્ન પ્રાશન પહેલા શિશુ સંજ્ઞા છે ચૌલથી પ્રથમ અથવા ત્રણ વર્ષ પહેલા બાળક સંજ્ઞા છે ચૌલ પછી મૌંજી બંધન (ઉપનયન) પહેલા કુમાર સંજ્ઞા છે અને આચમન એટલે ત્રણ વખત જળ પાન કરવુ હોઠને માર્જન કરવુ ઇત્યાદિ ફલ નથી જે કુમારને યજ્ઞાપવીત આપવામા આવ્યુ નથી તેને વેદનો ઉચ્ચાર કરાવવો નહિ પરંતુ માતા પિતાની અંત્ય ક્રિયા (પ્રેતક્રિયામા) જેને ઉપનયન ન મળ્યુ હોય તેણે વેદ મંત્રનો ઉચ્ચાર કરવો તે મંત્રોચ્ચાર વિષે અધિકાર બીજા અથવા ત્રીજા વર્ષમા જેને ચૌલ થયુ છે તેનેજ હોય છે ત્રણ વર્ષ પછીનો જેને ચૌલ પણ ન થયુ હોય તેને પણ અધિકાર છે મૌંજી રહિત પુત્રે માતા પિતાની ક્રિયાને નિમિત્તે મંત્રોચ્ચાર કરવો એવુ જે કહ્યુ તે ઔરસ પુત્રને જાણવુ ઔરસ પુત્રને મૌંજી ન મળી હોય તથાપિ તેણે માતા પિતાની અંત્યક્રિયા કરવી અને બીજા પુત્રો તો મૌંજી સંસ્કારે યુક્ત હોય તોજ શ્રાદ્ધ કરવાને અધિકાર છે એવુ સ્કંધપુરાણનુ વચન છે હવે બાળકને અપથ્ય (અયોગ્ય ભોજનાદિક) નુ નિવારણ પિતા ઇત્યાદિકે કરવુ માટે સંપૂર્ણ પ્રયત્ન કરી બાળકને ઉત્તમ ભોજન કરાવવુ બાળકો એ કદાચ રમતમા દાન કર્યા હોય તેનાથી સ્વર્ગ સુખ મળે છે તેમજ બાળકોને યોગ્ય પદાર્થના દાનથી ગાદાનનુ ફળ મળે છે

હવે ઉપનયન (મૌંજી) સંસ્કાર કહે છે.

ઉપનયન એટલે કુમારને આચાર્ય પાસે લઈ જવો અને એના અંગત નેમ ગાયત્રીનો ઉપદેશ કરવો જેમા પ્રધાન (મુખ્ય) કર્મ તેને ઉપનયન કહે છે ઉપનયન એ શબ્દ યોગારૂઢ છે ઉપનયન સંસ્કાર કરવા અધિકારીઓ કહે છે કે પુત્રને પિતાએજ ઉપનયન કરવુ પિતા ન હોય તો દાદાએ કરવુ દાદા ન હોય તો કાકાએ કરવુ કાકા ન હોય તો સગા ભાઇએ કરવુ સગોભાઇ ન હોય તો સગોત્ર એવા સાપિંડ જેણે કરવુ સગોત્ર સપિંડ ન હોય તો મામાએ કરવુ તે અસગોત્ર

સપિંડ હોય તેમણે કરવુ તેઓ પણ ન હોય તો સગોત્ર એટલે પોતના ગોત્રિ હોય તેણે કરવુ આ બધા ઉપનયન કર્મમા અધિકારી કહ્યા તે કુમાર કરતા અધિક એટલે મોટી ઉમરના હોવા જોઇએ કારણ કે કુમારની વય કરતા નાના હોય તો તેણે ઉપનયન કરેવુ શાસ્ત્રમાં નિશિદ્ધ છે પૂર્વોક્ત અધિકારીમાથી કોઈ પણ ન હોય તો તેને શ્રોત્રિય એવો જે બ્રાહ્મણ હોય તેણે ઉપનયન કરવુ જન્મ થકી બ્રાહ્મણયોનીમા ઉત્પન્ન થયેથી બ્રાહ્મણ જાણવો જે બ્રાહ્મણે સમ્કાર થયા પછી દ્વિજ કહેવાય છે અને વેદાધ્યયન થયા પછી વિપ્ર છે જન્મથી બ્રાહ્મણ તે સસ્કારે કરી યુક્ત થયેલો વેદાધ્યયન કરે ત્યારે શ્રોત્રિય કહેવાય છે

ઉપનયન કરનારાએ ત્રણ કૃચ્છ્ર પ્રાયશ્ચિત કરવુ અને કુમારે પણ ત્રણ કૃચ્છ્ર પ્રાયશ્ચિત કરવુ ઉપનયન કર્તાએ ઉપનયન કરવાનો અધિકાર પ્રાપ્ત થવાને દસ હજાર ગાયત્રી મત્રનો જપ કરવો તેમજ કુમારને ઉપનયનના અધિકારાર્થે દ્વાદસ સહસ્ત્ર-એટલે બાર હજાર ગાયત્રી મત્રના જાપનો શ્રેય આપવો ત્યારે મત્રોપદેશનો અધિકારી થાય છે

હવે ઉપનયન સસ્કારનો કાળ કહે છે.

ગર્ભથી પાચમે અથવા આઠમે વર્ષે બ્રાહ્મણને (મોજી) ઉપનયન સસ્કાર કરવો અગીઆરમે અથવા બારમે વર્ષે ક્ષત્રિયે મોજી ધારણ કરવી બારમે અથવા સોળમે વર્ષ વૈશ્યે મોજી ધારણ કરવી ધનની ઇચ્છા રાખનારને છઠ્ઠે વર્ષે અને વિદ્યાની ઇચ્છા રાખનારે સાતમે વર્ષે સર્વની ઇચ્છા રાખનારાએ આઠમે વર્ષે અને કાન્તિની ઇચ્છા રાખનારાએ નવમે વર્ષે મૌજી ધારણ કરવી સર્વ વસ્તુ પ્રાપ્ત કરવાની ઇચ્છા માટે આઠમે વર્ષે કહ્યુ છે માટે બ્રાહ્મણોએ અવસ્ય આઠમે વર્ષે મૌજી બધન કરવુ શ્રેષ્ઠ કહ્યુ છે કોઈ ગ્રથકાર બ્રાહ્મણને માટે છઠ્ઠુ વર્ષ નિષિદ્ધ ગણે છે ગૌણ કાલ કહે છે સોળ વર્ષ પર્યંત બ્રાહ્મણનો બાવિસ વર્ષ પર્યંત ક્ષત્રિયને ચોવિસ વર્ષ પર્યંત વૈસ્યને ગૌણ કાળ જાણવો આ ગૌણ વિષે ગર્ભથકી સખ્યા લેવી એમ છતા જન્મથકી પદર વર્ષ પર્યંત (મૌજીન થઈ હોય તો) બ્રાહ્મણને વિષેશે કરી પ્રાયશ્ચિત નથી સોળમુ વર્ષ થયુ હોય તો શિખા સહિત વપન (હજામત) કરાવવી, ત્યાર પછી એકવિસ રાત્રિ પર્યંત યવ ભક્ષણ કરવા પછી સાત બ્રાહ્મણને ભોજન કરાવવુ એ પ્રમાણે પ્રાયશ્ચિત કરવુ સત્તરમુ વર્ષ ઇત્યાદિક છતા ત્રણ કૃચ્છ્ર પ્રાયશ્ચિત કરાવી મૌજી ધારણ કરવુ બ્રાહ્મણને તથા ક્ષત્રિયને મૌજી બધન ઉતરાયણના સુર્યમા કરવુ વૈસ્યને દક્ષિણાયનમા પણ મૌજી બધન

કરવુ, વસતઋતુમા બ્રાહ્મણે ઉપનયન કરવુ અને ક્ષત્રિયે ગ્રીષ્મઋતુમાં અને વૈશ્યે શરદ્ઋતુમા ઉપનયન કરવુ માઘથકી જ્યેષ્ઠપર્યંત મહા ફાગણ ચૈત્ર વૈશાખ અને જેઠ એ પાચ માસ સાધારણ પણ સઘળા દ્વિજોને ઉક્ત છે એવુ ગર્ગઋષિનુ વચન છે માટે વસત ઋતુ ન મળે તો શિશિરઋતુ અને ગ્રીષ્મઋતુ પણ ગૃહણ કરવી કારણ વસતઋતુમા બ્રાહ્મણની માજી કરવી એ વિધિ વડે ઉતરાયણ ઇત્યાદિક વિધિનો સકોચ ઘટતો નથી એ રીતે માઘાદિક પાચ માસ લેવા એવો નિશ્ચય કર્યો છે તેથી પોષ માસ અને અષાડ માસમા પણ ઉતરાયણ હોય તો પણ માજી બધન કરવુ નહિ, તેમા પણ મીનના સૂર્યથી આરભ કરી મિથુન રાશિના પ્રવેશ પર્યંત કાળ તે શ્રેષ્ઠ છે મીન અને મેષનો સૂર્ય અતિ ઉત્તમ છે, મકર અને કુભનો સૂર્ય મધ્યમ, મીનરાશિ અને મેષ રાશિનો સૂર્ય છતા ઉત્તમ, તેમજ વૃષભ અને મિથુન રાશીના સૂર્યમા ઉપનયન કરવુ એ અધમ છે એવુ વચન છે માટે મીનરાશી યુક્ત ચૈત્ર માસ અનિષ્ટ બૃહસ્પતિ ઇત્યાદિક અનેક દોષોની નિવૃત્તી કરનારો હોવાથી એ અત્યતજ ઉત્તમ છે કારણ, ગુરૂ અને શુક્રનો અસ્ત સિહસ્થ ગુરૂ ચદ્ર અને સૂર્ય, દુર્બળ અને ગોચર (ચાલતી રાશી)મા ગુરૂ અનિષ્ટ ઇત્યાદિક દોષ છતા પણ મીનરાશીનો સૂર્ય હોય તો ચૈત્ર માસમા માજી બધન કરવુ આજે માજી વિષયમા ગુરૂ શુક્રના અસ્તનો દોષનો જે અપવાદ કહ્યો તે અત્યત મોટા સકટ હોય તોજ છે માટે તે કરવો નહિ ચૈત્રમાસમા મીનાર્ક હોય તો જન્મ માસ અને જન્મ નક્ષત્રનો દોષ નથી જન્મ માસ જન્મ નક્ષત્ર જન્મ તિથી, જન્મ લગ્ન અને જન્મ રાશીનુ લગ્ન એઓમા બ્રાહ્મણને માજી બધન કરવાનો દોષ નથી અને ક્ષત્રિય વગેરેને બીજા ઇત્યાદિ ગ્રહ વિષે દોષ નથી પ્રથમથકી પુત્રયાપુત્રીનો જન્મ થયેલો હોય તેનુ જેષ્ટ માસમા મગળ કાર્ય કરવુ નહી શુક્લ પક્ષ શુભ છે અને કૃષ્ણ પક્ષમા છેલ્લા પાચ દીવસ વર્જ્ય કરી કૃષ્ણ પક્ષમા શુભ જાણવુ એવુ બૃહસ્પતિનુ વચન છે માટે કૃષ્ણ પક્ષમા (દસમી) દશેમ સુધી સકટ હોય તો માજી બધન કરવુ પરતુ શિષ્ટજનો તો સકટ હોય તો પણ કૃષ્ણ પક્ષમા પાચમ પર્યત મોજી બધન કરે છે માટે કૃષ્ણ પક્ષમા પાચમ સુધી મૌજી બધન કરવુ

ब्रह्मचार्यसानीतिचार्थेनवासपरिधापयति येनेन्द्रायबृहस्पति वासपर्यदधायमृत ॥ तेनन्त्वापरिदधाम्यायुषे दीर्घायुत्वा बर्चसइति । मेखलावध्निनहृस्वदुरक्तपरिबाधमानावर्णपवित्र

पुनतीमआगात्॥ प्राणापानाभ्यांबलमादधानास्वसादेवीसुभगा मेखलेयामेतिजायमान ॥ तथीरासकवयउन्नयन्तिस्वाध्योमन-सदेवयन्तइति तूष्णींवात्रयज्ञोपवीतपरिधान यज्ञोपवीतंपरम-पवित्रप्रजापतेर्यत्सहसपुरस्तात् यायुस्यमग्रय प्रतिमुञ्चसुभ्रं यज्ञोपवीतबलमस्तुतेज ॥ यज्ञोपवीतमसि यज्ञस्यत्वा यज्ञोपवी-तेनोपनह्यामीत्यथाजीनप्रयच्छाति मित्रस्य चक्षुर्द्धरुणबलीयस्ते जीयसस्वीस्थवीरद् समिध्य। अनावस्यवसनजरिष्णुपरीदत्वा-ज्यजिनद्धेहमितितूष्णीवादण्डप्रयच्छतितनप्रतिगृह्णामि योमेद-ण्डपरापतद्वैहायसो धिभूम्या । तमहपुनरादादाम्यायुपेब्रह्मणेब्रह्म वर्चसायेति दीक्षावदेकेदीर्घसूत्रमुपनैतिवचनादथास्याद्भिरज लिना जालिपरत्यापोहिष्टेति तिस्रेभिरथना सूर्यमुदिक्षयाति तच्चक्षुरित्यथास्यदक्षिणा समाधिहृदयमालभते मसव्रते हृदय दधामिममचित्तमनचित्ततेअस्तु । ममवाचमेकमनाजुषस्व बृह-स्पतिष्वानियुनक्तुमह्यामिज्यथास्यदक्षिण हस्त गृहीत्वाहको नामासीत्यसाहभो ॥३॥ इतिप्रत्याहाथैनमाहकस्यब्रह्मचार्यसीति भवत इत्युच्यमानइन्द्रस्यब्रह्मचार्यस्यग्निराचार्यस्तवाहमाचार्य स्तवासावित्यथैनभूतेभ्यपरिददातिप्रजापतयेत्वापरिददामिदेवा यत्वासवित्रेपरिददाम्याभ्यस्त्वौषधीभ्य परिददामिद्यावा-पृथिवीभ्यान्त्वापरिददामि विश्वेभ्यस्त्वाभूतेभ्य परिददामि सर्वे-भ्यस्त्वाभूतेभ्यपरिददाम्यरिष्ट्यामिति ॥

આઠમે વર્ષે બાળકને ક્ષૌર કરાવીને વસ્ત્ર અલંકાર પહેરાવી અગ્નિ સમીપ પશ્ચિમ ભાગે બેસાડી (બ્રહ્મચાર્યમાગમમિતિ) હું બ્રહ્મચર્ય આશ્રય પામ્યો છું (બ્રહ્મચર્યમાનિતિ) હું બ્રહ્મચારી થાઉં એ પ્રમાણે આચાર્યને બાળક કહે પછી આચાર્યે બાળકને વસ્ત્ર આપવું યેનેન્દ્રાય મંત્ર ભણી આપવું (યેનેન્દ્રાય) આ મંત્રવડે હે કુમાર ઇન્દ્ર અને સૂર્ય જે તેને તેજવાળા વસ્ત્ર બ્રહસ્પતિ જે પરમાત્મા જે સામર્થ્યથી પહેરાવી ચુક્યા છે તે સામર્થ્યથી હું જે અને જે તારો પિતા તથા આચાર્ય તે પહેરાવું છું તું દિર્ઘાયુષી થા અને તેજ તથા બળ અને મહાન્ વિદ્યા પ્રાપ્ત થાય તે માટે હું પરમેશ્વર પ્રત્યે પ્રાર્થના કરૂં છું ત્યારપછી કટિમાં (મેખલા) કંદોરો (ઇયમિતિ) મંત્રે કરી બાંધવો આ મેખલા બ્રહ્મચર્ય, સુશિક્ષા તથા સદ્વિદ્યા પ્રાપ્ત થવા માટે ધારણ કરાવી છે તથા કુશિક્ષા, કુવિદ્યા તથા દુષ્ટતા છોડી દેવા માટે આજથી હું પ્રતિજ્ઞા કરી મેખલા ધારણ કરૂં છું તે મેખલા પ્રાણ તથા અપાન વાયુને

સંપૂર્ણ બળ આપવા માટે મે ધારણ કરી છે અથવા (યુવાસુવાસા) એ મંત્ર ભણી મેખલા પ્રતિજ્ઞા કરી ધારણ કરવી કારણ કે હુ વિદ્યા પ્રાપ્ત કરી પોતાનુ તેમજ અન્યનુ કલ્યાણ કરનારો થઇશ તે મેખલા અત્રે પરમાર્થના પ્રતાપે કરી વિદ્વાન પુરૂષો પણ આપનુ કહ્યુ માન્ય રાખી આબરૂને વધારવાને તત્પર રહે છે

પછી (યજ્ઞોપવીત પરમ પવિત્ર) એ મંત્રવડે જનોઇ ધારણ કરવુ એટલે પ્રજાપતિ જે પરમેશ્વરનુ સહજ, સચ્ચિદાનંદ સ્વરૂપ પરમ પવિત્ર યજ્ઞમા સત્કૃત છે તેની પ્રથમ પ્રાર્થના કરીને યજ્ઞ, પરમેશ્વરની ભક્તિ તથા યજ્ઞનુ અનુષ્ઠાન કરવા માટે આજ જનોઇ ધારણ કરૂ છુ તે જનોઇ ઇશ્વર કૃપાથી લાંબુ આયુષ્ય અને ઉત્તમ ગુણ તથા બળ તેમજ તેજને પ્રાપ્ત કરો એ કાર્ય માટે જનોઇ ધારણ કરવુ કદાચ જીર્ણ થઈ અગર તુટી જાય તો નુતન શુભ જનોઇ ધારણ કરવુ, પછી આચાર્ય તેને નિચે પ્રમાણે કહે છે કે હે પરમેશ્વર તમો શિષ્યને વિવિધ પ્રકારના સુખો અને યજ્ઞમા અધિકાર પ્રાપ્ત થવા તથા પરમાત્મા પ્રત્યે ભક્તિ ઉત્પન્ન થવા અને અધ્યાત્મ વિદ્યાનુ જ્ઞાન થવા તને યજ્ઞોપવીત ધારણ કરાવુ છુ ત્યાર પછી અજીન (મૃગચર્માદિ) ધારણ કરવા મિત્રસ્યચક્ષુર્દ્ધરૂણામિતિ) ભણી અજીન ધારણ કરાવવુ મૌન ધારણ કરી બ્રહ્મચારીને દંડ આપવો (ગોમેદંડ) એ મંત્ર ભણી દંડ પ્રતિ ગૃહ્ણામિ કરી ધારણ કરવો એ દંડ ધારણ કરવાથી અને ઇશ્વર કૃપાવડે સદ્વિદ્યા તથા બળ અને તેજ, બુદ્ધિ વિગેરે પ્રાપ્ત થાય

પછી (અપોહિષ્ઠા) ઇતિ મંત્રવડે બ્રહ્મચારીએ બન્નો હાથ ઉભા કરી સૂર્યનુ ઉપસ્થાન કરવુ

પછી આચાર્ય શિષ્યના હૃદય ઉપર હાથ મુકી પરસ્પર પ્રતિજ્ઞા કરી હે શિષ્ય તારુ સદ્વિદ્યા પ્રાપ્ત કરવાને તારૂ અને મારૂ ચિત્ત અનુકુળ રહો શિષ્ય કહે છે કે હુ સર્વથા આપની અનુકુળતા જાળવીશ પછી આચાર્ય કહે છે કે મારા નિયમો તારા હૃદયમા હુ પ્રવેશ કરૂ છુ માટે તુ મારાથી કદાચિત્ વિરૂદ્ધ થઇશ નહી તથાપિ હુ પણ તારા પ્રત્યે સદ્વિદ્યા તથા સદ્ઉપદેશ કરવા અનુકુળ રહીશ એટલે તુ મારો ઉપદેશ એકાગ્રચિત્તે કરીને ગ્રહણ કરવા તૈયાર થા. પછી પરમાત્મા સર્વથી શ્રેષ્ઠ છે માટે તને મારા પ્રત્યે જોડી દો પછી બ્રહ્મચારીનો જમણો હસ્ત ગ્રહણ કરી આચાર્ય પુછે કે તુ કોણ છે? તારૂ નામા વિધાન શુ? પછી બ્રહ્મચારી પ્રત્યુત્તર આપે છે કે હુ આપનો વિદ્યાર્થી

છુ અને બ્રહ્મચારી છુ અને મારૂ નામ અમુક છે. આચાર્ય પુછે કે તુ કોનો બ્રહ્મચારી ? વિદ્યાર્થી કહે છે કે તમારો

પછી આચાર્ય કહે છે કે તુ ઇન્દ્ર જે પરમાત્મા તેનો બ્રહ્મચારી છે તથા અગ્નિ જે સર્વજ્ઞ ઇશ્વર તે તારો આચાર્ય છે તથા હું પણ તારો આચાર્ય છુ તે સર્વ જગતના સુખને માટે વિદ્યા પ્રાપ્ત થવા માટે તથા મારે માટે પરમેશ્વરે તને ઉત્પન્ન કર્યો છે પ્રજાપતિ જે જે પરમાત્માને હુ તને અપર્ણ કરૂ છુ સર્વ જગતનો પેદા કરનાર જે સવિતા દેવતા તેને અર્થે હુ તને અર્પણ કરૂ છુ તથા જલોષધિ પૃથ્વિ, સ્વર્ગ, તથા વિશ્વદેવા એટલે જે વિદ્વાન પુરૂષો એઓના ગુણ તથા જ્ઞાન પ્રાપ્ત કરવા તથા ભોગાદિ અને દુ:ખનો નાશ કરવા તને અર્પણ કરૂ છુ હે શિષ્ય તને પ્રજાપતિ દેવતાને, સવિતા દેવતાને જળદેવતાને, ઔષધિને, દ્યાવાપૃથ્વિને વિશ્વેદેવાને તથા સર્વ મહા ભૂતોને સોપુ છુ તેઓ તારૂ રક્ષણ કરે

અજીન મેખલાનુ સમાધાન મનુસ્મૃતિમા લખે છે કે

काष्णरौवबास्तानि चर्माणिब्रह्मचारिण ।
वसिरन्नानुपूर्व्येण शाणक्षौमाविकानिच ॥

બ્રાહ્મણ બ્રહ્મચારીઓને અનુક્રમે કાળા મૃગના, અગર તપખીરીઆ જાતિના રંગના અજીન ધારણ કરવા ક્ષત્રિયે બકરાના ચામડાનુ અજીન ધારણ કરવુ અને વસ્યે ઘેટાના ચામડાનુ અજીન ધારણ કરવુ

मौंजीत्रिवृत्समाश्लक्ष्णाकार्याविप्रयमेखला ।
क्षत्रियस्यतुमौर्वीज्या वैश्यस्यशणतान्तवी ॥

બ્રાહ્મણે મુંજના દોરાથી ત્રેવડો વણેલો લીસો તથા સરખા તાંતણામાથી બનાવેલો કદોરો (મેખલા) પહેરાવવો

ક્ષત્રીયે મોરવેલના રેસામાથી બનાવેલો અથવા ધનુષની દોરીનો ત્રણ શેરવાળો કદોરો પહેરાવવો અને વૈશ્યે શણના દોરાનો ત્રણ શેરવાળો કદોરો પહેરવો

कार्यासमुपवीतस्या द्विप्रस्योर्ध्ववृतत्रिवृत् ।
शणसूत्रमयराज्ञो वैश्यस्याविकसौत्रिकम् ॥

બ્રાહ્મણે સુતરની જનોઇ ધારણ કરવી તે ત્રણ સેરવાળી અને જમણી બાજુથી વળ દઇને વણેલી હોવી જોઇએ. ક્ષત્રિયે તેવીજ

શણુની જનોઇ ધારણ કરવી અને વૈશ્યે પણ તેવીજ ઉનની જનોઈ ધારણ કરવી **उपच्चयते देवलक्षणव तत्कुरुते** ઉપવીત પહેરે છે એટલે દેવના ચિન્હને ધારણ કરે છે અર્થાત્ સસ્કારહીન પુરૂષો દેવયોનીને પ્રાપ્ત કરાવનારા કોઇપણ કર્મ કરી શકતા નથી પરતુ સસ્કારી દ્વિજો પચમહા યજ્ઞ, અગ્નિ હોત્રાદિ કર્મો કરીને દેવલોકમા જાય છે માટે પ્રત્યેક દ્વિજોએ યજ્ઞાદિક ક્રિયા કરવા માટે યજ્ઞોપવીત ધારણ કરવુજ જોઇએ ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ અને આહવનીય એ ત્રણ અગ્નિથી તથા પ્રાતર મધ્યાન્હ, અને સાયકાળ એ ત્રણ સવનથી તથા વિરાટ હિરણ્યગર્ભ અને ઇશ્વરની અથવા તો બ્રહ્મ, વિષ્ણુ, અને મહેશ્વરની ઉપાસનાથી, ઋક્, યજુ અને સામ એ ત્રણ વેદના સ્વાધ્યાયથી સત્વ, રજ, અને તમએ ત્રણ ગુણાને જીતવાથી ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય છે એમ જણાવનારા ત્રણ આટાવાળા ઉપવીતને દ્વિજો ધારણ કરે છે

બ્રાહ્મણે નિચે પ્રમાણે વિધિયુક્ત થયેલુ ઉપવીત વિધિપૂર્વક ધારણ કરવુ યજ્ઞોપવીત માટે સૂત્ર લેવુ તે બ્રાહ્મણોની કુવારીકા, તથા સૌભાગ્યવતી સ્ત્રીએ અથવા વિધવાએ હાથે કાતેલુ લેવુ અનાધ્યાયના દિવસો (પડવો, આઠેમ, ચોદમ, પુર્ણીમા, અમાવાસ્યા) એ વગરના દિવસે પ્રાતકાળે ભોજન કર્યા પહેલા મધ્યાન્હ પહેલા હાથપગ ધોઇ શુદ્ધ થઈ પુર્વાભિ મુખે અગર ઉત્તરાભિ મુખે બેસી ડાબા હાથની પાસે રાખેલી ચાર આગળીઓના મુળમા છન્નુ આટા વિંટિ પછી સુત્રને ત્રેવડુ કરવુ પછી તેને ઉર્ધ્વવૃત્ત (ડાબા હાથ ભણી વળી જાય એમ) વણી પુન તેને ત્રેવડુ કરીને અધોવૃત (જમણી ભણી વળ જાય એમ) વણવુ એ રિતે નવ સૂત્ર થાય છે પછી તે નવસૂત્રતે ત્રણવાર પ્રદક્ષિણ વર્તન રિતે વીટી પાકી ગાઠ આપવી પછી યજ્ઞોપવીતમા નવ દેવતાનુ આવાહન નિચે પ્રમાણે કરી ધારણ કરવુ

प्रथमततौ ॐकारआवाह्यामि–પહેલા તતુમા ૐકારનુ આવાહન કરવુ
द्वितीयततौ अग्निआयाह्यामि–બીજા તતુમા અગ્નિનુ આવાહન કરવુ
तृतीयततौ नागानआवाह्यामि–ત્રીજા તતુમા નાગોનુ આવાહન કરવુ
चतुर्थततौ सोम आवाह्यामि–ચોથા તતુમા સોમનુ આવાહન કરવુ
पचमततौ पितृन् आवाह्यामि–પાચમા તતુમા પિતૃનુ આવાહન કરવુ
षष्टततौ प्रजापति आवाह्यामि–છઠ્ઠા તતુમા પ્રજાપતિનુ આવાહન કરવુ
सप्तमनतौ वायु आवाह्यामि–સાતમા તતુમા વાયુનુ આવાહન કરવુ
अष्टमततौ सूर्य आवाह्यामि–આઠમા તતુમા સૂર્યનુ આવાહન કરવુ
नवमततौ विश्वान्देवान् आवाह्यामि–નવમા તતુમા વિશ્વાદેવાન્ દેવોનુ આવાહન કરવુ

सूत्रेषु ब्रह्माण आवाहयामि–સૂત્રને વિષે બ્રહ્માનું આવાહન કરવું
त्रिगुणिकृतेषु विष्णुं आवाहयामि–ત્રેવડા સૂત્રને વિષે વિષ્ણુનું આવાહન કરવું.

ग्रंथिमध्ये रुद्रं आवाहयामि–ગાંઠના મધ્યભાગમાં રૂદ્રનું આવાહન કરવું

પછી બન્ને હાથના અંગુઠા તર્જની તથા મધ્યમા કનિષ્ઠિકા વચ્ચે જનોઈ રાખી બન્ને હાથ ઉંચા કરી ॐ **तच्चक्षुर्देवहितंपुरस्तात्छुक्रमुच्चरत् ॥ पश्येमशरदः शतंजीवेमशरदः शतं श्रृणुयामशरदः प्रब्रवामशरदः शतमदीनाः स्यामशरदः शतंभूयश्चशरदः शतात्॥**

એ મંત્ર ભણી જનોઈ સૂર્યને દેખાડવું પછી નીચેનો મંત્ર ભણી ધારણ કરવું

ॐ **यज्ञोपवितंपरमंपवित्रं प्रजापतेर्यत्सहजंपुरस्तात् आयुष्यमग्र्यंप्रतिमुञ्चशुभ्रं यज्ञोपवीतं बलमस्तु तेजः ॥ ॐ यज्ञोपवीतमसियज्ञस्यत्वा यज्ञोपवीतेनोपनह्यामि ॥**

અર્થ—જે યજ્ઞોપવીત પ્રજાપતિની સાથેજ ઉત્પન્ન થએલું પવિત્ર શુદ્ધ જે યજ્ઞોપવીત તે મને પહેરવાથી આયુષ્યને આપો તે યજ્ઞોપવીત બળ અને તેજવાળું થાઓ એ યજ્ઞોપવીતે કરીને હું યજ્ઞમાં પ્રેરાઉં એવું એ યજ્ઞોપવીત છે

એ રીતે ઉપરનો મંત્ર ભણી ઉપવીત ધારણ કરવું બન્નો હાથ ઉંચા કરી ડાબા ખભા ઉપર ધારણ કરવું કદાપિ યંત્રમાં સિદ્ધ થએલ સુત્રથી યજ્ઞોપવીત કરવાની આવશ્યક્તા પડે તો પ્રથમ દશ ગાયત્રી મંત્રવડે જળને અભિમંત્રણ કરી તે જળવડે સૂત્રને પ્રોક્ષણ કરી યજ્ઞોપવીત બનાવવું કદાચિત્ ઉપવીત તૈયાર થયું હોય તોપણ દશ ગાયત્રીએ જળને અભિમંત્રણ કરી પ્રત્યેક યજ્ઞોપવીતને દશ દશ ગાયત્રી મંત્રથી અભિમંત્રણ કરી ધારણ કરવું કર્મકાળે સ્તનથી ઉપર અને નાભિની નીચે યજ્ઞોપવીત ધારણ કરવું નહીં બીજાએ પાડેલું તુટેલું અને નાભિથી નીચે ઉતરેલું અને ભોજન કર્યા પછી બનાવેલું એવું જે યજ્ઞોપવીત તેનો ત્યાગ કરી નવું પહેરવું બળેવ એટલે શ્રાવણ સુદિ પુર્ણીમાને દિવસે પ્રત્યેક દ્વિજે શાસ્ત્ર વિધાન કરેલું કર્મકરીને નવિન યજ્ઞોપવીત ધારણ કરવું જોઇએ ડાબા ખભા ઉપર ધારણ કરવું તે 'ઉપવીત" અને જમણા ખભા ઉપર ધારણ કરેલું તે "પ્રાચિનાવિત" અને કંઠમાં માળાની પેઠે ધારણ કરેલું યજ્ઞોપવીત 'નિવિત" કહેવાય છે ચિતાના કાષ્ટ, ચિતાનો ધુમાડો, ચંડાળ, શબ, રજસ્વલાઅને સુતિકા

સ્ત્રી એમનો સ્પર્શ થાય તો વસ્ત્ર સહીત સ્નાન કરી તે યજ્ઞોપવીત ત્યાગ કરી વિધિપુર્વક બીજુ ધારણ કરવુ યજ્ઞોપવીતને નિવિત કરી તેને કાન ઉપર વિટયા વિના મળમૂત્રનો ત્યાગ કરવામા આવે તો તે જનોઇ ત્યાગ કરી અન્ય ધારણ કરવુ કદાપિ પ્રમાદથી જતુ રહ્યુ હોય તો મોન રાખી મત્રરહિત યજ્ઞોપવીત ધારણ કરવુ બ્રહ્મચારીએ એક જનોઈ ધારણ કરવુ ગૃહસ્થે બે કે તેથી વધારે પહેરવા અભ્યગસ્નાન, સમુદ્રસ્નાન અને માતાપિતાના સાવત્સરિકના દિવસે કંઠેથી યજ્ઞોપવીત કાઢી તેનુ પ્રક્ષાલન કરવુ કદાચિત્ જનોઇનો નાશ થયો હોય અને તે નજર મળ્યુ હોય તો વસ્ત્ર અથવા [illegible] હોય તો દર્ભની બનાવેલી દોરી જનોઇની પેઠે કરી ને ઉપવીત પહેરતા સુધી ધારણ કરવી પરતુ તે દોરી ત્રેવડાની જરૂર નથી

યજ્ઞોપવીતનુ બીજુ નામ બ્રહ્મસૂત્ર છે એ બ્રહ્મસૂત્ર જેણે ધારણ કરેલ છે તેજ બ્રહ્મ (વ[illegible] ના પરમાત્માને) જાણવાને અધિકારી થાય છે એમ શિષ્ટજનોની માન્યતા છે પ્રત્યેક માણસનુ સ્થૂલશરીર બહુધા પેત પોતાના છન્નુ આડા આગળની ઉચાઇનુ હોય છે, એમા રહેલા આત્માના ચાર પાદ (માડુક્યોપનિષદમા) છે એમ બતાવવાને ચાર આગળા ઉપર છન્નુવાર સૂત્રનિટી જનોઇ બનાવવામા આવે છે પ્રથમના સૂત્રને ત્રેવડુ કરવાથી ત્રણ ગુણોવડે પિડ બ્રહ્માડની સ્થિતિ છે એમ સુચવ્યુ પુન ઉર્ધ્વ વળ આપવાથી અને ત્રેવડુ કરી અધો વળઆપવાથી એમ સુચવ્યુ કે જેમા સત્વગુણ પ્રધાન છે એવા ત્રણ ગુણો દેહની અધોગતિ કરનાર છે પછી તે પ્રકૃતિ બંધમાળમાથી છુટવાનો ઉપાય માત્ર "ત્રિપદા" ત્રણપાદ વાળી ગાયત્રી કે વેદત્રયી (ઋગ, યજુ, શામ)જ છે એમ બતાવવા તેને ત્રેવડુ કરવામા આવે છે ગ્રથીમા પ્રવર નાખી એમ સુચવે છે કે પૂર્વે હમારા ગોત્રમા આટલા ઋષિઓએ બ્રહ્મ (વેદ)નુ દર્શન કર્યુ હતુ આવી રીતે નિમાણ પ્રકરણમા બહુ ગુપ્ત સકેત છે

अयन्तुपरमोधर्मयद्योगेनात्मदर्शनम् (યોગવડે આત્મ બ્રહ્મ દર્શન કરવુ એજ પરમ ધર્મ છે) એમ જે મહામુનિ યાજ્ઞવલ્ક્ય ભગવાન્ પોતાની સ્મૃતિમા કહે છે તે પરમધર્મની પ્રાપ્તિને માટેજ બ્રહ્મવિદ્યાના સિદ્ધાતના સકેતરૂપ આ બ્રહ્મસૂત્ર અધિકારીને પ્રાવેશિક દિક્ષા આપી આચાર્ય પહેરાવે છે અને ગાયત્રી જપ તથા પ્રાણાયામાદિકથી બાધે છે

સુતકની સમાપ્તિએ ગ્રહણની સમાપ્તિએ ચાર માસે અથવા અકસ્માત્ તુટી જાય ત્યારે જીર્ણ યજ્ઞોપવીતનો ત્યાગ કરી નૂતન યજ્ઞોપવીત ધારણ કરવુ ઉપનયન સસ્કાર સમાપ્ત થયો

પ્રકરણ ૧૨ મું.

॥ अथवेदारंभ संस्कारः ॥

વેદારંભ-ગાયત્રી મંત્રથી લઇ વ્યાકરણ વિગેરે વેદાંગ સુધિ સર્વ શાસ્ત્રો ભણવાને જે નિયમ ધારણ કરવા તેનું નામ વેદારંભ સંસ્કાર છે. એ વિષે આશ્વલાયન ગૃહ્યસૂત્રનું પ્રમાણ

मंत्रेणहैके अग्नयेसमिधमाहार्षंबृहतेजातवेदसे यथात्वमग्ने
समिधासमिध्यसएवमहमायुषामेधयावर्चसाप्रजयापशुभिर्ब्रह्मवर्चसेन

मत्रेणहैके अग्नयेसमिं'रमहार्षंबृहतजातवदसे यथात्वमग्नि-
वर्द्धस्वसमिधाब्रह्मणावय स्वाहेति ॥१॥ ससमिव माधायाग्नि
मुपस्पृश्य मुखनिर्माष्टि त्रि' तेजसा मासमनज्मीति ॥ २ ॥
तेजसा ह्यात्मान समनक्तीतिविज्ञायते ॥३॥ मयिमेधामयि-
प्रजामय्यमग्निस्तेजोदधातु० ॥ ४ ॥ तस्यवाससा पाणिभ्याञ्च-
पाणीसगृह्य साबित्रीमन्वाह पच्छोऽर्द्धर्चशः ॥ ५ ॥ यथाशक्ति-
वाचयीत् ॥६॥ हृदयदेशेऽस्योर्ध्वांगुली पाणिमुपदधातिममव्रते
हृदयन्तेदधामि ममचित्तमनुचित्ततेअस्तु । ममवाचमेकव्रतो-
जुषस्वबृहस्पतिष्ट्वा नियुनक्तुमह्यमिति ॥ ७ ॥

અથ-કોઇ ઋષિ વેદારંભની આહુતિ મંત્ર વગર કરે છે અને કોઇ અગ્નયે સમિધં૦ એ મંત્ર વડે સમિદાધાન કરે છે જ્ઞાન સ્વરૂપ સર્વથી શ્રેષ્ઠ જે વડે જગત ઉત્પન થયુ છે, અથવા જે જગતમાં વ્યાપ્ત થઇ રહ્યો છે તે પરમાત્માજ માટે હું સમિધનો હોમ કરૂં છું તેથી હે પરમાત્મા જે સમિધથી આ અગ્નિ પ્રદિપ્ત થયો છે તેમ વિદ્યાથી આ અમારા આત્માને જ્ઞાનથી વધારો, તે વિદ્યાથી અમે જ્ઞાન-વાન થઇએ ૧ આ પ્રમાણે અગ્નિમાં પ્રથમ સમિદાધાન કરીને જળથી મુખનો સ્પર્શ કરવો હે પરમાત્મા વિદ્યારૂપિ જે તેજ તેથી અમને પ્રકાશિત કરો ૨ એ પ્રકારે ઇશ્વરની પ્રાર્થનાથી આત્માને વિદ્યારૂપિ તેજથી પ્રકાશિત કરાવો ૩ અગ્નિ જે જ્ઞાનરૂપ ઇશ્વર તે મારામાં જલદી વિદ્યા ગ્રહણ કરવાવાળી બુદ્ધિ આપે તથા વિદ્યારૂપ તેજ મારામાં આપે તેમજ ઇન્દ્ર જે પરમૈશ્વર્ય યુક્ત પરમાત્મા તે મારામાં પહેલા કહ્યા પ્રમાણે મેધાદિ તથા ઇન્દ્રીય (સર્વોત્તમ) ગુણ મારામાં આપો તેમજ સચરાચર આત્મા જે સૂર્ય છે, ભ્રાજ (પ્રકાશ) મારામાં સ્થિર કરે, હે અગ્નિ પરમાત્મા આપનુ જે તેજ તે વડે હું તેજસ્વી થાઉં તથા આપનુ જે વર્ચ=વિદ્યા. તે વડે હું વિદ્વાન થાઉં હે અગ્નિ ઇશ્વર આપજે સર્વ

રસ આકર્ષો છો, તેજ પ્રમાણે તે હુ પણ વિદ્યારૂપિ સર્વરસ ખેંચી લઇ આનંદિત્ થાઉ એ પ્રમાણે પરમાત્માનુ ઉપસ્થાન કરીને જમીન ઉપર જાગ રાખી આચાર્યને કહેવુ કે મને ગાયત્રી મંત્રનો ઉપદેશ કરો

मेरुमहेन्द्रो मलयानलेन्द्र श्रीशैलविंध्याद्रि नगाप्रशस्ता ।
तुषारशैला खलु वर्धमानो बटोर्धनायु सुख कीर्ति विद्या ॥१॥

ભાવાર્થ–મેરૂ, મહેન્દ્ર, મલય, અનિલ, ઇન્દ્ર શ્રીશૈલ, વિંધ્યાદ્રિ ઇત્યાદિ ઉંચા શિખરો અને જળના પ્રવાહ યુક્ત પર્વતો આ બટુકના ધન આયુષ્ય સુખ કીર્તિ અને વિદ્યાની વૃદ્ધિ કરો ૧

इन्द्रोनलो दण्ड धरोथरक्ष जलेश्वरोवायु कुबेर रुद्र ।
व्योमधरा सृक् त्रिदसृक्च पर्वता बटोर्धनायु सुखकीर्तिविद्या ॥२॥

ભાવાર્થ–ઇન્દ્ર, અનલ, યમ, રક્ષ, જળેશ્વર (વરૂણ) વાયુ કુબેર, રૂદ્ર, આકાશ, ધરા (પૃથ્વી) તારામંડળઇત્યાદિ સર્વેનોસહિત, બધા બટુકના ધન આયુષ્ય, સુખ કીર્તિ અને વિદ્યાની વૃદ્ધિ કરો ૨

अगस्त्यबभ्रुकुशकश्यपाद्या भृगोभरद्वाज भगीरथाद्या ।
भुदेवशिद्धा भुविभूरिभार्गा बटोर्धनायु सुखकीर्तिविद्या ॥ ३ ॥

ભાવાર્થ–અગસ્ત્ય, બભ્રુ કુશ કશ્યપ ભૃગુ ભરદ્વાજ, ભગિરથાદિ પૃથ્વિના પ્રસિદ્ધ ભૂદેવો, (રાજાઓ) આ બટુકના ધન આયુષ્ય સુખકીર્તિ અને વિદ્યાની વૃદ્ધિ કરો

गंगाकलिंगायमुनाच्च नर्मदातुंगाच्च भद्राचसितात्रिवेणी ।
पातालगंगाश्च समस्तनद्यो बटोर्धनायु सुखकीर्तिविद्या ॥ ४॥

ભાવાર્થ–ગંગા, કલિંગા, યમુના, નર્મદા, તુંગા, ભદ્રા, અસિતા, ત્રિવેણી પાતાળગંગા, ઇત્યાદિ સમસ્ત નદીઓ આ બટુકના ધન આયુષ્ય સુખ કીર્તિ અને વિદ્યાની વૃદ્ધિ કરો ૪

हरिप्रिया हैमवतिचपुण दुर्गाविशाला त्रिपुराचबाला ।
गात्रश्रीऋध्य त्वयमत्यभामो बटोर्धनायु सुखकीर्तिविद्या ॥ ५ ॥

ભાવાર્થ–હરિપ્રિયા (લક્ષ્મી) હેમવતી (પાર્વતી) દુર્ગા, વિશાલા, ત્રિપુરા, બાળા, ગાયત્રી, ઋદ્ધિ અને સત્યભામાદિ દેવીઓ આ બટુકના ધન આયુષ્ય સુખ કીર્તિ અને વિદ્યાની વૃદ્ધિ કરો. ૫.

हरिद्रशंखदधितांबुलाद्या गुल्लारपद्माकरपद्मबुध्या ।
रम्यमनो मिष्टकरचकूर्म बटोर्धनायु सुखकीर्तिविद्या ॥ ६ ॥

ભાવાર્થ–હરિદ્ર, શંખ, દધિ, તામ્બુલ, ગુલ્લાર, પદ્માકર, અને કૂર્માદિ અત્યન્તમિષ્ટ અને મનને આનંદ આપનારા સરોવરો આ બટુકના ધન આયુષ્ય સુખ કીર્તિ અને વિદ્યાની વૃદ્ધિ કરો ૬

शागपुराणश्रुतिशास्त्रतर्क व्याकर्णमंत्राखलुज्योतिषाश्च ।
गांधर्वनृत्यादि समस्तविद्या बटोर्धनायु सुखकीर्तिविद्या ॥ ७ ॥

સાંગ (અંગસહિત પુરાણો) શ્રુતિ, શાસ્ત્ર, તર્ક, વ્યાકણુ, મંત્રો, જ્યોતિષ, ગાંધર્વ, નૃત્ય ઇત્યાદિ સમસ્ત વિદ્યા આ બટુકના ધન આયુષ્ય સુખ, કીર્તિ અને વિદ્યાની વૃદ્ધિ કરો ૭

वगाहलन्तु किलशिद्धसेन श्रीदेवलक्ष्मीपतियोग्यनाथा ।
एतेस्समस्ता ऋषिसन्निधाश्च बटोर्धनायु सुखकीर्तिविद्या ॥८॥

ભાવાર્થ–વગાહ લંતુ કિલ, શિદ્ધશેન, શ્રીદેવ, લક્ષ્મીપતિયોગ્યનાથા એટલે લક્ષ્મીના પતિની ઉપાસના કરનારા એવા સમર્થ ઋષિઓ સન્નિધમાં રહી આ બટુકના ધન આયુષ્ય સુખ, કીર્તિ અને વિદ્યાની વૃદ્ધિ કરો ૮

हरिर्गिरीश कमलाशनश्च गणाधिपस्कन्दमहेन्द्ररुद्रा ।
श्रीभास्कराद्या प्रमुखाग्रहाश्च बटोर्धनायु सुखकीर्तिविद्या ॥ ९ ॥

ભાવાર્થ–હરિ, (વિષ્ણુ) ગિરિશ (શંકર) કમળાશન (બ્રહ્મા) ગણાધિપ (ગણપતિ) ષડાનન (કાર્તિક સ્વામી) મહેન્દ્ર (ઇન્દ્ર) દુર્ગા, સૂર્યાદિ સમસ્ત ગ્રહો આ બટુકના ધન આયુષ્ય, સુખ, કીર્તિ અને વિદ્યાની વૃદ્ધિ કરો ૯

આ પ્રમાણે પ્રત્યેક શ્લોકના અન્તમાં 'શુભલગ્ન સાવધાન' સારા શુભ લગ્નથી સાવધ રહો "આચાર્ય સાવધાન" આચાર્ય સાવધ રહો "દંડ કમંડળ સાવધાન' દંડ કમંડળનું રક્ષણ કરો, "ગુરૂ શિષ્ય સાવધાન" ગુરૂ શિષ્ય ઉભય સાવધ રહો 'અજીન મેખલા સાવધાન" અજીન મેખલાથી સાવધ રહો, 'વન્હિ સ્થાપન સાવધાન" અગ્નિથી સાવધ રહો, આ પ્રમાણે બધી વસ્તુઓથી સાવધ રહી શ્લોકનાઅન્તમાં જે કાળે મંત્રોપદેશનું મુહૂર્ત હોય તે સમયે ગુરૂએ આચાર્યે અગર પિતાએ બટુકને મંત્રોપદેશ કરવો.

ગાયત્ર્યોપદેશ:

ॐ भू: र्भुव: स्व: ॐ तत्स ।

ઑંકાર–ત્રણ વ્યાહ્રુતિ તથા સાવિત્રી એ જે ત્રણ તેનો ઉચ્ચાર કરવો પછી કુમારને પશ્ચિમાભિમુખે બેસાડી આચાર્યે પૂર્વાભિમુખે બેસી માથા ઉપર વસ્ત્ર ઢાંકી આચાર્યની સન્મુખ દૃષ્ટી રાખી આચાર્યે કુમારનો જમણો હસ્ત ગૃહણ કરી આ મંત્રનો ઉપદેશ પિતાએ અથવા આચાર્યે નિચે પ્રમાણે ઉપદેશ કરવો

પહેલીવાર–ॐ भू: र्भुव: स्व: ॐ तत्स वितुर्वरेण्य ।

બીજીવાર–ॐ भु: र्भूव: स्व: ॐ तत्स वितुर्वरेण्य । भर्गो देवस्यधीमहि ।

ત્રીજીવાર–ॐ भू: र्भुव: स्व: ॐ तत्सवितुर्वरेण्य भर्गोदेवस्यधीमहि धियोयोन प्रचोदयात् ॥

એ પ્રમાણે ઉપદેશ કરી તેનો અર્થ પણ નીચે પ્રમાણે સંભળાવવો ઓમ્ જે સર્વ શક્તિમાન નિરાકાર, અજન્મા, સર્વ વ્યાપક, સર્વનો કર્તા, ન્યાય, કૃપાળુ, સચ્ચુખદ, અનાદિઅનંત, ત્રિવિધરી ત્રણે લોકને આનંદ આપવાવાળો સર્વ જગતને પેદા કરવાવાળો દેવ પ્રકાશક ઇત્યાદિ વિશેષણ યુક્ત જે પરમાત્મા સવિતા, વરેણ્ય (અતિશ્રેષ્ઠ) ભર્ગ=તેજ એટલે શુદ્ધ વિજ્ઞાન સ્વરૂપ તે અમે ધારણ કરીએ છીએ, કેમકે તે અમારો ઇષ્ટ દેવ અમારી બુદ્ધિને (ધર્મ, અર્થ કામ અને મોક્ષમા) પ્રેરે છે, અર્થાત્ જે અમારી બુદ્ધિને એ ચાર પુરુષાર્થોમા યથાયોગ્ય વિજય મેળવી શકાય એવુ સામર્થ આપે છે માટે એવી જે ત્રિપાદ, ગાયત્રી, ગાય+ત્રી ત્રણ કાળ ગાનાર (યથાવિધિ જપ કરનાર) ને પાપ થકી મુક્ત કરનાર છે માટે ગાયત્રી કહેવાય છે પ જેટલુ બાળકનુ સામર્થ્ય તેટલુ બાળકને સંભળાવવુ તે પછી બાળકના હૃદય ઉપર આચાર્યે હસ્ત મુકી (મમવ્રતે૦) ઇતિ મંત્રાર્થ કહેવુ કે હે શિષ્ય બ્રહ્મચારી મારા વ્રતશિળ સ્વભાવને અનુકુળ તારુ હૃદય હુ કરૂ છુ મારા ચિત્તને અનુકુળ તારુ ચિત્ત થાઓ મારી વાણીને તુ એકાગ્ર ચિત્તથી શ્રવણ કર તથા તે ઉપર પ્રિતિ કર હુ પણ તારી પર પ્રીતિ કરીશ બ્રહસ્પતિ=સર્વથી શ્રેષ્ઠ જે પરમાત્મા તે તને મને સોંપી કહે છે કે તારામા મારી વિદ્યાનુ આરોપણ હુ કરૂ. ૭ આશ્વાલન ગૃહ્યસુત્રમા લખે છે કે

मेखलामावध्यदण्डप्रदाय ब्रह्मचर्यमादिशेत् ॥ १ ॥ ब्रह्मचार्यस्यपोशानकर्मकुरु दिवामास्वाप्सीराचार्याधीनोवेदम धीष्वेति ॥२॥ द्वादश वर्षाणि वेदब्रह्मचर्यम् ॥३॥ गृहाणान्तवा ॥४॥ सायंप्रातर्भिक्षेत ॥५॥ सायंप्रातः समिधमादध्यात् ॥६॥ अप्रत्याख्यायिनमग्रेभिक्षेत् अप्रत्याख्यायिनीवा ॥७॥ भवान् भिक्षान्ददातु अनुप्रवचनायमितिवा ॥८॥ तदाचार्यवेदयति तिष्ठदह शेषम् ॥ ९ ॥ अस्तमिते ब्रह्मौदनमनुप्रवचनीय श्रपयित्वाऽऽचार्यंवेदयीत ॥१०॥ आचार्य समन्वारब्धेजुहुयात सदसस्पतिमद्भुत मिति । ११ ॥ सावित्र्याद्वितीयम् ॥ १२ ॥ अद्यत् किञ्चातऊर्ध्वमनूक्तस्यात् ॥१३॥ ऋषिभ्यस्तृतीयम् ॥१४॥ स्विष्टकृतचतुर्थम् ॥१५॥

અથ—મેખલા બાંધીને દંડ આપવો અને બ્રહ્મચર્યાશ્રમનો ઉપદેશ કરવો. ૧ હે બ્રહ્મચારી તું બ્રહ્મનું પાલન કરનાર છે, ગૃહણ કર દિવસે સોવેમત-આચાર્યને તું શરણ ધારણ કરી વેદાધ્યયન કર. ૨ પ્રત્યેક વેદનું અધ્યયન કરવાને દરેક વેદ વિભાગ બાર વર્ષ 'પ્રતિવેદ' બ્રહ્મચર્યનું પાલન કર. એટલે અડતાળીશ વર્ષ સુધી બ્રહ્મચર્ય ધારણ કરી સાંગોપાંગ વેદાધ્યયન કર. ૩ જ્યાંસુધી વિદ્યા સંપૂર્ણ સંપાદન નહીં થાય ત્યાં સુધી તું બ્રહ્મચર્યનું પાલન કરજે. ૪ પ્રાતઃ અને સાયંકાળે ભિક્ષા માગીને ભોજન કરવું. ૫ અને સાયંપ્રાતર સમિદાધાન કરવું સમિધ લાવી બન્નો સમયે હોમ કરવો. પ્રથમ દિવસે એવા પાસે ભિક્ષા માગવી કે ના કહે નહિ, એટલે પોતાની માતા અગર નજીકના સંબંધીઓમાં ભિક્ષા માગવી, કે તે પ્રેમપૂર્વક ભિક્ષા આપે. ૭ ભિક્ષા માગતાં 'ભવાન્ ભિક્ષાં દદાતુ' એ પ્રમાણે વચન બ્રાહ્મણે બોલવું. ક્ષત્રિએ "ભિક્ષાં ભવાન્ દદાતુ" એ પ્રમાણે બોલવું. અને ભિક્ષાં દદાતુ ભવાન્ એવું વાક્ય વૈશ્યે બોલી ભિક્ષા માગવી. અને ભિક્ષા આચાર્યને આપવી. આચાર્યના ભોજન કરતાં વધારો ન હોય તો આખો દિવસ ઉપવાસ કરવો. પછી સાયંકાળે ભિક્ષા માગી લાવીને ખાવું. સાંજના તેમજ પ્રાતઃકાળે પણ આચાર્યે તેમાંથી શિષ્યનો વિભાગ કરી ભોજન કરવું. ૮ ૯ ત્યાર પછી સાયંકાળે પછી "બ્રહ્મૌદન' બ્રાહ્મણને ભોજન માટે ચોખા રાંધીને આચાર્યને નિવેદન કરવું. અને પછી રાંધેલા ચોખાનો

ओ३म् सदसस्पति मद्भुतं प्रियमिन्द्रस्यकाम्यम् । सनिम्मेधामयासिषः स्वाहा ॥ એ મંત્રવડે અગ્નિમાં હોમ કરવો. એટલે

"સદસસ્પતિ" ન્યાયકારી, સભિધોનો સ્વામિ, અદ્ભૂત અપાર સામર્થ્ય વાળો, ઇન્દ્ર જે જીવ તેને અત્યન્ત પ્રિય સર્વ વિદ્વાનોમા "કામનીયશ શનિ" (સર્વ)ને ભજવા યોગ્ય જ્ઞાન સ્વરૂપ પરમાત્માને હુ પ્રાપ્ત થયો છુ કે તેથી શ્રેષ્ઠ બુદ્ધિ પ્રાપ્ત થાય ૧૦–૧૧ એ મત્રવડે એક આહુતિ અગ્નિમા આપવી અને બીજી આહુતિ ॐ तत्सवितुर्व० એ મત્રવડે આપવી ૧૨ જ્યા જ્યા મત્ર ન લખ્યો હોય ત્યા ગાયત્રી મત્રવડે આહુતી આપવી ૧૩ અને ત્રીજી આહુતિ ॐ ऋषिभ्य स्वाहा એ મત્રવડે આહુતિ આપવી ૧૪ અને ચોથી આહુતિ "સ્વિષ્ટકૃત વિધાન' ॐ अग्नये स्वि ष्ट कृतये स्वाहा ॥ એ મત્ર વડે આહુતિ આપવી તે મોન રાખીને આપવી ત્યારબાદ આહુતિ આ ી હોમની સમાપ્તિ કરવી

એ વિષે पारास्कर गृह्यसूत्र प्रमाणम्

प्रदक्षिणमग्निपरीत्योपविशत्य न्वारब्धआज्या हुतिर्हुत्वा प्राशानान्तेथैन९ श८ शास्ति। ब्रह्मचार्यस्यपोशान कर्मकुरु-मादिवासुखुप्थाघाचजन्छामीसमिद्य माधेह्य पोशानेत्यथास्मै सावित्रीमन्वा होत्तरतोग्ने प्रत्य ङ्मुखायो पविष्टायो पशन्नाय समीक्षमाणाय समीक्षानाय दक्षिणतस्तिष्ठत आसीनाय वेके। पच्छोर्ध्वचश सर्वांचतृतीयन महानुवर्तयमवत्सरे सष्मास्ये चतुर्वि८सत्यहे द्वादशाहे षडहे त्र्ययह वासद्य स्तेवा गायत्री ब्राह्मणानुब्रूयादाग्नेयोवैब्राह्मणइतिश्रुते त्रिष्टुभ८ राजन्यस्य जगती वेशष्यसर्वषावा गायत्रीमथसमिदाधान ॥४॥ प णिनाग्नि परिसमुह्हति। अग्नेसु श्रव सुश्रव समाकुरु यथात्वमग्नेसुश्रव सुश्रवाअसि। एवमा८ सुश्रव सौश्रव सकुर। यथात्वमग्ने देवानायज्ञस्य निधिपाअसि। एवमह मनुष्याणा वेदस्यनिधियो भूयास। इति ॥ प्रदक्षिणमग्निपर्युक्षोतिष्ठत् समिध मादधाति। अग्नये समिध महाकर्षबृहते जातवेदसे।यथात्वमग्नेसमिधास-मिध्य सए श्महमायुषा मेधया वर्चसा प्रजया पशुभिर्ब्रह्मवर्च सेनसमिधेर्जीवपुत्रोममाचार्योमेधा व्यहमसान्यनिराकरिष्णु र्यसस्वी तेजस्वी ब्रह्मवर्चस्यन्नादोभूयास८ स्वाहा। एवच द्वितीयातृतीया चमेधात इति वासमुच्चयोवा। पूर्व वत्परिसमू-हन पर्युक्षणेपाणिप्रतप्य मुख विमृष्टे। तनूपाअग्नेसितन्वम्मे पाहि। आयुर्दाअग्नेसिआयुर्मे देहि। वर्चोदाअग्नेसिवर्चोमेदेहि।

अग्नेजन्मेतन्वाऊनंतम्मआपृण। मेधाम्मेदेवीसवित आदधातु। मेधाम्मेदेवी सरस्वतीआदधातु। मेधामश्विनौदेवावाधत्तांपुष्कर स्रजौ। अगानिआलभ्यजपति। अगानिचमाप्यायतां। वाक्च आप्यायतां। प्राणश्च आप्यायतां। चक्षुश्च आप्यायतां। श्रोत्रंच आप्यायतां। यशोबलचआप्यायता। ञ्यायुषाणि करोति भस्मनाललाटेइति। अत्रभिक्षाचर्यचरण। भवत्पूर्वां ब्राह्मणोभिक्षेत्॥ भवन्मध्यांऽराजन्यो भवदन्त्यां वैशस्यतिस्रोप्रत्या ख्यायिन्य षड्वा दशापरिमितावामातरप्रथमामेक आचार्याय भैक्षनिवेदयित्वावाग्यतोह्न शेषतिष्ठेदित्येकऽहि सन्नरण्यात्-समिधमाहृत्य तस्मि नग्नौ पूर्ववदाधायवाचविसृजतेध शास्य क्षारालवणाशीष्यादण्डधारणमग्निपरिचरण गुरुशुश्रूषाभिक्षा-चर्यामधुमांस समज्जनोपयाशनस्त्रीगमनानृतादत्तादानानि-वर्जयेदष्टाचत्वारिंशद्वर्षाणिवेदब्रह्मचर्यंचरेद्द्वादश द्वादशवा प्रतिवेद यावद्गृह्णवा आचार्येणाहूतउत्थाय प्रतिशृणुयाच्छ्या-यानचेदासीनआसीनचेत्तिष्ठ स्तिष्ठतचेदभिक्रामन्तवेद भिधाव त्सएवंवर्तमानो मुत्राद्यवसतीतितस्यस्नातयस्यकीर्तिर्भवति। त्रयस्नातकाभवन्ति विद्यास्नातकोव्रतस्नातको विद्याव्रतस्नातको इति। समाप्यवेदसमाप्य। व्रतय समावर्तनेसविद्यास्नातक समाप्यव्रतसमाप्यवेदय समावर्तते। सव्रतस्नातकउभय समाप्यय समावर्तते सविद्याव्रतस्नातकइति। अथो पनीतो-ब्राह्मणस्त्रिरा छिखोजटिलोमुण्डोवा क्षारालवणा शीष्यात्सा-वित्र षडरात्रम्त्रिरात सद्यकालवाचरेत्तदेवव्रतमुदीक्ष्यदण्ड-मप्सोनिधाय मेखलायज्ञोपवीत चाश्वतरितिप्रत्यचनमोवरुणाये-तिम्मिमधुरदत्वा ततोस्याग्नेयप्रथमवेदमतमादिशेत्॥

સક્ષેપ અર્થ—પારાસ્કર સૂત્રમા આટલુ વિશેષ છે કે વેદીની ઉત્તર દિશાએ બેમી ગુરૂ અને શિષ્ય **समजयति** સામા સામી સમાન દૃષ્ટિ રાખી આગળ દર્શાવ્યા પ્રમાણે ત્રિપાદ ગાયત્રીના ત્રણ વિભાગે ગુરૂ શિષ્યને ઉપદેશ કરે અને અગ્ને સુશ્રવાદિ મંત્રો વડે કરીને અગ્નિમા શિષ્ય હોમ કરે ત્યારબાદ સમિદાધાન=અગ્નિને એકત્ર કરી (અગ્નિ વૈબ્રહ્મ) ઇત્યાદિ શતપથ બ્રાહ્મણ પ્રમાણે એનો અર્થ અગ્નિ ઇશ્વર વાચક નામ છે હે અગ્નિ,ઇશ્વર,આપ સવ વ્યાપિ પરમાત્મા સર્વ વાતના શ્રવણ કરવા વાળા છો, તેમજ મને આપ બહુશ્રુત વિદ્યાયુક્ત કૃપા કરો જેમ આપ શ્રવણ કરતાઓમા પણ શ્રવણ કરવાળા છો—તેમજ મને પણ શ્રવણ

કરવાળાઓમાં શ્રવણ કરવાવાળો બહુ શ્રુત કરો જેમ વિદ્વાનોના તથા યજ્ઞના આપ અધિપતિ છો તેમજ મને મનુષ્યોને અને વેદનો નિધિપ=રક્ષણ કરનારો કરો, એવી હુ આપથી આશા રાખુ છુ ત્યારપછી અગ્નિના દક્ષિણ ભાગમા ઉભા રહી બ્રહ્મચારીએ સમિદાધાન કરવુ "અગ્નએ સમિધમાહાર્ષં)" એ મત્રવડે હે પરમાત્મા જેમ ઇધન (લાકડા)થી અગ્નિ પ્રદિપ્ત થાય છે તેમ હુ આપની કૃપાવડે કરીને આયુ=મેધા, બ્રહ્મચર્ય, તેજ, પ્રજા, પશુ તથા બ્રહ્મવિદ્યા ઇત્યાદિક ગુણોથી પ્રકાશિત થાઉ તથા હુ તથા મારા આચાર્ય ચિરાયુ (લાબા આયુષ્યવાળા) પ્રજાવાન, તથા મેધાવી બુદ્ધિશાળી થઇએ અને કદાપિ પણ સત્યનો નિષેધ કરીએ નહિ તથા કીર્તિવાન, તેજસ્વી, વિદ્વાન અને આનન્દાદિનો ભોગ કરનારો હુ થાઉ એ પ્રમાણે ત્રણવાર સમિધનો હોમ અગ્નિમા કરવો પછી તનૂપાઅગ્નેસિ એ મત્રવડે હે અગ્નિ આપ 'તનુપા' શરીર તથા આત્માનુ રક્ષણ કરો આપ વિદ્યા તથા તેજના આપનારા છો, માટે મને વિદ્યા તથા તેજ પ્રાપ્ત કરો, હે અગ્નિ પરમાત્મા મારામા જે ન્યુનતા હોય તે પૂર્ણ કરો હે અગ્નિ મને સદ્બુદ્ધિ આપો, હે અગ્નિ અને પરમેશ્વર મારૂ અગ આપની કૃપાવડે કરીને પરિપૂર્ણ થાઓ તેમજ વાણી, ચક્ષુ શ્રોત્ર, કીર્તિ, વિદ્યા અને બળ એ સઘળા મારામા પરિપૂર્ણ પ્રાપ્ત થાઓ પછી આચાર્યે શિષ્યને નિચે પ્રમાણે ઉપદેશ કરવો અસત્ય ભાષણ કદાપિ કરવુ નહી, તિક્ત (તીખા) પદાર્થ ખાવા નહિ, શય્યા ઉપર શયન કરવુ નહી, દડ ધારણ કરવો, અગ્નિની સેવા કરવી, ગુરુની સેવા કરવી, ભિક્ષા માગીને ખાવુ, આખમા કાજળ આજવુ નહી, પારકા આશન ઉપર બેસવુ નહિ, ગુરુ તથા વડિલોથી ઉચા આસન ઉપર બેશવુ નહી, સ્ત્રીગમન કરવુ નહી, જેનો પ્રતિગ્રહ ન કરવાનો હોય તેનો કરવો નહિ, કોઇના આપ્યા વગર કોઇનુ ઘાસપણ લેવુ નહિ, મદ્ય, માસ ઇત્યાદિકનુ ભક્ષણ કરવુ નહી, કોઇના આપ્યા વગર લેવુ નહિ, એટલા કર્મો બ્રહ્મચારીએ અવશ્ય વર્જ્ય કરવા ત્યારપછી ઉડતાળીશ વર્ષ સુધી બ્રહ્મચર્યનુ પાલન કરવુ ચતુર્વેદ ઋગ, યજુ, શામ, અને અથર્વ એ ચારે વેદનુ બારબાર વર્ષ પર્યન્ત અધ્યયન કરી મધ્યા બ્રહ્મચર્યનુ પાલન કરવુ

અને ગુરુની આજ્ઞાનુ યથાર્થ પાલન કરવુ અને ગુરૂ જ્યારે બોલાવે ત્યારે હાજર રહી ગુરુ કહે તે યથાર્થ શ્રવણ કરવુ કદાચ ગુરુજી ઉભા હોય તો ઉભા રહિને શ્રવણ કરવુ સામે આવતા હોયતો સામા જઇને શ્રવણ કરવુ આ પ્રમાણે જે ગુરૂની આજ્ઞાનુ પાલન કરે છે તે આ

જન્મે તથા પર જન્મે પણ સુખની પ્રાપ્તિ કરે છે જે વેદાધ્યયનરૂપિ સમુદ્રમાં સ્નાન કરે છે તેને સવ તીર્થનુ સ્નાન કર્યા બરાબર છે, અને કીર્તિમાન થાય છે અને ત્રિસ્નાતક થાય છે વિદ્યાસ્નાતક, વ્રતસ્નાતક, વિદ્યાવ્રતસ્નાતક, એ પ્રમાણે ત્રણ પ્રકારના સ્નાતકો હોય છે મંત્ર બ્રાહ્મણાત્મક વેદની પોતાની શાખાનુ અર્થ સહિત અધ્યયન કરીને બાર વર્ષ પહેલા જે સમાવર્તન સસ્કાર કરે છે તે વિદ્યા સ્નાતક કહેવાય છે જે બ્રહ્મચારી બાર ચોવીસ છત્રીસ અથવા અડતાળીસ વર્ષનુ વ્રત યથા વિધિ પાલન કરે છે પણ સપૂર્ણ વેદાધ્યયન કર્યા વિના સમાવર્તન કરે છે તે વ્રત સ્નાતક કહેવાય છે અને જે વિધિ પ્રમાણે વેદ અને વ્રત વિધિ પ્રમાણે સપૂર્ણ પાલન કરી સમાવતન કરે છે તે વિદ્યાવ્રત સ્નાતક કહેવાય છે બ્રહ્મચર્યાશ્રમ પુરો કરે પરતુ વિદ્યા પુરી ન કરે તો તે મનુષ્ય પશુ શમાન જાણવો.

गोभिल गृह्यसूत्रे —

आचार्याधीनोभवान्यत्राधर्मचरणात् ॥ १५ ॥ क्रोधानृने वर्ज्जय ॥ मैथुनम् ॥ उपरिशय्याम ॥ कौशिलवगन्धांजनानि ॥ स्नानम ॥ आलेखनदंतपश्चालन पादप्रक्षालनानि ॥ क्षुरकृत्यम ॥ मधुमाँसे ॥ गोयुक्तारोहणम् ॥ अन्तर्ग्रामउपानहोधारणम ॥ स्वयमिन्द्रियमोचनामिति ॥ मेखलाधारणभैक्ष्यचैर्यधण्डधारणा॥ समिदाधानोदकोपस्पर्शनप्रातरभिवादाइत्येतेनित्यधर्मा ॥ प्र० ३ कं० ७ अथापिरोरुकिब्राह्मणभवति प्र० ३ कं० २ कुमारन् हमस्मवैमातर प्राययमानाआहु ॥ शक्वरिणांपुत्रकावत पारयिष्णवोभवतेति ॥

અથ—હે શિષ્ય તુ આચાર્યને સરણથા પણ આચાર્ય જે અધર્માચરણ કરે તે તુ કરીશ નહી ક્રોધ, મિથ્યા ભાષણ, ગુરૂ કરતા ઉંચે આશને તથા શય્યા ઉપર સુવુ, કોદાળીવતી ભુમિ ખોદવી, હાથપગ બહુ ધોવા, સુગધિ પદાર્થ ગ્રહણ કરવો, આખમા અજન કરવુ, ઘણુ ઉષ્ણોદકે સ્નાન કરવુ હાથે અથવા નખે પૃથ્વિનુ ખનન કરવુ, હજામત ટાપટીપથી કરાવવી, મદ્ય, માસનુ સેવન, ગાડીઘોડે બેસવુ, ગ્રામમા જોડા પહેરવા, સ્વહસ્તે વીર્યસ્રાવ કરવો એવા દુષ્ટ કર્મોથી હે શિષ્ય તુ દુર રહેજે મેખલા તથા દડને ધારણ કર જે ભિક્ષાચર્ય=ભિક્ષા માગીને ખાવુ સમિદાધાન–સમિધ લાવીને અગ્નિમા હોમ કરવો નિત્ય સ્નાન, ગુરૂ, આચાર્ય, માતાપિતા, ચદ્રસૂર્ય, અતિથિ તથા ઇષ્ટદેવને પ્રતિદિન નમસ્કાર કરવા, આ પ્રમાણે બ્રહ્મચારીનો નિત્ય ધર્મ છે, અને જે

જયારથી બાળક દુધ પિએ છે, તે વખતથી બાળકને આ ઉપદેશ કરે છે કે હે બાળકમા પણ અલ્પ બાળક, તુ વિદ્યા ભણવા તથા વીર્યનુ રક્ષણુ કરવા તથા બ્રહ્મચર્યનુ પાલન કરવા તત્પર રહેજે એને શકુનીકા વ્રત કહે છે અને જો એ બે વાત નહી કરશે તો સદાકાળ નષ્ટ થઇ દુઃખરૂપિ સાગરમા ડુબ્યા કરશે.

यजुर्वेदना अ० १

ॐअग्ने व्रतपते व्रतञ्चरिष्यामि तच्छकेयन्तन्मेराध्यताम्।
इदमहमनृतात्सत्यमुपैमि ॥५॥

હે વ્રતપતે સમસ્ત ક્રિયાના અધિપતિ જે સત્ય ઉપદેશના કર્તા ઇશ્વરથી વ્યાપ્ત હે અગ્નિ આપની આજ્ઞાએ કરીને બ્રહ્મચર્યરૂપિ વ્રતને હુ ગ્રહણુ કરૂ છુ તે કાર્ય કરવાથી આપની કૃપાવડે તે વ્રત સંપૂર્ણ થવાને હુ સમર્થ થઇશ અને મારૂ કાર્ય નિર્વિઘ્નપણે સિદ્ધ થાઓ

सामवेदे ब्राह्मणे मन्त्रा प्र० पा० १ खं० ३

अग्नेव्रतपतेव्रतञ्चरिष्यामि तत्तेप्रब्रवीमितच्छकेयतेनर्ध्यासमिदमहमनृतात्सत्यमुपैमिस्वाहा ॥ वायोव्रतपतेव्रतञ्चरिष्यामि तत्ते प्र० ॥ सूर्यव्रतपतेव्रतञ्चरिष्यामितत्ते० ॥ चन्द्रव्रतपते व्रतञ्चरिष्यामितत्ते० ॥ व्रतानाव्रतपतेव्रत चरिष्यामितत्ते० ॥

અર્થ—હે અગ્નિ, વાયુ, સૂર્ય, ચંદ્ર અને વ્રતોના અધિપતિઓ સર્વ પરમેશ્વર નામક આપની આજ્ઞાએ કરીને હુ બ્રહ્મચર્યવ્રતનુ પાલન કરૂ છુ તે આપનિ કૃપાવડે કરીને વ્રત સંપૂર્ણ કરવાને હુ સમર્થ થઇશ

अथर्ववेद मन्त्रा अ० ३ प्र० १४ कां ११

ब्रह्मचारीष्णंश्चरतिरोदसीउभेतस्मिन्देवा समनसोभवन्ति सदाधारपृथिवींदिवंचसआचार्यंतपसा तपति ॥ १ ॥ ब्रह्मचारिण पितरोदेवजना पृथग्देवाअनुसंयन्तिसर्वे ॥ गंधर्वा एन मन्वाय त्रयस्त्रिंश त्रिशता षट्सहस्रा ॥ सर्वान्स देवा स्तवसातपति ॥२॥ आचार्यउपनयन मानो ब्रह्मचारिण कृणुते गर्भमन्त त रात्री स्तिस्र उदरेबिभर्ति तजात द्रष्टुमभि सयन्तिदेवा ॥३॥ इयसमित्पृथिवीद्यौ र्द्वितीयोतान्तरिक्ष समिधापृणाति ॥ ब्रह्मचारीसमिधामेखलयाश्रमेण लोकास्तपसा तपति ॥ ४ ॥ पूर्वो जातो ब्राह्मणोब्रह्मचारीधर्मवसानस्तपसोदतिष्ठत् ॥ तस्माज्जात ब्राह्मणब्रह्मज्येष्ठदेवाश्च सर्वेअमृतेनसाकम ॥ ५ ॥ ब्रह्मचार्येति-समिधासमिद्ध कार्ण वसानो दीक्षितो दीर्घश्मश्रु समद्यएति पूर्वस्मादुत्तर समुद्रं लोकान्त्संगृभ्य मुहुराचरिक्रत् ॥ ६ ॥

અથ—બ્રહ્મચારી બ્રહ્મચર્ય વ્રતથી જ્યારે વેદ ભણે ત્યારે તે પૃથ્વી તથા આકાશ એઓની વચમા જે જે તેને જાણવા જેવુ હોય તે તે ત્યા ફર્યા વગર જાણી શકે કે બીજો કોઇ જાણતો નથી તથા પરમેશ્વરને પણ આકાશાદિ બરોબર વ્યાપક જાણે છે બીજો કોઇ જાણતો નથી તે બ્રહ્મચારીપર દેવ=વિદ્વાન સર્વે પ્રીતિ કરે છે પૃથ્વી, આકાશ, બ્રહ્મચારી તથા આચાર્યોનુ તપ એટલે જ્ઞાન પરમાત્મા ધારણ છે, તથા તેઓનુ પાલન પણ કરે છે જ્યારે મનુષ્ય બ્રહ્મચર્યાશ્રમ ચલાવે છે, ત્યારે ઇન્દ્રિય વિદ્વાન થતા જ્ઞાનિ સવને અનુકુળ રહે છે તથા ગાયન વિદ્યાવાળા ગધર્વો, પૃથિવ્યાદિકથી તનાત્મક હોવાથી દેવ ૩૦૦ તથા ૬૦૦૦ એટલે શરીરમાની સર્વ નાડીઓ તથા ધાતુઓ યુક્ત વ્યવહારથી પાલન કરે છે આચાર્ય જ્યારે શિષ્યને બ્રહ્મચારી જાણી પોતાના અતરાત્મા પ્રમાણે જાણે છે ત્યારે ત્રણ રાત્રિ પોતાના ઉદરમા એટલે પૂર્વોક્તિવ્રતમા સ્થિર કરે છે જ્યારે બ્રહ્મચારી વિદ્યા સપાદન કરી બીજો જન્મ પામે (જ્ઞાન પામે) ત્યારે દેવતાઓ એટલે વિદ્વાન લોકો તેને પ્રશ્ન પુછવાને આવે છે વિદ્યા સપાદન કરવાથી તે પુજ્ય થાય છે

જેમ પૃથ્વી આકાશ અને અતરિક્ષ, (આકાશ) એ ત્રણે સમિધ જેવા છે અને સમિધો થકી વૃષ્ટિ દ્વારાએ ત્રણે તૃપ્ત થાય છે તેમજ તે અજીન મેખલા, દડાદિ ચિન્હે યુક્ત બ્રહ્મચર્યાશ્રમ ધારણ કરીને ધર્માનુષ્ટાન તપથી તથા વિદ્યા અતિશ્રમથી ભણવાથી સર્વે લોકોના મનને આનદિત્ કરી તૃપ્ત કરે છે જે બ્રહ્મનો ભક્ત પુરો વિદ્યાભ્યાસ કરી તથા તપ કરીને પ્રાદુર્ભાવ પામે છે, તે અત્યન્ત પુરૂષાર્થથી વિદ્યા પ્રાપ્ત કરે છે તેમા જે શતપથાદિ બ્રાહ્મણ ગ્રથ તેઓમા વેદને શ્રેષ્ટ જ્યેષ્ટ કર્યો છે તેને ભણનારા જે બ્રહ્મચારી તે ઉત્તમ જાણવા અમૃત એટલે મોક્ષના જ્ઞાનને આપવાવાળો એમ સમજીને સર્વ લોક એટલે વિદ્વાન લોકો તેનો મેળાપ કરવાની ઇચ્છા કરે છે તેથી તે તપસ્વી કહેવાય છે ૫ જે બ્રહ્મચારી વિદ્યારૂપિ સમિધાની પ્રકાશિત, મૃગચર્મ ધારણ કરનારો વિદ્યા દિક્ષાથી યુક્ત ૪૮ વર્ષ સુધી જટા અને દાઢી રાખી નહેવો બ્રહ્મચર્યાશ્રમ પુરો કરી ઘેર આવે છે તે જાણે સમુદ્ર તરીને ઉત્તર સમુદ્રમા આવ્યો એમ જાણવુ એટલે સર્વ લોકના જ્ઞાન સપાદન કરી વારવાર આનદમા નિમગ્ન રહે છે બ્રહ્મચર્યના પ્રતાપથી રાજા રાજ્ય કરી શકે છે, તથા રાજ્યનુ નિતિથી રક્ષણ કરે છે, અને બીજી રીતે રહેવાથી રાજ્ય ભ્રષ્ટ થાય છે અત્યન્ત વિષયા શક્તિ, ક્ષુદ્ર બુદ્ધિ, રોગ, દુષ્ટનો સગ, તથા દુષ્ટાચારથી રાજ્ય નષ્ટ થઈ જાય છે તથા પ્રજાને પણ દુખી કરે છે,

એ પરથી પરમાત્માના વેદમા આજ્ઞા છે જે બ્રહ્મચર્યાશ્રમ વિના તથા વિદ્યા વિના કોઇને રાજ્યપદ આપવુ નહી તથા તે વગર કોઇને આચાર્ય પદવી આપી પાઠશાળાનુ ગુરૂપદ આપવુ નહી દશ વર્ષ તથા જ્યા સુધી બ્રહ્મચર્યાશ્રમ પાળી, વેદ વિદ્યાદિ ભણી પુરી યુવાવસ્થા થાય એટલે તેરથી પદર વર્ષની કન્યા હોય ત્યારે તેણે ૪૦ અગર ૪૮ વર્ષનો બ્રહ્મચર્ય પામેલો, તથા પુર્ણ યુવાવસ્થાવાળો પરીક્ષા કરીને પતિ કરવો અર્થાત્ કોઇ કન્યા ૧૬ વર્ષની ઉપરાન્ત વિવાહ ન કરે એમા દષ્ટાત છે કે બળદ તથા ઘોડા પશુ છતા બ્રહ્મચર્ય રાખી જ્યારે યુવાવસ્થા થાય ત્યારે મૈથુનાશક્ત થાય છે ને પહેલા નહી પશુ પણ બ્રહ્મચર્ય પાળે છે તો મનુષ્યે અવસ્ય બ્રહ્મચર્ય પાળવાની જરૂરજ છે જે બ્રહ્મચર્યાશ્રમ પાળે છે તેને વિદ્યા પ્રકાશ વિદ્યાનો સમાગમ, બળ, પરાક્રમ, સુચેષ્ટા, સુદરવાણી, શુદ્ધમન, આનદમયહૃદય, બ્રહ્મ (પરમાત્મા) મેધા, (બુદ્ધિ) ચક્ષુ, શ્રોત્ર, યશ, કીર્તિ, અન્ન, રેતવીર્ય, લોહી એ સર્વે મળે છે હે પરમેશ્વર પદાર્થ ગુણ વિદ્યા મારામા અત્યન્ત સ્થિર કર, જે ઉપર કહ્યા પ્રમાણે બરાબર બ્રહ્મચર્યાશ્રમનુ પાલન કરી વિદ્યા ભણે છે, તે (મલિલસ્ય પૃષ્ઠે) તથા આકાશવડે પરબ્રહ્મને પ્રાપ્ત થઇ અત્યન્ત તપસ્વિ ધર્માનુષ્ટાની વિદ્યારૂપ સમુદ્રમા સ્નાન કરી અત્યન્ત ગદ્ધ વભ્રુ (સુદર) મુખ વગેરે સોનેરી વાળવાળો શાન્તશિળ મધુરવચની, નિરાભિમાની, ભક્તિમાન, સર્વ લોકના હિત આચરણાદિ યુક્ત, અત્યન્ત સોભાગ્ય વધારવા વાળો થાય છે એ વગર છાદોગ્ય ઉપનીસદ્દમા તથા મનુસ્મૃતિમા, પાતાજલી ઇત્યાદિક ગ્રથોમા તથા તૈતરીય ઉપનિસદ્દમા તથા અનેક બીજા અન્ય ગ્રથોમા બ્રહ્મચર્યનુ પાલન કરી બ્રહ્મચર્યાશ્રમમા સદ્દવિદ્યા ભણવાનુ કહ્યુ છે મા બાપ તથા ગુરૂની શિક્ષામણનુ પાલન કરવુ કયા કયા ગ્રથો શિખવા કયા કયા ત્યાગ કરવા ને ભણવાથી જન્મ સફળ થાય છે

બીજુ મનુસ્મૃતિમા બ્રહ્મચારીને દડધારણ કરવા ઇત્યાદિ નિયમો નીચે પ્રમાણે કહ્યા છે

ब्राह्मणो बैल्व पालाशौ क्षत्रीयौ वट स्वादिरौ ।
पैलवौदुम्बरौवैश्यो दण्डानर्हतिधर्मत ॥

અર્થ—ધર્મ શાસ્ત્રમા કહેલી આજ્ઞા પ્રમાણે બ્રાહ્મણે બીલિ તથા ખાખરનો દડ ધારણ કરવો, ક્ષત્રિએ વડ અથવા ખેરનો દડ ધારણ કરવો ને વૈશ્યે પિલુડી (પિલવણુ) અથવા ઉમરડાનો દડ ધારણ કરવો.

**केशान्तिको ब्राह्मस्य दण्ड कार्य प्रमाणत ।
ललाट समितो राज्ञ स्यान्नुनाशान्तिको विश ॥**

બ્રાહ્મણને દડ શિખા સુધી પહોચે એટલે લાબો કરવો, ક્ષત્રિયને લલાટ સુધી પહોચે એવો દડ લાબો કરવો અને વૈશ્યને નાકની દાડી સુધી પહોચે એટલો લાબો દડ કરવો

**ऋजवस्तेतु सर्वे स्युरव्रणा सौम्य दर्शनाः ।
अनुद्वेककरान्नृणां सत्वचोनाग्निदूषिता ॥**

અથ–મધળા દડો સિધા, છિદ્ર વિનાના, સુદર દેખાવવાળા બીજાને ઉદ્વેગ નહિ કરનારા, છાલવાળા અને અગ્નિથી નહીબળેલા હોવા જોઇએ

**प्रतिगृह्योप्सितं दण्ड मुपस्थायच भास्करम् ।
प्रदक्षिणपरित्याग्नि चरेद्भैक्ष्ययथा विधि ॥**

અર્થ–બ્રહ્મચારીએ શાસ્ત્રમા અને પોતાને પ્રિય લાગે તેવો દડ ધારણ કરીને સૂર્યનુ ઉપસ્થાન કરવુ તથા અગ્નિની પ્રદક્ષિણા કર્યા પછી શાસ્ત્રમા કરેલી આજ્ઞા પ્રમાણે ભિક્ષા માગવા જવુ

**भवतत्पूर्वचरेद्भैक्ष मुपनीतोद्विजोत्तम ।
भवनन्मध्यतुराजन्यो वैश्यस्तुभवदुत्तरम् ॥**

અર્થ–જેને ઉપનયન સસ્કાર કરેલો હોય તેવા બ્રાહ્મણ જાતિના બ્રહ્મચારીને ભિક્ષા માગતી વખતે **भवत्** શબ્દનો પ્રથમ પ્રયોગ કરવો એટલે **भवतिभिक्षादेहि** આ પ્રમાણે ભિક્ષા માગતી વખતે કહેવુ, ક્ષત્રિય જાતિના બ્રહ્મચારીને ભિક્ષા માગતી વખત **भवत्** શબ્દનો મધ્યમા પ્રયોગ કરવો એટલે **भिक्षांभवतिदेहि** એ પ્રમાણે ભિક્ષા માગતી વખતે કહેવુ તથા વૈશ્ય જાતિના બ્રહ્મચારીને ભિક્ષા માગતી વખતે **भवत्** શબ્દનો અન્તે પ્રયોગ કરવો એટલે **भिक्षादेहिभवति** એ પ્રમાણે ભિક્ષા માગતી વખતે કહેવુ

**मातरवास्वसारवा मातुर्वाभगिनीनिजाम् ।
भिक्षतभिक्षाप्रथम याचेननाव मानयेत् ॥**

અર્થ–ભિક્ષા માગનારા બ્રહ્મચારીએ પ્રથમ દિવસે માતા, બેન, તથા મામી પાસે ભિક્ષા માગવા જવુ અને તેઓએ બ્રહ્મચારીનો કદાપિ અનાદર કરવો નહી.

समाहृत्यतु तद्भैक्षं यावदर्थममाया यया ।
नैवेद्यगुरुवेऽश्नीया दाचम्य प्राङमुखश्शुचि. ॥

અર્થ—પોતાને જોઇએ તેટલી ભિક્ષા માગી લાવી કપટ રાખ્યા વગર ગુરૂને અર્પણ કરી તેમાથી ગુરૂ આપે તેટલી પૂર્વાભિ મુખે બેસી આચમન કરી પછી સ્વસ્ત ચિ તે ભોજન કરવુ

आयुष्यप्राङमुखो भुङ्क्ते यशस्यदक्षिणामुख ।
श्रियप्रत्यङमुखोभुङ्क्त ऋतभुङ्क्तेह्युदङमुखः ॥

અર્થ—આયુષ્યની ઇચ્છાવાળા પુરૂષે પર્વ દિશા તરફ મુખ રાખીને ભોજન કરવુ અને યશની ઇચ્છા રાખનારા પુરૂષે દક્ષિણ દિશા તરફ મુખ રાખી ભોજન કરવુ લક્ષ્મીની ઇચ્છા રાખનારા પુરૂષે પશ્ચિમ દિશા તરફ મુખ રાખીને ભોજન કરવુ, અને સત્યની ઇચ્છા રાખનારા પુરૂષે ઉત્તર દિશા તરફ મુખ રાખીને ભોજન કરવુ

વળી ધર્મસિંધુમા બ્રહ્મચારીના નિયમો કહે છે ત્રિકાલ, સધ્યા, અગ્નિ સેવા, અને ભિક્ષા માગવી એ બ્રહ્મચારીને નિત્ય છે તેમા અગ્નિની સેવા પ્રાત અને સાયકાળે કરવી તેમ ખાખર, ખેર, પીપળો અને સમડી એ સમિધ ઉત્તમ અને તે ન મળે તો આકડો, અને વેતસ (નેતર)ના સમિધ લેવા **भवत्** શબ્દપૂર્વક બ્રાહ્મણે ભિક્ષા માગવી અને ભિક્ષા માગવી તે બ્રાહ્મણને ઘેરજ માગવી કદાચ આપત્તિ કાળ હોય તો ક્ષત્રિ તથા વૈશ્યને ત્યાથી કાચા અન્નની ભિક્ષા માગવી હવ્ય શબ્દથી દેવતા તૃપ્ત થાય છે અને કવ્ય શબ્દથી પિતરો તૃપ્ત થાય છે, માટે અવસ્ય હોમ કરીને પછી ભોજન કરવુ બ્રહ્મચારીએ બ્રહ્મયજ્ઞ નિત્ય પ્રતિ કરવા અને બ્રહ્મયજ્ઞ અને ઉપાકર્મ, ગાયત્રી મત્રવડે કરવો ઉચ્છિષ્ટ, વાસિઅન્ન સ્પર્શાસ્પર્શ નાળુ, મધ, માસ તથા શાકભાજી વિગેરે નિષેદ્ધ પદાર્થોને બ્રહ્મચારીએ અવશ્ય વર્જીત કરવા દિવસે નિદ્રા, નેત્રમા કાજળ નાખવુ, છત્રિ ઓઢવી, પલગ ઇત્યાદિ ઉપર શયન એટલી વસ્તુ વર્જ્ય કરવી તામ્બુલ, કાજળ અને કાસાના પાત્રમા ભોજન એ સન્યાસી, બ્રહ્મચારી અને વિધવાએ અવશ્ય વર્જ્ય કરવા મધ, સુતકાન્ન, એકાદશાન્ન, ચતુર્થાન્ન, શ્રાદ્ધાન્ન ઇત્યાદિ વર્જ્ય કરવા મેખલા, મૃગચર્મ, દડ ધારણ, યજ્ઞોપવીત, કૌપીન, અને કટિસૂત્ર એ બ્રહ્મચારીએ નિત્ય ધારણ કરવા

મેખલા તથા યજ્ઞોપવીત તુટેતો તો તુટેલા યજ્ઞોપવીતને જળમા નાખી નુતન ધારણ કરવા. કદાપિ યજ્ઞોપવીતનો નાશ થાય તો છ

મનોજ્યુતિ૦ એ મંત્ર અને **વ્રાતપતિર્ભિ૦** એ મંત્ર વડે ત્રણ આહુતિ અને ઉપલા મંત્રવડે એક આહુતિ મળી ચાર ઘીની આહુતિ અગ્નિમાં આપવી બ્રહ્મચારીએ અવશ્ય ગુરૂની શેવા કરવી સંધ્યા અને અગ્નિ કાર્યનો લોપ થયો હોય તો આઠ હજાર ગાયત્રીનો જપ કરવો અન્ય ગ્રંથમા પણ એમ છે કે એકવાર સંધ્યા અને અગ્નિ કાર્યનો લોપ થયો હોય તો **માનસ્તોકેતન૦** એ મંત્રનો ૧૦૮ જપ કરવો એમ કહ્યું છે તથા ભિક્ષાનો લોપ થયો હોય તો એક સહસ્ત્ર ગાયત્રીનો જાપ કરવો વારવાર લોપ થાય તો બમણો જાપ કરવો બ્રહ્મચારીના સ્વકર્મમા ન્યુનાધિકપણુ થાય તો શિવમંદીરમા બેશી એક લક્ષ ગાયત્રીનો જાપ કરવો તેથી ન્યુનપણુ નિવૃત થઈ પૂર્ણપણુ પ્રાપ્ત થાય છે

અભ્યંગમઞ્જનચાક્ષ્ણો રુપાનચ્છત્રચામરમ્ ।
કામક્રોધચલોભં ચ નર્તનગીતવાદનં ॥ મનુ ॥

અર્થ—તેલનુ મર્દન, અંજન, જોડા, છત્રી, ચામર કામ, ક્રોધ, લોભ, નાચ, ગાન, અને વાદ્ય, એટલી વસ્તુ બ્રહ્મચારીએ તજવી

દ્યૂતંચ જનવાદં ચ પરિવાદંતથાઽનૃતમ્ ।
સ્ત્રીણાંચ પ્રેક્ષણાલંભ મુપઘાતપરસ્યચ ॥ મનુ ॥

અર્થ—જુગાર, વાદવિવાદ, પરનિંદા અસત્ય ભાષણ, સ્ત્રીઓનુ પ્રેક્ષણુ તથા તેમનો સ્પર્શ, પારકા મનુષ્યનુ અપમાન કરવુ, કોઇને પણ નુકશાન કરવુ, એટલી વસ્તુ બ્રહ્મચારીએ વર્જ્ય કરવી

એકશયીતસર્વત્ર નરેતઃ સ્કંદયેત્ક્વચિત્ ।
કામાદ્ધિસ્કન્દયન્રેતો હિનસ્તિવ્રતમાત્મનઃ ॥ મનુ ॥

અર્થ—એખલા શયન કરવુ અને કોઇપણ દિવસ વીર્યપાત્ કરવો નહી વીર્યપાત્ કરનાર બ્રહ્મચારી પોતાના વ્રતનો ભંગ કરે છે અને ઉપપાતકી થાય છે

વીર્યનુ સંરક્ષણ કરવાથી વિદ્યા કર્મ આયુષ્ય, તપ તથા ઉત્તમ પ્રજા અને સર્વ પ્રકારની સમૃદ્ધિ મનુષ્ય કરી શકે છે મને પોતાની ઇન્દ્રિઓને નિયમમા રાખી ઉત્તમ રીતે વીર્યનુ રક્ષણ કરવુ, બ્રહ્મચર્યાશ્રમમા વીર્યનુ રક્ષણ કરનાર મનુષ્ય સર્વ આશ્રમમા ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી શકે છે.

मात्रास्वस्रादुहित्रावा नविभक्ताशनोभवेत् ।
बलवानिन्द्रियग्रामो विद्वांसमपिकर्षति ॥ मनु ॥

અર્થ—મા, બ્હેન, પુત્રિ, તથા અન્ય સ્ત્રી સાથે કદાપિ પણ એકાન્તમા બેસવુ નહી કારણ ઇન્દ્રિયો અતિ બળવાન્ છે અને તે ઇન્દ્રિઓ વિદ્વાનને પણ આકર્ષે છે

नैष्ठिकोब्रह्मचारीतु वसेदाचार्यसन्निधौ ।
तद्भावेऽस्यतनये पत्न्यांवैश्वानरे पिवा ॥ मनु ॥

અર્થ—બ્રહ્મચર્યનુ પાલન કરનાર નૈષ્ઠિક બ્રહ્મચારીએ આચાર્યને ત્યા રહેવુ આચાર્ય ન હોય તો તેના પુત્ર પાસે અથવા તેની સ્ત્રી પાસે અથવા અગ્નિની સેવા આચાર્યના ગ્રહમા રહીનેજ કરવી

વેદાધ્યયન કરાવી આચાર્ય બ્રહ્મચારીને ઉપદેશ કરે છે, સત્ય વચન બોલજે, ધર્મનુ પાલન કરજે, વેદાધ્યયનમા પ્રમાદ કરીશ નહી આચાર્ય પ્રસન્ન રહે તે પ્રમાણે વાણી બોલવી આચાર્યને પ્રિય ધન આપી વિવાહ કરી પ્રજોત્પત્તિ કરજે સત્ય બોલવામા, ધર્મનુ પાલન કરવામા, ચાતુર્યમા દ્રવ્ય પ્રાપ્ત કરવામા, વેદનુ અધ્યયન કરવામા તથા અધ્યાપન કરાવવામા અને દેવ તથા પિતૃ કાર્યમા પ્રમાદ કરીશ નહી માતા પિતા તથા આચાર્ય અને અતિથિને દેવવત્ ગણી તેમનુ પુજન કરજે શુભ કર્મનુ સેવન કરજે અને અશુભ કર્મનો ત્યાગ કરજે અમારા દોષનુ અનુકરણ કરીશ નહી એ પ્રમાણે વેદારંભ સમાપ્ત થયો

પ્રકરણ ૧૩ મું.

॥ अथसमावर्तन संस्कारः ॥

સમાવર્તન એ શબ્દ સ, ઉપસર્ગ એટલે રૂડે પ્રકારે "આવર્તન" એટલે આવવુ વ્રત નિયમ કરવા એવા અર્થમા થાય છે એટલે વિદ્યાશાળા (પાઠશાળા મઠ) ઇત્યાદિ છોડી પોતાને આશ્રમે-ઘેર જવુ

अथआश्वालायन गृह्यसूत्र प्रमाणम् ।

ब्राह्मणान्भोजयित्वा वेदसमाप्तिंवाचयति ॥ सोमप्रैवार्कं परिपृच्छेत्कोयज्ञ कऋत्विज कादक्षिणेति ॥ कल्याणै सह सम्प्रयोग ॥ स्नातकायोपस्थिताय ॥ राज्ञेच ॥ आचार्यश्वसुर पितृमातुलानाच ॥ दधनिमध्वानीय । सर्पिर्वामध्वलाभे । विष्टर पाद्यर्ध्यमाचमानीय मधुपर्कोगौरित्येषांत्रिस्त्रिरेकैकवेदयन्ते ॥ अहवर्ष्मसजातानाविद्युतामिवसूर्य ॥ इदन्तमधितिष्ठामि योमा-कश्चाभिदासतीत्युदगग्रेविष्टरउपविशेत् आक्रम्यवा ॥ मधुपर्क माह्रियमाण मीक्षेतमित्रस्यात्वाचक्षुषाप्रतीक्षइति ॥ देवस्यत्वा-सवितु प्रसवेऽश्विनोर्बाहुभ्यांपूष्णोहस्ताभ्यांप्रतिगृह्णामिति तद् अलिनाप्रतिगृह्यमधुवाताऋतायतइति त्र्यचेनोवेक्ष्यानामिकया-चागुष्टेनचत्रि प्रदक्षिणमालोड्य वसवस्त्वा गायत्रेणच्छदसा भक्षयन्त्विति पुरस्तान्निमार्ष्टि ॥ नसर्व ॥ नतृप्तिंगच्छेत् । ब्राह्मणा-योदकुच्छिष्टप्रयच्छेत् अलाभेप्सु ॥ विराजोदोहोसीतिप्रथम प्राश्नीयात् विराजोदोहोमशीयेति द्वितीयमयिदोह पाद्यायैवि राजइतितृतीय ॥ सर्ववा ॥ अथाचमनीयेनान्वाचामिति अमृता पिधानमसीति ॥ सत्ययश श्रीर्मयि श्रीश्रयतामिति द्वितीय ॥ आचान्तोदकायगांवेदयन्ते ॥ हतोमपाप्मामहतइति जपित्वो-कुरुतेतिकारयिष्यन् ॥

અથ—ગુરૂ આદિ જે વિદ્વાન બ્રાહ્મણો પરિક્ષા કરી કહે કે તારી વિદ્યા તથા તારો બ્રહ્મચર્યાશ્રમ પુરો થયો છે ત્યારે બ્રહ્મચારીએ ઘેર આવવાની ઇચ્છા કરવી, અને સોમનુ દાન કરે (સોમ વલ્લિનો રસ પિવા આપે) તેને કહેવુ કે યજ્ઞ, ઋત્વિજ, તથા દક્ષણા શાને કહે છે-? તે

જવાબ આપે છે જે ભદ્ર (કલ્યાણ કારક) મનુષ્ય હોય તેનો સંગ તથા તેની સાથે પ્રિતિ રાખવી, અને જે વિદ્યાવ્રત સ્નાતક હોય તેને મધુપર્ક આપે તથા રાજાને પણ આપે આચાર્ય, શ્વસુર, પિતૃવ્ય, એટલે કાકા તથા મામાને મધુપર્ક જે આપે દહીંમધ અને ઘી ત્રણ એકત્ર કરી આપે તેને મધુપર્ક કહે છે મધ કદાચ ન મળે તો ઘી મેળવવું વિષ્ટર (આસન) પાદ્ય (પગ ધોવાનું પાણી) અર્ઘ્ય (મોઢું ધોવા તથા આચમન કરવાનું પાણી) એ પ્રમાણે મધુપર્કાદિ કરી અહમિસ્મ્યાથ —હું સજાન, સતીર્થ, બ્રહ્મચારી એક આચાર્યનો શિષ્ય એક વિદ્યા ભણનારા વાળાઓમાં શ્રેષ્ઠ થાઉં, વિજયીઓમાં જેતે નૃપ તેો વિદ્વાનોમાં પ્રકાશિત થાઉં આ આશન ઉપર હું બેસું છું અને આસન આપવાની ઇચ્છા કરે છે એ પ્રમાણે બોલી આસન ઉપર બેસવું તે પગેવતિ આક્રમણ કરીને બેસવું જે મધુપર્ક સામે લઇ આવે તેને "મિત્રસ્યત્વા ચક્ષુષાપ્રતિક્ષ" એ મંત્ર ભણીને તેની ઉપર અતિ પ્રેમ દ્રષ્ટિથી જોવું જ્યારે મધુપર્ક ગ્રહણ કરે ત્યારે 'દેવસ્યત્વા०' એ મંત્ર વડે ગ્રહણ કરવું

ॐ मधुवाताऋतायते मधुक्षरन्ति सिंधव। माध्वीर्न सत्वो षधी ॥१॥ मधुनक्तमुतोषसो मधुमत्पार्थिवः रज। मधुद्यौर स्तुन पिता ॥२॥ मधुमान्नो वनस्पतिर्म्मधुमा‌ऽ अस्तुसूर्य। माध्वीर्गावो भवन्तुन ॥ यजु

અર્થ—હે પરમાત્મા વાયુ મધુર સુખ તથા પુષ્ટિકારક હમને સદા પ્રાપ્ત થાઓ, સર્વણી નદીઓ એ સવ મધુરવૃષ્ટિ કરનારી થાઓ તથા ઔષધી સર્વ મધુર ગુણવાળી હમારે વાસ્તે સદા થાઓ તેમજ રાત્રિ દિવસ પૃથ્વિ તેજ, આકાશ સૂર્યાદિ તથા પ્રકાશક પદાર્થો તથા આપ જે હમારા પિતા તે સવ અતિ મધુર સુખદાયક થાઓ ૨ તથા વનસ્પતિ, સૂર્ય પ્રાણ, ગો (ઇન્દ્રિઓ) કિરણ તથા પૃથ્વી એ પદાર્થો હમારે અર્થે સુખદાયક થાઓ ૩ ત્યાર પછી "વિરાજોદોહમશી" એ મંત્રવડે મધુપર્કનું પ્રાશન કરવું 'વિરાજો દોહમશીયેતિ' એ મંત્ર વડે બીજીવાર પ્રાશન કરવું અને 'મયિદોહ પાદ્યાયૈ વિરાજ" એ મંત્રવડે ત્રીજીવાર મધુપર્કનું પ્રાશન કરવું બધું મધુપર્કનું પ્રાશન કરવું નહી માહેથી થોડું રહેવા દેવું મધુપર્ક પ્રાશન કરતા રહેલું શેષ જળમાં નાખવું, ત્યાર પછી 'અમૃતો પિધાન મસિતિ' એ મંત્રવડે આચમન કરવું 'સત્ય મિત્યાદિ મંત્રવડે બીજું આચમન કરવું કે તેથી સત્ય, યશ, કિર્તિ,

લક્ષ્મી, વિદ્યા મહા ભાગમા સ્થિર રહો માઉ પાપ, અવિદ્યા અભિમાનાદિ દોષ સર્વનો ત્યાગ થાય એવો જાપ કરવો પછી ઑંકારના ઉચ્ચારથી સમાપ્ત કરવુ

अथपारस्कर गृह्यसूत्रप्रमाणम् ।

वेद२ समाप्य स्नायाब्रह्मचर्यंवा ष्टचत्वारि२शकेद्वादश-
केप्येके गुरुणानुज्ञातो विधिविधियस्नकंश्चवेद षडगमेकेनकल्प
मात्रेकामन्तु याज्ञिकस्योपसगृह्य गुरु- समिधोऽभ्याधायपरि-
श्रितस्योत्तरत कुशषु प्रागग्रेष् दृस्नात्स्थित्वा ष्टानामुदकुम्भा
नांयेऽस्वन्तरग्नय प्रविष्टागोह्योउपगोह्यो मयूषोमनोहास्खलुविरु
जुस्तनूदुषुरिन्द्रियहानानिज्जहाम्नि योरोचनस्तमिहगृह्णामीत्ये
कस्मादपोगृहीत्वा तेनाभिषिञ्चते तेनमामभिषिञ्चामिश्रियैयशसे
ब्रह्मणे ब्रह्मवर्चसायति येनश्रियमकृणुतां येनावमृशतां सुरायेः
नाक्ष्यावभ्यषिञ्चना यद्वातद्श्विनायश इत्य पोहिष्ठेति च प्रत्य
मिभिस्तूष्णीमितरदुत्त मेखलाउन्मुच्य दण्डनिधाय वासोन्य
त्परिधायादित्यमुपतिष्ठत उद्यन्भ्राजभृष्णुरिन्द्रो मरुद्भिरस्था-
त्प्रातयावभिरस्थादशसनिरसि दशसनिमाकुर्वाविदन्मागमयो
द्यन् भ्राजभृष्णुरिन्द्रो मरुद्भिरस्था दिवायावभिरस्था छतसनि
रसि शतसनिमाकुर्वाविदन्मागमयो वभिरस्थात्सहस्रसनिरसि
सहस्रसनिमाकुर्वा विदन्मागमयेति दधि तिलान्वाप्राश्य जटा-
लोमनखान् स इत्यौदुम्बरेण दन्ताधावेनान्नाद्यायव्यूहध्व२
सोमोराजायमागमत्समुखप्रमार्क्ष्यत यशसा च भगेन चेत्यु
त्सायपुन स्नात्वानुलेपननासिकयोर्मुखस्य चोपगृन्हीते
प्राणापानौमेतर्पयचक्षुमतर्पय श्रोत्रमेतर्पयाति पितर शुभ्रध्व-
मिति पाण्योरवनेजन दक्षिणानपिञ्च्यानुलिप्यजपेत् सुचक्षा
अहमक्षीभ्यांभूयास२ सुवर्चामुखेन सुश्रुत्कर्णाभ्या भूयासमि-
त्यहतवासोधौतवा मैत्रेणाच्छादयीत परिधास्यै यसोधास्यै दीर्घा
युत्वाजरदष्टिरस्मि । शतञ्चजीवामिशरद पुरुचीरायस्पोषमभि
संव्ययिष्यइत्यथोत्तरीय यशसामाद्यावापृथिवी यशसेन्द्राबृह-
स्पती । यशोभगश्च माविन्दद्यशोमा प्रतिपद्यतामित्येकचेत् पूर्व
स्योत्तरवर्गेण प्रच्छादयीत् सुमनस प्रतिगृह्णाति आहारज्जमदग्नि
श्रद्धायै कामायान्द्रियाय ताअहप्रतिगृह्णामि यशसाचभगेनचेत्य
थावबध्नीते यत्यसोप्सरसामिन्द्रश्चकार विपुलपृथु । तेनसग्रथितां
सुमनआवध्नामि यशोमयित्युष्णीषेण शिरोवेष्टयते युवासुवासा

इत्यलंकरणमसिभूयोलंकरणभूयादिति कर्णवेष्टकौ वृत्रस्येत्यं-
गांक्षिणीरोचिष्णूरसित्यात्मानमादर्शेप्रेक्षते छत्रप्रतिगृह्याति बृह-
स्पतेश्छदिरसि पाप्पानो मामन्तर्धेहि तेजसोमा मन्तेर्हिनीम्ति
प्रतिष्ठस्थोविश्वतोमापातमित्युपानहौ प्रतिमुञ्चेति श्वाभ्योमा-
नाष्ट्राभ्यस्परिपाहिसर्वतइति वैणवदण्डमादत्ते दन्तप्रक्षालना-
दीनि नियमचित्रासरुछत्रौपानहश्चा पूर्वाणिचेन्मन्त्र ॥ ६ ॥

અર્થ—ચોવીસ અડતાલીસ અથવા છત્રીસ વર્ષ પર્યંત બ્રહ્મચર્યાશ્રમ પાળી સાંગોપાંગ વેદમંત્ર ભણી અને ગુરૂની આજ્ઞા લઇ પછી સમાવર્તન કરવુ તર્કશાસ્ત્ર તથા ન્યાયશાસ્ત્રનુ બરાબર અધ્યયન કરી વિધિપૂર્વક હોમયુક્ત સ્નાન કરવુ અને સુગંધિયુક્ત આઠ જળના કળશ ભરવા ક્ષૌર કર્યા પહેલા અષ્ટ કળશમાના જળવડે સ્નાન કરવુ અને તેના સ્નાન નિવિધિ આચાર્ય એ બરાબર શાસ્ત્રયુક્ત કરાવવી "તેનમા માભિસિંચામિતિ૦" એ મંત્રવડે શ્રી યશ પરમેશ્વરની ઉપાસના, વિદ્યાનો પ્રચાર ઇત્યાદિ પ્રયોજન માટે તારો અભિષેક કરૂ છુ, તેથી સર્વ સમારંભમા માણસો શ્રીવાળા તથા સોમપાન કરવાવાળા થાય, તથા સર્વે મનુષ્યોનો સમુદાય થાય, માટે તને સમાવર્તનની દિક્ષા આપીએ છીએ, તેથી તુ ગૃહસ્થાશ્રમનુ પાલન કરી વિદ્યોપાર્જન કરશે આઠ ઘડાનુ પાણી 'આપોહિષ્ટેતિ૦' મંત્રવડે સ્નાન કરવુ પછી શિરો માર્ગેણ મેખલા કાઢી નાખવી "ઉદુત્તમમ૦" એ મંત્રવડે મેખલા કાઢવી અને દંડ તથા અજીન, "અમંત્રક" એટલે મંત્ર ભણ્યાવગર કાઢી નાખવા "ઉપનભ્રાજન ભષ્ણુ ઇતિ" એ મંત્રવડે સૂર્ય સામુ ઉભા રહી ઉપસ્થાન કરવુ પછી "દધિતિલાન્વાપાશ્ય" એટલે દહી તથા તલનુ પ્રાશન કરાવવુ, ત્યારપછી જરા, લોમ, (બગલ) નખ ઇત્યાદિક લેવરાવવા ઉમરડાના દાતણવડે "દંતધાવન" એટલે દાતણ કરાવવુ "અન્નાદ્યાયેતિ૦" મંત્રવડે પુન સ્નાન કરવુ અને શરીરે યુક્ત ચંદનાદિનુલેપન કરવુ " પ્રાણપાનૌ મેતપયત ઇતિ મંત્રવડે મુખ તથા નાકનો સ્પર્શ કરવો પછી "સુચક્ષા અહમિતિ" એ મંત્રવડે ફરી સારા સુંદર કપડા પહેરવા "પરિધાસ્યૈ૦" એ મંત્રવડે વસ્ત્ર પહેરવા 'યશમામેતિ" મંત્રવડે ઉતરીય વસ્ત્ર ધારણ કરવુ પછી આહારમિતિ મંત્રવડે પુષ્પની માળા ધારણ કરવી " વ્રત સ્યામિક ઇતિ" મંત્રવડે નેત્રમા અંજન કરવુ "યુવાસુવાસાઇતિ" મંત્ર વડે શિરવેષ્ટિન પાઘડી તથા ટોપીને ધારણ કરવી "અલકર્ણમિતિ' મંત્રવડે અલંકાર ધારણ કરવા "આત્માનદર્શયેતૂ એટલે આરસીમા જોવુ. બૃહસ્પતે "શ્છદિરસિ ઇતિ મંત્રવડે" છત્રિ ધારણ કરવી. "પ્રતિ-

ષ્ટિતોઽઇતિ મંત્રવડે" ઉપાન ધારણ કરવા પછી "પ્રતિ મુચ્યઇતિ મંત્રવડે" વૈણુવ દંડ અહીંત્વા વાંસનો દંડ ધારણ કરવો

स्नातकस्यनियमानवक्ष्याम कामादितरोनृत्यगीतवादित्राणिनकुर्यान्नगच्छेत्कामन्तुगीतगायतिवेवर्गीते वारमतइति श्रुतह्यपरश्चमनक्नग्रामान्तरनगच्छेन्नचधावेदुदपानावेक्षण वृक्षारोहण फलप्रतपनसन्ध्यसर्पणविवृतस्नान विषमलघन शुष्कवदन सध्यादित्यप्रेक्षण भैक्षणानिनकुर्यान्नहवेस्नात्वा भिक्षेतापहवेस्नात्वाभिक्षाञ्जयतीतिश्रुतेवपत्य प्राव्रतोत्रचेदयमेव्रज पाप्मानमपहनादित्यप्स्वात्मानमनावेक्षताजातलोम्नीविपु॰ षी॰ षण्डचनोपहसेन्नचगच्छेद्गर्भिणी विजन्येतिब्रूयात्सकुलमितिनकुलभगालमितिकपालमिति ॥

અર્થ—સ્નાતકના નિયમ કહું છું સ્નાન કરી પછી તેણે એવા નિયમ પાળવા કે કામ ક્રોધ લોભાદિ દોષોથી દુર રહેવું નાચ, ગીત, વાજા વગાડવા નહિ નાચ તમાશા થતા હોય ત્યાં જવું નહી કદાચ ગાયનકળા જાણતો હોય તે પોતે ગાય, રાત્રિના સમયમાં કુરસ્તે બહાર જવું નહી, ધાય દોડવું નહી, પરદેશ જવું નહી વૃક્ષ ઉપર ચડવું નહી ઝાડ ઉપરથી ફળ તોડવા નહી, કાષ્ટને અર્થે ઝાડને છેદવું નહી, અને જે રીતે વિદ્યા, ધર્મ પરમાત્મા, ભક્તિ, સજ્જનતા અને સદ્નીતિ ઇત્યાદિ શ્રેષ્ટ ગુણો દુનિઆમાં પ્રસરે એવો પ્રયત્ન કરવો લોકના હિતાર્થે અનુવર્તન કરવું પોતે કુમાર્ગે જવું નહી, અને બીજાને કુમાર્ગે જતા અટકાવવા, ગુરૂને યથાશક્તિ દક્ષિણા આપવી પછી ગુરૂની આજ્ઞા લઈ ઘેર આવવું

आश्वलायन गृह्यसूत्रमां कह्यु छे के—

तस्यैतानिव्रतानिभवन्ति । ननक्तस्नायात् । ननग्न स्नायात् ॥ ननग्नशयीत् । नग्नांस्त्रियमीक्षेतान्यत्रमैथुनात् । वर्षतिनधावेत् ॥ नवृक्षमारोहेत् । नकूपमवरोहेत् । नबाहुभ्यानदीतरेत् । नसशयामापद्येत महद्वैभूतस्नातकोभवतीति विज्ञायते ॥

સ્નાતકે નિચે પ્રમાણે નિયમ પાળવા રાત્રિએ સ્નાન કરવું નહી, રાત્રિના સમયે નદી ઇત્યાદિકમાં સ્નાન કરવું નહી બાહુબળથી ઉન્મત્ત થઇ નદી તરવી નહી, નગ્ન સ્નાન કરવું નહી, નગ્ન સુવું નહી, સંભોગ કાળ સિવાય સ્ત્રીને નગ્નાવસ્થામાં જોવી નહી, તેમ કરવાથી મનમાં

વિકાર ઉત્પન્ન થઈ વીર્યની હાની થાય છે વરસાદ થતો હોય ત્યારે દોડવુ નહી, વૃક્ષ ઉપર ચડવુ નહી કુવામા ઉતરવુ નહીં, કોઇ પણ રીતે જીવને જોખમ થાય એવા કાર્યમા ઉતરવુ નહી સ્નાતક સર્વથી શ્રેષ્ઠ છે તથા જનસમાજનુ કલ્યાણ કર્તા છે અને પ્રજાનો નેતા છે તેમણે પોતાના તથા પ્રજાના કલ્યાણાર્થે જીવને જોખમ થાય તેવુ કાંઈ કરવુ નહી

સમાવર્તનનો કાળ—સમાવર્તન એટલે મોજીનુ વિસર્જન કરવુ તે મૌજીમા જે કાળ કહ્યો છે તે કાળે કરવુ એમ ઘણા જ્યોતિષ ગ્રથોમા પણ કહ્યુ છે, તેથી અનાધ્યાય પ્રદોષ દિવસ, ભોમવાર, શનીવાર, પૌષ માસ આષાઢ માસ, અને દક્ષિણાયનમા સમાવર્તન કરવુ નહી માર્ગ શીર્ષ માસમા કદાચ તેના વિવાહનો પ્રસગ આવે તો દક્ષિણાયનમા પણ કરવુ વિવાહ ન છતા સમાવર્તન કરે તો દ્વિજે એક ક્ષણ પણ આશ્રમ સિવાય રહેવુ નહી એ નિષેધનુ ઉલ્લઘન થાય છે કેટલાક ગ્રથકાર તો મૌજીમા કહેલો કાળ સમાવર્તનમા લેવો એવુ મુળ વચન ક્યાય પણ મળતુ નથી માટે ત્રણ રિક્તા તિથિ (૪-૯-૧૪) પુનેમ, અમાવાસ્યા, આઠમ ને એકમ એ તિથિ વર્જ્ય કરી અન્ય તિથિ શુકલ પક્ષ કૃષ્ણપક્ષના છેલ્લા પાચ દીવસ વર્જ્ય કરવા અને ગુરૂ શુક્રના અસ્તાદિક, તિનક્ષય, ભદ્રા અને વ્યતીપાત ઇત્યાદિ દોષ રહિત એવા શુભ વારે સમાવર્તન કરવુ સમાવર્તન વિષે પ્રદોષ સોમપદ ઇત્યાદિક તિથિઓને વર્જ્ય કરવાની આવશ્યકતા નથી પુષ્ય પુનર્વસુ મૃગ, રેવતી, હસ્ત, અનુરાધા, ત્રણ ઉત્તરા, રોહિણી, શ્રવણ, વિશાખા અને ચિત્રા એ નક્ષત્રો શુભ છે એ ન મળે તો મોજી માટે કહેલા નક્ષત્રો લેવા કોઇ પણ સમયે કોઇ ગ્રથકારે ભોમવાર તથા શનીવાર પણ લેવા એવુ વચન છે

પઘડી મણી, કુડલ, બે વસ્ત્ર, છત્રિ, જોડા, દડ, માળા, અભ્યગ, ચદન, કાજળ અને પાવડી એટલા પદાર્થ બ્રહ્મચારીએ પોતા માટે અને આચાર્ય માટે એકઠા કરવા, અથવા બન્નો માટે પુરતા ન મળે તો એકલા આચાર્ય માટેજ મેળવવા એટલી વસ્તુ આચાર્યને અર્પણ કરી પછી સમાવર્તન કરવુ સમાવર્તનમા નાદિશ્રાદ્ધ પર્યંત કર્મ બ્રહ્મચારીએ કરવુ બ્રહ્મચારી જીવપિતૃક (જેનો પિતા જીવતો છે એવો) હોય તો નાદિશ્રાદ્ધમા પિતા માતાને ઉદ્દેશીને કરવો બ્રહ્મચારી અશક્ત હોય તો પિતા ઇત્યાદિકે તેના પ્રતિનિધિરૂપે નાદીશ્રાદ્ધ કરવુ માજી આદિ સસ્કારોમા જેમ પિતા ઇત્યાદિકજ નાદીશ્રાદ્ધના કર્તા છે તેમ સમાવર્તનમા પણ નાદીશ્રાદ્ધના કર્તા પિતાદિકજ છે. બાકીનો પ્રયોગ પોતાના ગૃહ્યસૂત્ર પ્રમાણે

દશ અથવા ત્રણ બ્રાહ્મણ ભોજન કરાવવાં એ વ્રત પોતાના ગૃહ્યસૂત્ર તથા સ્મૃતિના મળી બે પ્રકારના છે એ સઘળા વ્રતો લાભરૂપજ છે. પરંતુ સર્વ વ્રત કરવાને અશક્ત હોય તો પોતાના સૂત્ર પ્રમાણે વ્રતો કરવાં શક્તિ હોય તો સ્મૃતિમા કહ્યા પમાણે પણ કરવા તે વ્રતો કહે છે. નિમિત્ત કાર્ય વગર હું રાત્રિએ સ્નાન કરીશ નહી નગ્ન થઇ સ્નાન કરીશ નહી, નગ્ન થઇ નિદ્રા કરીશ નહી, મૈથુન સિવાય અન્ય સમયે સ્ત્રીને નગ્ન જોઇશ નહી, વરસાદમા દોડનો ચાલીસ નહી, વૃક્ષ ઉપર ચઢીશ નહી, કુવામા ઉતરીશ નહી, પ્રાણ રહેશે વા જશે, એવો પ્રાણ સંશય જેથી થાય તેવુ કર્મ કરીશ નહિ એ પ્રકારના વ્રતો સૂત્રોક્ત જાણવા

હવે સ્મૃતિમાં કહેલાં વ્રતો કહે છે.

હું નિત્ય બે યજ્ઞોપવીત ધારણ કરીશ, જળયુક્ત કમંડલુ, છત્ર, પાઘડી, પાદુકા, જોડા, સુવર્ણના કુંડલ અને દર્ભમુષ્ટિ એ ધારણ કરીશ, કપાવવાથી ટુંકા છે કેશ ડાઢી, મુછ અને નખ જેના એવો રહીશ, એટલે નિમિત્ત શિવાય મુંડન કરાવીશ નહી જેનુ સમાવર્તન થયુ નથી એવો બ્રહ્મચારી તેણે ક્ષૌર કરાવવુ નહી એવો નિષેધ છે નિત્ય વેદાધ્યયનમા તત્પર રહીશ પોતાના અંગથી ઉતરેલું એટલે પોતાનુ નિર્માલ્ય એવા પુષ્પોથી તથા ચંદનાદિક ધારણ કરીશ નહી, શ્વેત વસ્ત્ર ધારણ કરીશ, સુગંધ રહિત અને પ્રીતિકારક છે દર્શન જેનુ એવો રહીશ મલીન તથા ફાટેલા વસ્ત્ર ધારણ કરીશ નહિ, રાતા તથા શરીરને પિડા ઉપજાવનારા વસ્ત્રો ધારણ કરીશ નહિ, ગુરૂ વિના બીજાઓએ ધારણ કરેલા વસ્ત્ર, અલંકાર અને માળા ધારણ કરીશ નહી, અન્યે ધારણ કરેલા યજ્ઞોપવીત અને પગરખા (જોડા) તે ધારણ કરીશ નહી, કંથા (ગોદડી) ધારણ કરીશ નહી, પોતાનુ સ્વરૂપ જળમા જોઇશ નહી.

नापितस्यगृहे क्षौर पाषाणे गंधलेपन ।
जलमध्येमूखंदृष्ट्वा पुण्यहन्ति पुराकृत ॥ चाणाख्य"

હજામને ઘેર જઇ હજામત કરાવવી, આરશીઆ ઉપરથી કપાળે ચંદન કરવુ, અને જળમા મોઢુ જોવુ, એ પૂર્વના પુણ્યને હણનારા જાણવા

સ્ત્રીની સાથે એક પાત્રમા તથા એક કાળમા ભોજન કરીશ નહી એ વચન વિવાહ વખત વર્જીત કરવુ શૂદ્રનો ઉપદેશ લેવો નહી એ નિષેધ સાક્ષાત્ ઉપદેશ કરવા વિષે છે કારણ બ્રાહ્મણને આગળ બેસાડી ઉપદેશ કરવો એવુ વચન છે માટે બ્રાહ્મણદ્વારાએ ઉપદેશ કરવામા દોષ નથી.

ગૃહસ્થાશ્રમથી હું શૂદ્રને પોતાનું ઉચ્છિષ્ટ આપીશ નહી શૂદ્રને હોમ શેષ આપીશ નહી. ઉપર કાઢેલા જળ વડે ઉભો રહી આચમન કરીશ નહી કારણ ઘુટણ તથા તેથી અધિક જળમા ઉભો રહી આચમન કરવામા દોષ નથી ચદ્ર પવિત્ર અથવા એક હાથે કાઢેલા જળ વડે આચમન કરીશ નહી પગવડે પગ ધોઇશ નહી, રોગાદિકે અસમર્થ એવી સ્ત્રી સાથે ગમન કરીશ નહી મસ્તક ઉપર વસ્ત્ર વિંટિ દિવસે ફરીશ નહી. રાત્રિએ અથવા મળ મૂત્રના ત્યાગ સમયે મસ્તક ઉપર વસ્ત્ર વિંટીશ જોડા પહેરી ભોજન અભિવાદન (નામ ગોત્રોચ્ચાર પૂર્વક નમસ્કાર) અને પ્રણામ કરીશ નહી, પગવડે આસનને (એક તરફ) ખેચીશ નહીં, એ વ્રતોમા પોતાની શક્તિ પ્રમાણે વ્રતનો સકલ્પ કરવો સકલ્પ કરેલા વ્રતોનુ ઉલ્લઘન થાય તો ત્રણ દિવસ ઉપવાસ કરીશ કદાપિ અજાણપણામા ઉલ્લઘન થાય તો ત્રણ દિવસ ઉપવાસ કરી પ્રાયશ્ચિત કરવુ ઉપવાસ કરવામા અશક્ત હોય તેણે ત્રણ અથવા એક બ્રાહ્મણને ભોજન કરાવવુ એ પ્રમાણે સમાવર્તન સસ્કાર સમાપ્ત થયો



પ્રકરણ ૧૪ મું.

॥ अथविवाह संस्कारः ॥

વિવાહ=વહેવા, લગ્ન, પાણિગ્રહણ એવી રીતે અનેક નામે બોલાય છે. વિવાહ એટલે લગ્નની કબુલાત અથવા કરાર એવો પણ પ્રચાર છે, પણ તે આ સંસ્કારનો અર્થ નથી વહેવા અગર વ્યવિશાળ એટલે ચાલ્યો થયા પછી જે લગ્નની વિધિ તે વિવાહ સંસ્કાર, વિ+વહ= વિશેષ+વહન વધારે સંસ્કારમા પળોટાવુ એવો વ્યુત્પિત્તિનો અર્થ થાય છે એ વિષે આશ્વલાયન ગૃહ્યસૂત્રમા કહ્યુ છે કે —

उदागयनेआपूर्यमाणपक्षे कल्याणे नक्षत्रेचौलकर्मोपनयनं गोदान विवाह' ॥१॥ सार्वकालमेकेविवाहम् ॥२॥ तयापुरस्तात् चतस्रआज्याहुतिर्जुहुयात् ॥ ३ ॥ आग्नआयुषि पवसतिसृभि प्रजापतेनत्वदेतान्यन्यइति च व्याहृतिभिर्वा ॥४॥ समुच्चयमेके ॥५॥ नैकेकाश्चन ॥ ६ ॥ त्वर्यमाभव सियत्कनीनामितिविवाहे चतुर्थी ॥ ७ ॥ कुलमग्रेपरिक्षेत येमातृत पितृतश्चेति यथोक्त पुरस्तात् ॥१॥ बुद्धिमतेकन्यांप्रयच्छेत ॥२॥ बुद्धिरूपशिललक्षण सपन्नामरोगामुपयश्चेत् ॥ ३ ॥ दुर्विज्ञेयानिलक्षणानिति ॥ ४ ॥ अष्टौपिण्डान्कृत्वा ऋतमग्नेप्रथमजज्ञऋतंसत्यप्रतिष्ठित यदिय कुमार्यभिजातातदियमिह प्रतिपद्यताम् यत्सत्यनद्दश्यतामिति पिण्डानमिमन्त्र्य कुमारींब्रूयादेषामेकगृहाणेति ॥५। क्षेत्राद्दुभयतः सस्याद्गृह्णीया दन्नवत्यस्या प्रजाभविष्यतीति विद्यागोष्ठात्पशु- पत्नीवेदियपुरिषाः ब्रह्मचर्यसीन्यविदासीनोह्रदात् सर्वसम्पन्ना देवनात्कितवींचतुष्पथाद्विप्रवाजिनीरिणादधन्याश्मशानात्पति घ्नी ॥६॥ अलंकृत्य कन्यामुदकपूर्वादद्यादेषब्रह्मोविवाह ॥ तस्यां जातो द्वादशावरान्द्वादशापरान्पुनात्युभयत ॥ ऋत्विजेवितते कर्मणि दद्यादलंकृत्य सदैवादशावरान् दशपरान् पुनात्युभयत'। गोमिथुनदत्वो प्रयच्छेतआर्ष सप्तवरान् सप्तपरान् पुनात्यु भयत । मिथत्समयकृत्वो प्रयश्चेत्सगान्धर्व ॥ धनेनोपतोष्या प्रयच्छेतसआसुर ॥ सत्पानाप्रमत्तानावापहरेत्सपैशाच' ॥ हत्वाशिर्षाणि रुदतींरुदद्भ्योहरेतलराक्षस ॥ अथखलुचावचा जनपदधर्मा ग्रामधर्माश्चतान्वीवाहेप्रीयताम ॥ १ ॥ यत्तुसमानं- तद्वक्ष्याम; ॥२॥ पश्चादग्नेर्दृषदमस्मान प्रतिष्ठाभ्योत्तरपुरस्तात्-

दुदकुंभेसमन्वारब्धायांहुत्वा तिष्ठन्प्रत्यङ्मुख' प्राङ्मुखा आसीना याग्रह्णामिते सौभगत्वायहस्तमित्यंगुष्ठमवगृन्हीया यदीकाम-यीत पुमासएवमेपुत्राजायेतसन्निति ॥३॥ अंगुलीरेवस्त्रीकाम ॥४॥ रोमान्तेहस्तंसांगुष्ठमुभयकाय ॥५॥ प्रदक्षिणमग्निमुदकु-भञ्चत्रिपरिणयन् जपति ॥ अमोहमस्मिसात्व सात्वमस्यमोह द्यौरहपृथिवीत्वसमाह्यमृक्त्वेहविवहावहैप्रजाप्रजनयावहै स-म्प्रियौरोचिष्णूसुमनस्यमानौ जीवेवशरद शतमिति ॥ ६ ॥ परिणीयपरिणीया श्मानमारोहयतिइमेममत्वस्मिराभव । सहस्व पृतनायतोऽभितिष्ठप्रतयन्नइति ॥ ७ ॥ वध्वञ्जलाउपस्तीर्यभ्राता भ्रातृस्थानोवाद्विर्लाजानावपति ॥८॥ त्रिर्जामदग्नानां । ९॥ प्रत्यभि धार्यहवि ॥१०॥ अवतञ्च ॥११॥ एषोवदानधर्म ॥१२॥ अर्य-मणतुदेवकन्याअग्निमयक्षत सइमांदेवो अर्यमाप्रेतोमुञ्चातुनामुत स्वाहा । वरुणदेवकन्याअग्निमयश्वतसइमादेवोवरुण प्रेतोमुञ्चा-तुनामुत स्वाहा । पूषणनु देवकन्याअग्निमयक्षत सइमादेवो-पूषाप्रेतोमुञ्चातुनामुत स्वाहोति अविच्छिन्नत्य ञ्जलिसृचेचजु हुयात् ॥१३॥ अपरिणीयसूर्पपुटेनाभ्यग्न्स्मानतूर्णींचतुर्थ ॥१४॥ ओप्योप्यहैकैलाजान्परिणयन्ति । तथोत्तपे आहुतीर्नसन्निपतत ॥१५॥ अथास्यैशिखे विमुञ्चतियदिकृतेभवत ॥१६॥ ऊणास्तु-केशपक्षयोर्बद्धेभवत । प्रत्वाञ्चामिवरुणस्यपाशादिति ॥ १७ ॥ उत्तरयामुत्तरया ॥ १८ ॥ अथैनामपराजितायान्दिशिसप्तपदान्य भ्युत्क्रामयत्तीषएकपदीर्जद्विपदीरायस्पोषायत्रिपदीमायोभव्याय चतुष्पदीप्रजाभ्य पञ्चपद्यृतुभ्य षट्पदीसखासप्तपदीभव सामा-मनुव्रताभव पुत्रान्विदावहै बहूनस्तेसन्तु जरदष्टयइति ॥१९॥ उभयो सन्निधाय शिरासीउदकुम्भेनावषिच्य ॥ २० ॥ ब्राह्मणा याश्चवृद्धायाजीवपत्न्याजीवप्रजाया अगारएतारात्रिंवसेत् ॥२१॥ ध्रुवमरुंधती सप्तऋषीन्तिस्त्राावाचमिसृजेतजीवपत्नीं प्रजा-विन्देयेति ॥२२॥ प्रयाणउपपद्यमान पूषात्वेतोनयतु हस्तगृह्येति यानमारोहयेत् ॥१॥ अश्मन्वतीरीयते सरमध्वमित्यर्द्धर्चेननाव-मारोहयेत ॥२॥ उत्तरेणोत्क्रमयेत् ॥३॥ जीवस्दन्तीरुदत्था ॥४॥ विवाहाग्निमग्रतोऽजस्त्रन्नयन्ति ॥५॥ कल्याणेषु देशवृक्षाचतुष्प थेषु माविदन्परिपन्थिन इतिजपेत् ॥ ६ ॥ वासेवाससुमंगली रियवधूरितीक्षकानीक्षत ॥ ७ ॥ इहप्रियप्रजयातेसमृध्यतामिति गृहप्रवेशयेत् ॥८॥ विवाहाग्निमुपसमाधाय पश्चादस्याऽनडुहच

मांस्तीर्य प्राग्ग्रीवमुत्तरलोमतस्मिन् उपविष्टायां समन्वारब्धायां
आन' जनयतु प्रजापतिरितिचतसृभि प्रत्यचहुत्वा समञ्जन्ति
विश्वेदेवाइति दध्न प्रतिप्रयच्छेदाज्यशेषेणवानक्तिहृदये ॥ ९ ॥
अक्षारालवणाशिनौब्रह्मचारिणावलकुर्वाणावध शायिनौस्यातां
॥१०॥ अतऊर्ध्वंत्रिरात्रद्वादशरात्रं ॥११॥ सवत्सरवैक ऋषिर्जा
यतइति ॥१२॥ चरितव्रत सूर्या विदेवधूवस्त्रदधातू ॥१३॥ अन्नं
ब्राह्मणेभ्य ॥१४॥ अथस्वस्त्यवचन वाचयीत ॥१५॥ पाणिग्रह-
णादिग्र ह्यपरिचेत् स्वयपत्न्यापिवापुत्र कुमार्यन्तेवासीवा ॥१॥
नित्यानुगृहीतस्यात् ॥ २ ॥

અથ—સમાવતન સંસ્કાર સમાપ્ત કરી સ્નાતક ઘેર આવવાનિ ઇચ્છા કરે ત્યારે ૧૬ વર્ષની અને ચોવીશ વર્ષની અંદર ઉમ્મરવાળી કન્યા હોય અને ૪૮ વર્ષનો પુરૂષ હોય એટલે હોય એટલે સ્ત્રીથી પુરુષ બમણી ઉમરે હોય તેની સાથે લગ્ન કરવા તેમ ૧૬ વર્ષની સ્ત્રી અને ૩૨ વર્ષનો પુરૂષ બમણો તથા અઢીગણા ફેરવાળા સાથે લગ્ન કરવા

"ઉદગયન ઇત્યાદિ ચોલકર્મે ગોદાન અને ઉપનયન શુભ મુહૂર્ત જોઇ તથા પાત્ર જોઇ કરવા જોઇએ ૧ વિવાહ સવ કાળે કરવા, એવા ઋષિઓના મત છે ૨ પછી ચોરીમા અગ્નિનું સ્થાપન કરી ચાર આહુતી આપવી ૩ 'અગ્ન આયુષિ પવમદાનિ ત્રણ મંત્રવડે તથા પ્રજાપતે નત્વ દેવતાન્યયો૦ એ મંત્રવડે અગર ૐભૂ સ્વાહા । ૐ ભુવ સ્વાહા ૐસ્વ સ્વાહા ૐભૂ ર્ભુવ સ્વ સ્વાહા એ ચાર મંત્રોવડે અગ્નિમા ઘીની આહુતીઓ આપવી કોઇ કોઈ ઋષિઓનો એવો મત છે કે પૂર્વોક્ત મંત્રવડે તથા વ્યાકૃતિ એ વડે આહુતી આપવી અને અન્ય ઋષિઓનો એવો મત છે કે બીલકુલ આહુતી આપવી નહિ લગ્નમા "ત્વર્યમા૦" એ મંત્રવડે ચોથી આહુતિ આપવી ૭ માતાપક્ષ તથા પિતાના પક્ષથી પહેલા કહ્યા પ્રમાણે કુળની પરીક્ષા કરવી બુદ્ધિમાન કન્યા હોય તો બુદ્ધિમાન યોગ્ય પુરુષ હોય તેને કન્યા આપવી ૧ બુદ્ધિરૂપ, શિલ, આચાર તથા સુલક્ષણવાળી કન્યા, તેના યોગ્ય પુરૂષને આપવી, પરંતુ પશુ પ્રમાણે લગ્ન કરવા નહિ વિવાહ આઠ પ્રકારના છે એક વિદ્યાદિની પરીક્ષા કરી કન્યા આપવી તે બ્રહ્મવિવાહ કહે છે ૧ બીજો ઋત્વિગનું આવાહન કરીને યજાનુષ્ઠાનપર્વક અગ્નિમા આહુતી આપીને કન્યાને વસ્ત્રાભુષણ આપી કન્યાદાન કરવું તેનું નામ દૈવીવિવાહ છે.

ત્રીજો ધર્મની પ્રતિજ્ઞા લઇ કન્યાને પ્રજોત્પતિ માટે દાન કરવુ તે પ્રાજાપત્ય કહે છે ચોથો ગોનિષ્ક્રય લઇ કન્યાનુદાન આપવુ તે આર્ષ-વિવાહ કહેવાય છે પાચમો વર કન્યા એક એકની પ્રશન્નતાવડે લગ્ન કરે તેનુ નામ "ગાન્ધર્વ વિવાહ" કહે છે છઠો કન્યાનો પિતા દ્રવ્ય લઇને કન્યાદાન કરે તે "આસુર વિવાહ" કહેવાય છે સાતમો, શયન નિદ્રામા તથા કેફમા કન્યાનો સમાગમ થાય તેને "પિશાચ વિવાહ" કહે છે આઠમો લડાઇ ટટોકરી કન્યાને રડતી હરણ કરી લાવવી એનુ નામ "રાક્ષસ વિવાહ" કહેવાય છે એ પ્રકારે આઠ પ્રકારના વિવાહ કહેવાય છે પછી તેમાના પહેલા ચાર વિવાહ બ્રાહ્મ, દવી, પ્રાજાપત્ય, તથા ગાન્ધર્વ એ ઉત્તમ છે આર્ષ તથા આસુર એ વિવાહ કનિષ્ટ છે અને પિશાચ અને રાક્ષસ વિવાહ નીચ છે

અને અગ્નિમા હોમ થયા પછી પથ્થરની શિલા ઇશાન ખુણામા મુકી સ્ત્રીએ તે પકડી રાખવી પછી હોમ કરતી વખતે વરને પશ્ચિમાભિ મુખે તથા કન્યાને પૂર્વાભિ મુખે ઉભા રાખી ગૃભણામિતે સોભગા યત્વા, એ મત્ર વડે હાથ પકડવો પછી જળનુ પાત્ર લઇ ત્રણ પ્રદક્ષિણા કરવી "અમોહમ્મિ૦" એ મત્ર વડે વરકન્યા ઉભય પ્રતિજ્ઞા કરે છે વર કન્યાને કહે છે કે હુ પ્રતિદિન ઘરની સભાળ કાળજી પૂવક રાખીશ તેમજ કન્યા કહે છે કે હુ પણ પ્રતિદિન આપની સેવામા તથા ગ્રહ કાયમા અનુકુળ રહીશ, વર બીજી પ્રતિજ્ઞા કરે છે કે હુ 'અન્ય સ્ત્રી' પર સ્ત્રી સાથે મોહિત થઇ કદાપિ કાળે પણ ગમન કરીશ નહી પછી કન્યા કહે છે કે હુ પણ પર પુરૂષમા આશક્ત થઇ કદાપિ કાળે પણ સમાગમ કરીશ નહી વર કહે છે કે હુ દ્યો (આકાશ) રૂપ તેમજ તુ પૃથ્વિરૂપ છે એટલે જેમ સુર્યાદિનો પ્રકાશ પૃથ્વી ઉપર સદા સયોગ રહે છે તેમજ આપ ઉભય વચ્ચે સયોગ રહેશે વળી વર કહે છે કે હુ સામવેદ, તથા તુ ઋગવેદ પ્રમાણે છે જેવા ઋગ્વેદથી સામવેદ સુધીના વિદ્યાદિ કાર્યો સિદ્ધ થાય છે તેમજ આપણે બન્ને મળી ગૃહસ્થાશ્રમના સર્વ કૃત્યો સિદ્ધ કરીશુ ૩ એ પ્રમાણે આપણે વિવાહ કરી સમાગમ કરી પ્રજા ઉત્પન કરીશુ અને આપ ઉભય વચ્ચે પ્રિતિનો વધારો કરીશુ કદાપિ દ્વેષ કરશુ નહી પરસ્પર પ્રીતિ, ધર્મ, વિદ્યા, સતાન, પરમેશ્વરની ભક્તિ, તથા સદ્વિચારનુ નિત્ય પાલન કરીશુ તથા આપ ઉભય સો વર્ષનુ આયુષ્ય ભોગવીશુ

ત્યાર પછી આગળ કહી ગયા પ્રમાણે સ્ત્રી પથ્થર પકડીને તે શીલા ઉપર કન્યાને ઉભી રાખવી, વર કહે છે કે તુ આ પથ્થર ઉપર

બેસ. જેમ એ પથ્થર દ્દઢ (મજબુત) છે તે પ્રમાણે મારી સાથે દ્દઢ અને સ્થિર થા, અને હુ પણ તારી સાથે સ્થિર રહીશ, અને આપણે ઉભય સુખદુ ખમા પરસ્પર ભાગિદાર થઇશુ, અને પછી કન્યાના ભાઇએ કન્યાના હાથ અગર ખોળામા ભાતની ધાણી આપવી ૧૦-૧૧-૧૨ "અર્યમણુ દેવકન્યા૦" એ મત્રવડે કન્યાએ અગ્નિમા હોમ આપવો, એ પ્રમાણે ત્રણુ આહુતી આપવી અને ચોથી મુગે મોડે આહુતી આપવી ૧૩-૧૪-૧૫ પછી કન્યાના ચોટલાની લટ છોડવી ૧૬ પ્રત્વામુચામિ વરૂણસ્ય પાશાત્" એટલે મત્રવડે કન્યાને ઉત્તર દિશા તરફ મુખ રાખી કન્યાએ સાત પગલા ઉત્તર દિશામા ચાલવુ, પહેલુ પગલુ પરાક્રમ અર્થે બીજુ ધન તથા પુષ્ટિને અર્થે, ત્રીજુ સુખ સપાદન અર્થે, ચોથુ પ્રજોત્પત્તિ અર્થે, પાચમુ ઋતુ યથાયોગ્ય સપાદનાર્થે, છઠુ પરસ્પર મિત્રતાર્થે, સાતમુ વિવાહના નિયમ પરિપૂર્ણ પાળવા અર્થે પછી વર કહે છે કે હે સ્ત્રી તુ મને સદાનુકુળતાવાળી રહેજે તેમજ સ્ત્રી પણ કહે છે તમો પણ મારી સાથે સદાનુકુળતાથી રહેજો અને આપ બન્નેના સમાગમે કરી બહુ સન્તાન પુત્રોત્પન કરી વૃદ્ધાવસ્થા સુધી આનદમા રહીશુ પછી બન્નેના માથા ઉપર પાણીનો અભિષેક કરવો ૨૦-૨૧ અને તે રાત્રીએ ધ્રુવ તથા સપ્તઋષીના તથા અરૂધતીના તારાના દર્શણ કરવા "જીવપતિ પ્રજા વિદેયેતિ" એ મત્રવડે સ્ત્રી કહે છે કે મારા પતિ તથા મારી પ્રજા ચિરણજીવી રહો ૨૨ પુષાત્વે નો નયતુ હસ્ત ગ્રહ્યેતિ" એ મત્રવડે કરી વર કન્યાને સસરાને ઘેરથી પોતાને ઘેર વાજતે ગાજતે લઇ જવા જ્યારે ઘરમા પ્રવેશ કરાવે ત્યારે "સુમ-ગલીરીય" એ મત્ર ભણી સુવાશીની સ્ત્રીઓએ મળી કન્યાનુ અવલોકન કરવુ ૭ અને આ ગૃહમા આપને પ્રજોત્પત્તિ તથા સુખ અને આપના પતિ સાથે પ્રેમ ઘણો થાઓ એવી રીતે સુવાશીનિ સ્ત્રીએ કહેવુ

પછી વાછરડાનુ ચર્મ (ચામડુ) અગર વસ્ત્ર બિછાવી વર કન્યાએ અન્યોઅન્ય સ્થળે શયન કરવુ "આન પ્રજાજનયતુ" એ મત્રવડે હોમ કરીને "સમજતુ વિશ્વેદેવા૦" એ મત્રવડે પુરૂષ તથા સ્ત્રીએ દહિનુ પ્રાશન કરી પ્રજોત્પત્તિ કરવા પ્રયત્ન કરવો અને ત્રણુ રાત્રિ, બાર રાત્રિ અગર એક વર્ષ પર્યંત મીઠા વગરનુ અન્ન ખાવુ, અને ત્રણુ રાત્રિ, બાર રાત્રિ તથા એક વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળવુ નિત્ય મગળકારી, અતિથી સેવા અને ગૃહસસારમા તથા વિવાદિક ધર્મના તથા વ્રતના પાલનમા બન્ને સાથે અનુકુળતા રાખવી

મનુસ્મૃતિમા કહ્યુ છે કે

वैवाहिको विधिस्त्रीणां सस्कारोवैदिक स्मृत ।
पतिसेवागुरौवासो गृहार्थाऽग्निपरिक्रिया ॥ मनु ॥

પરતુ કન્યાએ વિવાહ નામનો સસ્કાર કરવો તે ઉપનયન નામનો હોવાથી વેદના મત્રો ભણીને કરવો પતિની સેવા કરવી એ તેનો ગુરૂના ઘરનો વાસ સમજવો અને ઘરનુ કામ કાજ કરવુ એ તેની સવાર સાજ કરવામા આવતિ અગ્નિની ઉપાસના સમજવી

ચારે આશ્રમમા ગૃહસ્થામ શ્રેષ્ટ છે કારણ કે બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સન્યાસી એ ત્રણ આશ્રમીઓનો આધાર ગૃહસ્થાશ્રમીના ઉપર છે મનુ મહારાજા ગહસ્થાશ્રમની પ્રમમા કરતા કહે છે કે

अपत्यधर्मकार्याणि सुश्रुषारतिरुत्तमा ।
दाराधीनस्तथास्वर्ग पितृणामात्मनश्चह ॥ मनु ॥

પુત્ર (શ્રાદ્ધ કર્મ, વૃષોત્સર્ગ વિગેરે ક્રિયા કરીન પિતૃઓને તારનારા પુત્ર) ની ઉત્પત્તિ ધર્મના કાર્યો (અગ્નિ હોત્ર વિગેરે યજ્ઞો અષ્ટકા વિગેરે શ્રાધ્ધો) ઉત્તમ પતિનિ સેવા ઉત્તમ ગતિ અને પિતૃઓની તથા પોતાની સ્વર્ગગતિ આ બધા સ્રીને આધિન છે કારણ કે ગૃહસ્થાશ્રમિ પુરૂષ સ્રીની સહાયતાથી આ બધા કર્મો કરી શકે છે માટે પરૂષે યોગ્ય કન્યાની સાથે લગ્ન કરવુ

गुरुणानुमत स्नात्वा समावृत्तोयथाविधि ।
उद्वहेत द्विजोभार्या सुवर्णालक्षणान्विता ॥मनु: ॥

અર્થ—સમાવતનનુ યથાવિધિ પાનન કરેલા એવાદ્વિજે ગુરૂની આજ્ઞા ગૃહણ કરી પોતાના વર્ણવાળી સદ્દલક્ષણ યુક્ત અને ઉત્કૃષ્ટ ગુણવાળી બુદ્ધિશાળી પોતાના સદ્દશ (તુલ્ય રૂપવાળી) કન્યા સાથે વિવાહ કરવો

असपिण्डाचयामातु रसगोत्राचयापितु ।
साप्रशस्ताद्विजातिना दारकर्मणिमैथुने ॥ मनु ॥

માની છ પહેડીમા ન હોય અને બાપના ગોત્રમા ન હોય તેવી કન્યા સાથે દ્વિજ વર્ણે પરણવુ અને લગ્ન કરવા, દુહિતા "દુહિતા, દુરે હિતા ભવતેતિ" એવુ નિરૂક્તનુ પ્રમાણ છે

महान्त्यपिसमृद्धानि गोजाविधनधान्यत ।
स्त्रीसबधेदशेतानि कुलानि परिवर्जयेत् ॥ मनु ॥

મોટી સપત્તિવાળો પશુ આદિ પરિપૂર્ણ હોય તો દશ કુળવાળા દોષ હોય તેનો વિવાહદિકમા ત્યાગ કરવો.

हीनक्रियनिष्पुरुष निच्छन्दोरोमशार्शसम् ।
क्षय्यामयाव्यपस्मारिश्वित्रिकुष्ठिकुलानिच ॥ मनु ॥

મુળમા ક્રિયાહિન હોય નપુંસક હોય જેના કુળમા ઉત્તમ પુરૂષો થયા ન હોય જે કુળમા વેદવિધાન ન હોય, જે કુળમા મોટા કેશવાળા પુરૂષ હોય ક્ષયરોગી, દમરોગી ચિમ્કોટક, વાયુરોગી, ધોળો કોઢ અને ગળત કોઢ એટલા દશ દોષવાળા પુરૂષને કન્યા આપવી નહી

नोद्वहेत्कपिलाकन्या नाधिकाङ्गीनरोगिणीम् ।
नालोमिकानातिलोमान वाचाटान्नपिङ्गलाम् ॥

ધોળા કેશવાળી, ધોળા અધિક અંગવાળી (વધુી ઉંચી), રોગવાળી, મોટા રૂવાવાળી તેમજ બિલકુલ રૂવા વગરની, ઘણુ બોલવાવાળી તથા માજરી એવી કન્યા સાથે લગ્ન કરવુ નહી.

अव्यङ्गाङ्गीं सौम्यनाम्नीं हंसवारणगामिनीम् ।
तनुलोमकेशदशनां मृद्वङ्गीमुद्वहेत्स्त्रियम् ॥

શરીરમા ખામી વગરની, સુંદર નામવાળી હંસ તથા હાથીના ચાલના જેવી ચાલનારી, થોડા વાળવાળી, માથે પાતળા વાળવાળી, ઝીણા દાતવાળી કોમળ અંગવાળી કન્યા સાથે વિવાહ કરવો

વળી છાંદોગ્ય ઉપનિષદ્‌ના પાચમા પ્રપાઠકમા ખડ ૧૬મા કહ્યુ છે કે—

पुरुषोवावयज्ञस्तस्ययानिचतुर्विंशतिवर्षाणितत्प्रातः सवनंचतुर्विंशत्यक्षरागायत्रीगायत्रंप्रातः सवनंतदस्यवसवोन्वायत्ताः प्राणावावसवएतेहिदं सर्ववासयन्ति ॥

પુરૂષ જીવ અને શરીર એઓનો સયોગ જે યત તે પુજનીય છે જેમ યજ્ઞમા ત્રણ સવન પહેલુ પ્રાતઃસવન બીજુ મધ્યસવન ત્રીજુ સાયસવન એ ત્રણ સવનની જરૂર છે તેમજ આત્મા દેહની પુષ્ટિ માટે ત્રણ સવનની જરૂર છે, નહિ તો જીવ તથા શરીર દુખરૂપિ સાગરમા ડુબે છે જન્મ ધારણ થયા પછી વિસ વર્ષની ઉમ્મર પર્યન્ત જીતેન્દ્રિય રહિને વીર્યાદિ ધાતુનુ સરક્ષણ કરવુ અને વિદ્યાદિનો સગ્રહ કરવો એનું નામ પ્રાતસવન છે અને સવન થવા થકી ઉત્તમ ગુણ શૌચ ધય અને વિદ્યા વિગેરે આત્મા તથા શરીરમા નિવાસ કરે છે અને ચોવિસથી છત્રિસ વર્ષ સુધી મધ્ય સવન અને છત્રિસથી અડતાળીશ વર્ષ સુધી સાય સવન એટલી ઉમ્મર સુધી બ્રહ્મચર્યનુ પાલન કરી શરીર તથા વીર્યનુ સરક્ષણ કરે તો પુરૂષ વિદ્યાદિ ગુણે યુક્ત થઇ શરીરે નિરોગી તથા દ્દઢ થાય વળી "સુશ્રુત" જે ધન્વતરી મુનિકૃત વૈદિકનો ગ્રથ છે તેમા કહ્યુ છે કે—

चतस्रोवस्था शारीरस्य वृद्धियौंवनमपूर्णता किञ्चित्परिहाणिश्चेति । तत्राषोडषाद्वद्धि ॥ पञ्चविंशति यौवनामाचत्वरिंसत्सपूर्णता । तत किञ्चित्परिहाणिश्चेति ॥

મનુષ્યના શરીરની ચાર અવસ્થા છે ૧ વૃદ્ધિ, ૨ યૌવન, ૩ સપૂર્ણતા, ૪ હાની સોળ વર્ષથી પચ્ચીશ વર્ષ પર્યંત વૃદ્ધિ, એ અવસ્થામા શરીર તથા વીર્યની વૃદ્ધિ થાય છે–તેમા એઓનુ રક્ષણ ન કરે તે જન્મ સુધી દુ ખી થાય છે ૧૫થી ૨૪ વર્ષ સુધી યુવાવસ્થા એ ધાતુપુષ્ટિનો વખત તેમજ સ્ત્રીની વૃદ્ધિ વસ્થા ૧૬થી ૨૪ વષ સુધીની છે એ વર્ષ પહેલા લગ્ન કરવા નહીં

પરંતુ આ બધા સન્દર્ભ ઉપરથી સિદ્ધ થાય છે કે ઋતુકાળ પહેલા એટલે ઋતુ આવ્યા પહેના કન્યાનો વિવાહ કાળ છે, હવે તે કાળ કયો ? તેનો નિર્ણય કરવાની જરૂર છે, આ ભારતવર્ષ સમાષિતોષ્ણ હોવાથી સ્ત્રીઓને તેરથી સોળ વર્ષની અન્દર રજસ્વના થાય છે માટે તે પહેલાનો સમય તે કન્યાઓનો વિવાહ સમય જાણવો વળી યમસ્મૃતિમા કહ્યુ છે કે,

प्राप्तेतुद्वादशेवर्षेय कन्यांनप्रयच्छति ।
मासिमासिरजस्तस्या पितापिबतिशोणितम ॥

બાર વર્ષ થયા છતા પણ જે પિતા પોતાની પુત્રિનો વિવાહ કરતો નથી તે મહિને મહિને કન્યાના રૂધિરનુ પાન કરે છે

અત્રે જેમ પ્રત્યક્ષ બાર વર્ષો કહ્યા છે તેમજ મનુ પણ કહે છે કે

त्रिशद्वर्षोवहेत्कन्यां हृद्यांद्वादशवार्षिकीम ।
अष्टवर्षाऽष्टवर्षांवा धर्मेसीदतिसत्वर ॥

ત્રીસ વર્ષના પુરૂષે બાર વષની હૃદયને ગમતિ કન્યા સાથે લગ્ન કરવુ અને જો ધર્મના કર્મમા અડચણ આવતી હોય તો ચોવીશ વર્ષના પુરૂષે આઠ વર્ષની કન્યા સાથે લગ્ન કરવુ આ બન્ને સ્મૃતિઓ વિવાહનો સમય બાર વર્ષનો છે એમ દર્શાવે છે

હે પ્રાણનાથ! હોમાદિ કાર્યને વિષે હુ આપની મહાનુભુતિ થઇશ ધર્મ અર્થ તથા કામનાવાળા અનેક કાર્યોમા હુ આપની મનોવૃત્તિને અનુસરનારી થઇશ તમે સ્વામિ! અગ્નિ તેમજ સભાસદોના જે કોઈ અહીં છે તે સર્વના સમક્ષ તમો મારા પતિ થયા છો માટે મે મારો દેહ આપને અર્પણ કર્યો છે. આ રીતે સાતમુ પગલુ ભરતી વખતે કન્યા બોલે છે.

પિતાપતામાદાય, પિતાએ આપેલી કન્યાને લઇ વર મંડપની
બહાર જાય છે પછી કન્યના ભાઇના ખભા ઉપર જે ઊદકુંભનું સ્થાપન
કરેલો કુંભ મુકવો તેમાંથી જળ લઇ અભિષેક કરવો. જેથી જળ
કલ્યાણ અભ્યુદય ફુળ અને પરમાનંદ અભિષેક કરાવે છે તે જળ તને
આરોગ્ય રાખો. તથા ૐ **आपोहिष्ठामयो०** એ મંત્રો ભણી અભિષેક
કરવો. ૐ **तच्चक्षुर्देवहितं०** એ મંત્ર વડે કરીને વર કન્યાએ 'સૂર્યાવ-
લોકન કરવું એટલે સુર્યનું દર્શણ કરવું પછી કન્યાના જમણા ખભા
ઉપર હસ્ત મુકી વર તેના હૃદયનો સ્પર્શ કરે છે "અને કહે છે કે
મારા વ્રતને અનુકુળ તારૂં હૃદય કરૂં છું મારા ચિત્તને અનુકુળ તારૂં
ચિત્ત થજો. એકાગ્ર ચિત્તથી મારી આજ્ઞાનું પાલન કર પ્રજાપતિ ભગવાન
મારૂં કલ્યાણ કરવામાં તને નિયુક્ત કરે, પછી વરકન્યાનું અભિમંત્રણ
કરે છે હે અગ્નિ આદિ વિવાહના દેવતાઓ આ વધુએ ઉત્તમ મંગલ
પ્રાપ્ત કર્યું છે, માટે તમો સર્વ એકત્ર થઇ એનું અવલોકન કરો અને તેને
સૌભાગ્ય અર્પણ કરી ફરીથી આવા શુભ પ્રસંગે પધારવા માટે હાલ
તમારા નિવાશી સ્થાનમાં પધારો પછી કન્યાનો હસ્ત ઝાલી મજબુત
બાંધાવાળો તેનો પતિ તે કન્યાને પૂર્વ દિશામાં તથા ઉત્તર દિશામાં
એકાન્ત ગૃહમાં લઇ જઇને રાતા વૃષભના ચર્મ ઉપર બેસાડે છે આ
બેઠક ઉપર ગાયો, અશ્વો, તથા પુરૂષો બેસો અત્ર સ્થાને હજારો
મનુષ્યોને પ્રાણ દાન કરનાર યજ્ઞ સ્વરૂપ સુર્યનારાયણ બિરાજો, પછી
ગામની વૃદ્ધ સ્ત્રીઓ તથા પુરૂષો જે કાંઇ આજ્ઞા કરે તે કરવું. અર્થાત્
લોકાચાર પ્રમાણે જે વિધિ કરવામાં આવે તે વિધિ કરવી. પછી
આચાર્યને દક્ષિણા આપવી, બ્રાહ્મણે ગૌદાન આપવું, ક્ષત્રિએ ગામ આપવું,
અને વૈશ્યે અશ્વ આપવો રાત્રિએ વરકન્યાને ધ્રુવની પેઠે સ્થિર થાય તે
માટે તે ધ્રુવના તારાનું દર્શણ કરાવું છું. તું મારામાં દૃઢ ભક્તિવાળી
અને મારી પ્રજાનું પાલન કરનારી થા, તને બ્રહ્માએ મને અર્પણ કરી
છે, તેથી તું મારી સાથે પ્રજા ઉત્પન્ન કરી સો વર્ષ જીવ વિવાહના
દિવસથી આરંભીને ત્રણ દિવસ સુધી વરકન્યાએ ક્ષાર અને લવણરહિત
ભોજન કરવું અને જમીન ઉપર પથારી કરી શયન કરવું અને એક વર્ષપર્યંત
બ્રહ્મચર્યનું પાલન કરવું, અગર તો બાર રાત્રિ છ રાત્રિ અથવા ત્રણ રાત્રિ
બ્રહ્મચર્ય અવશ્ય પાળવું અને વિવાહથી આરંભીને નિત્ય અગ્નિની
ઉપાસના કરવી સવારમાં સૂર્યોદય થતા પહેલા ઉઠી પહેલા અગ્નિમાં
પંચભુસંસ્કાર કરી અગ્નિને પ્રદિપ્ત કરી અગ્નિમાં નીચે પ્રમાણે
હોમ કરવો,

ॐ अग्नयेस्वाहा इदमग्नयेनमम। ॐ प्रजापतयेस्वाहा इदं प्रजापतयेनमम ॥

એ પ્રમાણે બે આહુતિ દહીં તથા ચોખાની આપવી. અને પ્રજાપતિની આહુતિ આપતી વખતે મંત્ર મનમાં ભણવો, અને મનમાં સર્વ જગતમાં વ્યાપ્ત પરમાત્માનું ધ્યાન કરવું તેમજ રાત્રે સૂર્ય અસ્ત થયા પછી પણ દહીં તથા ચોખાની બે આહુતીઓ આપવી

ॐ सूर्यायस्वाहा। इदसूर्यायनमम। ॐ प्रजापतयेस्वाहा इदमजापतयेनमम ॥

એ મંત્ર ભણી આહુતી અગ્નિમાં આપવી આ પ્રમાણે નિત્યે ગૃહ્યાગ્નિમાં હોમ કરવો ગર્ભ ધારણ રાખનારી સ્ત્રીએ પતિના પહેલા સવાર સાંજ નીચેના મંત્ર ભણી બે આહુતીઓ આપવી

पुमाँसो मित्रावरुणौ। पुमाँसावश्विनावुभौ। पुमानिन्द्रश्च सूर्यश्च पुमाँसवर्त्ततांमयिस्व द्वा ॥

તે પુરૂષ રૂપવાળા મિત્રાવરૂણ, બે અશ્વિનિકુમાર, ઇન્દ્ર અને સર્વ દેવતાઓ હું ગર્ભ ધારણ કરૂં એવો મને આશિર્વાદ આપો

લગ્ન થઇ ગયા પછી ચોથે દિવસે પાછલી રાત્રે અથવા પાંચમા દિવસના મંગળપ્રભાતમાં લગ્નવિધિ વખતનો અગ્નિનું સ્થાપન કરી તે અગ્નિમાં રાંધેલો ચરૂ વરકન્યાએ ભક્ષણ કરવો

अथैनांस्थालिपाकप्राशयति। प्राणैस्तेप्राणान्सन्दधा म्यस्थिभिरस्थीनिमांसैः सौमांसानित्वचात्वचमिति। तामुदुह्ययथर्तु प्रवेशनम् ॥ अथास्यैदक्षिणांसमधि हृदयमालभते। यत्तेसुसीमे हृदयंदिविचंद्रमसिश्रितम। वदाहतन्मा तद्विद्यात्पश्येमशरद शतंजीवेमशरद शतंशृणुयामशरद शतमिति ॥ पारास्कर ॥

ઉપર પ્રમાણે મંત્ર ભણી પ્રથમ વરે કન્યાને ચારવાર ભાત અને ઘીનું પ્રાશન કરાવવું, અને પછી વર કહે છે કે મારા પ્રાણની જોડે હું તારા પ્રાણને જોડું છું મારા અસ્થિની જોડે હું તારા અસ્થિને જોડું છું, મારા માંસની જોડે હું તારા માંસને જોડું છું, અને મારી ત્વચાની જોડે હું તારી ત્વચાને જોડું છું, આ પ્રમાણે કહી પછી ચારવાર કન્યા વરને ચરૂનું ભક્ષણ કરાવે છે, અને કહે છે કે આ ચતુર્થીકર્મને વિષે આપના ઉભયના વિવાહ સંબંધમાં મળીને હું અગ્નિને સમક્ષ રાખું છું એવી રીતે કન્યા વરને કહે છે, પછી વર કન્યાના ખભા ઉપર હસ્ત મુકીને

પોતાનો જમણો હસ્ત કન્યાના હૃદય ઉપર રાખી કહે છે કે સુંદર સેંથા વાળી વધુ, તારૂં હૃદય ચંદ્ર જેવી કાન્તીવાળો પુત્ર ઉત્પન્ન કરવા તરફ દોરાયુ છે, તે હું જાણુ છુ અને મારી પણ એવીજ વૃત્તિ છે એમ તુ જાણ, અને આપણે સો સરદ્‌ઋતુ જોઇએ સો શરદ્‌ઋતુ આયુષ્ય ભોગવીએ અને સો શરદ્‌ઋતુ શ્રુતિનું અધ્યયન કરીએ દરેક સસ્કારમા જેનો સસ્કાર કરવાનો હોય તેને સ્પર્શ કરી મત્ર ભણવાનુ લખ્યુ છે આ સ્પર્શથી મનુષ્યોને ઉત્તમ અસર થાય છે આવા સ્પર્શનો તથા મત્રનો ઉપયોગ માત્ર સસ્કારોમા થતો હોય એમજ નહિ પરતુ અસાધ્ય રોગો મટાડવામા પણ કરવામા આવતો હતો તેનુ દૃષ્ટાંત નીચે આપવામા આવે છે.

हस्ताभ्यां दशशाखाभ्यां जिह्वावाचपरोगवी ।
अनामयित्नुभ्यांत्वा ताभ्यांत्वोपस्पृशामसि ॥ ऋगवेद ॥

જીભથી મત્રનો ઉચ્ચાર કરી દશ આંગળીવાળા તથા આરોગ્યતાને આપનારા હસ્તથી હુ તારો સ્પર્શ કરૂ છુ એ સ્પર્શ થકી અસાધ્ય રોગો પણ નાશ પામે છે

अयमेहस्तो भगवान यंमेभगवत्तरः ।
अयमेविश्वभेषजोयं शिवाभिमर्शनः ॥ ऋगवेद ॥

આ મારો ડાબો હસ્ત કલ્યાણકારક છે અને તેના કરતા પણ મારો જમણો હસ્ત વધારે કલ્યાણકારક છે કારણ કે તેમા આખા વિશ્વનુ ઔષધ સમાયલુ છે. તેના સ્પર્શ થકી સર્વ પ્રકારે કલ્યાણ થાય છે

गोभिल गृह्यसूत्रमां कहे छे के

अर्यमणनुदेव पूषणमित्युत्तरयोः ॥७॥ हुतेपतिर्यथेतंपरिक्रम्यप्रदक्षिणमग्निंपरिणयति मन्त्रवान्ब्राह्मण कन्यलायितृभ्य इति ॥८-९॥ एवंत्रि ॥१०॥ दक्षिणेनप्रक्रम्य सव्येनानुक्रामेत् ॥१६॥ समाप्तासूक्तइति ॥१७॥ अरुन्धतिञ्च ॥१०॥ रुद्धाहमस्मि त्वेवमेव ॥११॥ अथैनामनुमन्त्रयते ध्रुवाद्यौरित्येतयर्चा ॥१२॥ अनुमन्त्रिता गुरुगोत्रेगाभिवादयत ॥१३॥ सोऽस्यावाग्विसर्ग ॥१४॥ तावुभौ ततप्रभतित्रिरात्रमक्षारालवणाशिनौब्रह्मचारिणौ भूमौसहशयाताम् ॥ १५ ॥ हविष्यमन्न प्रथमपरिजपितं भुञ्जीत ॥ १८ ॥ तस्यदेवताअग्नि प्रजापतिर्विश्वेदेवा अनुमितिरिति ॥२०॥ भुक्तोच्छिष्टंवध्वैप्रदाय यथार्थम् ॥२२॥

અર્થ—જે સ્ત્રી તથા પુરૂષના લગ્ન થવાના હોય તેમણે સ્નાન કરી શ્રેષ્ઠ વસ્ત્ર પહેરવા અને માહેરામા આવવુ ૧૭–૧૮ કન્યાએ પણ સારાં શુદ્ધ વસ્ત્ર ધારણ કરી માથે ઓઢી માહેરામા આવવુ ૧૯ પછી સભામા આસન હોય તે ઉપર આવતા કન્યા વદે છે કે જે "મમપતિ યાન પથા કલ્પતામિતિ" મારા પતિ પ્રાપ્તિના માર્ગનો "પ્રકલ્પ" પ્રકૃષ્ટ રીતે સમર્થ એવો વિધિ કરો, હોમ કરી ઉભય ઉભા થઇ સ્ત્રીપતિની આગળ ગમન કરે એ રીતે ત્રણચાર સ્ત્રીએ પ્રદક્ષિણા કરી સ્ત્રીની જમણી બાજુએ, ઉતરાભિમુખે પુરૂષે સ્ત્રીની અંજળીનો સ્પર્શ કરવો, "અશ્મા મારોહેતિ" મંત્ર ભણવો પછી લાજા (ભાતની ધાણી) નો અગ્નિમા "અર્યમણ દેવકન્યા" એ મંત્ર ભણી આહુતી આપવી એ પ્રમાણે ભણી અગ્નિની ત્રણ પ્રદક્ષિણા કરવી, પ્રદક્ષિણા કરતી વખતે સ્ત્રીને જમણી બાજુએ રાખવી ફરી ચોથી પ્રદક્ષિણા કરી સ્ત્રીને ડાબી બાજુ ઉપર બેસાડી પૂર્વોક્ત વિવાહક્રિયા કરવી

ॐ अग्नयेस्वाहा ॐ प्रजापतयेस्वाहा ॐ विश्वेभ्योदेवेभ्यः स्वाहा ॐ अनुमतयेस्वाहा ॥

એ મંત્રવડે અગ્નિમા ઘી અને ભાતનો હોમ કરી વરકન્યા ઉભયે "અનુણ અન્ન" (મીઠા વગરનુ) પ્રાશન કરવુ પ્રથમ ભોજન પતિએ કરવુ, અને પતિને જમતા રહેલુ શેષાન્ન પત્નિએ પ્રાશન કરવુ તે અન્ન ૭ રાત્રિ ત્રણ રાત્રિ અગર એક દિવસ પ્રાશન કરી ભૂમિ ઉપર ઉભયે શયન કરવુ, અને પ્રથમ રજોદર્શન થાય ત્યાં સુધી બ્રહ્મચર્યનુ પાલન કરી પ્રથમ રજોદર્શન થાય ત્યારે ચોથે દીવસે રજસ્વલાની શુદ્ધિ થયા પછી સ્નાન કરી ગર્ભાધાન આગળ લખી ગયા મુજબ કરવુ

अथचतुर्वेदमंत्रा' ऋ० अ० ८

पूषात्वेतो नयतुहस्त गृह्याश्विना त्वाप्रवहतांरथेन ॥ गृहान् गच्छ गृहपत्नीयथासो वशिनी त्ववदथमावदासि ॥ २३ ॥ इहप्रियं प्रजार्याते समृतामस्मिन्गृगार्हपत्याय जागृहि ॥ एना-पत्यातन्वं सस्रृजस्वधाजिव्री विदथमावदाथः ॥२७॥ सुमङ्गलिरिय वधुरिमा सभेतपश्यतासौभाग्यमस्यैदत्वा याथास्तविपरेतन ॥३३॥ गृभणामिते सौभगत्वायहस्तंमयापत्या जरदष्टिर्यथास ॥ भगोअर्यमासवितापुरंधिमह्यंत्वादुगार्हपत्यायदेवा' ॥३६। पूषङ्छिवतमामेरयस्वयस्या बीजमनुष्यावपन्ति यानऊरूउशती विश्रयाते यस्यामुशन्तप्रहरामशेप ॥३७॥ तुभ्यमग्रे पर्यवहन्तु-सूर्यां वहतुनासह । पुनः पतिभ्योजायांदाग्ने प्रजया सह ॥३८॥

पुनः पत्नीमग्निरदादायुषा सहवर्चसा ॥ दीर्घायुरस्याय: पति-
र्जीवाति शरदः शतम् ॥ ३९ ॥ सोम प्रथमो विविदेगन्धर्वो
विविदउत्तर । तृतीयोअग्निष्टे पतिस्तुरीयस्ते मनुष्यजा ॥ ४० ॥
सोमोददद्गन्धर्वाय गन्धर्वोददग्नये ॥ रयिंचपुत्रांश्चादादग्निर्मह्य-
मथोइमां ॥४१॥ इहैवस्तंमावियौष्ट विश्वमायु र्व्यश्नुतं ॥ क्रील-
न्तौपुत्रैर्नप्तृभिर्मोदमानौस्वेगृहे ॥ ४२ ॥ आन प्रजांजनयतु
प्रजापतिराजरसाय समनक्त्वर्यमा ॥ अदुर्मंगली पतिलोकमाविश
शन्नोभव द्विपदेशचतुष्पदे ॥४३॥ अघोरचक्षुरपतिघ्न्येधि शिवा-
पशुभ्य सुमनासुवर्चा ॥ वीरसूर्देवकामास्योना शन्नो भवद्विपदे
शञ्चतुष्पदे ॥ ४४ ॥ इमांत्वमिन्द्रमीढ्व सुपुत्रां सुभगांकृणु ॥
दशास्यांपुत्रानाधेहि पतिमेकादशंकृधि ॥४५॥ सम्राज्ञीश्वशुरेभव
सम्राज्ञीश्वश्र्वा भवा ॥ ननान्दरिसम्राज्ञीभव सम्राज्ञीअधिदेवृषु
॥४६॥ समञ्जन्तुविश्वेदेवा. समापोहृदयानिनौ॥ समातरिश्वा
संधातासमुद्रेष्टि दधातुनौ ॥ ४७ ॥ नमत्स्त्रीसुभसत्तरानसुया
शुतराभवत् ॥ नमत्प्रतिच्यवीयसि नसक्थ्युद्यमीयसि विश्वस्मा
दिन्द्र उत्तर ॥ ६ ॥ उवेअवसुलाभिके यथेवांगभविष्यति ॥
भसन्मेअवसक्थमे शीर्षवृष्यतिविश्वस्मादिन्द्र उत्तर ॥ ७ ॥
अ० ८ अ० ९ वर्ग ३ ॥ इन्द्राणीमासुनारिषुसुभगा महमश्रवं ॥
नाह्यस्याअपरञ्चनमरसे पतिर्विश्वमादिन्द्र उत्तर: ॥ ११ ॥

અર્થ—"પૂષાત્વન્તો૦ ॥ ઋગવેદ મંત્રનો અર્થ પુષા જે પુષ્ટિકારક પરમાત્મા તે હે સ્ત્રી, તારા પાણીગ્રહણથી મારી ગૃહીણિ થાઓ તથા "પ્રાણપતિ" (આશ્વનદેવ) તે રથ ઉપર આરોહણ કરીને જેમ ઘોડા રથને ચલાવે છે તેમ પરમાત્મા તને ગૃહકાર્યમા અનુકુળતાવાન કરો હે સ્ત્રી તારૂ ગૃહકાર્ય પ્રાધાન્યપદ પ્રાપ્ત થઇ અને ગૃહના સર્વ કાર્યમા નિપુણ થઇ (જીતેન્દ્રિય) સઘળી ઇન્દ્રિઓને નિયમમા રાખી શૌર્યાદિગુણે યુક્ત થઇ પતિની આજ્ઞાનુ પાલન કરનારી થાઓ, અને ગૃહસ્થાશ્રમમા તને પ્રિય, સુખ, અત્યન્ત પ્રાપ્ત થાઓ, તથા ગૃહકૃત્ય કરવામા તુ જાગ્રત થા, અને અનાલસ્ય થા અને પતિની સાથે યુક્ત થા તથા શરીર સુંદરતા શોભાયુક્ત કર તથા પ્રિય વાણીવાળી થા અને સૌભાગ્ય પ્રાપ્ત થવાને હુ તારો હસ્ત ગ્રહણ કરૂ છુ તેમ તૂ મારો હસ્ત ગ્રહણ કર તે સ્ત્રીની લાજ આબરૂ-વચન વૃદ્ધાવસ્થા સુધી પાલત કરવા તથા આપણુ ઉભય વૃદ્ધ થઇએ ત્યા સુધી આનંદમા દિવસો નિર્ગમન કરીએ "ભગ" (સર્વ ઐશ્વર્ય યુક્ત) છે. "અર્યમા" સત્ય ન્યાય કરનારો "સવિત" સર્વનો

પેદા કરનારો "ભૂમિ" સર્વને ધારણ કરનારા પરમાત્માએ તને તથા મને ગૃહસ્થાશ્રમનુ યથાવિધિ પાલન કરવા ઉત્પન્ન કર્યા છે તેથી દેવતાઓએ તથા કેટલાક ધીરપુરૂષોએ આપણે ઉભયને માટે સત્યનિર્માણ કર્યું છે. તે સત્યને કદાપિ છોડવું નહિ હે "પુષન્" (પરમેશ્વર) આ સુશોભિત સ્ત્રીને મગળકારી તથા શિયળવાન કર જેમા મનુષ્ય બીજરૂપે વીર્યનુ સિચન કરે છે તેમાથી પ્રજોત્પત્તિ થાય છે, તેને ગર્ભાધાનાદિ વિધાવડે કરીને શ્રેષ્ઠ ઉત્તમ સ્વભાવશીલ કર, અને દીર્ઘાયુષી થાઓ હે સ્ત્રી પુરૂષો તમો ઉભય ગ્રહસ્થાશ્રમમા સુખે પરસ્પર સપ્રીતિથી રહો રાગદ્વેષનો ત્યાગ કરી દીર્ઘયુષ્ય ભોગવી ધર્મયુક્ત ક્રિડા કરી પુત્ર પૌત્રાદિક પ્રજાને ઉત્પન્ન કરો. "પ્રજાપતિ" (જે પરમાત્મા) મારી પ્રજાઓનુ દીર્ઘાયુષ્ય કરો, અને સદા આનદમા રહો સારા ઉત્તમ ગુણ પ્રાપ્ત કરી પ્રાણિમાત્રનુ હિત કરનારાં થાઓ અને હે સ્ત્રી તુ મગળકારી થા, અને પશુઆદિ જનાવરોને પણ સુખરૂપે આનદ આપનારી થા, હે ઇન્દ્ર આ વિવાહિત સ્ત્રીને સુખી થવાને અભિષેક કર, ઉત્તમ ગુણેયુક્ત શ્રેષ્ઠ પુત્રવાળી અને શોભાયુક્ત કર, તેમજ પોતાના સ્વામિને પણ ઉત્તમ સુખ આપવાવાળી થાઓ હે સ્ત્રી તુ આનદયુક્ત સ્વભાવવાળી પ્રકાશિત, સસરા, સાસુ, નણદ તથા દીએર, જેઠ, એઓની સેવામા તત્પર રહી તેઓને પ્રસન્ન કરનારી થા કારણ કે તેઓ તારા તિર્થ છે, તેમજ હુ પણ તિર્થરૂપ છુ હે સ્ત્રી પુરૂષો, જેટલા આ જગતમા વિદ્વાન લોકો છે તેઓ તમો બન્ને ઉપર પ્રીતિ કરો, તેમજ જળ, તથા પ્રાણ તમો ઉભયના હૃદયને પરસ્પર પ્રીતિમા રાખો તથા શરીરના વાયુ "ધાતા" જે જગતના ઉત્પન્ન કરનાર "સમુદ્રેષ્ટિ" અન્તર્યામી અન્તરની વાત જાણવાવાળા તમારા બન્નેમા પ્રીતિનો વધારો કરો, અને પ્રેમની એટલી વૃદ્ધિ કરો કે તમારા મન વ્યભિચારથી સવથા દૂર રહો હે સ્ત્રી, તુ અત્યન્ત અસભ્ય વર્તન તથા શરીરને કદાપિ બગડનારી થઇશ નહિ અને તારામાં ધૈર્ય તથા ગભીરાદિ ગુણો પ્રાપ્ત થાઓ અને મારી આજ્ઞાનુ ઉલ્લઘન કદાપિ કરીશ નહિ અને હુ પણ એવા નિદિત કાર્યોથી દૂર રહીશ, એ બાબત ઇન્દ્ર જે પરમેશ્વર સર્વ પ્રાણીમાત્રમા વ્યાપી રહેલા અન્તર્યામિ પરમાત્મા તે આપના ઉભય વચ્ચે સાક્ષિરૂપે વિલસી રહ્યા છે અને આપની બન્નેની પ્રતિજ્ઞામા જામિનરૂપે છે, અને આપના બન્ને વચ્ચે થએલી જે પ્રતિજ્ઞાનુ પાલન કરે, અને વિરૂદ્ધ વર્તન કરે તો રાજા તથા પરમાત્માના ગુન્હેગાર થઇ સજાને પાત્ર થાય જેમ પતિ પોતાના શરીરનુ યથાવિધિ કાળજીપૂર્વક પાલન કરે છે, તેમજ બન્નેએ એકએકનુ યથાવિધિ પાલન કરવું.

અને બન્ને એકએકના સુખદુઃખના વિભાગિ થઇએ. સર્વ નારીઓમાં જેમ ઇન્દ્રાણી શ્રેષ્ઠ સુખને ભોગવે છે તેવુ સ્વર્ગાદિ સુખ તને પ્રાપ્ત થાઓ અને પ્રાણાન્ત પર્યન્ત પતિની સેવાનુ પાલન કરી સૌભાગ્યયુક્ત આ શરીર નાશવાન થાઓ, અને તારા પતિવ્રતાગુણોએ કરીને હુ પણ દીર્ઘાયુષ્ય ભોગવી અને યથાવિધિ ગૃહસ્થાશ્રમનુ પાલન કરી પછી બન્ને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઇ આ શરીરના નાશને પ્રાપ્ત થઇએ અને પુત્રાદિકને ઉત્પન્ન કરી ગૃહસ્થાશ્રમ ઉત્તમ રીતે ભોગવી આશ્રમની સમાપ્તિએ ત્રીજો આશ્રમ ભોગવવાને અધિકારી થઇએ.

अथर्वेदमन्त्रा' कां १४ अनुवाक १

सोमोवधू पुरभवदश्विनास्तामुमावरा ॥ सूर्यायत्पत्ये शंसन्ती मनसासविताददात् ॥ ९ ॥ शुचीते चक्रेयात्याव्यानो अक्षआहत ॥ अनोमनस्मयसूर्या रोहत्प्रयति पतिम् ॥ १२ ॥ भगस्त्वतोनयतु हस्तगृह्याश्विनात्वाप्रवहतांरथेन ॥ गृहानाच्छ गृहपत्नी यथासोवशिनीत्वं विदथमावदासि ॥२०॥ इहवस्तमा वियौष्ट विश्वमायुर्व्यश्नुतम । क्रीडन्तौपुत्रैर्नप्तृभिर्मोदमानौ स्वस्तकौ ॥ २२ ॥ नवोनवोभवनिजायमानोऽन्हाके पुरुषसामे त्यग्रम ॥ भागद्देवेभ्यो विदधास्त्यान्प्रचद्रमास्तिरत दीर्घमायु ॥ २४ । येनाग्निरस्या भूम्या हस्तजग्राह दक्षिणम ॥ तनगृह्णामिते हस्त माव्यथिष्ठामयासह प्रजयाच धनेनच ॥ ४८ ॥ देवस्ते सविताहस्त गृह्णातु सोमोराजासुप्रजस कृणोतु । अग्निः सुभगां जातवदा पत्यपत्नीं जरदष्टिंकृणोतु ॥ ४९ । गृभ्णामितेसौभ गायत्वाय हस्तमयापत्याजरदष्टियथास ॥ भगोअर्यमासविता पुरंधिर्मह्यत्वा दुर्गार्हपत्यायदेवा' ॥ ५० ॥ ममेयमस्तुपोष्यामह्य त्वादाबृहस्पति ॥ मयापत्याप्रजावति सजीव शरद शतम् ॥५१॥ त्वष्टाव्यासोव्यदधाच्छुभेकबृहस्पते प्रविषाकवीनाम । तेनेमा- नारीसविता भगश्च सूर्यामिव परिधतां प्रजया ॥५३॥ इन्द्राग्नी द्यावापृथिवीमातरिश्वा' मित्रावरुणाभगो आश्विनोमा बृहस्पति मरुतोब्रह्मसोमइमानारी प्रजयावर्द्धयन्तु ॥'५४॥ अहविष्यामिमयि रूपमस्या वेदन्निपश्यन्मनस कुलायम् । नस्तेयमाश्नमनसोद्- मुच्ये स्वयश्रन्थानोवरुणस्यपाशान् ॥ ५७ ॥ अनुवाक २ ॥ सोमस्यजायाप्रथम गन्धर्वस्तेऽपर पति ॥ तृतीयोअग्निष्टे ॥ पतिस्तुरीयस्तेमनुष्यजा. ॥३॥ सोमोददद्गन्धर्वाय गन्धर्वोदद्-

इमये ॥ रयिंचपुत्रांश्चादादग्निर्मह्यमथोइमाम् ॥४॥ इहसुमेनरः
शृणुतयथाशिषाद्म्पतीवामभश्नुत येगन्धर्वाअप्सरसश्च देवी-
रेषुवानस्पत्येषुयेऽधितस्थु ॥ स्योनास्तेअस्यैवध्वै भवन्तुमाहिं-
सिषुर्वहतुमुह्यमानम् ॥ ९ ॥ शंकाशयामिवहतु ब्रह्मणागृहै
रघोरेणचक्षुषामित्रियेण॥ पर्याणद्धविश्वरूपंदयस्तिस्योनपतिभ्य
सवितांतत्कृणोतु ॥१२॥ शिवानारीयमस्तभागन्निमं धातालोक-
मस्यैदिदेश ॥ तामर्यमाभगोअश्विनो माप्रजापति प्रजयावर्द्ध
यन्तु ॥ १३ ॥ अघोरचक्षुरपतिघ्नीस्योनाशग्मा शुषेवासुयमा
गृहेभ्य ॥ वीरसूर्देवकामासन्त्वयेधिषीमहि सुमनस्यमाना ॥१७॥
अदेवध्न्यपतिघ्न हैधि शिव पशुभ्य सुमना सुवर्चा ॥ प्रजावती
वीरसूर्देवकामास्याने समग्निगार्हपत्य सपर्य ॥१८॥ उतिष्ठत
किमिच्छन्तीदमागा अहन्त्वडेभिभ्न्र् स्वादगृहात् ॥ शून्यैषाने
ऋते याजगन्यातिर्यारानप्रजापतमेतरस्था ॥ १९ ॥ सुमङ्गली
प्रतरणीगृहाणा सुशेवापत्ये श्वशुरायशम्भु ॥ स्योनाश्वश्र्वैप्रगृहा
हान्विशेमान् ॥ २६ ॥ स्यानाभव श्वशुरेभ्य स्योनापत्येगृहेभ्य ।
स्योनास्यै सर्वस्यैविशे स्योना पुष्टयेषा भव ॥२७॥ सुमङ्गली-
रिय मधुरिमासमेतपश्यत ॥ सौभाग्यमस्यैदत्वा दौर्भाग्यै
विपरेतन ॥ २८ ॥ यादुर्हादो युवतयोयाश्चेहजरतारितारपि ॥
वर्चोन्वस्यैसन्दत्ताथास्तविपरेतन ॥ २९॥ रुक्मप्रतरणवध्वविश्वा-
रूपाणि बिभर्त ॥ आरोहत्सूर्यासाविंत्री बृहतेसौभगायकम् । ३०॥
आरोहतल्प सुमनस्यमानहप्रजाजनयपत्ये अस्मै । इन्द्राणीवसु-
बुधा बुध्यमानाज्योतिरग्रा उषस प्रतिजागरासि ॥ ३१ ॥
देवाअग्रेन्यपद्यन्तपत्नी समस्पृशन्तन्वस्तनूभि ॥ सूर्येवनारि
विश्वरूपामहित्वा प्रजावतीपत्या संभवेह ॥ ३२ ॥ नमोगन्धर्वस्य
नमसे नमोभामाय चक्षुषेचकृण्म । विश्वावसोब्रह्मणाते नमोऽ
भिजाया अप्सरसपरेहि ॥३५। रायावयसुमनस श्यामोदितो
गन्धर्व मावीवृताम् आगन्त्सदेव परम सधस्थमगन्मयन्न प्रति-
रन्तआयु ३६ । सपितरावृत्विये सृजेथामातापिता चरेतमोभवाथ
मर्यइवयोषामधिरोहयेनाप्रजाकृणुत ॥ यामिह पुष्पतरयिम ॥३७।
तान्पूषशिवतमा मामेरयस्व यस्यांबीजमनुष्यवपन्ति ॥ यान-
ऊरुउशतीविश्रयाति यस्यामुशन्त प्रहरेमशेप ॥३८॥ आरोहो
रुमुपहस्तपरिष्वजस्वजायांसुमनस्यमान ॥ प्रजाकृण्वाथामिह-
मोदमानौदीर्घंवामायुसविनाकृणोतु ॥ ३९ ॥ आवाप्रजांजनयतु

प्रजापतिरहोराऽयार्म्यां सयनक्तुर्यमा॥ अदुर्मंगलीपतिलोकमामा विशर्मंशन्नोभवद्विपदेशंचतुष्पदे ॥ ४० ॥ स्योनाद्योनेरधिबुध्य-मानौ हसामुदौमहसा मोदमानौ॥ सुगूसुपुत्रौसुगृहौतराथो जीवावुषसोविमातीः ॥४२॥ यामेप्रियतमानन् सामेविभायवा-सस तस्याऽग्रेत्वंवनस्पते नीविंकुणुष्वमावयंरिषाम ॥ ५० ॥ येयन्तायावती' सिचोयओतवोयतन्तवः। वासोयत्पत्नीभिरुतं तन स्योनमुपस्पृशात् ॥५१॥ उशतीः कन्यलाइमा पितृलोका स्पतिंयती ॥ अवदीक्षा मसृक्षत स्वाहा ॥५२॥ बृहस्पतिना वसुष्टाविश्वेदेवाऽधारयन्। वस्त्रो गोषुप्रविष्टयत्तेनेमांसंसृजामसि ॥५३॥ बृहस्पति०। तेजोगोषु०॥५४॥ बृहस्पतिना०। भगोगोषु० ॥ ५५ ॥ बृहस्पतिना० ॥ यशोगोषु० ॥ ५६ ॥ बृहस्पतिना० पयोगोषु० ॥५७॥ बृहस्पतिनाव०॥ सृष्टाविश्वेदेवाअधारयत॥ रसोगोषु० ॥५८॥ इयनार्युपब्रूतेपत्न्यावपन्तिका ॥ दीर्घायुरस्तु मेपतिजिवति जरद शतम् ॥६३॥ इहेमाविन्द्रमनुदन्चक्रवाके वदम्पतीप्रजयेनौस्वहस्तकौविश्वमायुर्व्यश्नुताम ६४॥ सत्वान ह्यामि पयसापृथिव्या सत्वानह्यामि पयसौपधीना सत्वान-ह्यामि प्रजयाधनेनसासन्नद्धासनुहिवाजमेनम् ॥ ६५ ॥ अमोह-मस्मिसात्वमसामाहमस्म्मृक् द्यौरह पृथिवीत्व। तािहसभवाव प्रजामाजनयावहै॥७१॥जनियन्तिनावग्रव ॥पुत्रियन्तिसुदानव अरिष्टासूसचेवहिवृहते वाजसातये ॥ ७२ ॥ यपितरोवधूदर्शा इमवहतुमागमन्॥ तेअस्यैवध्व सपन्त्यैप्रजावच्छर्मयच्छन्तु। ७३॥ येदपूर्वागन्नशनायमाना प्रजामस्यैद्रविण चेहदत्वा तादहन्त्वग तयस्यानु पथाविराड्य सुप्रजाअत्यजेषीत्॥७४॥ प्रबुध्यस्व सुबु धावुध्यमानादीर्घायुत्वाय शतशारदाय॥ गृहान्गच्छ गृहपत्नी यथासोदीर्घतऽआयु सविताकृणोतु॥७५॥ इतिद्वितियोनुवाक ॥ एकोनत्रिंश प्रपाठक

અર્થ—સોમો વધુ ઇત્યાદિ૦ સમાવર્તન પછી "વધુ" વહુ ઇચ્છા કરે તેનું નામ 'સોમ' છે અને વિવાહ કરીને પ્રાણ, આપાન તથા અપાન, જેમ બન્નો સયુક્ત થાય છે તેમજ બન્નો ઉભય સ્ત્રી પુરૂષ પરસ્પર અત્યન્ત પ્રીતિ યુક્ત થાય છે, સૂર્ય અને સૂર્યના કિરણ જેમ પરસ્પર સંયુક્ત થઇ શોભા તેમજ તેજને આપે છે તેમજ સ્ત્રી પુરૂષ ઉભય પરસ્પર મનથી પ્રસન્નાયુક્ત એટલે નીવતા યુક્ત તેજને આપે છે અને પરસ્પર કદાપિ દ્વેષ કરે નહી, અને એક બીજાને અનુકુળ રહે.

એવી આજ્ઞા "સવિતા" જે જગદુત્પાદક પરમાત્માએ સ્ત્રી પુરૂષને અર્પણ કરી છે, જેમ સૂર્યમાંથી નિકળતી રશ્મી જેમ સૂર્યમા સમાઇ જાય છે તેમ હે સ્ત્રી ! તુ તારા સૂર્યરૂપી પતિમા એકત્ર થા, રથના ચક્રાદિ જેમ પવિત્ર અને શુદ્ધ છે તેમ હે સ્ત્રી ! તુ પતિરૂપિ ચક્રની સાથે જોડાઈ પવિત્ર થા, જેમ બે અગર ચાર ચક્રથી રથ ચાલે છે, તેમ તમારા પચ પ્રાણુ તથા મન અને સઘળી જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિયો વિગેરે તથા આત્મા પરસ્પર ઉભયને અનુકુળવાન થાઓ જેમ રથના ચક્રો રથના ચાલવાથી ગતિ કરે છે તેમ તમો પરસ્પર આ સસાર રૂપી ચક્રને ચલાવવાને પરસ્પર સામર્થ્યવાન થાઓ જેમ ચદ્રમા દિન પ્રતિ દીન નવી નવી કળાઓને ઉત્પન્ન કરી શિતલતાને પ્રાપ્ત કરે છે તેમ તમો પરસ્પર સહનશિલતાદિ ગુણોને ધારણ કરો જેમ સૂર્ય દિન પ્રતિ દિન નૂતન નૂતન કળાની વૃદ્ધિ કરે છે તેમ તમો પરસ્પર નૂતન નૂતન કળાને વધારવાને શક્તિમાન થાઓ જેમ વિદ્વાન પુરૂષ પરસ્પર પોતાની વિદ્યારૂપિ ધને કરી ઉચ્ચ ગતિને પ્રાપ્ત કરે છે, તેમ તમો પરસ્પર વિદ્યારૂપિ ધનનો સચય કરી ઉચ્ચ બુદ્ધિ પ્રાપ્ત કરો હે "ચન્દ્રમા"= પરમેશ્વર આપની કૃપા વડે કરીને જીવ નવનવા ભોગથી પ્રાદુભુત થાય છે જન્મ જન્માતરમા જે જીવરૂપે કલ્પાય છે, તે હે, જીવ, તુ નવાનવા બુદ્ધિ આદિ શક્તિના વ્યવહાર વડે દર પળે પ્રગટ થાય છે વિદ્વાન પુરૂષો વિદ્યના વડે કરીને વિદ્યા વિભાગનુ વિધાન કરે છે, અને તુ લાબા આયુષ્યનુ ચિન્તવન કરે છે, તેમ તુ પ્રયત્નથી સ્ત્રી તથા તારા શરીરનુ રક્ષણ કર હે સ્ત્રી હુ તારા પાણી (હસ્ત) ગ્રહણ કરૂ છુ કે તુ મારી સહચારિણી થઇ કદાપિ દુખને પ્રાપ્ત થઇશ નહી કારણ કે તુ મારી સાથે વૃદ્ધાવસ્થા તથા સતયુક્ત સુખને ભોગવનારી થશે જેમ અગ્નિ તથા સૂર્ય આ પૃથ્વિનુ પાણી ગ્રહણ એટલે આકર્ષણ કરે છે તેમજ તારા તથા મારા આત્માને પરસ્પર આકર્ષણ માટે રહો

"સવિતા" દેવ જે પરમેશ્વર તે તારા હસ્તનુ ગ્રહણ કરો તથા મારો હસ્ત પણ ગ્રહણ કરો, તેથી હમો અવિયોગ રહીએ તથા આ પ્રજાનો રાજા જે 'સોમ' તે આપણ શ્રેષ્ઠ પ્રજાવાન કરે 'અગ્નિ" જે વિજ્ઞાનસ્વરૂપ જે ઈશ્વર છે તેને" તે માટે અર્યે મારી સ્ત્રીને વૃદ્ધાવસ્થા સુધી સુખ યુક્ત કરો હે સ્ત્રી 'ભગ' જે પરમાત્મા સ્વરૂપ જે તેણે તારો હસ્ત ગ્રહણ કર્યો છે, તથા સવિતા દેવના પણ તારો હસ્ત ગ્રહણ કરી ચુક્યા છે, તેમ હુ પણ તારો હસ્ત ગ્રહણ કરી ધર્મ-યુક્ત પતિ થઇ ચુક્યો છુ અને પરમાત્માએ મને સદા સુખ તથા પુષ્ટિ

આપવાવાળી મારી સ્ત્રીરૂપે તારી કલ્પના કરી છે, અને હે પરમાત્મા, હુ આપની કૃપા કટાક્ષથી સ્ત્રીને સૌ સુખ આપનારો થાઉ. હે સ્ત્રી ! 'બ્રહસ્પતી" સર્વ બ્રહ્માડનો સ્વામિ જે, તેણે મને અર્પણ કરી છે, તથા મને પણ તને અર્પણ કર્યો છે, મારી સાથે યુક્ત થઇ ઉત્તમ પ્રજાને ઉત્પન્ન કરી સો વર્ષનુ આયુષ્ય ભોગવનારી થા અને મે તથા તે જે લગ્નમા વસ્ત્રોને ધારણ કર્યા છે, તે સો શુભ તથા સુખદાયક છે, તેનુ વિધાન ત્વષ્ટાએ કર્યું છે જે સો જગતનો વિધાતા જે ઉત્પન્ન કરનાર તેના તથા કવિઓના આશિર્વાદથી તે વસ્ત્રો ધારણ કર્યા છે, તે પરમાત્મા તુ જે મારી સ્ત્રી તેને સૂર્યના કિરણની પેઠે પ્રજા આપી સુશોભિત કરો

इन्द्र, अग्नि, सूर्य, द्यौ, प्रकाश. पृथिव, मातरिश्वा, वायु, तथा प्राण, अपान, भग, भगवान, व्यान, उदान, बृहस्पति, इश्वर, मरुत, वायु. ब्रह्म. वेद, सोम.

એ સર્વે મારી સ્ત્રીની પ્રજામા વધારો કરો હુ આ સ્ત્રીમા પ્રતિષ્ટારૂપ થાઉ છુ અને સ્ત્રીનુ રૂપ પણ મારામા પ્રતિષ્ટત થાય છે અને હમો ઉભય, મનથી એકત્ર આત્મા પ્રમાણે વર્તન કરી કુળની વૃદ્ધિ કરીએ, આ સ્ત્રીનો ત્યાગ કરીને મનથી કે ચોરીથી પણ પરસ્ત્રી ગમન ન કરૂ, તથા સ્ત્રી પણ એવી પ્રતિજ્ઞા કરે છે કે મનથી તથા શરીરથી પણ પરપુરૂષ સાથે વ્યભિચાર કદી નહી કરૂ તેથી વ્યભિચાર જન્મદોષરૂપ પાસેથી વરૂણ ભગવાન હમોને મુક્ત કરો

હે નર ! મનુષ્ય ! તથા ગન્ધર્વ ગાન કરવાવાળા 'અપ્સરસ' દેવી વિદ્વાન સ્ત્રી અને ઋષિપત્નિઓ તથા વનમા રહેનારી સર્વ સ્ત્રીઓ મારૂ વચન તમો સાભળો, હુ એનો પતિ અને એ મારી સ્ત્રી રૂપે છે તેમજ સ્ત્રી કહે છે કે આમારો પતિ અને હુ એની પત્નિરૂપે છુ, એવી રીતે હમો ઉભય પતિ પત્નીરૂપ પામ્યા છઇએ અને તે હમોને સુખરૂપ થાઓ અને હમારા બન્નોની કોઈ હિસા કરનાવાળો ન થાય, તથા હમા સર્વને સુખરૂપ થઇએ અને હુ પતિ, અને તુ પત્નિ, બન્નો પતિ પત્નિત્વપણાને પ્રાપ્ત થયા છઇએ, અને પરમત્માની કૃપાવડે કરીને તથા વેદના પ્રકાશવડે કરીને શાન્ત દૃષ્ટિથી તથા મિત્રતાથી તથા ગૃહ કાર્યોમા હમો પરસ્પર બધાયલા છઇએ

અને વિશ્વરૂપ જે સુખ છે, તે સુખ પતિદ્વારા સવિતા દેવતા મને અર્પણ કરો.

હે કલ્યાણકારી મારી જે સ્ત્રી તુ મારાથી ગુપ્ત કાય કદાપિ કરીશ નહી, તથા એ સ્ત્રીને ગૃહસ્થાશ્રમના કામોનો ઉપદેશ ધાતા જે પરમેશ્વર તેણે કરવો

અર્યંમાદિ જે પરમેશ્વર ગુણયુક્ત પ્રજાની ઉત્પત્તિ સ્ત્રીમા કરો.

જે પ્રશન્નદ્રષ્ટિયુક્ત, પતિની સેવા કરવાવાળી, વિચારશિલ, કલ્યાણકારક, નિધિવત્, ગૃહકાર્યોમા સમજવાળી, વિદ્વાન, સ્ત્રી હોય તેનો તેવાજ ગુણયુકત પુરૂષ સાથે વિવાહ થાય

સ્ત્રી એવી જોઇએ કે સૌ દુ:ખને સહન કરવાવાળી ગૃહકાર્યમા નિપુણતાવાળી પતિ, સાસુ, સસરાને સુખ આપવાવાળી એવી સ્ત્રી સાથે લગ્ન કરાવીને ઘરમા વધુ પ્રવેશ કરવો હે સ્ત્રી, તુ શ્વસુર વર્ગમા સુખદાયક નિવડો, પતિ તથા સર્વ મનુષ્યના હિતકારી તથા કલ્યાણ કરનારી થા અને સ્ત્રીને સવથા સૌભાગ્ય પ્રાપ્ત રહો અને સ્ત્રી તથા પુરૂષે દૂષ્ટના સગનો સર્વથા ત્યાગ કરવો, અને સુવર્ણયુકતમા આરોહણ કરી વધુને ઘર પ્રવેશ કરાવવો ઘરમા પ્રવેશ કર્યા બાદ કેટલીક સૌભાગ્ય સ્ત્રીઓએ મળીને વધુનુ નિરક્ષણ કરવુ અને કહેવુ કે હે સ્ત્રી ! તુ ઉદાર મનથી પતિ સગ કરી ઉત્તમ પ્રજાને ઉત્પન્ન કર, જેમ સૂયમા કિરણ સૂર્યમા હમેશ પ્રકાશવાન રહે છે તેમ તુ શ્રેષ્ટ, જ્ઞાન, સદવિચાર, સત્સગ, સદ્વિધા અને ઉત્તમ આચરણ અને પરમેશ્વરની ભક્તિમા પ્રાતિયુક્ત થઈ વ્યભિચારથી દૂર રહે વિદ્વાન સ્ત્રી પ્રત્યે વિદ્વાન પુરૂષ પ્રાપ્ત થાઓ અને વિદ્વાન પુરૂષને વિધી યુક્ત સ્ત્રી પ્રાપ્ત થાઓ હે વિશ્વરૂપ, વિશ્વના સવ સુખને પતિની સાથે પ્રાપ્ત થાઓ, તથા શ્રેષ્ટ પ્રજાવાળા થાઓ હે "ગન્ધર્વ," જે પરમાત્મા આપના આશીર્વાદે કરી હમો પતિ પત્નીના ક્રોધાદિ ગુણોનો નાશ કર હે "વિશ્વા વસો" બ્રહ્મવેદે કરીને આપને હમો નમસ્કાર કરીએ છઇએ તેથી હમારામા વ્યભિચારાદિ દોષ નાશ પામો, અને હે પતિ પત્ની તમારા ઉભયમા સર્વ પુરૂષાથથી રાજ્યાદિ, ધન, ઇશ્વર યુક્ત થાઓ પરમાત્મા દેવ તમારી પ્રાર્થનાથી સદાકાળ સહાયભુત રહો, અને તમારા હૃદયને પ્રકાશમાન કરો હે "ધાતા" પૃથ્વિ આદિ સકળ પદાર્થોનો ધારણ કર્તા પ્રભુ, તમો હમારા ઉભયમા શ્રેષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરી દીર્ઘાયુષી કરો હે સ્ત્રી તથા પુરૂષ તમે પ્રજાને ઉત્પન્ન કરી તેના માતાપિતરૂપે થાઓ હમો પિતાના વીર્યવડે ઉત્પન્ન કરવા પુષ્ટિકારક પદાથ જે ગ્રહણ કરી ગભને પોષવાને મહાન્ પ્રયત્નો કરી ઉત્પન્ન કર્યા છે.

તથા સર્વ ઋતુમા પુરૂષાર્થ કરે. વીર્યની સ્થાપના અને પરમાત્માની પ્રાર્થના વડે કરીને પ્રજાના આયુર્દાની વૃદ્ધિ થાઓ. અને સ્ત્રી પુરૂષ બન્ને પ્રજોત્પત્તી વિધાને બરાબર જાણે તથા "હસ્રામુદે" નિત્ય પરમેશ્વર પ્રશન્નતામા આનદ રહે અને સ્ત્રી પુરૂષે પરસ્પર સતકૃત થઈ આનદમા રહેવુ "સુગ" એટલે શ્રેષ્ટ ચાન, સુશિલતા, સદગુણ, સત્સ ગાદિ, પ્રચારમા તથા તેના ગૃહણમા સદા તૈયાર રહેવુ, અને પ્રજાને પણ પણ સુક્ષિત સારી શિખામણો તથા ઉચ્ચ જાતની કેળવણી આપવી, અને ઉત્તમ સસ્કારો નાખવા "સુગૃહો" ઘર, અન્ન, વસ્ત્ર, માર્ગ, તથા ગૃહોપયોગી વસ્તુને સાફ રાખવી, અને તેની બરાબર સભાળ રાખવી જે સારૂ (પ્રિયતમ=તનુ) શરીર તે વીર્યાદિક તથા ધાતુ અને વસ્ત્રોઆદિથી અત્યન્ત સોભા યુક્ત રહો અને હમારા ઉભયમા પ્રીતિનો વધારો થાઓ અને હે સ્ત્રી તુ વસ્ત્રાભુષણો ધારણ કરી પ્રીતિમા વધારો કર, 'ઉશતી" પોતાના સ્વામિને મળવાની ઇચ્છાથી પોતાના પિતાને ઘેરથી પતિને ઘેર જાય તથા પતિ સાથે દીક્ષાયુક્ત થઇ પરપુરૂષની કદાપિ ઇચ્છા કરે નહિ, અને "ગૃહસ્પતિ" પરમાત્માએ પૃથ્વીઆદિ લોકોમા જે વિદ્યા, તેજ, ભર્ગ (તેજ) એશ્વર્ય યશ, કીર્તિ, પયઇત્યાદિ ઉત્તમ રસ, ઉત્પન્ન કરેલો છે તે સઘળા પદાર્થો આ સ્ત્રીને પ્રાપ્ત થાઓ કારણ કે ગૃહસ્થાશ્રમનુ પાલન કરવાને અધિકારી થાવ આ ઉત્તમ વિવાહ યુક્ત સ્ત્રી કહે છે કે મારા પતિ દીર્ઘાયુષી થાઓ હે "ઇન્દ્ર' આ સ્ત્રી પુરૂષ ઉભયને પ્રેરણા કર કે જેવા આ સસારમા પ્રસન્નતાને પ્રાપ્ત કરી ઉત્તમ શ્રેષ્ઠ પ્રજાને ઉત્પન્ન કરી દીર્ઘાયુષી થાઓ હે સ્ત્રી પુરૂષ આપનુ લગ્ન એટલે જોડાવાપણ થાય છે, તે કેવી રીતે કે જેમ પૃથ્વી રસને બરાબાર સપૂર્ણ રીતે બધન કરે છે, અને જેમ સઘળી ઔષધીઓ પણ રસનુ બધન કરે છે તેમ, તમો ઉભયને પરસ્પર પ્રેમરૂપિ સધને કરી પ્રજોત્પતિ તથા ધનને સારૂ બધન કરીએ છઇએ, તેથી કરી તમો ઉભય પરસ્પર પ્રેમના બધનમા રહી ગૃહસ્થાશ્રમરૂપી યજ્ઞનુ બરાબર પાલન કરો, અને હુ જે પરમેશ્વર તેની આજ્ઞાનુ તમારે યથાર્થ પાલન કરવુ જે વિવાહાદિથી પુત્ર જન્માદિની ઇચ્છા કરે છે, તે પુત્રવાળા થઇને સુદાનયુક્ત તથા નોકાદિ સાધન યુક્ત થાય છે, તેઓ અત્યન્ત ભય વખતે ઇચ્છા કરે છે કે, હમો મોટા યુદ્ધને માટે એકત્ર થતા છઇએ તેમજ સ્ત્રી પુરૂષ પણ ભેગા રહો, જે પિતરો, તથા જ્ઞાનિ લોકો આનિ પરિક્ષા કરી આ લગ્નને પાર પાડે, તે આને પ્રજાવાન કરી અનત સુખને અર્પણ કરો.

જેમ દોરીની "ગ્રથિકા" ગાંઠ બધાય છે તેમ હસ્તથી ગાંઠ બધાય છે, તેમ પુરૂષ પણ સ્ત્રી સાથે બધાયલો છે, અને સ્ત્રી પણ બધાયલી છે, પુરૂષ સ્ત્રીને સર્વ સુખ અર્પણ કરે અને સ્ત્રીપુરૂષને પ્રજોત્પત્તિનુ સુખ આપે અને બન્નો આનદમા રહે, અને વિવિધ સુખથી અને શ્રેષ્ઠગુણોથી અને ઉત્તમ પ્રજાથી પ્રકાશીત થાઓ, તથા કામ, ક્રોધાદિકથી વિમુકત રહો, હે સ્ત્રી? તને 'પ્રકાશીત' બોધયુકત ઉત્તમ ગૃહાશ્રમવાળી વિદ્યાયુક્ત દીર્ઘાયુષી ગ્રહકાર્યમા નિપુણ રહો, ગૃહપત્નિ તેમજ પુરૂષે પણ તેવુજ વર્તન કરવુ, તમો ઉભયને "સવિતા" જગતને ઉત્પન્ન કરનાર ભગવાન દીર્ઘાયુષી કરો તથા સદા સુખી કરો

આ સર્વ સૂત્રો તથા મત્રોનો ભાવાર્થ એ છે કે સ્ત્રીપુરૂષે પરસ્પર સ્નેહભાવ, પ્રીતિ, આનદ, શરીરની પુષ્ટિ, નિરોગીપણુ, સુખ તથા સતાનોત્પત્તિ સુશિક્ષણુ, સુરૂપ, સભ્યતા, અને શરીર બળબુદ્ધિ બળયુક્ત રાખવા, શૌર્ય, ધૈર્ય, સુભાષણુ, સત્યાચરણ અને વિદ્યા, વિનય, અને સત્યનુ પાલન કરવુ આ સસારમા સદ્‌ગુણયુકત થઈ સ્વધર્મનું પાલન કરી ઉત્તમ પ્રજાને ઉત્પન્ન કરી આનદમા રહેવુ

મનુસ્મૃતિમા કહ્યુ છે કે —

सतुष्टोभार्ययाभर्ता भर्ताभर्यातथैवच ॥
यस्मिन्तेवकुलेनित्य कल्याणतत्रवैध्रुवं ॥ १ ॥

જે કુલીન સ્ત્રી, પુરૂષથી સતુષ્ટ રહે છે અને પુરૂષથી સ્ત્રી સતુષ્ટ રહે છે તે કુળમા સદા સુખજ છે અને સર્વથા કલ્યાણજ છે

ઇતિ વિવાહ સસ્કાર સમાપ્તઃ?



પ્રકરણ ૧૫ મું.

गृहाश्रम संस्कार.

गृहाश्रम=गृह+आश्रम=गृहे=ઘર+આશ્રમ સ્થાન આશરો તે ગૃહાશ્રમ એટલે ગૃહકાયમા અને સસારમા નિપુણતા રાખી સદ્વર્તન કરવુ. આશ્વલાયન ગૃહ્ય સૂત્રમા કહ્યુ છે કે,

ॐ अग्नयेस्वाहेति सायंजुहुयात्सूर्यायस्वाहेति प्रातस्तूष्णी द्वितीये उभयत्र । अथपार्वणस्थालिपाक ॥१॥ श्रुतानिहविष्य-मिन्द्रार्थोदग्गृहस्य बर्हिष्यासाद्ये धमभिचार्याऽयन्तद्दमआत्मा जातवेदस्तेनध्यस्वर्धस्वचेद्वयर्द्धय चास्मान्प्रजाया पशुभिर्ब्रह्म-वर्चसे नान्नाद्येनसमिधयस्वाहेति ॥ १२ ॥ तूष्णीमाघारावाज्य-भागौजुहुयादग्नयेस्वाहा सोमायस्वाहेति ॥१॥ यदस्यकर्मणोऽत्यरीरिचयद्वान्यूनमिहाकार॥ अग्निष्टत्स्विष्टकृद्विद्यात्सर्वंस्वि-ष्टुहुतंकरोतुमे ॥ अग्नयेस्विष्टकृते सुहुतहुत सर्वप्रायश्चित्ता-हुतीनां कामानांसमर्द्धयित्रे सर्वान्नकामान् समर्द्धयस्वाहाइति॥२०॥

અર્થ—બ્રાહ્મણાદિ દ્વિજે અગ્નિહોત્રાદિ વિધાનવડે કરીને અગ્નિમા હોમ કરવો અને કર્માનુષ્ઠાયીઓએ પ્રાત કાળે સૂર્યાય સ્વાહા અને સાય-અગ્નેસ્વાહા ઉભય વખતે મૌન ધારણ કરી ગૃહાશ્રમિઓએ અગ્નિમા આહુતિ આપવી અગ્નિહોત્રિઓએ પુર્ણિમા યુક્ત વિધાન કરી પાય સાદિયુક્ત પકવાનયુક્ત હોમ કરવો

"નિરાગ્નિ" કે અગ્નિહોત્ર વગરના ગૃહસ્થિઓએ સાય પ્રાત ઉપર કહ્યા મુજબ ધ્રુતાહુતિ અગ્નિમા આપવી, અને સમિધાદિનો હોમ કરવો એ હોમે કરી હમારા અજ્ઞાનરૂપિ અધકારનો નાશ થાઓ હે અગ્નિ હમારામા બળ, બુદ્ધિ, ઐશ્વર્ય, સત્યાચરણ અને વિદ્યાયુક્ત તેજનિ વૃદ્ધિ કરો.

पारास्कर गृह्यसूत्रप्रमाण तथा शतपथ ब्राह्मण.

पञ्चैवमहायज्ञा तान्येवमहासत्राणि भूतयज्ञोमनुष्ययज्ञ पितृयज्ञो देवयज्ञोब्रह्मयज्ञइति ॥ अहरहर्भूतेभ्योबलिंहरे त्तथैव-भूतयज्ञ समाप्नोत्यहरहर्दद्यादो दपात्रात्तथैतमनुष्ययज्ञसमाप्नोत्य हरह स्वधाकुर्यादोदपात्रात्तथैनंपितृयज्ञसमाप्न त्यहरह स्वाहा-कुर्यादाकाष्टात्तथैतंदेवयज्ञसमाप्नोति ॥ अथब्रह्मयज्ञ ॥ स्वाध्या योवैब्रह्मयज्ञ । तस्यवाएतस्यब्रह्मयज्ञस्यवागेवजुहुर्मनउपभृच्चक्षु-र्ध्रुवा मेधास्रुवः सत्यमवभृथ स्वर्गोलोकउदयनंयावन्तंहवा

इमांपृथिवींवित्तेनपूर्णांददँल्लोकंजयतित्रिस्तावन्तंजयतिभूयांसंचा क्षय्यंयएवविद्वानहरहः स्वाध्यायमधीतेतस्मादहरहःस्वाध्यायोऽध्येतव्यः

ભૂતયજ્ઞ, મનુષ્ય યજ્ઞ, પિતૃ યજ્ઞ, દેવ યજ્ઞ, અને બ્રહ્મયજ્ઞ એ પાંચ મહાયજ્ઞ છે, અને તેજ મહાસત્ર છે નિત્ય પશુ પખી કીટ પતંગાદિ પ્રાણીઓને તૃપ્ત કરાય તેનુ નામ ભુતયજ્ઞ છે નિત્ય અતિથિનો સત્કાર, તેને જળ ભોજનાદિક આપવુ તેનુ નામ મનુષ્ય યજ્ઞ છે, નિત્ય પિતૃનિમિત્ત જળ અન્નદાનાદિ વિગેરેથી પાત્ર સંપાદન કરી શ્રાદ્ધાદિક કરવું તેનું નામ પિતૃયજ્ઞ છે કાષ્ટ સમિધ, ઘૃતાદિનો અગ્નિમા નિત્ય હોમ કરવો, તેનું નામ દેવયજ્ઞ છે અને સ્વાધ્યાય એટલે પોતાના વેદનુ અધ્યયન કરવુ એનુ નામ બ્રહ્મયજ્ઞ છે, આ બ્રહ્મયજ્ઞની વાણી જુહુ છે, અને મન ઉપભૃત છે ચક્ષુ ધ્રુવા છે બુદ્ધિ શ્રુવ છે, સત્ય અવભૃથસ્નાન છે, સ્વર્ગલોક છે, અને ઉત્તરાયણ કાળ છે દ્રવ્યથી પુર્ણ આ પૃથ્વિનુ દાન કરવાથી જેટલુ પુણ્ય થાય છે તેનાથી ત્રણગણુ પુણ્ય બ્રહ્મયજ્ઞ થકી થાય છે, અને તે ઉપરાન્ત જે વિદ્વાન બ્રાહ્મણો અગર મનુષ્યો આ પ્રમાણે સમજીને પોતાના સ્વાધ્યાયનુ અધ્યયન કરે છે, તેને અક્ષયસુખ પ્રાપ્ત થાય છે તેથી અવશ્ય નિત્ય સ્વાધ્યાયનુ અધ્યયન કરવુ આ પાંચ મહાયજ્ઞ નિત્ય યથાશક્તિ કરવામા ગૃહસ્થનુ મહ કર્તવ્ય સમાપ્ત થાય છે, સમજાતી પેઠે યજ્ઞપાત્રની આસપાસ બળી ગોઠવીદીધાથી તથા એકાદ વેદનિત્યચર્યા ભણવાથી પંચ મહાયજ્ઞ પરિપૂર્ણ થતા નથી, પણ જે જે પ્રાણિઓનુ તથા મનુષ્યોનુ પોષણ કરવાથી તથા અર્થ સહિત વેદનુ અધ્યયન કરી તેમાથી જનસમાજનુ કલ્યાણ થાય તેવી નવી યોજનાઓ ઘડી કાઢી તેના પ્રયોગો કરી વિદ્યાર્થીઓનેજ તે શિખવવાથીજ મનુષ્યનુ મહ કર્તવ્ય સમાપ્ત થાય છે વર્ણાશ્રમ ધર્મોમા મોટામા મોટા પંચ મહાયજ્ઞ છે જેનુ સેવન ગરીબ તથા તવંગર એક સરખી રીતે યથાશક્તિ કરી શકે છે આ પંચયજ્ઞનાજ અનુષ્ઠાનથી મનુષ્ય સર્વ જગતનુ કલ્યાણ કરી શકે છે શ્રુતિ તથા સ્મૃતિઓમા સ્વાધ્યાયની ઘણી પ્રશંસા કરી છે અને બ્રાહ્મણ માત્ર સ્વાધ્યાયથીજ પરમ ગતિને પ્રાપ્ત કરે છે

चतुर्थीमायुषोभाग मुषित्वाद्येगुरोर्द्विज ॥
द्वितीयमायुषोभाग कृतदारोगृहेवसेत् ॥ १ ॥ मनु ॥

આયુષ્યના ચાર ભાગમાથી આયુષ્યના પહેલા ભાગમા બ્રાહ્મણે ગુરુના ઘરમા રહીને વિદ્યાભ્યાસ કરવો અને બીજા ભાગમા યોગ્ય સ્ત્રી સાથે વિવાહ લગ્ન કરીને યથાર્થ રીતે ગૃહાશ્રમનુ પાલન કરવુ

वैवाहिकोऽग्नौकुर्वीत गृह्यकर्मयथाविधि ।
पञ्चयज्ञविधानंच पक्तिंचान्वाहिकीगृही ॥ मनु ॥ २ ॥

ગૃહસ્થે વૈવાહિક અગ્નિમા યથાવિધિ અગ્નિહોત્ર પચ મહાયજ્ઞ તથા રોજ જમવાની રશોઇ કરવી

पञ्चसूनागृहस्थस्य चुल्लीपेषण्युपस्करः ।
कण्डनीचोदकुम्भश्च बध्यतेयास्तुवाहयन् ॥ मनु ॥ ३ ॥

ગૃહસ્થના ગૃહમા ચુનો ઘટી સાવરણી ખાડણિમુ અને પાણીની ગોળી, એ પાચ હિસાના સ્થાન છે, આ પાચનો ઉપયોગ કરવાથી ગૃહસ્થ બધનમા પાચ પ્રાયશ્ચિતનો ભાગી થાય છે

तासांक्रमेणसर्वेषां निष्कृत्यर्थमहर्षिभिः ।
पञ्चक्लृप्तामहायज्ञाः प्रत्यहंगृहमेधिनाम् ॥ मनु ॥ ४ ॥

તે પાપના નિવારણુ કરવાને અર્થે અનુક્રમે મહર્ષિઓએ ગૃહસ્થોના નિત્ય કરવાના પાચ યજ્ઞો કલ્પ્યા છે

अध्यापनंब्रह्मयज्ञः पितृयज्ञस्तुतर्पणम् ।
होमोदैवोबलिर्भौतो नृयज्ञोऽतिथिपूजनम् ॥ मनु ॥ ५ ॥

સ્વાધ્યાયનુ અધ્યયન કરવુ તથા કરાવવુ તે બ્રહ્મયજ્ઞ, તર્પણુ કરવુ તે પિતૃયજ્ઞ, હોમ કરવો તે દેવયજ્ઞ, બાલિહરણુ કરવુ તે ભૂતયજ્ઞ, અને અતિથિનો સત્કાર કરવો એ નૃયજ્ઞ જાણવો એ મનુષ્યનો ધર્મ છે

देवताऽतिथिभृत्यानां पितॄणामात्मनश्चयः ।
न निर्वपतिपञ्चानां मुच्छ्वसन्नसजीवति ॥ मनु ॥ ६ ॥

જે મનુષ્ય દેવતાઓને, અતિથિને આશ્રિત વર્ગને પિતૃઓને તથા પોતાના આત્માને અન્નાદિથી સતુષ્ટ કરતો નથી તે શ્વાસોચ્છ્વાસ લેતો હોય તોપણુ મરેલા મનુષ્ય જેવો ગણવો.

अग्नौप्रास्ताहुतिःसम्यगादित्य मुपतिष्ठते ।
आदित्याज्जायतेवृष्टि वृष्टेरन्नंततः प्रजाः ॥ मनु ॥ ७ ॥

અગ્નિમા વિધિયુક્ત હોમેલી આહુતિ અગ્નિદ્વારા સૂર્યને પહોચે છે અને સૂર્યથિ વૃષ્ટિ થાય છે અને વૃષ્ટિદ્વારા અન્ન ઉત્પન્ન થાય છે અને અન્નથી પ્રજોત્પત્તિ થાય છે

योऽक्ष्येदेवनात्याग संभूतोरसउत्तमः ।
देवतास्सतर्प्यसरसो यजमानफलेनच ॥ ८ ॥याज्ञव॰॥

सयोज्यवायुनासोमं नीयतेरश्मिभिस्ततः ।
ऋग्यजु सामविहितं सौरधामोपनीयते ॥ ९ ॥ याज्ञ०॥

દેવના નિમિત્ત અગ્નિમા હોમેલા દ્રવ્યમાથી ઉત્પન્ન થએલો ઉત્તમ રસ પૃથ્વી ઉપરના સર્વ દેવતાઓને તૃપ્ત કરી યજમાનને યથેપ્સિતફળ પ્રાપ્ત કરાવી વાયુ જોડે યુક્ત થઇ ચદ્રને પહોચે છે અને ત્યાથી તે રસ ચદ્ર ઉપર પડતા સૂર્યના કિરણો દ્વારા આકર્ષાઇ વેદયજ્ઞમા પ્રતિપાદન કરેલા સૂર્યમડળમા પહોચે છે

स्वमण्डलादसौसूर्य सृजत्यमृतमुत्तमम ।
यज्ज्न्मसर्वभूताना मशनानशनात्मनाम ॥ याज्ञ०॥ १० ॥

સૂર્ય પોતાના મડળમાથી ઉત્તમ અમૃત ઉપન્ન કરી, તેને પોતાના કિરણો દ્વારા તથા વૃષ્ટિ દ્વારા પૃથ્વિ ઉપર નાખે છે જેનાથી સચરાચર જગત ઉત્પન્ન થાય છે યજ્ઞમા હોમેલા દ્રવ્યનો સ્થુલ ભાગ પૃથ્વી ઉપરના અગ્નિવાયુ વરૂણાદિ દેવતાઓને તૃપ્ત કરે છે, તેનો સૂક્ષ્મ ભાગ ચદ્રને તૃપ્ત કરે છે અને સૂક્ષ્મતર ભાગ સૂર્યને પહોચે છે પ્રાણિ માત્રના જીવનનો આધાર અન્ન જળ વાયુ તથા પ્રકાશ ઉપર છે, અને તે સવમા પ્રાણ શક્તિ મુકનાર સૂર્ય છે વરસાદમા અમૃતરૂપિ પ્રાણશક્તિ મુકાથી બીજા જળ કરતા વરસાદના જળથી અન્ન વિશેષ પાકે છે તેમજ પ્રકાશ દ્વારા પ્રાણીઓને પ્રાણશક્તિ આપવાથી તેમનુ જીવન ટકી રહે છે

यथावायुसमाश्रित्य वर्तन्तेसर्वजन्तव ।
तथागृहस्थ माश्रि य वर्तन्ते सवआश्रम ॥ ११ ॥ मनु ॥

જેવી રિતે વાયુનો આશ્રય કરી સવ પ્રાણીઓ જીવે છે તેવીજ રીતે ગૃહસ્થના આશ્રયથી સવ આશ્રમીઓ જીવે છે

ससधार्यप्रयत्नेन स्वर्गमक्षयमिच्छिता ।
सुखचेह च्छतानित्य योऽधार्योदुर्बलेन्द्रियै ॥ मनु ॥ १२ ॥

દુર્બલ મનુષ્યોથી ધારણ કરી ન શકાય એવો ગૃહસ્થાશ્રમ, સ્વર્ગ સુખ, મોક્ષસુખ તથા સસાર સુખની ઇચ્છા રાખનારા મનુષ્યે નિત્ય પ્રયત્નથી શાસ્ત્ર અનુસાર ધારણ કરવો.

ऋषयः पितरोदेवा भूतान्यतिथयस्तथा ।
आशासते कुटुम्बिभ्यस्तेभ्यः कार्यं विजानता ॥ मनु ॥ १३ ॥

ઋષિઓ પિતૃઓ દેવો પ્રાણીઓ તથા અતિથિઓ ગૃહસ્થ તરફથી અન્નાદિ પ્રાપ્ત કરવાની આશા રાખે છે તેથી જ્ઞાની પુરૂષોએ તેમની આશા તૃપ્ત કરવી

स्वाध्यायेनार्चयेदृषीन्होमैर्देवान्यथाविधि ।
पितॄन्श्राद्धैश्चनॄनन्नैर्भूतानिबलिकर्मणा ॥ मनु ॥ १४ ॥

સ્વાધ્યાયના અધ્યયન તથા અધ્યાપનથી ઋષિઓનુ, હોમથી દેવોનુ, શ્રાદ્ધથી પિતૃઓનુ, અન્નથી અતિથિઓનુ, અને બલિ કર્મથી પ્રાણી માત્રનુ યથાવિધિ પુજન કરવુ

श्राद्धनामादनीयस्यतत्स्थानीयस्यवाद्रव्यस्यप्रेतोद्देशेनश्रद्धयात्यागः ॥ मिताक्षरा० ॥

પ્રેત નિમિત્ત અન્ન દિનો શ્રદ્ધાથી સત્પાત્રે ત્યાગ કરવો તેનુ નામ શ્રાદ્ધ કહેવાય છે

एकैकमपिविद्वांसं दैवेपित्र्येचभोजयेत् ।
पुष्कलफलमाप्नोति नामन्त्रज्ञान्बहूनपि ॥ मनु ॥ १५ ॥

દેવ યજ્ઞ અને પિતૃ યજ્ઞ નિમિત્ત એક એક વિદ્વાન બ્રાહ્મણને ભોજન કરાવવાથી મનુષ્ય પુષ્કળ ફળ પ્રાપ્ત કરે છે પણ વેદ નહિ જાણનારા બહુ બ્રાહ્મણોને ભોજન કરાવવાથી કાંઇ પણ ફળ પ્રાપ્ત કરી શકતો નથી

ज्ञाननिष्ठाद्विजाः केचित्तपोनिष्ठास्तथाऽपरे ।
तपस्वाध्यायनिष्ठाश्च कर्मनिष्ठास्तथाऽपरे ॥ मनु ॥ १६ ॥

કેટલાક દ્વિજ જ્ઞાન નિષ્ઠ હોય છે, કેટલાક તપનિષ્ટ હોય છે, કેટલાક સ્વાધ્યાય નિષ્ટ હોય છે, અને કેટલાક કર્મ નિષ્ટ હોય છે

ज्ञाननिष्ठेषुकव्यानि प्रतिष्ठाप्यानियत्नतः ।
हव्यानितुयथान्यायं सर्वेष्वेवचतुर्ष्वपि ॥ मनु ॥ १७ ॥

શ્રાદ્ધમા પ્રયત્ન પૂર્વક જ્ઞાનનિષ્ટ બ્રાહ્મણને આમન્ત્રણ કરી ભોજન કરાવવુ અને દેવ યજ્ઞ નિમિત્ત ઉપર જણાવેલા ચારમાથી જે પ્રાપ્ત થઇ શકે તેને ભોજન કરાવવુ.

मातामहंमातुलंच स्वस्रीयश्वसुरंगुरुम् ।
दौहित्रविद्पतिबन्धु मृत्विग्याज्यौचभोजयेत ॥मनु॥१८॥

માતામહ, મામા, ભાણેજ શ્વસુર, ગુરૂ દૌહિત્ર, જમાત્ર, માશીનો પુત્ર, ઋત્વિક અને યાન્ય એટલામાથી ગમે તેને ભોજન કરાવવુ

रोगीहिनातिरिक्तांग काण पौनर्भवस्तथा ।
अवकीर्णीकुडगोलौ कुनखीश्यामदन्तक ॥याज्ञ०॥ १९॥

मृतकाध्यापक क्लीब कन्यादृष्यभिशस्तक ।
मित्रधुक्पिशुन सोम विक्रयीपरिवींदक ॥ याज्ञ० । २०॥

मातापितृगुरुत्यागीकुडशीशूद्रात्मज ।
परपूर्वापति स्तेन: कर्मदुष्टाश्चनिन्दित ॥ याज्ञ०॥ २१ ॥

રોગી ઓછા અગવાળો, કાણો, બાધર, (મહેરો) સ્ખલિત બ્રહ્મચર્ય વાળો, પરસ્ત્રિમા વ્યભિચારથી ઉત્પન્ન થયેલો "કુડ" તથા વિધવા સ્ત્રીમા વ્યભિચારથી ઉત્પન્ન થએલો 'ગોલક," ખરાબ નખવાળો, કાળા દાન્તવાળો દ્રવ્ય લઇ વિદ્યા ભણાવનાર નપુશક કુમારીને દૂષિત કરનાર મિત્રદ્રોહી, ચાડી કરનાર, સોમરસનો વેચનાર પિતા માતા તથા ગુરૂનો ત્યાગ કરનાર, કુડ અને ગોલકનુ અન્ન જમનાર શૂદ્રના જેવા આચરણવાળાનો પુત્ર, પુર્નલગ્નનો કરનાર ચોર, તથા શાસ્ત્રથી વિરૂદ્ધ કર્મનો કરનાર, આ સર્વ શ્રાદ્ધ વિગેરેમા નિંદ્ય છે તેમને શ્રાદ્ધ વિગેરેમા ભોજન કરાવવુ નહી

भिक्षामप्युदपात्रंवा सत्कृत्याविधिपूर्वकम् ।
वेदतत्वार्थविदुषे ब्राह्मणायोपपादयत् ॥ मनु ॥ २६ ॥

વેદ પરાગત વિદ્વાન બ્રાહ્મણનો વિધિપૂર્વક સત્કાર કરી તેને ભિક્ષા આપવા જળનુ પાત્ર આપવુ

नश्यन्तिहव्यकव्यानि नराणामविजानताम् ।
भस्मिभूतेषुविप्रेषु मोहाद्दत्तानुदातृभि ॥ मनु ॥ २७ ॥

અજ્ઞ પુરુષો વિદ્યા અને તપથી વિમુખ પુરૂષોને દેવયજ્ઞ તથા પિતૃયજ્ઞ નિમિત્ત જે ભોજન કરાવે છે તે વ્યર્થ જાય છે, ઉપર જણાવ્યા પ્રમાણે વેદાધ્યયન અને બ્રહ્મચર્યાદિ યુક્ત વિપ્રોનેજ ભોજન કરાવવાથી હવ્ય અને કવ્ય શિદ્ધ થાય છે

संप्राप्तायातिथयेदद्या प्रदद्यादासनोदके ।
अन्नचैवयथाशक्ति सत्कृत्य विधिपूर्वकम् ॥ मनु ॥ १८ ॥

ઘેર આવેલા અતિથિનો સત્કાર કરીને તથા તેને આસન જળ તથા યથાશક્તિ અન્ન વિધિપૂર્વક આપવુ

एकरात्रंतुनिवसन्नतिथिर्ब्राह्मणः स्मृतः ।
अनित्यंहिस्थितोयस्य तस्मादतिथिरुच्यते ॥ मनु ॥ २९ ॥

ગૃહસ્થને ઘેર એક રાત્રિ નિવાસ કરનાર બ્રાહ્મણ અતિથિ કહેવાય છે તે કદાપિ નિત્ય રહેતો નથી માટે અતિથિ કહેવાય છે

अप्रणोद्योऽतिथिःसायं सूर्योढोगृहमेधिना ।
कालेप्राप्तस्त्वकालेवा नास्यानश्नन्गृहेवसेत् ॥ मनु ॥ ३० ॥

પ્રાતઃકાળે અથવા સાયંકાળે અતિથિ આવે તો ગૃહસ્થે તેનો અનાદર કરવો નહી ગૃહસ્થના ઘરમા અતિથિ ભોજન સમયે અથવા ભોજન સમય વિત્યાબાદ આવે તોપણ તે અતિથિને ભોજન આપવુ

नवैस्वयंतदश्नीया दतिथिंयन्नभोजयन् ।
धन्यंयशस्यमायुष्यं स्वर्ग्यंवाऽतिथिपूजनम् ॥ मनु ॥ ३१ ॥

જે અન્નનુ અતિથિને ભોજન કરાવ્યુ ન હોય તે અન્ન પોતે જમવુ નહી અતિથિનુ પુજન ધન, યશ, તથા આયુષ્ય અને સ્વર્ગ પ્રાપ્ત કરનારૂ છે

इतरानपिसख्यादीन्सम्प्रीत्यागृहमागतान् ।
सत्कृत्यान्नंयथाशक्ति भोजयेत्सहभार्यया ॥ मनु ॥ ३२ ॥

પ્રીતિથી ઘેર આવેલા મિત્રાદિનો સત્કાર કરી તેમને તથા તેમની સ્ત્રીઓને યથાશક્તિ ભોજન કરાવવુ

सुवासिनीःकुमारींश्च रोगिणोगर्भिणीस्त्रियः ।
अतिथिभ्योऽग्रएवैतान्भोजयेदविचारयन् ॥ मनु ॥ ३३ ॥

નવી પરણેલી વહુ, કુમારીકાઓ, રોગી મનુષ્યો, તથા ગર્ભિણી સ્ત્રીઓને કંઇ પણ વિચાર કર્યા વિના અતિથિના પહેલા ભોજન કરાવવુ

देवानृषीन्मनुष्यांश्च पितृन्गृह्याश्चदेवताः ।
पूजयित्वाततः पश्चाद्गृहस्थः शेषभुग्भवेत् ॥ मनु ॥ ४५ ॥

દેવઋષિ મનુષ્ય પિતૃઓ અને ગૃહના દેવતાઓનુ અન્નાદિથી પૂજન કર્યા પછી જે શેષ રહે તે ગૃહસ્થે જમવુ

अघंसकेवलंभुंक्ते यःपचत्यात्मकारणात् ।
यज्ञशिष्टाशनंह्येतत् सतामन्नंविधियते ॥ मनु ॥ ४६ ॥

જે મનુષ્ય કેવળ પોતાને અર્થે પાક બનાવે છે તે કેવળ પાપનુ ભક્ષણ કરે છે, કારણ કે પચયજ્ઞ કર્યા પછી જે શેષ રહે તેજ અન્ન ગૃહસ્થે જમવુ, એ પ્રકારે શાસ્ત્રનુ વિધાન છે

राजर्त्विक्स्नातक गुरुन्प्रियश्वशुरमातुलान् ।
अर्हयेन्मधुपर्केण प्रतिसंवत्सरात्पुन ॥ मनु ॥ ४८ ॥

રાજા ઋત્વિક્ સ્નાતક ગુરૂ શ્વશુર અને મામા, એમનો પ્રતિવર્ષ પુન મધુપર્કથી સત્કાર કરવો

अतिथींश्रोत्रियंतृप्त मासीमान्तमनुव्रजेत् ।
अह' शेषसमासीत शिष्टैरिष्टैश्चबंधुभि ॥ मनु' ॥ ४९ ॥

સર્વ પ્રકારે તૃપ્ત થયેલા શ્રોત્રિયને વિદાય કરવા સાઉ ગામની સિમાસુધી જવુ, અને બાકી રહેલો દીવસ વૃદ્ધ જન તથા મિત્રમિંડળ તથા બાંધવો સાથે આનંદમા અને વાર્તા લાપમા ગમન કરવો

सायंत्वन्नस्यसिद्धस्य पत्न्यमन्त्रंबलिंहरेत् ।
वैश्वदेवंहिनामैतत्सायंप्रातर्विधीयते ॥ मनु ॥ ५० ॥

સાયંકાળે રાંધેના અન્નમાથી પતિએ મંત્રનો ઉચ્ચાર કર્યા વિના બલિ મૂકવા, આવી રીતે ગૃહસ્થે સાયંપ્રાતર્ વૈશ્વદેવ કરવો

एतानेकेमहायज्ञान्यज्ञशास्त्रविदोजन ।
अनीहमाना' सततमिन्द्रियेष्वेवजुह्वति ॥ मनु ॥ ५१ ॥

કેટલાક યજ્ઞને તથા શાસ્ત્રોને યથાર્થ જાણનારા બ્રહ્મનિષ્ટદ્વિજો બાહ્ય ચેષ્ટા રહિત થઈ આ પચયજ્ઞ નિમિત્ત પાચ જ્ઞાનેન્દ્રિયોમાજ હોમ કરે છે, અર્થાત્ ઇન્દ્રિય સયમ કરી તેમા હોમે છે

ज्ञानेनैवापरेविप्रा यजन्त्येतैर्मखै' सदा ।
ज्ञानमूलांक्रियामेषां पश्यन्तोज्ञानचक्षुषा ॥ मनु ॥ ५२ ॥

વેદમાથીજ સર્વ ક્રિયાઓ પ્રવૃત થય છે એવુ જ્ઞાનદૃષ્ટીથી સમજી કેટલાક વિપ્રો જ્ઞાનના ભંડારરૂપિ વેદનુ અધ્યયન કરી જ્ઞાન સંપાદન કરવામાજ આ યજ્ઞોનિ સમાપ્તિ માને છે

ऋतामृताभ्यांजीवेत्तु मृतेनप्रमृतेनवा ।
सत्यानृताभ्याम पवानश्ववृत्याकदाचन ॥ मनु ॥ ५३ ॥

આપતિ ન હોય તેવા સમયમા બ્રાહ્મણે **ऋतथी**, **अमृतथी**, **मृतथी**, **प्रमृतथी**, અથવા તો **सत्यानृतथी** આજીવિકા કરવી, પરંતુ કદાચિત્ શ્વવૃતિથી નિર્વાહ કરવો નહી

ऋतमुञ्छशिलंज्ञेय ममृतस्यादयाचितम् ।
मृततुयाचितभैक्ष्य प्रमृतंकर्षणस्मृतम् ॥ मनु ॥ ५४ ॥

सत्यानृततुवाणिज्य तनचैवापिजीव्यते ।
सेवाश्ववृत्तिराख्यातातस्मात्तांपरिवर्जयेत् ॥ मनु ॥ ५५ ॥

ઉઞ્છ અને શિલને **ऋत** જાણવુ યાચના કર્યા વિના અનાયાસે મળે તેને **अमृत** જાણવુ માગેલી ભિક્ષાને **मृत** જાણવી અને ખેતીવાડીથી ઉત્પન્ન થયેલા દ્રવ્યને **प्रमृत** જાણવી અને વૈશ્યના ધધાને કે વ્યાપારને **सत्यानृत** જાણવો અને **श्ववृत्ति** કહેતા કુતરાના જેવી વૃતિ કહેલી છે માટે દ્વિજ વર્ણે સેવાનો ત્યાગ કરવો ભિક્ષા શબ્દ બ્રહ્મચારી તથા સન્યાસીઓને આપવામા આવતી પાકી ભિક્ષાનો વાચક છે અત્રે ભિક્ષાશબ્દ પાકી ભિક્ષાને અર્થ કહેવામા આવ્યો નથી કારણ કે ગૃહસ્થ બ્રાહ્મણથી પારકી ભિક્ષામાથી વૈશ્વદેવાદિકનો પાક લઇ શકાય એમ નથી માટે આ ભિક્ષાશબ્દ કેવળ ભોજનને માટે નથી પરંતુ ઘરની સ્થિતિને માટે છે, ઘરના કામને માટે અન્ન વસ્ત્ર વાસણાદિક જે વસ્તુ જોઇએ તે સઘળુ બ્રાહ્મણે ભિક્ષાને અર્થે માગી લાવવુ તેને શાસ્ત્રમા **मृत** કરીને કહે છે, આ પ્રમાણે બ્રાહ્મણને પણ એકજ આજીવિકાને અર્થે ભિક્ષા માગી લાવવા કહ્યુ છે એ બ્રાહ્મણનો પોતાનો સ્વધર્મ છે પરંતુ શાસ્ત્રના અનભિજ્ઞ લોકો ક્ષત્રિય વૈશ્યની અનૃતમિશ્ર આજીવિકાઓ પર મોહિત થઇ પવિત્ર અતઃકરણવાળા બ્રાહ્મણોને ભિક્ષુકો કહીને નિંદે છે પરંતુ બ્રાહ્મણની નિંદાથી તેઓ પાતકી થાય છે **तस्माद्ब्राह्मणान्न निन्दत्** તે કારણ માટે બ્રાહ્મણની નિંદા કરવી નહી

चतुर्णामपिचैतेषा द्विजानांगृहमेधिनाम् ।
ज्यायान्परःपरोज्ञेयो धर्मतोलोकजित्तमः ॥ मनु ॥ ५६ ॥

षट्कर्मैकोभवत्येषां त्रिभिरन्य प्रवर्त्तते ।
द्वाभ्यामेकश्चतुर्थस्तु ब्रह्मसत्रेणजीवति ॥ मनु ॥ ५७ ॥

ઉપર એમ કુશૂલધાન્યક, કુંભીધાન્યક, ત્ર્યૈહિક, અને અશ્વસ્તનિક, એ પ્રમાણે ચાર પ્રકારના બ્રાહ્મણ ગૃહસ્થો કહ્યા તેઓમા પર્વના કરતા પછીના શ્રેષ્ઠ જાણવા અને તે ધર્મનુ પાલન કરવાથી સ્વર્ગમાં વિજય કરનારો શ્રેષ્ટ ગણાય છે, એ ચાર પ્રકારના ગૃહસ્થો એમાથી જેને મોટા કુટુબનુ પાલન કરવાનુ હોય તેણે છ પ્રકારની વૃત્તિથી નિર્વાહ કરવો (ઋત, અયાચિત્ ભિક્ષા, ખેતી, અને વ્યાજ વટદરના ધધાથી નિર્વાહ કરવો) જેનુ કુટુબ નાનુ હોય તેણે યાજન (યજ્ઞ કરવો) અધ્યાપન (વેદ ભણાવવો) અને પ્રતિગ્રહ (દાન લેવુ) એ ત્રણ પ્રકારની આજીવિકાથી નિર્વાહ કરવો, પરતુ પ્રતિગૃહ અધમ ગણાય છે માટે તે નહિ કરનારાએ યાજન અગર અધ્યાપન વડે નિર્વાહ કરવો, અને ચોથાએ કેવળ વેદનુ અધ્યાપન કરીને નિર્વાહ કરવો

कुशलधान्यक=એટલે ત્રણ વર્ષના અન્નનો સચય કરનારા પુરૂષે છ કર્મથી એટલે ઋત અમૃત મૃત પ્રમૃત સત્યામૃત, અને કુસીદથી આજીવીકા કરવી

कुंभीधान्यक, એટલે એક વર્ષ દિવસનુ અન્નનો સચય કરનાર એમ સિદ્ધ થયો કેમકે ગૃહસ્થે પ્રત્યેક વર્ષે ઇષ્ટિ કરવી જોઇએ

અહીં કેટલાક વિદ્વાનોના મત આ પ્રમાણે છે કે ત્ર્યહજીવિ અને અશ્વસ્તનિક એ ઉભય ઋતથી જીવી શકે નહી કારણ કે શરદ અને ગ્રીષ્મ, એ બે ઋતુમાજ એનો સભવ છે માટે અહીં **त्रिभिरन्य** એ પદને યાજન, અધ્યાપન, અને પ્રતિગ્રહ વૃત્તિથી આજીવિકા ચલાવવી, અને **द्वाभ्या** એ પદથી **प्रतिगृह=प्रत्यवर** એમ હોવાથી માત્ર યાજન, અધ્યાપનથી અને બ્રહ્મસૂત્રથી એટલે કેવળ અધ્યાપનથીજ આજીવિકા ચલાવવી, એમ જાણવુ, જે બ્રાહ્મણ શિલવૃત્તિ પેટે પ્રજામાથી ચપટી ચપટી માગીને પોતાને એક દીવસ ચાલે તેટલુ અનાજ લાવે છે, તે શિલ વૃત્તિ કહેવાય છે અને દાણાની દુકાન પાસે દાણા પડી ગયા હોય તે વિણી લાવી અથવા મુઠી ચપટી દાણા માગી લાવીને એક દીવસ ચાલે એવુ અનાજ લાવે તેને ઉચ્છ વૃત્તિ કહે છે

वेदोदितस्वककर्म नित्यकुर्यादतन्द्रित ।
तद्धिकुर्वन्यथाशक्ति प्राप्नोतिपरमागतिम् ॥ मनु ॥ ५८ ॥

બ્રાહ્મણ જો નિત્ય સાવધાન થઈ વેદ અને ધર્મશાસ્ત્રમા કહેલા કર્મોનુ યથાશક્તિ પાલન કરે તો તે પરમગતિને પામે છે.

वयसः कर्मणोऽर्थस्य श्रुतस्याभिजनस्य च ।
वेषवाग्बुद्धिसारूप्य माचरन्विचरेदिह ॥ ५९ ॥

ગૃહસ્થ બ્રાહ્મણે પોતાના વય, કર્મ, ધન, શાસ્ત્ર અને કુળને અનુકુળ થઈ પડે તેવો વેષ, તેવી વાણી તેવું આચરણ, અને તેવી બુદ્ધિનો ઉપયોગ કરી આ જગતમા વ્યવહાર કરવો.

बुद्धिवृद्धिकराण्याशु धन्यानि च हितानि च ।
नित्यं शास्त्राण्यवेक्षेत निगमांश्चैव वैदिकान् ॥ मनु ॥६०॥

બુદ્ધિની, તાત્કાલીક વૃદ્ધિ કરનારા વ્યાકર્ણ, મિમાંસા, સ્મૃતિ, પુરાણુ વિગેરે શાસ્ત્રોનુ તથા ધન આપનારા બૃહસ્પતિ વિગેરેના અર્થ શાસ્ત્રોનુ પ્રત્યક્ષમા ઉપકાર કરનારા વૈદિક, જ્યોતિષ વિગેરે શાસ્ત્રોનુ અને વેદના અર્થ જણાવનારા શાસ્ત્રોનુ નિત્ય અવલોકન કરવુ

वाच्येके जुह्वति प्राणं प्राणे वाचं च सर्वदा ।
वाचि प्राणे च पश्यन्तो यज्ञनिर्वृत्तिमक्षयाम् ॥ मनु ॥ ६१ ॥

કેટલાક બ્રહ્મવેત્તા પુરૂષો વાણીમા અને પ્રાણમા જે હોમ કરવામા આવે છે તે અક્ષય્ય છે એમ જાણી તે વાણીમા પ્રાણનો હોમ કરે છે અને પ્રાણમા વાણીનો હોમ કરે છે વાણીમા પ્રાણનો હોમ કરવાનુ તાત્પર્ય એવુ છે કે સ્વાધ્યાય (વેદાધ્યયન) કરતી વેળાએ પ્રાણની વૃત્તિનો લય વાણીમા થાય છે માટે સ્વાધ્યાયરૂપી વાણી યજ્ઞમા પ્રાણનો હોમ કહ્યો છે તથા પ્રાણમા વાણીનો હોમ કરવાનુ કહ્યુ છે તેનો અર્થ એ છે કે પ્રાણાયામ કરતી વખતે વાણીનો લય પ્રાણમા થાય છે માટે પ્રાણાયામરૂપી અગ્નિમા વાણીનો હોમ કહ્યો છે વળી શ્રુતિમા કહ્યુ છે કે **यद्वै तद्धीते वा भाषते वा वाचि तदा प्राणो भवति तथा च अथ तूष्णीं वा भवति स्वपिति वा प्राणे तदा वाग् भवति** જ્યારે મનુષ્ય સ્વાધ્યાય કરે છે અથવા બોલે છે ત્યારે વાણીમા પ્રાણનો લય થાય છે, અને જ્યારે મનુષ્ય મૌન રહે છે ત્યારે નિદ્રામા વાણીનો અથવા પ્રાણમા લય થાય છે

आसनाशनशय्याभिरद्भिर्मूलफलेन च ।
नास्य कश्चिद्वसेद्गेहे शक्तितोऽनर्चितोऽतिथिः ॥ मनु ॥६२॥

ગ્રહસ્થના ઘરમા બેસવાને આશન, જમવાને ભોજન, સુવાને શય્યા, અને પીવાને જળ અને ફળ તથા મૂળવડે શક્તિ પ્રમાણે સત્કાર પામ્યા વગરનો કોઇપણ અતિથિ રહેવો જોઇએ નહી.

पाखण्डिनोविकर्मस्थान्वैडालव्रतिकाञ्छठान् ।
हैतुकान्बकवृत्तींश्च वाङ्मात्रेणापिनार्चयेत् ॥ मनु ॥ ६३ ॥

પાખંડીઓનો (વેદવિરૂદ્ધ ધર્માચરણ કરનારાઓનો) વિકર્મસ્થાનો (આશ્રમવિરૂદ્ધ આજીવિકાથી જીવનારાઓનો) બૈડાલ વ્રતવાળાઓનો (દંભીઓનો) શઠોનો (જેઓના મનમા કપટ હોય અને બહારથી સાધક દેખાડતા હોય તેવાઓનો અથવા તો વેદ તથા શાસ્ત્ર ઉપર શ્રદ્ધા વિનાના હોય તેઓનો) હેતુકો (વેદવિરૂદ્ધ તર્ક કરનારાઓનો) અને બગભક્તોનો ગૃહસ્થે વાણીમાત્રથી પણ સત્કાર કરવો નહી

क्लृप्तकेशनखश्मश्रु र्दान्त शुक्लाम्बर शुचि ।
स्वाध्यायेचैवयुक्तस्या न्नित्यमात्महितेषुच ॥ मनु ॥ ६४ ॥
वैणवींधारयेद्यष्टिं सोदकंचकमण्डलु ।
यज्ञोपवीतवेदंच शुभरौक्मेचकुण्डले ॥ मनु ॥ ६५ ॥

નિત્ય માથાના કેશ, નખ અને દાઢી કતરાવવી, ઇન્દ્રિઓનો નિગ્રહ કરવો શ્વેત વસ્ત્ર પહેરવા આન્તર અને બહારથી પવિત્ર રહેવું, સ્વાધ્યાય ભણવો તથા પોતાના હિતમા (શરીર આરોગ્ય રહે તેવા કાર્યમા) પરાયણ રહેવું, વાંસની લાકડી પાણીથી ભરેલું કમંડળ જનોઈ, દર્ભની જુડી અને સોનાના સુંદર કુંડળો ધારણ કરવા

नोपगच्छेत्प्रमत्तोऽपि स्त्रियमार्तवदर्शने ।
समानशयनेचैव नशयीततयासह ॥ मनु ॥ ६६ ॥
रजसाभिप्लुतांनारीं नरस्यह्युपगच्छत ।
प्रज्ञातेजोबलंचक्षु रायुश्चैवप्रहीयते ॥ मनु ॥ ६७ ॥

કામાતુર પુરૂષે પણ રજોદર્શનના સમયમા સ્ત્રી સાથે ગમન કરવુ નહીં તેની સાથે એક શય્યામા પણ શયન કરવુ નહિ, જે પુરૂષ રજસ્વલા સ્ત્રી સાથે ગમન કરે છે, તેની પ્રજ્ઞા, (બુદ્ધિ) તેજ, બળ, નેત્ર અને આયુષ્ય ક્ષિણ થાય છે

तांविवर्जयतस्तस्य रजसा समभिप्लुताम् ।
प्रज्ञातेजोबलंचक्षु रायुश्चैवप्रवर्धते ॥ मनु ॥ ६८ ॥
नाश्नीयाद्भार्ययासार्धं नैनामीक्षेतचाश्नतीम् ।
क्षुवतीं जृम्भमाणांवा नचासीनांयथासुखम् ॥ मनु ॥ ६९ ॥
नाञ्जयन्तीस्वकेनेत्रे नचाभ्यक्तामनावृताम् ।
नपश्येत्प्रसवन्तीच तेजस्कामोद्विजोत्तम ॥ मनु ॥ ७० ॥

અને જે પુરૂષ રજસ્વલા સ્ત્રીનો ત્યાગ કરે છે તેની પ્રજ્ઞા, તેજ, બળ, નેત્ર અને આયુષ્ય વૃદ્ધિ પામે છે સ્ત્રી તથા પુરૂષે એક પાત્રમા સાથે બેસીને ભોજન કરવૂ નહિ, તથા સ્ત્રી ભોજન કરતી હોય ત્યારે છીંક ખાતી હોય ત્યારે બગાશુ ખાતી હોય ત્યારે મરજી માફક બેઠેલી હોય ત્યારે તેને પુરૂષે જોવી નહી બ્રહ્મતેજની કામના વાળા દ્વિજે સ્ત્રી પોતાની આખોને આજતી હોય ત્યારે તેલનુ મર્દન કરીને બેઠી હોય ત્યારે વસ્ત્ર વિના (નગ્ન) હોય ત્યારે અને પ્રસવ કાળે કદાપિ જોવી નહી

नाश्नमयादेकवासा ननग्न स्नानमाचरेत ।
नमूत्रपथिकुर्वीत नभस्मनिनगोव्रजे ॥ मनु ॥ ७० ॥

नफालकृष्टेनजले नचित्यांनचपर्वते ।
नजीर्णदेवायतने नवल्मीकेकदाचन ॥ मनु ॥ ७१ ॥

ગૃહસ્થે અપવિત્ર વસ્ત્ર ધારણ કરી ભોજન કરવુ નહિ, નગ્નાવસ્થામા સ્નાન કરવુ નહી, તથા માર્ગ વચ્ચે ભસ્મ, તથા ગૌશાળામા લઘુ શકા કરવી નહી, હળવડે ખેડેલી ભૂમિપર, પાણીમા અગ્નિ માટે ઇટથી ચણેલી વેદિકા ઉપર, પર્વત ઉપર, જીર્ણ થઇ ગયેલા દેવમદિરમા તથા રાફડા ઉપર કદાપિ લઘુ શકા કરવી નહી

नाग्निमुखेनोपधमेन्नग्नांनेक्षेतचस्त्रियम ।
नामेध्यंप्रक्षिपेदग्नौनचपादौप्रतापयेत् ॥ मनु ॥ ८० ॥

અગ્નિને મોઢેથી ધમવો નહિ (પણ ભુગળીથી ધમવો) સ્ત્રીને નગ્નાવસ્થામા જોવી નહી, અગ્નિમા અપવિત્ર વસ્તુ નાખવી નહીં અને પગના તળીઆને તપાવવા નહી

સ્ત્રીપુરુષના સામાન્ય ધર્મ

सराज्ञीश्वशुरेभव सराज्ञीश्वश्रुवांभव ।
नान्दरिसराज्ञीभव सराज्ञीअधिदेवृषु ॥ ऋगवेद० ॥ १ ॥

હે સ્ત્રી[1] તુ તારા સાસુ સસરા નણદ દિયર વિગેરે કુટુબીઓમા અધિકાર પ્રાપ્ત કરી ગૃહતત્ર સારી રીતે ચલાવ

भर्तृभ्रातृपितृज्ञाति श्वश्रूश्वशुरदेवरैः ।
बंधुभिश्चस्त्रियः पूज्याभूषणाच्छादनाशनैः ॥ याज्ञ० ॥ २ ॥

પતિ, ભ્રાતા, પિતા, જ્ઞાતિજન સાસુ, સસરા દિયર અને અન્ય સબધીઓએ અલકાર વસ્ત્ર અને મિષ્ટાન્નથી સ્ત્રીઓનો સત્કાર

કરવો, સ્ત્રીઓનો જે સત્કાર થાય છે તો તે પ્રસન્ન રહે છે, અને ધર્મ, અર્થ, અને કામની વૃદ્ધિ કરે છે સ્ત્રીઓના હૃદય ઘણાજ કોમળ હોય છે જે સાસુઓ સસરાઓ, તથા નણંદો તથા અન્ય સબધિઓ સ્ત્રીઓને કટુ વચન કહી મ્હેણા મારીને તેમના મનને ઉદ્વેગ કરે છે, તેઓજ સમાજમા થતી સ્ત્રીઓની આત્મા હત્યા માટે જોખમદાર છે પતિ, સાસુ સસરા વિગેરે તરફથી થતા અનાદરને લઇને ઘણી સ્ત્રીઓ આત્મ હત્યા કરે છે માટે હમેશા પોતાના ધર્મ વડે કરીને સ્ત્રીઓને હમેશા સતુષ્ટ રાખવી

अनृतसाहसमायामूर्खत्त्वअतिलोभता ।
निर्दयत्वअशुचित्त्वस्त्रिणांदोषोस्वभावजा ॥ चाणा० ३ ॥

જુઠું બોલવુ, સાહસ કાર્ય કરવુ, અતિમાયા, મૂર્ખપણુ, અતિ લોભ, નિર્દયતા, એને અશુચિ આટલા ગુણો સ્ત્રીઓમા સ્વભાવિક છે માટે ઉપર કહેલા કાર્યો કરવામા તત્પર રહે છે

यत्रनार्यस्तुपूज्यन्ते रमन्तेतत्रदेवता ।
यत्रैतास्तुनपूज्यन्ते सर्वास्तत्राफला क्रिया मनु ॥ ४ ॥

જ્યા સ્ત્રીઓનુ સનમાન થાય છે, ત્યા દેવતાઓ પ્રસન્ન રહે છે પણ જ્યા સ્ત્રીઓને તિરસ્કાર થાય છે ત્યા સર્વ કર્મ નિષ્ફળ થાય છે યજ્ઞ, દાન, તપ, દેવતાર્ચન, વેદાધ્યયન, વિગેરેન ફળ સ્ત્રીઓનો તિરસ્કાર કરનારને મળતુ નથી

शोचन्तिजामयोयत्र विनश्यत्याशुतत्कुलम् ।
नशोचतितुयत्रैता वर्धन्तेतद्धिसर्वदा ॥ मनु ॥ ५ ॥

જે કુળની સ્ત્રીઓ ઉદ્વેગમા રહે છે, તે કુળનો જલદી નાશ થાય છે, પણ જે કુળમા સ્ત્રીઓ ઉદ્વેગિ રહેતી નથી પણ પ્રફુલ્લ રહે છે તે કુળ સર્વદા વૃદ્ધિ પામે છે

स्त्रियांतुरोचमाया सर्वतद्रोचतेकुलम् ।
तस्यांत्वरोचमानाया सर्वमेवनरोचते ॥ मनु ॥ ६ ॥

જે કુળમા સ્ત્રી વસ્ત્રાદિ અલકારવડે સુશોભિત હોય છે તે કુળ દિપિ નિકળે છે પણ જે કુળની સ્ત્રીઓ સુશોભિત હોતિ નથી તે કુળ નીરસેજ લાગે છે.

बालयावायुवत्यया वृद्धयावाऽपियोषिता ।
नस्वातन्त्रेणकर्तव्यं किंचित्कार्यंगृहष्वपि ॥ मनु ॥ ७ ॥

સ્ત્રી બાળક હોય યુવાન હોય કે વૃદ્ધ હોય તો પણ તેણે સ્વતંત્રતાથી ઘરનુ કોઇપણ કાર્ય કરવુ નહી.

बाल्येपितुर्वशेतिष्ठेत्पाणिग्राहस्ययौवने ।
पुत्राणांभर्तरिप्रेते नभजत्स्त्रीस्वतन्त्रताम् ॥ मनु ॥ ८ ॥

સ્ત્રીએ બાલ્યા વસ્થામા પિતાની આજ્ઞા પ્રમાણે વર્તવુ, યુવાવસ્થામા પતિની આજ્ઞા પ્રમાણે વર્તવુ, અને જ્યારે પોતાનો પતિ મરણ પામે ત્યારે વૃદ્ધાવસ્થા છતા પણ પોતાના પુત્રના કહ્યા પ્રમાણે રહેવુ, પરતુ કદાપિ સ્વચ્છદે એટલે સ્વતંત્ર પણામા વર્તન કરવુ નહી

पित्राभर्त्रासुतैर्वापि नेच्छेद्विरहमात्मन ।
एषाहिविरहेणस्त्रीगर्ह्येकुर्यादुभेकुले ॥ मनु ॥ ९ ॥

સ્ત્રીએ કદાપિ પિતા ભર્તા તથા પુત્રથી જુદા રહેવાની ઇચ્છા કરવી નહી, તેમ કરવાથી સ્ત્રી ઉભય કુળને લાછન લગાડે છે

सयतोपस्करादक्षा हृष्टाव्ययपराङ्मुखी ।
कुर्याश्श्वशुरयोपाद वन्दनभर्तृतत्परा ॥ मनु ॥ १० ॥

ડાહી પ્રસન્ન અને ખર્ચ કરવામા અનાદરવાળી સ્ત્રીએ ઘરનો સામાન તથા રાચ રચીનુ યોગ્ય સ્થળે ગોઠવી પતિની આજ્ઞામા તત્પર રહી નિત્ય સાસુ તથા સસરાના વચનનુ ઉલ્લઘન કરવુ નહી

विशीलकामवृत्तोवागुणैर्वापरिवर्जित ।
उपचर्य स्त्रियासाध्व्यासततदेववत्पति ॥ मनु ॥ ११ ॥

પોતાનો પતિ સદ્વર્તન વિનાનો કામાશક્ત અને સર્વ ગુણથી હીન હોય તોપણ સાધ્વી સ્ત્રીએ દેવ જેવો ગણી તેની નિત્ય શેવા કરવી

नास्तिस्त्रीणापृथग्यज्ञो नव्रतनाप्युपोषितम् ।
पतिशुश्रूषतेयेन तेनस्वर्गेमहीयते ॥ मनु ॥ १२ ॥

સ્ત્રીઓને પોતાના પતિની આજ્ઞા શિવાય અન્ય વ્રત કે ઉપવાસ કરવા નહિ, માત્ર પતિની સેવામાજ તેઓ સ્વર્ગમા મહત્તા પ્રાપ્ત કરે છે

आसीतामरणात्क्षान्ता नियताब्रह्मचारिणी ।
योधर्मएकपत्नीना काङ्क्षन्तीतमनुत्तमाम् ॥ मनु ॥ १३ ॥

સ્ત્રીએ મરણ પર્યન્ત ક્ષમાવાન, જીતેદ્રિય, અને બ્રહ્મચર્યવ્રત યુક્ત રહી તેણે સર્વોત્તમ પતિવ્રતા ધર્મ પાળવામા તત્પર રહેવુ.

अपत्यलोभाद्यातु स्त्रीभर्तारमतिवर्तते ।
सहनिन्दामवाप्नोतिप त्लोकाच्चहीयते ॥ मनुः ॥ १४ ॥

જે સ્ત્રી સતાનના લોભે કરી પતિની આજ્ઞાનુ ઓલ્લઘન કરી વ્યભિચાર કરે છે તે આ જન્મમા નિદાને પાત્ર થાય છે અને જન્માન્તરમા પતિનુ સુખ મેળવી શકતી નથી

व्यभिचारात्तुभर्तुः स्त्री लोकेप्राप्नोतिनिन्द्यताम् ।
शृगालयोनिंप्राप्नोति पापरोगैश्चपीड्यते ॥ मनु ॥ १५ ॥

જે સ્ત્રી પોતાના પતિની આજ્ઞાનુ ઉલ્લઘન કરી વ્યભિચાર કરે છે તે આ લોકમા નિદાય છે અને મ ણુ પછી શિયાળની યોનીને પ્રાપ્ત થાય છે અને ભયકર રોગથી આ જન્મમા પિડાય છે અને વ્યભિચારથી દુષ્ટ રોગોના ઉત્પન્નથી તેના બીજ પોતાની પ્રજામા ઉત્પન્ન કરે છે, પોતાના કુળના કલ્યાણની ઇચ્છા રાખનાર સ્ત્રીએ વ્યભિચારનો સર્વથા ત્યાગ કરવો

पतियानाभिचरति मनोवाग्देहसयता ।
साभर्तृलोकमाप्नोति सद्भि साध्वीतिचोच्यते ॥ मनु ॥ १६ ॥

જે સ્ત્રી મન, વાણી અને દેહને પોતાને વશ રાખી વ્યભિચાર કરતી નથી તે આ જન્મમા તથા જન્માતરમા પતિના સુખને પ્રાપ્ત કરે છે અને સજ્જનોમા "સાધ્વી" કહેવાય છે

क्रीडाशरीरसस्कार समाजोत्सवदर्शनम ।
हास्यपरगृहेयान त्यजत्प्रोषितभर्तृका ॥ याज्ञ० ॥ १७ ॥

જે સ્ત્રીનો પતિ પરદેશ ગયો હોય તેણે, રમત ગમત, શણગાર મેળાઓ તથા ઉત્સવોમા, દર્શન, હાસ્ય, પારકા મનુષ્યોને ત્યા ગમન ઇત્યાદિ ત્યજવા

अस्वतन्त्राःस्त्रिय कार्याः पुरुषै स्वैर्दिवानिशम् ।
विषयेषुचसज्जन्त्य सस्थाप्याआत्मनोवशे ॥ मनु ॥ १८ ॥

પુરુષોએ પોતાની સ્ત્રીને નિત્ય આશ્રિત રાખવી અને જો તે વિષયોમા આશક્ત થતી હોય તો તેમને આશક્તિથી દુર કરવી

अर्थस्यसग्रहेचैना व्ययेचैवनियोजयेत ।
शौचेधर्मेन्नपक्त्याच पारिणाह्यस्यवेक्षणे ॥ मनु ॥ १९ ॥

દ્રવ્યનો સગ્રહ કરવો તથા વ્યય કરવો સ્વચ્છતા રાખવી ધર્મ-કાર્ય કરવુ, ભોજનાદિ કરવા તથા ઘરના સરસામાન ઉપર દેખરેખ રાખવી, આ સર્વ કાર્યો તેમને સોપવા.

पानंदुर्जनसंसर्गः पत्याचविरहोऽनम ।
स्वप्नोऽन्यगेहवासश्च नारीसंदूषणानिषट् ॥ मनु ॥ २० ॥

મધપાન કરવુ, દુર્જનનો શસર્ગ કરવો, પતિનો વિરહ કરવો, રખડવુ, જ્યા ત્યા શયન કરવુ, અને પારકાને ઘેર નિવાસ કરવો, આ ૭ સ્ત્રીઓના દુષણો છે

प्रजनार्थमहाभागाः पूजार्हा गृहदीप्तय ।
स्त्रिय श्रियश्चगेहेषु नविशेषोऽस्तिकश्चन ॥ मनु ॥ २१ ॥

પ્રજા ઉત્પન્ન કરનાર મહાભાગ્યશાળી, સત્કાર કરવા યોગ્ય અને ગૃહના દિપકરૂપી સ્ત્રીઓમા અને સાક્ષાત્ લક્ષ્મીમા કાંઇપણ ફેર નથી અર્થાત્ સ્ત્રીઓ ગૃહની લક્ષ્મી છે

क्षेत्रभूतास्मृतानारी बीजभूत स्मृत पुमान् ।
क्षेत्रबीजसमायोगात्संभव सर्वदेहिनाम ॥ मनु ॥ २२ ॥

સ્ત્રી ક્ષેત્રરૂપ છે અને પુરૂષ બીજરૂપ છે, અને ક્ષેત્રને બીજના સયોગથી સર્વ પ્રાણીઓની ઉત્પત્તી થાય છે

अहारोद्विगुणस्त्रीणा लज्जाचापिचतुर्गणा ।
साहसषट्गुणचैव कामाष्टगुणस्मृत ॥चाणाक्य०॥२३॥

ઘણુ કરીને સ્ત્રીઓને પુરૂષ કરતા અહાર બમણો ચાર ગણી લજ્જા સાહસ ૭ ગણુ અને કામ આઠ ગણો હોય છે

એ કામનો વેગ સ્થાવર જગમાત્મક સર્વ પ્રાણીઓમા યુવાવસ્થા પ્રાપ્ત થતા સ્વભાવથીજ ઉત્પન્ન થાય છે તેવા સમયમા લોહ, તથા ચુબકની પેઠે તે તે જાતિના નરનારી કઇ વિલક્ષણ આકર્ષણ સક્તિના બળથી પરસ્પરે ખેચાય છે સૃષ્ટિની ઉત્પત્તિ આકર્ષણ શક્તિથિ થયેલી છે અને સ્થિતિ પણ એજ શક્તિથી રહેલી છે સર્વ પદાર્થ એજ શક્તિના યોગથી પોત પોતાના ગુણને ધારણ કરી રહ્યા છે જડની પેઠે જગમ પ્રાણીઓની ક્રિયા પણ એજ શક્તિથી થાય છે

વળિ એ વિષે માનવ ધર્મ શાસ્ત્રના ૯ મા અધ્યાયમા કહ્યુ છે કે

अन्योन्यस्याव्यभिचारो भवेदामरणांतिक ।
एषधर्म समासेन ज्ञेयस्त्रीपुंसयोपर ॥ २४ ॥

મરતા સુધી સ્ત્રી પુરૂષોનો પરસ્પર ભાવ ચાલુ રહે એજ તેમનો સક્ષેપથી પરમ ધર્મ જાણવો.

ગૃહસ્થાશ્રમમાં આવ્યા પછી સત્યનુ પાલન કરવું સ્ત્રી તથા પુરૂષ ઉભયે સત્યાચરણ કરવાથી સુખી થાય છે જે ગૃહસ્થ સત્યથી વિરૂદ્ધ વર્તન કરનાર હોય તેની પ્રતિષ્ઠાની હાની થાય છે અને અવિશ્વાસ ઉપજે છે, અસત્યનુ વર્તન કરવાથી રાજ્ય દરબારમા પોતાનું વજન રહેતુ નથી અને મહાભારતના શાન્તિ પર્વના ૧૬૨મા અધ્યાયમા કહ્યું છે કે

नास्तिसत्यात्परोधर्मोननृतात्पातकपरम् ।
श्रुतिर्हिसत्यंधर्मस्यतस्मात्सत्यंनलोपयेत् ॥ २५ ॥

કદીપણ અસત્ય રીતે વર્તન કરી સ્ત્રી વા પુરૂષે પોતાનો નિર્વાહ ચલાવતા હોય તો તેમને પણ ઉપરથી સત્ય જણાવવાની જરૂર પડે છે, અસત્ય કોઇને પ્રિય નથી પરંતુ સત્ય સર્વને પ્રિય છે, અને તે સત્ય વડેજ વ્યવહાર ચાલુજ છે

सत्येकृत्वाप्रतिष्ठांतु प्रवर्तन्तेप्रवृत्तय ।
सत्यमेवगरीयस्तु शिष्टाचारसमन्वितम् ॥ २६ ॥

પ્રવૃત્તિ માત્ર સત્યના ગઢિનેજ પ્રવર્તે છે માટે સદાચાર યુક્ત સત્ય શ્રેષ્ઠ છે તેથી આચાર્યે શિષ્યને ગ્રહાશ્રમ થયા પછી સત્યથી પ્રમા કરવાની આજ્ઞા કરી છે

વળી યાજ્ઞવલ્ક્ય સ્મૃતિના આચાર ધ્યાયમા કહ્યું છે કે—

अहिंसासत्यमस्तेयं शौचमिन्द्रियनिग्रह ।
दानंदयादम शान्ति सर्वेषांधर्मसाधनम् । २७ ॥

અહિંસા, ચોરી ન કરવી, પવિત્રતા ઇન્દ્રિયનિગ્રહ, પરોપકાર દયા, મનનુ દમન તથા ક્ષમા એ નવ, સર્વે ધર્મના સાધનરૂપ છે

अद्रोहसर्वभूतेषु कर्मणामनसागिरा ।
अनुग्रहश्चदानंच सतांधर्मसनातन ॥ २८ ॥

મન, વાણી તથા કર્મે કરીને પ્રાણીમાત્રનો દ્રોહ કરવો નહી સર્વ પ્રાણીમાત્રો ઉપર દયા રાખવી તથા ઉપકાર કરવો એ સત્પુરૂષોનો સનાતન ધર્મ કહ્યો છે

અહિંસાદિ નવ, ધર્મના સ્વાભાવિક સાધન છે એમ ન્યાયી પુરૂષોના અનુભવમા આવે છે, કેમકે કોઇપણ સ્ત્રી વા પુરૂષને પોતા માટે એ સર્વ પ્રિય છે, જેમકે હિંસા કરનારને પણ પોતાની અગર પોતાના પ્રિયની પણ હિંસા કરવી ઇચ્છતો નથી અસત્ય બોલનારને પોતાની પાસે પણ અસત્ય બોલનાર ઉપર પણ રીસ ચડે છે, ચોરને

પણ પોતાની વસ્તુ ચોરનાર ઉપર ક્રોધ ઉત્પન્ન થાય છે. પરોપકાર ન કરનારને પણ પોતા ઉપર બીજાના ઉપકારની ઇચ્છા રહે છે નિર્દયને પણ પોતા ઉપર બીજાની દયા ગમે છે મન વશ્ય નહિ રાખનારને પણ પોતા ઉપર બીજાનુ શાન્ત મન રૂચે છે, અને ક્ષમા નહી રાખનારને પણ પોતા ઉપર ક્ષમા ગમે છે, એ ઉપરથી અહિંસાદિ નવ, ધર્મથી સ્વભાવિક સાધન સિદ્ધ થયેના છે, વળી ચાણાક્ય રાજનિતિમા કહ્યુ છે કે

अहारनिद्रामयमैथुनच सामान्यमेतत्पशुभिर्नराणाम ।
एकोविवेकोह्यधिकोमनुष्ये विवेकहीना पशुभि समाना ॥२९॥

અહાર, નિદ્રા, ભય અને મેથુન એ ચારે પશુ તથા મનુષ્યોમા સામાન્ય રહેલા છે, પણ એક વિવેકજ મનુષ્યમા અધિક છે માટે મનુષ્ય વિવેક હીન હોય તે પશુ સમાન જાણના

नहिप्राणात्प्रियतरलोकेकिंचनविद्यते ।
तस्माद्यांनर कुर्याद्यथ त्मनितथापरे ॥ ३० ॥

આ જગતમા પ્રાણ શિવાય બીજુ અધિક પ્રિય કોઇ નથી, માટે મનુષ્યે પોતાની પેઠે બીજા ઉપર દયા રાખવી

प्राणदानात्परदान नभूतनभविष्यति ।
नह्यात्मन' प्रियतर किंचिदस्तीहनिश्चितम् ॥ ३१ ॥

પ્રાણદાન થકી બીજુ દાન શ્રેષ્ટ નથી જેમકે લોકમા આત્માથી અધિક બીજુ કાંઈ પ્રિય નથી (વૈદકશાસ્ત્રના ભાવ પ્રકાશ ગ્રંથમા કહ્યુ છે કે)

लाघवकर्मसामर्थ्य विभक्तघनगात्रता ।
दोषक्षयोऽग्निवृद्धिश्च व्यायामादुपजायते ॥ ३२ ॥

કસરતથી શરીરમા હલકાપણુ, કામ કરવાનુ સામર્થ્ય, અવયવોનુ છુટા પડવુ, તથા દૃઢતા, વાતાદિ દોષ તથા ક્ષય રોગને નાશ કરી જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે

સુક્ષ્મ જતુઓ કાંઈ કામના નથી, એ વિચારથી એમને નાશ કરવો યોગ્ય નથી કારણકે તેઓને પણ પોત પોતાની જીંદગીનુ સુખ હોય છે માટે પ્રાણીમાત્રો ઉપર દયા રાખવી, આપણા ઉપર કોઇ અત્યાચાર અગર અપકાર કરે તો તેના ઉપર ઉપકાર કરવાની વૃત્તિ હમેશને માટે રાખવી હમેશા ધર્મનું રક્ષણ કરવુ તન, મન તથા ધને કરીને પ્રાણ જતા પણ હમેશા ધર્મનુ પાલન કરવુ એજ શ્રેષ્ટતા છે.

શ્રી મહાભારતના અનુશાસન પર્વના ૧૧૬મા અધ્યાયમા કહ્યુ છે કે

अहिंसापरोधर्म तथाहिंसापरोदम ।
अहिंसापरमदानमहिंसापरमोदस्तप: ॥ ३३ ॥

અહિંસા એ ઉત્તમ ધર્મ, ઉત્તમ દયા, ઉત્તમ દાન, તથા ઉત્તમ તપ છે સત્ય બોલવુ તથા સત્યનુ આચરણ કરવુ, એ ધર્મનુ બીજુ સ્વભાવિક સાધન છે, કેમકે સત્ય સર્વને પ્રિય છે, અને તેથી જગતનો વ્યવહાર સત્યથી ચાલુ રહે છે, પરતુ અસત્ય કોઇને પ્રિય નથી, માટે અસત્યનો ત્યાગ કરી સર્વ સ્ત્રી પુરુષોએ કેવળ સત્યનુ ગૃહણ કરવુ યોગ્ય છે, વૈદ્ય કલ્પતરૂમા કહ્યુ છે કે-

असत्यमप्रत्ययमूलकरणकुवासनासद्मसमृद्धिवारणम् ।
विपन्निदानपरवंचनोर्जितकृतापराधकृतिभिर्विवर्जितम् ।३४॥

અસત્ય બોલવુ, એ અવિશ્વાસનુ મુળ કારણ ખરાબ વાસનાનુ સ્થાન, સમૃદ્ધિને અટકાવનાર, વિપત્તિનુ કારણ, પારકાને ઠગવામા શક્તિમાન અને વિરોધ કરાવનાર છે, માટે વિદ્વાન પુરુષોએ સદાને માટે અસત્યનો ત્યાગ કર્યો છે

ચોરી ન કરવી એ ધર્મનુ સ્વભાવિક ત્રીજુ સાધન છે, કેમકે કોઇ પણ સ્ત્રી વા પુરુષને જેના ઉપર મમત્વપણુ હોય તે વસ્તુનુ તેની મરજી ઉપરાન્ત હરણ કરતા કલેશ ઉત્પન્ન થાય છે બીજાની સત્તા જેના ઉપર હોય એવી હરકોઈ પ્રકારની વસ્તુને ધણીની રજા મેળવ્યા શિવાય પોતાના ઉપયોગ માટે લેવી તેને ચોરી કહે છે

ચોરી કરનારની પ્રતિષ્ઠા થોડીવારમા ઘટે છે, અને તેનો કોઇપણ વિશ્વાસ કરતુ નથી, જેથી પોતાનો નિર્વાહ ચલાવતા તેને ઘણીજ અડચણ પડે છે, પરતુ જેની નિષ્ઠા સ્વચ્છ હોય છે એવા મનુષ્યોનો વિશ્વાસ થાય છે અને પોતાનો નિર્વાહ સત્ય ઉપર ઘણી સારી રિતે કરી શકે છે માટે સર્વ સ્ત્રીપુરુષોએ પોતાની નિષ્ઠા ચોખ્ખી રાખી સ્વપ્નમા પણ કોઇનુ હરણ કરવુ નહી વળી વિષ્ણુશર્માએ કહ્યુ છે કે

मातृवत्परदाराणिपरद्रव्याणिलोष्टवत् ।
आत्मवत्सर्वभूतानिवीक्षतेधर्मबुद्धय ॥ ३५ ॥

ધર્મબુદ્ધિવાળા મનુષ્યો પારકી સ્ત્રીને માતા સમાન, પારકા ધનને મૃત્તિકા સમાન, અને સર્વ પ્રાણીઓને પોતાના સમાન જુવે છે સ્વચ્છતા રાખવી એ ધર્મનુ ચોથુ સ્વભાવિક સાધન છે, કેમકે સ્વચ્છતા સર્વને ગમે છે પરતુ મલીનતા કોઇને ગમતી નથી અજ્ઞાન બાળક પણ

સ્વચ્છતાને ઇચ્છે છે શરીર સ્વચ્છ તથા વસ્ત્રો સ્વચ્છ રાખવાથી અંતઃકરણ પ્રફુલ્લિત રહે છે અને ઘણું કરીને ત્વચા સંબંધીનો રોગ થવાનો ભય રહેતો નથી ગૃહસ્થજનોમાં જતાં લજ્જા પ્રાપ્ત થતી નથી, પરંતુ સન્માન પ્રાપ્ત થવાનો સંભવ રહે છે, ગૃહ તથા તેની આસપાસની જગ્યા તથા પીવાનું જળ ખાનપાનના પાત્રો હવા અને પહેરવાના વસ્ત્રો એ સર્વે સ્વચ્છ હોયતો ઘણું કરી નિરોગી રહેવાય છે મલીનતા રાખનારને એથી ઉલટું થાય છે માટે સ્ત્રીપુરૂષે બધી રીતે સ્વચ્છતા રાખવી યોગ્ય છે, સર્વ ઇન્દ્રિઓને વશ્ય રાખવી એ ધર્મનું પાંચમું સ્વભાવિક સાધન છે, કેમકે સર્વ મનુષ્યોને પોતા પ્રત્યે બીજાની ઇન્દ્રિઓનો પ્રકોપ રૂચતો નથી ઇન્દ્રિઓ બે પ્રકારની છે. કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિય, જે વડે ક્રિયા થાય છે તે કર્મેન્દ્રિય કહેવાય છે, અને જે વડે જ્ઞાન થાય છે તે જ્ઞાનેન્દ્રિય કહેવાય છે વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ એ કર્મેન્દ્રિય છે કેમકે વાણી વડે શબ્દ બોલાય છે હાથવડે વસ્તુ ગ્રહણ કરાય છે, પગવડે (પથ) ચલાય છે, અને ઉપસ્થવડે પ્રજોત્પત્તિ થાય છે તેમજ કાન, ત્વચા ચક્ષુ, જીભ, અને નાક એ જ્ઞાનેન્દ્રિય કહેવાય છે જેમકે કાનથી શબ્દ સંભળાય છે ત્વચાથી–સ્પર્શ જણાય છે, આંખથી રૂપ જોવાય છે જીભથી રસ ચખાય છે, અને નાકથી ગંધ સુંઘાય છે એ દશે ઇન્દ્રિઓને નિયમમાં રાખી અર્થાત્ વિવેક વડે વિચારી કોઇને તથા પોતાને કોઇપણ પ્રકારની હાનિ થાય એ રીતે તેમનો ઉપયોગ કરવો નહી તેને ઇન્દ્રિય નિગ્રહ કહે છે એ ઇન્દ્રિયો એટલી બધી બળવાન્ છે કે પોતપોતાના વિષય પ્રત્યે મનને ખેંચી જાય છે તે જો નિયમમાં રાખવાની ટેવ ન પાડી હોય તો મનને એટલું તો વિષયમાં આશક્ત કરે છે કે તે સારાસારનો વિવેક જાણવાનું ભાન ભૂલી જઈ મનુષ્યને મહા હાનિરૂપ ખાડામાં ઉતારી દે છે

વળી શુક્રનિતિના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે —

नपीडयेदिन्द्रियाणि नचैतान्यतिलालयेत् ।
इन्द्रियाणिप्रमाथीनिहरन्तिप्रसभंमन ॥ ३६

ઇન્દ્રિઓ બળવાન હોવાથી બળાત્કારે કરીને મનને વિષયોમાં ખેંચી જાય છે, માટે તેમને અતિ પિડવી નહિ અને બહેકાવવી પણ નહિ

पञ्चोगज पतङ्गश्च भृंगोमीनस्तुपञ्चम ।
[illegible]स्पर्शरूपगंधरसैरेतेहता. [illegible] ॥ ३७

કેમકે હરિણુ, હસ્તિ, પતગ, ભ્રમર, તથા પાંચમુ મત્સ, એ ક્રમે કરીને, શબ્દના નાદે કરીને હરિણુ નાશ પામે છે સ્પર્શ એટલે વિષયની આશક્તિથી હસ્તિ નાશ પામે છે રૂપના પ્રકાશે કરી પતગીઓ દીપમ ઝપલાવી પોતાના શરીરનો નાશ કરે છે, ગધ થકી ભ્રમર કમળની સુગધીમા આશક્ત થઇ વાસ લેતા શરીરનો નાશ કરે છે રસના સ્વાદ થકી (મીન) મત્સ પોતાના શરીરનો નાશ કરે છે માટે સર્વ સ્ત્રી પુરૂષોએ ઇન્દ્રિઓને નિયમમા રાખવી યોગ્ય છે દાન આપવુ એ ધર્મનુ છઠ્ઠુ સ્વાભાવિક સાધન છે પોતા પ્રત્યે સવને એ પ્રિય છે કાઇપણુ પ્રતિ ઉપકારની ઇચ્છા રાખ્યા વિના કોઇપણુ પ્રાણીને હરકોઈ પ્રકારની જરૂરીયાતની વસ્તુ પોતાથી બની શકે તે રીતે ન્યાયથી મેળવી આપવી તેને દાન કહેવાય છે ભગવદ્ગીતાના ૧૭મા અધ્યાયમા શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યુ છે કે–

दातव्यमितियद्दान दीयतेऽनूपकारिणे ।
देशेकालेचपात्रेच तद्दानंसात्विकंस्मृतम ॥ ३८

જેની પાસેથી પ્રતિ ઉપકાર મેળવવાની ઇચ્છા નથી એવા યોગ્યને દેશકાળ જોઇ દેવા લાયક જે દાન, તે સાત્વિક દાન કહેવાય છે વળી વિષ્ણુશર્માએ કહેલ છે કે —

मरुस्थल्यायथावृष्टि' क्षुधार्तेभोजनतथा ।
दारिद्रेदीयतेदान सफलंपाण्डुनन्दन ॥ ३९

જેમ મારવાડમા વૃષ્ટિ થવી, ભુખ્યાને ભોજન આપવુ, એ સફળ છે તેમ દરિદ્રિને દાન આપવુ એ સફળ છે તેમજ ચાણાક્યનિતિમા કહ્યુ છે કે —

वृथावृष्टीसमुद्रेषु वृथातृप्तेषुभोजनम ।
वृथादानधनाढ्येषु वृथादिपोदिवापिच ॥ ४०

સમુદ્રમા વૃષ્ટિ થવી તૃપ્તને ભોજન આપવુ તથા દિવસે દિવો કરવો એ સર્વ વૃથા જાણુવા

जले तैल खले गुह्य पात्रेदानं मनागपि ।
प्राज्ञे शास्त्रस्वयंयाति विस्तार वस्तुशक्तित ॥ ४१

જેમ જળમા નાખેલુ તેલ દુર્જન માણુસને કહેલી ગુહ્ય વાર્તા, પાત્રને આપેલુ દાન, તથા બુદ્ધિમાન મનુષ્યને શિખવેલુ શાસ્ત્ર, થોડુ હોય તો પણ વસ્તુ શક્તિવડે પોતાની મેળે વિસ્તારને પામે છે.

પરંતુ આ સંસારમાં સર્વ વસ્તુની ગરજ પડે છે; તથાપિ જેના વિના ચાલેજ નહિ, એવી ગરજ, અન્ન, જળ, વસ્ત્ર, અને ઓષધી, સ્થાન તથા વિદ્યાકળાની હોય છે (ભૂખ્યા મનુષ્ય માટે અન્ન, તર્સ્યાને માટે જળ, ઉઘાડાને માટે વસ્ત્ર, રોગીને માટે ઔષધ, થાકેલાને સ્થાન, તથા બાળકને વિદ્યા આપવારૂપી દાન સર્વથી શ્રેષ્ઠ છે અન્નથી શરીરનું પોષણ થાય છે, અન્ન વિના શરીર ચાલી શકતુ હતુ મનુષ્યનુ જીવિત સાધન અન્ન શિવાય બીજુ કાંઈ નથી, અને અત્યન્ત જરૂરજ છે માટે અન્નદાન સર્વ કરતા શ્રેષ્ઠ કહ્યું છે શ્રી મહાભારતના અનુશાસન પર્વના ૬૭મા અધ્યાયમા કહ્યુ છે કે—

अन्नाद्बलतेजश्च प्राणिनांवर्धतेसदा ।
अन्नदानमतस्तस्माच्छ्रेष्ठमाहप्रजापति ॥ ४२

અન્ન થકી પ્રાણીઓનુ બળ તથા તેજ સદા વધે છે તેથી પ્રજાપતિએ અન્નદાન શ્રેષ્ઠ કહેલુ છે માટે શક્તિમાન જનોએ ભુખ્યાને અન્ન મળે એ રીતના સદાવ્રતો સ્થાપવા યોગ્ય છે, તેમજ જળવગર પણ જીવી શકાતુ નથી તેથી તે વસ્તુની પણ અત્યન્ત જરૂર હોવાથી જળનુ દાન પણ શ્રેષ્ટ કહ્યું છે-

શ્રીમહાભારતના અનુશાસન પર્વમા કહ્યુ છે કે-

पानीयपरमदान दानानामनुरब्रवित् ।
तस्मात्कूपाश्चवापीश्चतडागानिचखातयेत् ॥ ४३

મનુએ સર્વ પ્રકારના દાનમા જળનુ દાન શ્રેટ કહ્યુ છે, માટે કુવા, પગથીઆવાળી વાવ તથા તળાવો ખોદાવવા.'

જ્યા નિરજળ સ્થાન હોય ત્યા પાણીની પરબ મડાવવી, વળી જેમ ક્ષુધા તૃષાથકી શરીરને બચાવવા માટે અન્ન તથા જળની જરૂર છે, તેમ શિતોષ્ણતાથી શરીરનુ રક્ષણ કરવા માટે તેને વસ્ત્રવડે ઢાકવાની જરૂર છે ભૂખ્યા તર્સ્યા મનુષ્યથી હજી હરીફરી શકાય છે પણ ઉઘાડા શરીરવડે બીનકુલ ફરી શકાતુ નથી, તેમ કરતા તે પશુ જેવો ઠરે છે અને વસ્ત્ર વગર એટલી લજ્જા પ્રાપ્ત થાય છે કે મરણ કરતા તેને અધિક દુ ખ થાય છે, તેથી વસ્ત્રનુ દાન પણ શ્રેષ્ઠ કહેલુ છે માટે શકિતમાન મનુષ્યે વસ્ત્રનુ દાન આપવુ ઉચીત્ છે, ઔષધીની જરૂર પણ અત્યન્ત જણાય છે, કેમકે શરીર ઉત્પન્ન થતા નાના પ્રકારના રોગો ઉત્પન્ન થવાનો સભવ હોય, જે રોગ શરીરને પીડા કરે છે અને વધી જતા શરીરનો નાશ પણ કરે છે, માટે જેને રોગ થયો હોય તેને પીડા;

થવા ઉપરાંત પ્રાણનો વિયોગ થવાનો ભય રહે છે, જેથી તે જેમ બને તેમ રોગથી મુક્ત થવાને ઇચ્છે છે, તેવા સમયમા તેને ઔષધાદિકના ઉપચારોથી રોગને મુક્ત કરવો એ તેને મૃત્યુથી અભય આપ્યા સમાન છે, એ ભય દાન અતિ શ્રેષ્ઠ કહેલ છે

नगोप्रदानंनमहीप्रदान नचान्नदानंहितथाप्रधानम् । ४४
यथावदतीहबुधा' प्रधान सर्वप्रदानेष्वभयप्रदानम् ॥विष्णुशर्मा॥

ગૌદાન ભૂમિદાન, અન્નદાન પણ મુખ્ય ગણતા નથી અભયદાન સર્વ દાન કરતા શ્રેષ્ઠ છે એ પ્રમાણે વિદ્વાન પુરૂષોનુ માનવુ છે માટે ઔષધદાન પણ શ્રેષ્ઠ છે માટે સમર્થ જનોએ જેમાથી ઔષધ મળે એવી ધર્માદા ઔષધાલય સ્થાપવી યોગ્ય છે, વળી થાકેલાને આરામ લેવાને માટે સ્થાનનિ કેટલી જરૂર હોય છે કેમકે એ યાત્રાળુ મનુષ્યોના અનુભવમા આવે છે કારણ કે માર્ગમા ચાલવાથી અતિ થાક લાગે છે અને કાયર થઈ જાય છે માટે વિશ્રાંતિ લેવાને ધર્મશાળાની ખાસ જરૂર છે તેવા સમયમા તેમને ઉતરવા માટે સ્થાન બધાવવુ એ ઘણુજ ઉત્તમ છે વળી, મહા નિર્વાણમા કહ્યુ છે કે

जलाशयाश्चवृक्षाश्च विश्रामगृहमेध्वनि ।
सेतु प्रतिष्ठितोयेन तेनसर्ववशीकृतम ॥ ४५

જે મનુષ્ય વાવ કુવાઆદિ જલાશયો બધાવે, માર્ગમા વૃક્ષો રોપાવે અને ધર્મશાળા તથા પાજ બધાવે તેણે સર્વ વશ્ય કર્યુ જાણવુ

વળી બાળકને વિદ્યા શિખવવાની ઘણીજ અગત્યની છે, કેમકે તેને ભવિષ્યમા પોતાનો નિર્વાહ ચલાવી અને સુખી થવાનો આધાર વિદ્યા ઉપર છે વિદ્યા કળા શીખેલો મનુષ્ય સર્વ પ્રાણીમાત્રોમા વિનયવાન અને ઉપયોગી થઇ પડે છે વિષ્ણુશર્માએ કહ્યુ છે કે—

विद्याददातिविनय विनयाद्यातिपात्रताम् ।
पात्रत्वाद्धनमाप्नोति धनाधर्मंतत' सुखम् ॥ ४६

મનુષ્યને વિદ્યા વિનય આપે છે અને વિનયથી વ્યવહારમા માત્ર અર્થાત્ લોકમા વિશ્વાસ યોગ્ય થાય છે જેથી ધન મેળવી શકે છે અને ધન પ્રાપ્ત થવાથી પરોપકાર થઇ શકે છે તેથી અત કરણ સુખી થાય છે

अन्नदानात्परदानं विद्यादानमत परम् ।
अन्नेनक्षणिकातृप्तिर्यावज्जीवन्तुविद्यया ॥ ४७

સર્વ દાન કરતા અન્નદાન શ્રેષ્ઠ છે એ થકી વિદ્યાદાન અધિક છે, અન્નદાનથી ક્ષણિક તૃપ્તિ થાય છે પરતુ વિદ્યાદાનથી જીવિતપર્યન્ત તૃપ્ત થાય છે. વળી વિદ્યારૂપી ધન એવુ છે કે—

नचोरहार्यंनचराजहार्यं नचभ्रातृभाज्यंनचभारकारि ।
व्ययेकृतेवर्धतएवनित्य विद्याधनंसर्वधनप्रधानम् ॥ ४८ ॥

વિદ્યા ચોરથી હરિ જવાતી નથી રાજાથી હરણ થતી નથી. ભ્રાતૃથી વિભજ્ય થતી નથી તેમજ મનુષ્યને ભાર રૂપ પણ નથી અને વ્યય કરવાથી વધે છે માટે સર્વ ધન કરતા વિદ્યારૂપિ ધન શ્રેષ્ટ છે

પ્રાણી માત્ર ઉપર દયા રાખવી એ ધર્મનુ સ્વભાવિક સાતમુ સાધન છે કેમકે પોતા પ્રત્યે સર્વ કોઇ બીજાની દયાનેજ ઇચ્છે છે દયા રાખનારને સર્વ વશ્ય થાય છે, ઘણુ કરીને તેનો કોઇ પણ શત્રુ થતો નથી જેથી તેને બીજા થકી ભય થવાનો સભવ ઓછો રહે છે શ્રીમહાભારતના અનુશાસન પર્વમા ૧૧૬ અધ્યાયમા કહ્યુ છે કે

अभयंसर्वभूतेभ्यो योददातिदयापर ।
अभयंतस्यभूतानि ददतीत्यनुशुश्रुम ॥ ४९ ॥

જે દયાળુ મનુષ્ય સર્વ પ્રાણિ માત્રોને અભય આપે છે, તેને પ્રાણિ માત્રો પણ અભયનેજ આપે છે

માટે હમેશા બધા મનુષ્યોએ પ્રાણિમાત્ર ઉપર અત કરણ પૂર્વક દયા રાખવી અને તેમનુ પોતાથી બની શકે તે રીતે ન્યાયથી હરકોઇ પ્રકારે ભલુ કરવુ. પરતુ કોઇનુ બુરુ કરવુ નહી મનને નિયમમા રાખવુ એ ધર્મનુ આઠમુ સ્વભાવિક સાધન છે, કેમકે કોઇને પણ પોતા પ્રત્યે બીજાનુ કઠોર મન રૂચતુ નથી ઇન્દ્રિઓ વડે વિષયો પ્રત્યે ખેચાતા મનને રોકવુ, તથા વિવેકે કરી તેને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય એ છ દુર્ગુણોથી દૂર રાખવુ, તેને મનનુ દમન કહે છે જેનુ મન શાન્ત હોય છે તેના પ્રત્યે ઘણુ કરી સર્વનિ પ્રીતિ ઉત્પન્ન થાય છે તેમ તેનો દ્રોહ પણ કરતો નથી માટે સર્વ મનુષ્યોએ પોતાથી કોઇને પણ હાનિ થાય એવી રીતે મનનો પણ ઉપયોગ કરવો નહી, ક્ષમા રાખવી એ ધર્મનુ નવમુ સ્વભાવિક સાધન છે કેમકે સૌ પ્રાણિ માત્રો પોતા પ્રત્યે બીજાની ક્ષમાનેજ ઇચ્છે છે, ક્ષમા રાખનાર સર્વને પ્રિય થાય છે પરતુ અપરાધ કરનાર પોતે પશ્ચાતાપને પામે છે

नरस्याभरणंरूप रूपस्याभरणंगुण ।
गुणस्याभरणज्ञान ज्ञानस्याभरणक्षमा ॥ ५० ॥

નરનુ ભુષણ રૂપ, રૂપનુ ભુષણ ગુણ, ગુણનુ ભુષણ જ્ઞાન, અને જ્ઞાનનું ભુષણ ક્ષમા છે. વળી શ્રીમહાભારતના ઉદ્યોગ પર્વમા કહ્યુ છે કે.

क्षमाबलमशक्तानां शक्तानांभूषणंक्षमा ।
क्षमावशीकृतिर्लोके क्षमयाकिंनसिध्यति ॥ ५१ ॥

જગતમા ક્ષમા અશક્તીનુ બળ છે, શક્તિમાનનુ ભુષણ વશી કરણ છે માટે ક્ષમાવડે શુ સિદ્ધ થઇ શકતુ નથી?

સર્વ મનુષ્યોએ વિવેકે કરી ક્ષમાને ધારણ કરવી યોગ્ય છે, સૃષ્ટિમાં એવો નિયમ છે કે હરકોઇ કાર્ય થાય તેનુ પ્રતિ કાર્ય થવુ જોઇએ જેમકે બિબનુ પ્રતિબિંબ, આઘાતનો પ્રત્યાઘાત, ધ્વનિનો પ્રતિધ્વનિ થાય છે એજ રીતે આચરણનુ પ્રત્યાચરણ થાય છે આપણે કોઇ મનુષ્ય ઉપર ક્રોધ કરીએ તો તે આપના ઉપર ક્રોધ કરે છે ટુકામા જેવુ આપણે જેના પ્રત્યે જેવુ આચરણ કરીએ તેવુ આપણા પ્રત્યે તે આચરણ કરે છે અજ્ઞાન બાળક તથા પશુ પણ પ્રેમ દૃષ્ટિએથી આપણે તેમના તરફ જોઇએ તો તે આપણે પ્રેમ દૃષ્ટિએ જુવે છે અને ક્રોધ કરીએ તો ક્રોધ કરે છે જેમ બાળક હસિને પ્રેમ, અને રડીને ક્રોધ દેખાડે છે તેમજ પશુ પણ પુછ હલાવી પાસે આવી ચાટીને મસ્તક નમાવી પ્રેમ તથા સામે ઘુરકીને ક્રોધ દેખાડે છે, માટે વિવેકથી મન તથા વાણી અને કર્મે કરીને સૌ પ્રત્યે રૂડિ રિતે આચરણ કરવુ, જેથી કોઇને તેમ પોતાને પણ કોઇપણ પ્રકારની હાનિ ન થતા ઉલટો લાભ થાય છે કોઇનુ પણ કોઇ પ્રકારના અન્યાએ કરી અહિત કરવુ એ પાપ, અને ન્યાયથી હિત કરવુ પુણ્ય કહેવાય છે ધર્મના અહિંસાદિ દશ સાધન આચરવાથી પ્રાણિ માત્રનુ હિત સચવાય છે, શુક્રનિતિના ત્રીજા અધ્યાયમા કહ્યુ છે કે—

हिंसास्तेयान्यथाकामा पैशून्यपरूषानृते ।
सभिन्नालापव्यापाद मभिध्यादृग्विपर्ययम् ॥
पापकर्मेयिदशधाकायवाङ्मनसैस्त्यजेत् ॥ ५२ ॥

હિંસા, ચોરી, અગમ્યાગમન, એ ત્રણ કાયિક, ચાડી, કઠોર ભાષણ, અસત્યા ચરણ તથા અયોગ્યા ચરણ કરવુ એ ચાર વાચિક અને પારકા દ્રોહનુ ચિંતન, અને પર ધનની ઇચ્છા, તથા ઇશ્વરમા અનાસ્થા એ ત્રણ માનસીક મળીને દશ પ્રકારના પાપ મન, વાણિ તથા શરીર વડે સર્વથા ત્યાગ કરવો માટે સર્વ સ્ત્રી પુરૂષોએ હિંસાદિ અધર્મનો ત્યાગ કરી અહિંસાદિ ધર્મનુ પાલન કરવુ, આવિ રિતનુ વર્તન કરતા અનાદર થાયતો પોતા ઉપર પોતાની દૃષ્ટિએ જોવુ જેથી અનાદર મટિ ધર્મમા પ્રીતિ થાય છે વળી શ્રી મહાભારતના અનુશાસન પર્વના ૧૧૩મા અધ્યાયમા કહ્યુ છે કે,

प्रत्याख्यानेचदानेच सुखदु खेप्रियाप्रिये ।
आत्मौपम्येनपुरुष प्रमाणमधिगच्छति ॥ ५३ ।

બીજાને તિરસ્કાર કરવામા દાન આપવામા સુખદુ ખ દેવામા તથા પ્રિય અપ્રિય કરવામા કેવુ લાગે છે તેનુ પ્રમાણ પોતાના ઉપર અતર દૃષ્ટિએ જોવાથી ભાન થાય છે

એ અહિંસાધર્મના સ્વભાવિક બાળકથી કે વૃદ્ધ પર્યન્ત સર્વ સ્ત્રી પુરૂષોને આચરવામા સાધારણ હોવાથી સામાન્ય ધર્મ કહેવાય છે તે ઉપરાત સ્ત્રી તથા પુરૂષ જાતિએ પોતાના હરકોઈ પ્રકારના સબંધમા આવનાર સાથે કેવી રીતે વર્તન કરવુ એ સબંધી જે વિવેક તેને વિશેષ ધર્મ કહે છે પ્રથમ લગ્ન કર્યા પછી સ્ત્રી પુરૂષે પરસ્પર પ્રીતિથી રહેવુ એ વિશે માનવ ધર્મ શાસ્ત્રના નવમા અધ્યાયમા કહ્યુ છે કે

अन्योन्यस्याव्यभीचारो भवेदामरणांतिक ।
एषधर्मसमासेन ज्ञेय स्त्रीपुसयोनर ॥ ५४ ॥

અન્તાવસ્થા પર્યન્ત સ્ત્રી પુરૂષનો પરસ્પર સબધ પ્રીતિ પુર્વક કાયમ રહે, એ તેમનો પરમ ધર્મ જાણવો

तथानित्ययतेयाता स्त्रीपुसौतुकृताक्रियौ ।
यथानाभिचरेतातौ वियुक्तावितरेतरम ॥ ५५ ॥

માટે લગ્ન થયેલા સ્ત્રી પુરૂષે એક બીજાથી જુદા પડતા પણ પરસ્પર અપ્રીતિ ન થાય એવા યત્નો હમેશા આચરવા

प्रजनार्थस्त्रीय श्रृष्टा सतानार्थचमानवा ।
तस्मात्साधारणोधर्म श्रुतोपत्न्यासहोदित ॥ ५६ ॥

ગર્ભધારણ કરવા પ્રત્યે સ્ત્રીઓને તથા ગર્ભાધાન કરવા પ્રત્યે પુરૂષોને ઉત્પન્ન કર્યા છે, માટે વેદમા સાધારણ ધર્મ કાર્યો પણ પતિએ પત્નિ સહિત કરવા ઉત્તમ છે

सतुष्ठोभार्ययाभर्ता भत्राभार्यातथैवच ।
यस्मिन्नेवकुलेनित्य कल्याणतत्रवैध्रुवम ॥ ५७ ॥

જે કુળમા સ્ત્રીથી પુરૂષ અને પુરૂષથી સ્ત્રી સતુષ્ઠ રહે છે, અર્થાત્ બન્નેને પરસ્પર પ્રીતિ રહે છે, તે કુળનુ સદા કલ્યાણજ થાય છે

समकधर्मार्थकार्येषु दपतीभ्यामहर्निशम् ।
एकचित्ततयाभाव्य समानव्रतवृत्तित ॥ ५८ ॥

ઉત્તમ રીતે ધર્મ અર્થ તથા કામ સપાદન કરવામા સ્ત્રી પુરૂષે પરસ્પર નિરતર સમાન વ્રતથી એક ચિત્તે વર્તન કરવુ યોગ્ય છે

સ્ત્રીઓએ સદા પોતાના સત્ય સબંધી પુરૂષોના રક્ષણમાં રહેવું, કદાચિત્ સ્વતંત્રપણે રહેવુ નહી કારણકે તેમનામા પુરૂષ જાતિ કરતા સ્વભાવથીજ તન તથા મનનુ બળ ઓછુ હોય છે, તેથી તે જો સ્વતંત્ર પણે રહે તો કપટી પુરૂષો તેમને લોભાવી પોતાના ફંદામા ફસાવી દે, જેથી તેમના શિયળવ્રતનો ભંગ થાય છે ને તેઓ મોટા અપરાધને પામી સંસારમા તેમની પ્રતિષ્ટા રહી શકતી નથી માનવ શાસ્ત્રના પાચમા અધ્યાયમા કહ્યુ છે

बालयावायुवत्यया वावृद्धयावापियोषिता ।
नास्वतन्त्रेणकर्तव्य किंचित्कार्यगृहेष्वपि ॥ ५९ ॥

બાળક યુવાન વા વૃદ્ધ સ્ત્રીએ પણ ગૃહકાર્ય વિષે ભર્તાદિ વડીલોને પુછ્યા વગર કાઇપણ સ્વતંત્ર પણે કાર્ય કરવુ નહી

એ રીતે પોતાના સત્મબંધીઓના સ્વાધિનમા રહી સ્ત્રીઓએ નિત્ય ગૃહ સબંધી સર્વ કાર્ય કરવામા તત્પર રહેવુ આળશ્યનો ત્યાગ કરવો, આળશથી કાર્યમા ખામી આવે છે, અને સર્વને અપ્રિય થવાય છે, શરીર જડ થઇ જાય છે ખાધેલુ પાચન થઇ શકતુ નથી, જેથી બળ હીન થઈ રોગ થવાનો સંભવ રહે છે આળશનો ત્યાગ કરવાથી સર્વને પ્રિય થવાય છે અને શરીરમા સ્ફુર્તિ આવે છે ખાધેલુ અન્ન પાચન થઈ શકે છે, અને બળની વૃદ્ધિ રોગ થવાનો સંભવ ઓછો રહે છે વૈદક શાસ્ત્રના ભાવ પ્રકાશ ગ્રંથના પૂર્વ ખંડના પ્રથમ ભાગમા કહ્યુ છે કે-**व्यायामदृढगात्राणा, व्याधिर्नैवोपजायते ॥** મહેનતથી દૃઢ કરેલા શરીરવાળાને ઘણુ કરીને રોગ ઉત્પન્ન થતો નથી સ્વભાવથીજ પુરૂષ શરીર કરતા સ્ત્રી શરીર દુબળી શક્તિવાળુ છે, પુરૂષામા જેટલુ તન તથા મનનુ બળ હોય છે તેટલુ સ્ત્રીમા હોતુ નથી, માટે અનાદિકાળથી એવી સમજૂત થયેલી જણાય છે પોતાના તથા કુટુબના ભરણ પોષણા અર્થે સ્ત્રીએ ઘરનુ તથા પુરૂષે બહારનુ કાર્ય કરવુ સ્ત્રીઓએ શુ શુ કર્તવ્ય કરવુ તે વિષે, ઋગ્વેદના અષ્ટકના અધ્યાય ત્રીજામા સ્ત્રીને આજ્ઞા કરેલી છે,

साम्राज्ञीश्वशुरेभव साम्राज्ञीश्वश्र्वामव ।
ननांदरिसाम्राज्ञीभवसाम्राज्ञीअधिदेवृषु ॥ ६० ॥

સાસુ, સસરા, નણંદ, તથા દિયરાદિ વિષે ઘટતા આચરણથી તેમને વશ કરનારી થા તેમજ શુક્ર નીતિના ચોથા અધ્યાયમા કહ્યું છે કે,

पत्युपूर्वसमुत्थाय देहशुद्धिविधायच ।
उत्थाप्यशयनीयानी कृत्वावेश्मविशोधनम् ॥ ६१ ॥

સ્ત્રીએ હમેશા પતિના પહેલા ઉઠી દતધાવન કરી મુખ શુદ્ધિ કરી, પથારી ઉપાડી ઘરને વાળી ઝાડી શાફ કરીને ચોખ્ખુ રાખવુ.

महानसस्थपात्राणि बहि प्रक्षाल्यसर्वशः ॥
मृद्भिस्तुसोधयेचुल्लि तत्राग्निसेन्धनन्न्यसेत् ॥ ६२ ॥

પછી રસોડા માહેના નાના મોટા પાત્રોને બહાર તેમજ અદર શાફ કરી છાણુ તથા મૃતિકા વડે ચુનાને લિપિ સાફ કરી પછી માહે કાષ્ટ મુકી અગ્નિનુ સ્થાપન કરવુ

स्मृत्वानियोगपात्राणि रसान्नद्रविणानिच ।
कृतपूर्वाह्णकार्येय श्वशुरावभिवादयेत् ॥ ६३ ॥

ત્યારબાદ ઘરના, બહારના વાસણો માજવા, તથા ઘી, તેલ, અને રશ વિગેરે ધાન્ય તથા નિત્ય ખર્ચ માટે પૈસા તપાસવા, એ પ્રાત કાળના કાર્યમાથી પરવારી સ્નાન આદિકથી શુદ્ધ થઇ સાસુ સસરાને પગે લાગવુ

ताभ्यामर्तापितृभ्यांवा भ्रातृमातुलबांधवै ।
वस्त्रालकाररत्नानि प्रदत्तान्येवधारयेत् ॥ ६४ ॥

પછી તેમણે પોતાના સ્વામિ, માતાપિતાએ, અને ભાઈ મામા આદિ સબધીઓએ આપેલા વસ્ત્રો તથા અલકાર ધારણ કરવા અને મનને પ્રસન્ન રાખવુ

मनोवाक्कर्मभि शुद्धा पतिदेशानुवर्तिनी ।
छायेवानुगतास्वच्छा सखेवहितकर्मसु ।
दासिवहितकार्येषु भार्याभर्तु सदाभवेत् ॥ ६५ ॥

અને સવદા મન, વાણિ તથા કર્મે કરી શુદ્ધ, પતિની આજ્ઞાનુ પાલન કરી તેની છાયા માફક અનુસરનારી, સ્વચ્છ, તેના હિતકાર્યમા મિત્રસમાન તથા તેની આજ્ઞાનુ પાલન કરવામા દાસી સમાન રહેવુ

ततोन्नसाधनंकृत्वा पतयेविनिवेद्यसा ।
वैश्वदेवोद्धृतैरन्नै भोजनीयांश्चभोजयेत् ॥ ६६ ॥

ઘરમા રસોઈ આદિ કરીને પતિનિ આજ્ઞાનુ પાલન કરી વૈશ્વદેવાદિક કરવા, પછી શેષ રહેલા અન્નમા પ્રથમ વડીલ સસરા તથા પતિ આદિ નાના મોટા બાળક વિગેરે સર્વને ભોજન કરાવી પછી પોતે ભોજન કરવું.

पुन' सायंपुन' प्रात गृहिशुद्धिंविधायच ।
कृतान्नसाधमासाधिन सभृत्यभोजयेत्पतिं ॥ ६७ ॥

આ રીતે સાયપ્રાત ઉભય કાળમા ગૃહનુ કાર્ય કરી રસોઇ આદિ કરી સત્કાર સહિત પતિને ભોજન આપવુ

नातितृप्त्वास्वय भुक्त्वा गृहनीतिंविधायच ।
अनास्तृत्यसाधुशयन तत परिचरेत्पतिं ॥ ६८ ॥

અને રાત્રિએ પોતાની રૂચી પ્રમાણે ભોજન કરી પોતાનુ બાકી રહેલુ ગૃહનુ કાર્ય સમાપ્ત કરી પછી સારી શય્યા પાથરવી, અને પતિની શેવામા તત્પર રહેવુ

सुप्तेपत्योतदभ्यास्य स्वयतद्गतमानसा ।
अनग्नाचाप्रमत्ताच निष्कामाचजितेन्द्रिया ॥ ६९ ॥

પતિ નિદ્રા વશ થાય ત્યારે પતિનુ રટણ કરતા નિષ્કામ વૃતિ રાખી જીતેન્દ્રિય થઇ સાવધાન થઇ વસ્ત્ર સહિત શયન કરવુ

नोच्चैर्वदेन्नपरुष नवन्हाहुतिमप्रियम ।
नकेनचिच्चविवदद्प्रलापविवादिनी ।
नचास्वव्ययशीलाश्याज्ञनमार्थविरोधिनी ॥ ७० ॥

સ્ત્રીએ કદાપિ કોઇ સામે ઉચ્ચે સ્વરે, કઠોર, અપ્રિય તથા બહુ જેમા બિભત્સ શબ્દ હોય એવા વાક્યનો ત્યાગ કરવો કોઇ સાથે વાદ કરવો નહી, કદાચ વાદ કરવાની જરૂર પડે તો અનર્થ રૂપ વચન બોલવુ નહી પતિને ઘણુ ખર્ચ કરાવવામા, અધર્મનુ પાનન કરવામાં કદાપિ સહાય ભુત થવુ નહિ તેમજ ધમ તથા અર્થના સપાદનમા કદાચિત્ વિરોધ કરવો નહી

प्रमादोन्मादरोषेर्ष्या वचनान्यतिनिन्दिताम ।
पैशून्यहिंसाविषया मोहाहंकारदर्पताम ।
नास्तिक्यसाहसस्तेय दंभान्साध्वीविवर्जयेत ॥ ७१ ॥

અને ગાફલતા, અવિવેક, ક્રોધ, તથા અદેખાઇના વચન અતિ નિંદિત ચાડી, હિંસા, વિષયોમા મોહ, અહકાર અને આત્મ શ્લાઘા, પોતાની બડાઇ) ઇશ્વર પ્રત્યે અનાસ્તા, સાહસ, ચોરી અને દભતા એટલી વસ્તુનો સ્ત્રીએ સર્વથા ત્યાગ કરવો.

कृषिपण्यादिपुरुषकृत्ये भवेयुस्ताप्रसाधिकाः ।
संगीतैमधुरालापै स्त्रायतस्तुपतिर्यथा ॥ ७२ ॥

વળી સ્ત્રીઓએ ખેતિ તથા વ્યાપારાદિ પુરૂષના કૃત્યમા સહાયકારી થવુ, સતોષકારી અને પ્રિય વચનથી પોતાના સ્વામી જેમ પ્રસન્ન થાય તેવુ આચરણ કરવુ

मडनेवजर्येन्नित्य तथाप्रोषितभर्तृका ।
धारयेन्मगलार्थानि किंचिदाभरणानिच ।
देवताराधनातिष्ठेद्भर्तृहितेरतसदा ॥ ७३ ॥

જે સ્ત્રીનો પત પરદેશનો ગયો હોય તે સ્ત્રીએ વિશેષ ઘરેણા ધારણ કરવા નહિ પરતુ સાભાગ્યના ચિન્હ ધારણ કરનાર અલકાર ધારણ કરવા, અને ધણીના હિતમા પ્રીતિ રાખી દેવતા રા ધનમા તત્પર રહેવુ

नास्तिभर्तृसमोनाथो नास्तिभर्तृसमसुखम ।
विसृज्यधनसर्वस्वं भर्तावैशरणस्त्रिय ॥ ७४ ॥

સ્ત્રીને પોતાને પતિ સિવાય પાલન કરનાર તથા સુખને આપનાર ધન આપનાર તથા સર્વ વસ્તુનો આશ્રય આપનાર પોતાનો પતિજ છે

માનવ ધર્મ શાસ્ત્રના પાચમા અધ્યાયમા કહ્યુ છે કે—

पित्राभर्त्रासुतैर्यापि नेच्छेद्विरहमात्मन ।
एषाहिविरहेणस्त्री गर्ह्यकुर्यादुभेकुले ॥ ७५ ॥

સ્ત્રીઓએ માતા, પિતા, પતિ અથવા પુત્રોથી કદાપિ છેટે રહેવાની ઇચ્છા કરવી નહી, કેમકે એમના વિયોગથી એકલા હોવાને લિધે સારી સ્ત્રીપણુ પોતાના પિતા તથા પતિના કુળને નિદાવે છે

विधायप्रोषितेवृत्ति जीवेन्नियमदास्थिता ।
प्रोषितेत्वविधायेव जीवेच्छिल्पैरगर्हितै ॥ ७६ ॥

અગર પોતાનો પતિ ભરણ પોષણ આજીવિકાનો બદોબસ્ત કરી, પતિ કદાચ પરદેશ જાય તો ત્યારે શરીરનાશૃગારાદિ છોડી નિયમમા રહેવુ કદાચ આપત્તિકાળને લઇને પોતાની પતિની આજીવિકાનુ સાધન વગર કદાચ જવુ પડે તો જેથી નિદાન થાય એવી કારીગિરીનો ધધો કરી પોતાનો નિર્વાહ કરવો વળી યાજ્ઞવલ્કય સ્મૃતિના પહેલા અધ્યાયમા કહ્યુ છે કે.

क्रीडांशरीरसंस्कार समाजोत्सवदर्शनम् ।
हास्यंपरगृहेयान त्यजत्प्रोषितभर्तृका ॥ ७७ ॥

જે સ્ત્રીનો પતિ પરદેશ ગયો હોય તેણે રમત ગમત, શરીર શૃગાર, ઘણા મનુષ્યોના મેળાવડાની ધામધુમ જોવી, અતિહાસ્ય તથા પારકે ઘેર જવુ, એટલા વાના હમેશને માટે ત્યાગ કરવા

सुखभावासुवचना सुवृत्तासुखदर्शना ।
अनन्यचित्तासुमुखि भर्तृ साधर्मचारिणी ॥ ७८ ॥

જે સ્ત્રી પોતાના પતિ પ્રત્યે સારા સ્વભાવવાળી, મધુર બોલનારી, સારા આચરણવાળી, સુખરૂપ, સારા દેખાવવાળી, શુદર, સ્વચ્છતાવાળી, પોતાના પતિમા ચિત્ રાખવાવાળી, તથા પ્રસન્ન ચિત્તવાળી હોય તે સ્ત્રી ધર્મ ચારણી જાણવી

એ રીતે સદા વર્તના તથા ગૃહ કાર્ય કરતા સ્ત્રીએ પોતાના સ્વામિને પ્રસન્ન રાખવો. કદિ શ્રીમતાઇ હોય અને ગૃહ કાર્ય ચાકરોથી થતા હોય તથાપિ પોતાનુ શરીર કશાતુ હોય તેવી રીતે સ્ત્રીએ કાર્યો યથાર્થ થાય છે કે નહી, તેની સભાળ રાખવી, પરતુ પોતાના પતિ સબધી જે કાર્યો હોય પોતેજ કરવુ પોતાના પતિ નારાજ થાય એવુ કદાપિ વર્તન કરવુ નહી કારણ કે પોતાના સુખનો આધાર પોતાનો પતિજ છે, જેથી તેણે પોતાના પતિના સુખ અને દુખમા ભાગીદાર થવુ સર્વ સબધમા પતિ પત્નિનો સબધ નિકટ છે તેથી ઉભયમા પરસ્પર પ્રેમની લાગણી જુદીજ હોય છે, અને પતિ જેટલો પત્નિના કલ્યાણમા તત્પર રહે છે, તેટનો બીજા કોઇ કાર્યોમા રહેતો નથી એવ પતિની સેવા કરવી, એ સ્ત્રીઓનો પરમ ધર્મ છે

શ્રીમહાભારતના અનુશાસન પર્વના ૧૪૬મા અધ્યાયમા કહ્યુ છે કે

परुषाण्यपिचोक्ताया दृष्टादुष्टेनचक्षुषा ।
सुप्रसन्नमुखीभर्तृ यानारीसापतिव्रता ॥ ७९ ॥

કદાચ પતિએ કઠોર વચન કહ્યા હોય અને ક્રોધ દૃષ્ટિએ જોયુ હોય તોપણ તેના પ્રત્યે ક્રોધનો ત્યાગ કરી પ્રસન્ન વદને રહે, તે પતિવ્રતા જાણવી

पतिर्हिदेवोनारीणां पतिर्बंधुपतिर्गति ।
पत्यासमागतिर्नास्ति दैवतवायथापति ॥ ८० ॥

સ્ત્રીઓએ પતિ દેવ સમાન જાણવો, પતિના સ્નેહથી ઉત્તમ ગતિ થાય છે, માટે પતિ સમાન દૈવત બીજુ કાંઈ પણ નથી.

नेक्षेत्पतिंक्रूरदृष्ट्वा श्रापयेन्नैवदुर्वच ।
नाप्रियमनसाचापि चरेत्पत्युपतिव्रता ॥ ८१ ॥

પતિવ્રતા સ્ત્રીએ પોતાના પતિને કદાપિ ક્રુર દૃષ્ટિએ જોવો નહી અને ખરાબ વચન સભળાવવા નહીં અને તન તથા મનથી પણ અપ્રિય કરવુ નહી વળી સારગધર નિતિ શાસ્ત્રમા કહ્યુ છે કે–

कार्येषुमन्त्रीवचनेषुदासी भोज्येषुमाताशयनेषुरंभा
धर्मानुकूलाक्षमयाधरित्री षाड्गुण्यमेतद्धिपतिव्रतानाम्॥८२॥

સ્ત્રીએ પોતાના પતિને કાર્ય કરવામા સલાહ આપનાર મત્રી (પ્રધાન) જેવી કાય કરવા દાની સમાન, ભાજન સમયે માતા સમાન પ્રેમ રાખનાર, શયનને વિષે પ્રીતિ ઉત્પન્ન કરનારી રભા સમાન થવુ એવા છ ગુણ યુક્ત પતિવ્રતા જાણવી

अभ्युत्थानमुपागतेगृहपतौ तद्भाषणेनम्रता ।
तत्पादार्पितदृष्टिरासनविधितस्योपचर्यास्वयम् ।
शुप्तेतत्रशयाततत्प्रथमतोजह्याच्छैयामिति ।
प्राच्यै पुत्रिनिवेदिन' कुलवधूसिद्धान्तधर्मागम ॥ ८३ ॥

વળી સ્ત્રીએ પતિ ઘરમા આવે તારે ઉભા થવુ તેની સાથે ભાષણ કરવામા નમ્રતા રાખવી તેના ચરણમા દૃષ્ટિ રાખી આસન આપવુ તેની સેવામા પોતે હાજર રહેવુ

અને તેના શયન કર્યાબાદ પોતે શયન કરવુ અને તેના ઉઠયા પહેલા ઉઠવુ હે પુત્રી પ્રાચિન પુરૂષોએ કુળવાન ધમનો શિદ્ધાત કહ્યો છે વળી ચાણાખ્ય નીતિમા કહ્યુ છે કે

नदानेश्शुध्यतेनारी नोपवासशतैरपि ।
नतीर्थसेवयातद्वद्भर्तु पादोदकैर्यथा ॥ ८४ ॥

સ્ત્રી કદાચ સો ઉપવાસ કરે, દાન આપે, તથા તીર્થોના સેવન કરવાથી શુદ્ધ થતી નથી, પરતુ પોતાના સ્વામિની સેવા અને તેના ચરણોદકનુ પાન કરવાથી શુદ્ધ થાય છે

गुरोरग्निर्द्विजातिना सर्वस्याभ्यागतोगुरु ।
पतिरेवगुरुस्त्रीणा वर्णानाब्राह्मणोगुरु ॥ ८५ ॥

દ્વિજાતિના બ્રાહ્મણનો ગુરૂ અગ્નિ, અને સર્વનો ગુરૂ અભ્યાગત અને સ્ત્રીનો ગુરૂ પતિ અને ચારે વર્ણનો ગુરૂ બ્રાહ્મણ છે

હવે જેને સ્ત્રી પ્રાપ્ત થઈ છે એવો પુરૂષ ગ્રહસ્થ કહેવાય છે તેણે ગ્રહાશ્રમમા કેવી રીતે વતન કરવુ મહા નિર્વાણ તત્રમા કહ્યુ છે કે

ग्रहस्थपालयेत्दारान् विद्याभ्यासयत्सुतान् ।
गोपयेत्स्वजनात् बधूनेषधर्मसनातन ॥ ८६ ॥

ગ્રહસ્થે સ્ત્રીઓની રક્ષા કરવી. બાળકોને વિદ્યાભ્યાસ કરાવવો અને સ્વજનની તથા બધુવર્ગોની રક્ષા કરવી, એ સનાતન ધર્મનુ લક્ષણ છે

ગ્રહસ્થે સર્વ પ્રકારે સ્ત્રીનુ અવસ્ય પાલન કરવુ કારણકે સસારમા સર્વ સુખનો આધાર સ્ત્રી છે નિર્વાહમા તથા ઉદ્યેગમા સહચારિણી થાય છે જેના ઘરમા કુળવાન સ્ત્રી છે તેને ગ્રહ કાર્યમા કોઇપણ જાતની ચોના રહેતી નથી જેમ પુરૂષ સ્ત્રીમા તેમ સ્ત્રી પુરૂષના સુખ દુ ખમા ભાગ લેનારી અર્ધાગના એટલે પુરૂષનુ અર્ધુ અગ કહેવાય છે શ્રીમહાભારતના અનુશાસન પર્વમા કહ્યુ છે કે

यावन्नविंदतेजाया तावदर्द्धोभवेत्पुमान् ।
नार्द्धप्रजायतेपूर्ण प्रजायतेत्यपिश्रुति ॥ ८७ ॥

જ્યાસુધી પુરૂષે સ્ત્રી સાથે લગ્ન કર્યું નથી ત્યાસુધી પુરૂષ અર્ધો કહેવાય છે કારણકે એખલા પુરૂષથી પ્રજા ઉત્પન્ન થતી નથી સ્ત્રી સાથે લગ્ન કરી પૂર્ણ થાય ત્યારે પ્રજોપતિ થાય છે માટે સવ રીતે સ્ત્રીઓનુ પાલન કરવુ, એ પુરૂષે પોતાના અર્ધા અગનુ પાલન કર્યો બરાબર છે સ્ત્રી ઘરની શોભા છે અને સ્ત્રી વિના ઘર શુન્ય ભાશે છે વળી મહાભારતના શાન્તીપર્વમા ૧૪૪મા અધ્યાયમા કહ્યુ છે કે

धर्मार्थमाकार्येषु भार्यापुससहायिनी ।
विदेशगमनेचास्य सैवविश्वासकारिका ॥ ८८ ॥

સ્ત્રી ધર્મ અથ તથા કામના સમયમા પુરૂષને સહાય કરનારી છે અને પરદેશ જવા સમય તેમને વિશ્વાશ કરવા યોગ્ય પણ તેજ છે

तथारोगाभिभूतस्य नित्यकृच्छ्रगतस्यच ।
नास्तिभार्यासमंकिंचिन्नरस्यार्तस्यभेषजम् ॥ ८९ ॥

તેમજ રોગથી વિંટાયલા તથા કષ્ટને પામેલા દુ ખી પુરૂષને નિરતર સ્ત્રી સમાન બીજુ કાઇ ઔષધ નથી અને પુરૂષને આ લોકમા સ્ત્રી સમાન સગુ નથી ગતિ તથા ધર્મ સગ્રહ કરવામા સહાય કરનાર કોઈ નથી

શ્રી મહાભારતના ઉદ્યોગ પર્વમા વિદુરે ધૃતરાષ્ટ્ર રાજાને કહ્યુ છે કે

पूजनीयामहाभागा पुण्याश्चगृहदीप्तय ।
स्त्रिय श्रियोगृहस्योक्ता स्तस्माद्रक्ष्याविशेषत: ॥ ९० ॥

સદ્‌આચરણ વાળી પવિત્ર તથા ઘરમા દિવારૂપ, એવી સત્કાર કરવા લાયક સ્ત્રીઓ ઘરની સોભા છે તેથી વિશેષે કરીને એનુ રક્ષણ કરવુ યોગ્ય છે મનુસ્મૃતિના ત્રીજા અધ્યાયમા કહ્યુ છે કે

पितृभि भ्रातृभि श्चैता पतिर्भिर्देवरैस्तथा ।
पूज्याभूषयितव्याश्चबहुकल्याणमीप्सुभि ॥ ९१ ॥

બહુ કલ્યાણની કરનાર પિતા તથા ભાઇ પતિ તથા દિયેરાદિએ સ્ત્રીઓને સત્કાર કરવો અને આભુષણાદિકે કરીને શોભાવવી

शोचतिजामयोयत्र विनश्यत्याशुतत्कुलम् ।
नशोचन्तितुयत्रैता वद्धतेतद्धिसर्वदा ॥ ९२ ॥

જે કુળમા સ્ત્રીઓ દુખી હોય તે કુળ તત્કાળ નાશ પામે છે અને જે કુળમા સ્ત્રીઓ દુખ પામતી નથી તે કુળ સદા વૃદ્ધિ પામે છે, શ્રીમહાભારતના વન પર્વમા કહ્યુ છે કે

शाश्वतोयधर्मपथ सद्भिराचरित सदा ।
यद्भार्यापरिरक्षति भर्तारोऽल्पबलादपि ॥ ९३ ॥

અલ્પ શકતીવાળા પુરૂષોએ પોતાની સ્ત્રીનુ રક્ષણ સર્વથા કરવુ કેમકે સત્પુરૂષોએ સદાચરણ કરેલો સનાતન ધર્મ છે

એ રીતે સ્ત્રીઓનુ પાલન કરતા તેમને ગ્રહકાર્યમા જોડવી જેમ પુરૂષે ધધા રોજગારમા તેમ સ્ત્રીએ ગૃહકાર્યમા તન તથા મનથી રોકાવુ જેથી તન આરોગ્ય રહે છે અને મનને અવકાશ ન મળવાથી અવળે માગે દોરાતુ નથી

માનવ ધર્મશાસ્ત્રના નવમા અધ્યાયમા કહ્યુ છે કે—

पानदुर्जनससर्ग पत्याचविरहोऽटनम् ।
स्वप्नोन्यगेहवासश्च नारीसदुषणानिषट् ॥ ९४ ॥

મદિરાપાન દુર્જનની શોબત, અને પતિનો વિયોગ અતિ રખડવુ સમય વગર શયન કરવુ તથા પારકેઘેર વિનાપ્રયોજને જવુ એ છ સ્ત્રીઓને દુષણ રૂપ છે

सूक्ष्मेभ्योपिप्रसगेभ्य स्त्रियोरक्ष्याविशेषत: ।
द्वयोर्हिकुलयोशोकमावहेयुररक्षित ॥ ९५ ॥

માટે સ્ત્રીઓની કુસગથી વિશેષેકરીને રક્ષા કરવી કારણ કે તેમ રક્ષણ કરવામા ન આવે તો તેઓ સાસરા તથા પીએર ઉભયના કુળને

લજાવનારી થાય છે માટે એટલામાથી સ્ત્રીઓનુ રક્ષણ કરવુ તે રીતે સ્ત્રીનુ રક્ષણ કરતા ગ્રહસ્થે કોઈ કાળે પણ પરસ્ત્રીમા આશક્ત થવુ નહી કારણ કે જેમ પતિ પોતાની સ્ત્રીને પર પુરૂષમા આશક્ત થતા જોવાથી ખેદ પામે છે, તેમ સ્ત્રી પોતાના પતિને પારકી સ્ત્રીમા આશક્ત જોવાથી ખેદ પામે છે અને એ સમય ઉભયને સામાન્ય છે માટે પરસ્ત્રીમા આશક્ત થવાથી પોતાના ઘરમા પોતાની સ્ત્રીનુ મન અને પારકાના ઘરમા સ્ત્રીના પતિનુ મન દુખાવવાથી પરસ્પર ઉભયમા કલેશ ઉત્પન્ન થાય છે જેનુ કારણ પરસ્ત્રી ગમન કરનાર પુરૂષ દુખ ઉત્પન્ન કરે છે, અને પરસ્પર અપ્રીતિ થાય છે અને જીવન પર્યન્ત વિક્ષેપ રહે છે તેનો દોષ પ્રથમ પગનુ ભરનારને છે કોઇનુ કોઇપણ પ્રકારે અહિત કરવુ એ દોષ કહેવાય છે

પરસ્ત્રી ગમન એ એક જાતની ચોરી કહેવાય છે કારણ કે પરસ્ત્રી ઉપર બીજાની સત્તા હોય છે બીજાની સત્તા જેના ઉપર હોય એવી વસ્તુ તેના ધણીની રજા શિવાય તેને ઉપયોગમા લેવી એ ચોરી કહેવાય છે ચોરી કરનાર જેમ દંડને પાત્ર થાય છે તેમ પરસ્ત્રી ગમન કરનાર પણ શિક્ષાને પાત્ર થાય છે માટે કોઇએ પરસ્ત્રી ઉપર આશક્ત થવુ નહી કદાચ મન વશ્ય ન રહે તો તેણે પોતા ઉપર વિચારી જોવુ કે કદાચ અન્ય પુરૂષ તેની પોતાની સ્ત્રીમા આશક્ત રહે તો કેવુ દુખ થાય ? એવા વિચારથી મનને વશ રાખી શકાય છે કેમકે બીજા ઉપર અત્યાર કરતા માણુમ વખતો વખત પોતાના ઉપર દૃષ્ટાંત લેતો હોય તો તે કોઇ કાળે આડે રસ્તે દોરાય નહી વળી પુરૂષોનુ કહેવુ એવુ છે કે વ્યભિચારનુ કારણ સ્ત્રીજ છે પોતાના કટાક્ષ વડે પુરૂષને ફસાવે છે પરતુ વિચાર દૃષ્ટિએ જોતા સ્ત્રિઓ માત્ર વ્યભિચારનુ કારણ ભાસતી નથી, કેમકે તેઓ જેમ હાવ ભાવ યુક્ત પુરૂષોના મનને આકર્ષણ કરે છે તેમ પુરૂષો પણ પોતાની ચેષ્ટાથી તેમના મન હરણ કરી લે છે, એ ઉભયમા સરખુજ છે પરતુ સ્ત્રીઓ કોઇ પુરૂષોની પ્રાર્થના કરતી જોવામા આવતી નથી માટે કુલવાન મનુષ્યે પરસ્ત્રીની કોઇ પણ કાળે સ્વપ્નમા પણ ઇચ્છા કરવી નહી કારણ કે તેમ કરતા લોક નિંદા થાય છે

परदारानगतव्या पुरुषेणविपश्चिता ।
यतोभवन्तिदुखानि नृणानास्त्यत्रशसय ॥ ९६ ॥

બુદ્ધિમાન પુરૂષ કદાપિ પારકી સ્ત્રી પ્રત્યે આશક્તિ કરવી નહિ કારણ કે તેમાથી દુખ ઉત્પન્ન થાય છે એમા શસય નથી.

रहसिरचितमेजारकर्मवृत्तीचैलशुनमिवसुभुक्तयातिलोकेप्रसिद्धम
तदहिसकलगर्ह्यंनैवविद्वान्विदध्यात्क्षणिकसुखकृते सांप्रति-
तिष्ठार्थनास ॥ ९७ ॥

નીચ મનુષ્યોએ એકાન્તમા કરેનુ જાર કર્મ ખાધેલાં લશણુની માફક લોકમા પ્રસિદ્ધ થઇ જાય છે માટે બુદ્ધિમાન મનુષ્યોએ સકલ-જનનો એ નિદેલુ તે કર્મ કરવુ નહિ કેમકે ક્ષણુ માત્રના સુખને અર્થે પ્રતિષ્ઠાની હાનિ થાય છે

रक्ष पतिर्जनकजाहरणेनवाली तारापहारविधिनासचकीच-
कोऽपि ।
पाचालिकामप्रमथनान्निधनजगाम तस्मात्कदापिपरदाररतिंन-
कुर्यात् ॥ ९८ ॥

સીતાનુ હરણુ કરવાથી રાવણુ તારાને હરિ લેવાથી વાલી, અને દ્રોપદીને છેડ કરવાથી કીચક મરણુ પામ્યો માટે કોઇપણુ કાળે પરસ્ત્રી ઉપર આશકતી કરવી નહી ઘણુ કરીને સર્વ વ્યભિચાર થવાના લક્ષણુ એકાન્ત વિના બનિ શકતા નથી માટે કોઇપણુ સ્ત્રી સાથે એકાન્ત સહવાસ કરવો નહી સ્ત્રી એકાન્ત હોય તો બનતા સુધી પુરૂષે જવુ નહી કારણુ કે લોકનિદા પાત્રને થવાય છે ચાણુક્યનીતમા કહ્યુ છે કે

तप्तांगारसमानारी घृतकुभसम पुमान् ।
तस्मात्वन्हिघतचैव नैकत्रस्थापयेद्बुध ॥ ९८ ॥

બળતા અગ્નિ સમાન સ્ત્રી અને ઘીથી ભરેલા ઘડા સમાન પુરૂષ છે માટે બુદ્ધિમાને બન્નોને એક ઠેકાણે એકાન્તમા રાખવા નહી

नहिपश्यतिजन्माध कामान्धोनैवपश्यति
नपश्यतिमदोन्मत्त अर्थिदोषान्नपश्यति ॥ ९९ ॥

જેમ જન્માધ પુરૂષ દેખાતો નથી તેમ કામાન્ધ, મન્દોમત્ત, અને સ્વાર્થિ એટલા પુરૂષો દોષને જોતા નથી

महाशक्तस्यनोविद्या नोदयामासभक्षिण ।
द्रव्यलुब्धस्यनोसत्य स्त्रैणस्यनपवित्रता ॥ १०० ॥

મહાશક્તને વિદ્યા, અને માશ ભક્ષણુ કરનારને દયા, અને દ્રવ્યના લોભીને સત્યતા તથા સ્ત્રીઓમા બેશનારને પવિત્રતા હોતી નથી,

मातृवत्परदारेषु परद्रव्येषुलोष्टवत् ।
आत्मवत्सर्वभूतेषु य पश्यतिसपन्डित ॥ १०१ ॥

પારકી સ્ત્રીને માતા સમાન જાણવી, પારકુ દ્રવ્ય, જેમ લોઢાને લેવાની ઇચ્છા થતી નથી તેમજ તેને ગ્રહણ કરવાની ઇચ્છા કરવી નહી અને પોતાના જેવાજ બધાને જોવા પ્રાણિ માત્રોને પોતાના આત્મ સમાન ગણુવા એ પ્રમાણે બુદ્ધિમાન પુરૂષો કહી ગયા છે.

राजपत्नीगुरो पत्नी मित्रपत्नीतथैवच ।
पत्निमातास्वमाताच पचैतामातर स्मृत ॥ १०२ ॥

રાજાની સ્ત્રી ગુરૂની સ્ત્રી, મિત્રની સ્ત્રી, પોતાની સ્ત્રીની માતા સાસુ અને પોતાની માતા એ પાચ માતા કહેવી છે

जनिताचोपनिताच यस्तुविद्याप्रयच्छति ।
अन्नदाताभयत्राता पचैतापितर स्मृत ॥ १०३ ॥

જન્મ આપનાર, નિયમમા રાખનાર રાજા, વિદ્યાનો આપનાર ગુરૂ, અન્નથી રક્ષણુ કરનાર અને ભયથી આવેલા સકટોથી મુક્ત કરનાર એ પાચ પિતા કહેલા છે શ્રી મહાભારતના અનુશાસન પર્વના ૧૦૫મા અધ્યાયમા કહ્યુ છે કે—

ज्येष्टामातृसमाचापि भगीनिभरतर्षभ ।
भ्रातृभार्याचतद्वत्स्याद्यस्याबाल्येस्तनपितेन् ॥ १०४ ॥

મોટી બહેન વડિલભાઇની સ્ત્રી તથા બાલ્યાવસ્થામા જેનુ સ્તનપાન કયુ હોયતે એ ત્રણો માતા સમાન જાણવી

गुरुन्दृष्टवासमुतिष्टेद्भिवाद्यकृतांजलि ।
नतैरूपवसेत्सार्द्ध विवादेनार्थकरणात् ॥ १०५ ॥

ગુરૂને તથા વડિલોને જોઈ ઉભા થઇ હાથ જોડી પ્રણામ કરવા અને તે જ્યારે બેશે ત્યારે બેસવુ અને તેમની સાથે વાદવિવાદ કદાપિ કરવો નહી

नास्तिमातासमदैवं नास्तिपितृसमोगुरु ।
नताभ्यामननुज्ञातो धर्ममेकसमाचरेत् ॥ १०६ ॥

માતા સમાન કોઈ દેવ, તથા પિતા સમાન કોઇ તિર્થ નથી માટે તેમની આજ્ઞાનુ પાલન કર્યા શિવાય અગાડી કાર્ય કરવુ નાહ

तेपुत्रायेपितुर्भक्ता सपितायस्तुपोषक ।
तन्मित्रयत्रविश्वास साभार्यायत्रनिर्वृति ॥ १०७ ॥

જે પિતાને વિષે ભકિત રાખનાર, તે પુત્ર અને પુત્રનુ પાલન પોષણ કરનાર તે પિતા, જેમા વિશ્વાસ રહે તેજ મિત્ર, અને જેનાથી સુખની પ્રાપ્તિ થાય તે સ્ત્રી જાણવી.

एकेनापिसुवृक्षेण पुष्पितेनसुगंधिना ।
वासितंतद्वनसर्वं सुपुत्रेणकुलयथा ॥ १०८ ॥

જેમ એક પણ પુષ્પ વડે સુગધયુકત સારા વૃક્ષે કરી બધુ વન સુગધયુક્ત થાય છે તેમજ સુપુત્રે કરી આખુ કુળ દિપાયમાન થાય છે.

एकेनशुष्कवृक्षेण दह्यमानेनवन्हिना ।
दह्यतेतद्वनंसर्वं कुपुत्रेणकुलयथा ॥ १०९ ॥

જેમ અગ્નિ વડે બળતા શુકા વૃક્ષે કરી સર્વ વન બળે છે તેમજ કુપુત્રે કરી સર્વ કુળને સતાપ થાય છે શુક્ર નીતિના ત્રીજા અધ્યાયમા કહ્યુ છે કે

पित्रोराज्ञांपालयति सेवनेचनिरालश ।
छायेववर्ततेनित्यंयतेचगमायचै ॥ ११० ॥

જે પુત્ર માતા પિતાની આજ્ઞાનુ પાલન કરે અને તેમની સેવામા આલસ્યનો ત્યાગ કરી તત્પર રહે, અને તેમની છાયાની પેઠે અનુસરી ધન સપાદન કરવામા કુશળ રહે તે પુત્ર જાણવો

कुशलंसर्वविद्यासु सपुत्रप्रीतिकारक ।
दु खदोविपरितोयो दुर्गणोधननाशक ॥ १११ ॥

સર્વ વિધામાં કુશળ હોય તે પુત્ર પ્રીતિ ઉપજાવે છે પરતુ એથી ઉલટો ધનને નાશ કરનાર તથા દુર્ગુણિ હોય તે પુત્ર દુ ખ આપનાર થાય છે

એ રિતે માના પિતા તથા પોતાનાથી વડીલો તથા કનિષ્ટ પ્રત્યે, વિવેકથી વર્તવુ કદાપિ વિવેક ભુલી જઈ આડી રીતે વર્તાય તો પોતાનામા જોવુ અર્થાત્ પોતાની સાથે પોતાથી નાહના અથવા મોટા જેમ વિવેક છોડીને વર્તે તો પોતાને જેવુ માઠુ લાગે છે તેજ પ્રમાણે પોતે જેમની

સાથે વિવેક છોડી વર્તન કરે તેમને લાગતુ હશે માટે એ પ્રમાણે વિચારવાથી પોતાની ભુલ તુરત જણાઇ આવે છે અને ફરી વિવેકથી વર્તાય છે એ રિતે કહ્યા પ્રમાણે સર્વ સ્ત્રીપુરૂષોએ પોત પોતાના સામાન્ય તથા વિશેષ ધર્મનુ આચરણુ કરવુ

येषांनविद्यानतपोनदान नचापिशीलंनगुणोनधर्म ।
तेभृत्युलोकेभुविभारभूता मनुष्यरूपेणमृगाश्चरन्ति ॥११२॥

જેમા વિદ્યા, ઇન્દ્રિય નિગ્રહ, પરોપકાર, ઉત્તમ સ્વભાવ તથા સદ્ આચરણુ તપ, દાન, આટલા ગુણો જેમા નથી તે આ મૃત્યુલોકમા ભારરૂપ થઇ મનુષ્ય રૂપે કરી મૃગોની માફક વિચરે છે માટે હમેશા ગ્રહસ્થોએ પ્રમાદ રહીત થઇ આચરણુ કરવુ એવી ધર્મશાસ્ત્રની આના છે આ પ્રમાણે ગ્રહાશ્રમ સસ્કાર સમાપ્ત



પ્રકરણ ૧૬ મું.

वानप्रस्थाश्रम संस्कार.

वानप्रस्थ-वान+प्रस्थ વાન=વન પ્રત્યે **પ્રસ્થ**=ગમન કરવું વન પ્રત્યે ગમન કરવુ અને ઈન્દ્રિઓને નિયમમા રાખી ચતુર્થાશ્રમનો અધિકાર પ્રાપ્ત કરવો એનુ નામ વાનપ્રસ્થાશ્રમ કહેવાય છે શથપથ બ્રાહ્મણમા કહ્યું છે કે **ब्रह्मचर्याश्रमसमाप्य गृहीभवेद्गृहि भूत्वा वनी भवेद्वनि भूत्वा प्रव्रजेत्** બ્રહ્મચર્યાશ્રમની સમાપ્તિ કરિ ગૃહાશ્રમનુ શાસ્ત્ર રીતે પાલન કરી ગ્રહાદિકનો ત્યાગ કરી વન પ્રત્યે જવુ એ વાન પ્રસ્થાશ્રમ ધર્મ કહેવાય છે વળી છાંદોગ્ય પનિષત્‌મા કહે છે કે

त्रयोधर्मस्कन्धायज्ञोऽअध्ययनदानमितिप्रथम तप एवद्वितीय ब्रह्मचार्याचार्यकुलवासीतृतीय अत्यन्तमात्मानमाचार्यकुलेवसादन्सर्वेएतेपुण्यलोकाभवन्ति ॥ १ ॥

ધર્મના ત્રણ સ્કંધ છે યજ્ઞ, અધ્યયન, અને દાનમા પ્રવૃત રહેનાર ગૃહસ્થ પ્રથમ સ્કંધ તપ, પરાયણ વાનપ્રસ્થાશ્રમિ દ્વિતીય સ્કંધ છે. અને ગુરૂકુળમા રહી પોતાનુ જીવન ગાળનાર નૈષ્ટિક બ્રહ્મચારી તૃતીય સ્કંધ છે આ સ્કંધો વડે ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય છે

આજ્ઞવલ્કય કહે છે કે—

सुतविन्यस्तपत्नीक-स्तयावानुगतोवनम् ।
वानप्रस्थोब्रह्मचारी साग्निसोपासनोव्रजेत् ॥ २ ॥

પુત્રને પોતાની પત્નિ સોપી અથવા સાથે લઇ બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી અગ્નિ અને તેની ઉપાશના કરવાનુ સાહિત્ય સાથે લઇ વાનપ્રસ્થાશ્રમ ધારણ કરી વનમા રહેવુ

दांतस्त्रिषवणस्नायी निवृत्तश्चप्रतिगृह्यात् ।
स्वाध्यायवान्दानशील सर्वसत्वहितेरत ॥ ३ ॥

મન ઇન્દ્રિઓનુ દમન કરવુ ત્રિકાળ સ્નાન કરવુ દાન લેવુ નહિ વેદાધ્યયનમા પ્રવૃત થવુ દાન કરવુ અને સવના કલ્યાણમા તતપર રહેવુ

चान्द्रायणैर्नयेत्काल कृच्छैर्वावर्तयेत्सदा ।
पक्षेगतेवाप्यश्नीवान्मासेवाहनिवागते ॥ ४ ॥

ચાંદ્રાયણ કૃચ્છ્ર આદિ વ્રત કરી કાળ નિર્ગમન કરવો અને એક માસ પંદર દિવસ અથવા એક એક દિવસને અન્તરે ભોજન કરવું

स्वाध्यायभूमौशुचीरात्रौ दिवासंप्रपैर्नयेत् ।
स्थानासनविहारैर्वा योगाभ्यासेनवातथा ॥ ५ ॥

ત્રિકાળ સ્નાનાદિ કરી શુદ્ધ થઈ રાત્રિના ભૂમિ ઉપર શયન કરવુ અને દિવસે સર્વ સ્થળે ફરવુ તથા ઉભા રહી તપ કરવો અગર બેશીને યોગાભ્યાસ કરવો

अग्निश्चाप्यात्मसात्कृत्वा वृक्षवासोमितासन ।
वानप्रस्थोगृहेष्वेव यात्रार्थभैक्ष्यमाचरेत् ॥ ६ ॥

અગ્નિને પોતાના આત્મામા આરોપિત કરી વૃક્ષનિ નિચે નિવાશ કરવો. પોતાના શરીરને ટકાવી રાખવા જેટલીજ ભિક્ષા ગ્રહસ્થ પાસે ગૃહણુ કરવી

ग्रामादाहृत्यवाग्रासानष्टौभुञ्जीतवाग्यत ।
वायुभक्षप्रागुदीचीं गच्छेद्वावर्ष्मसंक्षयात् ॥ ७ ॥

જ્યારે શરીર અશક્ત થાય ત્યારે ગ્રામમાથી આઠ ગ્રાસ માગીને ભક્ષણુ કરવુ અને વાણિને નિયમમા રાખી ભોજન કરવુ [જે અધમ અધિકારી હોય તો] વાયુનુ ભક્ષણ કરી શરીરનો ક્ષય થતા સુધી ઇશાન ખુણામા પ્રવાશ કરવો તે કરવા મહાત્માનો સમાગમ કરી જ્ઞાન પ્રાપ્ત કરિ ચતુર્થાશ્રમ ધારણુ કરવા અધિકારી થવુ

ब्रह्मचर्यदयाक्षांति दानसत्यमकल्पता ।
अहिंसाऽस्तेयमाधुर्ये दमश्चेतियमा स्मृत ॥ ८ ॥

બ્રહ્મચર્ય, દયા, ક્ષમા, દાન, સત્ય, સ્વાતંત્ર્ય, અહિંસા, અસ્તેય, વાણિમા મધુરતા તથા સર્વ ઇન્દ્રિઓનુ દમન એ દશ યમ કહેવાય છે

स्नानमौनेपवासेज्या स्वाध्यायोपस्थनिग्रह ।
नियमागुरुशुश्रुषा शौचाक्रोधोप्रमादत ॥ ९ ॥

સ્નાન, મૌન, ઉપવાશ, યજ્ઞ, સ્વાધ્યાય, ઉપસ્થનો નિગ્રહ ગુરૂની સેવા, શૌચ, શાન્તિ અને કાર્યને વિષે તત્પરતા એ દશ નિયમ કહેવાય છે આ યમ નિયમ પૂર્વક સર્વ વ્રતો કરવા

गोमुत्रगोमयंक्षीर दधिसर्पिकुशोदकम् ।
जगद्वापरेद्युरुपवसेत्कृच्छ्रसान्तपनपरम् ॥ १० ॥

એક એક દિવસને અન્તરે ગોમુત્ર ગોમય દૂધ, દહીં, ઘી અને કુશોદક મળી (પચગવ્ય) પ્રાશન કરી ઉપવાશ કરવો તેને શાન્તપન કૃચ્છ્ર કહે છે.

तप्तक्षीरघृतांबूना मेकैकंप्रत्यहंपिबेत् ।
एकरात्रीपवासश्च तप्तकृच्छ्रउदाहृत ॥ ११ ॥

ત્રણ દિવસ સુધી દૂધ, ઘી અને પાણી ગરમ કરી વારાફરતી પીવું તથા એક રાત્રિ ઉપવાસ કરવો તેને તપ્તકૃચ્છ્ર કહે છે

एकभुक्तेनक्तेन तथैवायाचितेनच ।
उपवासेनचैवायपादकृच्छ्रप्रकीर्तितः ॥ १२ ॥

ચાર દિવસ સુધી રાત્રિએ એકવાર અયાચત ભોજન કરવુ તથા પાચમે દિવસે ઉપવાશ કરવો તેને પાદકૃચ્છ્ર કહે છે

यथाकथंचित्रिगुणः प्राजापत्योऽयमुच्यते ।
अयमेवातिकृच्छ्रस्यात्पाणिपूरान्नभोजने ॥ १३ ॥

પાદકૃચ્છ્રથી ત્રણગણુ વ્રત કરવુ તેને પ્રાજાપત્ય કહે છે અને પ્રાજાપત્યમા હાથેલીમા શમાય તેટલુજ અન્ન જમવુ તેને અતિકૃચ્છ્ર કહે છે

कृच्छ्रातिकृच्छ्र पयसा दिवसानेकविंशतिम् ।
द्वादशाहोपवासेन पराकः परिकीर्तितः ॥ १४ ॥

એકવિસ દિવસ માત્ર દૂધ પિને રહેવુ તેને કૃચ્છ્રાતિ કૃચ્છ્ર કહે છે અને બાર દિવસ ઉપવાશ કરવો તેને પરાક કૃચ્છ્ર કહે છે

तिथिवृद्ध्याचरेत्पिंडान् शुक्लेशिख्यंडसमितान् ।
एकैकह्रासयेत्कृष्णे पिंडचांद्रायणपरम् ॥ १५ ॥

સુકલપક્ષમા પ્રતિપદાથી આરભીને પુર્ણિમા પર્યન્ત મોરના ઇંડાના પ્રમાણમા એક એક ગ્રાસ વધારી જમવા અને કૃષ્ણ પક્ષમા પ્રતિપદાથી દશમાસ્યા પર્યંત એક એક ગ્રાસ ઘટાડતા જવુ તેને પરચાંદ્રાયણ કહે છે

यथाकथंचित्पिंडाना चत्वारिंशच्छतद्वयम् ।
मासेनैवोपभुञ्जीत चांद्रायणमथापरम् ॥ १६ ॥

મરજી પ્રમાણે વિભાગ કરી એક માસમા એકદર બશોને ચાલીશ ગ્રાસ જમવા તેને અપરચાંદ્રાયણ કહે છે

अनादिष्टेषुपापेषुशुद्धचांद्रायणेनतु ।
धर्मार्थयश्चरेदेत चंद्रस्यैतिसलोकताम् ॥ १७ ॥

જે પાપનુ પ્રાયશ્ચિત આપવામા ન આવ્યુ હોય તેવા પાપની શુદ્ધિ ચાંદ્રાયણથી થાય છે જે મનુષ્ય ધર્માથ ચાંદ્રાયણ વ્રત કરે છે તે ચંદ્રલોકને પામે છે.

गृहस्थस्तुयदापश्येद्वलीपलीतमात्मनः ।
अपत्यस्यैवचापत्यं तदारण्यंसमाश्रयेत् ॥ १८ ॥मनु॥

ગૃહસ્થને જ્યારે શરીરે પળીઆ આવે અને છોકરાના છોકરાનું મુખ જુવે ત્યારે તેણે વાનપ્રસ્થાશ્રમ ધારણ કરવો

वसीतचर्मचीरंवा सायस्नायात्प्रगेतथा ।
जटाश्चविभृयान्नित्य श्मश्रुलोमनखानिच ॥१९॥ मनु ॥

વાનપ્રસ્થ લેનાર ગૃહસ્થે મૃગચર્મ ઉપર શયન કરવુ, વલ્કલ ધારણ કરવા સાય પ્રાતર સ્નાન કરવુ, અને દાઢી મૂછ અને નખો વધારવા

अग्निपक्काशनोवास्यात्कालपक्वभुगेववा ।
अश्मकुट्टोभवेद्वापि दन्तोलूखलिकोऽपिवा ॥२०॥मनु ॥

તેણે અગ્નિમા પકવેલુ અન્ન ખાવુ અથવા પોતાની મેળે પાકેલુ ફળ ફળાદિ ખાવા અથવા પથ્થરથી દાતથી અથવા ખાયણીથી પરાણથી ભુકો કરી કઠણ પદાર્થોનુ ભક્ષણ કરવુ

नक्तवान्नसमश्नीयादिवावाहृत्यशक्तित ।
चतुर्थकालिकोवास्याद्वाप्यष्टमकालिक ॥२१॥ मनु ॥

દિવસે અન્ન લાવી અને રાત્રિએ યથાશક્તિ ભોજન કરવુ અથવા એક એક દિવસ ઉપવાશ કરીને બીજે દિવસે રાત્રે નિત્ય ભોજન કરવુ અથવાતો તેણે ત્રણ દિવસ ઉપવાશ કરી ચોથે દિવસે રાત્રિ અને દિવસે ભોજન કરવુ

पुष्पमूलफलैर्वापि केवलैर्वर्तयेत्सदा ।
कालपक्वे स्वयंशीर्णै वैखानसमेतस्थित ॥२२॥मनु॥

અથવા વૈખાનસ વ્રત ધારણ કરી પોતાની મેળે પાકીને જમીન ઉપર ખરી પડેલા પુષ્પમુલ તથા ફળ માત્રનો અહાર કરવો

एताश्चान्याश्चसेवेत दीक्षाविप्रोवनेवसन् ।
विविधाश्चोपनिषदी रात्मसंसिद्धयेश्रुति ॥२३॥मनु॥

વાનપ્રસ્થાશ્રમિ ગૃહસ્થે ઉપર જણાવેલા માગમાથી કોઇપણ માગને ગ્રહણ કરી વનમા નિવાસ કરવો અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ સારૂ ઉપનિષદોનુ અધ્યયન કરવુ

ऋषिभिर्ब्राह्मणैश्चैव गृहस्थैरेवसेविता ।
विद्यातपोविवृध्यर्थं शरीरस्यचशुद्धये ॥ २४ ॥ मनु ॥

જે ઉપનિષદોનુ ઋષિઓ બ્રાહ્મણો અને ગૃહસ્થો વિદ્યા અને તપનિ વૃદ્ધિ અર્થે અધ્યયન કરે છે.

आसामहर्षिचर्याणा त्यक्त्वाऽन्यतमयातनुम् ।
वीतशोकभयोविप्रो ब्रह्मलोकेमहीयते ॥ २५ ॥ मनु ॥

ઉપર જણાવેલી મહર્ષિ ચર્યામાથી ગમેતે એકને ધારણ કરી દેહને ત્યાગ કરનાર મનુષ્ય શોક અને ભયથી મૂક્ત થઇ બ્રહ્મલોકમા શ્રેષ્ટ પદ-વીને પ્રાપ્ન કરે છે

अप्रयत्न सुखार्थेषु ब्रह्मचारीधराशय ।
शरणेष्वममश्चैव वृक्षमूलानिकेतन ॥ २६ ॥ मनु ॥

સુખ આપનારી વસ્તુઓ મેળવવા માટે પ્રયત્ન કરવો નહીં બ્રહ્મ-ચર્યવ્રત પાળવુ પૃથ્વી ઉપર શયન કરવુ ઘરબાર વિગેરે આશ્રયના સ્થાન ઉપર મમતા રાખવી નહીં અને ઝાડ નીચે વાશ કરવો

अपराजितांवस्थाय व्रजेद्दिशमजिह्मत ।
आनिपाताच्छरीरस्य युक्तोवार्यनिलाशन ॥२७॥मनु॥

ઔષધોપચારથી મટે નહીં તેવી જાતનો વ્યાધી થયો હોય અથવા વૈરાગ્ય પ્રાપ્ત થયો હોય ત્યારે માર્ગમા આવતા પર્વત, સરોવર, વિગેરે ઉલ્લઘીને શિઘ્ર શરીર પતન થાય ત્યા સુધી ઇશાન ખુણામા પ્રયાણ કરવુ અને ચિત્તવૃત્તિને નિયમમા રાખી અને જળ તથા વાયુનો અહાર કરવો.

आश्रमादाश्रयगत्वा हुतहोमोजितेन्द्रिय ।
भिक्षाबलिपरिश्रान्त प्रव्रजन्प्रेत्यवर्धते ॥२८॥ मनु ॥

એક આશ્રમમાથી બીજા આશ્રમમા જઇને એટલે બ્રહ્મચર્યાશ્રમમા ઇન્દ્રિયોનો નિગ્રહ કરીને તથા ભિક્ષા માગીને ગૃહસ્થાશ્રમમા વૈશ્વદેવ, બલિ વિગેરે આપ્યા પછી ભિક્ષાના બલિથી શ્રમિત થયેલો વાનપ્રસ્થ છેવટે સન્યાસ ગ્રહણ કરે છે, તે મૃત્યુ પછી મોક્ષને પામે છે બ્રહ્મચર્ય ગૃહસ્થ અને વાનપ્રસ્થ એ ત્રણ આશ્રમમા ભિક્ષા માગી વેદાધ્યયન કરવુ યજ્ઞયાગ કરવા અને જીતેદ્રિય થઇ તપાચરણ વિગેરે વિધિપૂર્વક કર્મ કર્યા પછી સન્યાસાશ્રમ ધારણ કરાય છે આ ઉપરથી ધર્મશાસ્ત્રનો એવો શિદ્ધાન્ત છે કે કૃમવાર એક એક આશ્રમ સેવન કરી તે તે આશ્રમના કર્મોથી અત કરણના કષાયો (પાપો) દુર થયા પછીજ પુરૂષે સન્યાસ આશ્રમનો અધિકારી થાય છે મહાભારતમા કહે છે કે **कषाय पाचयित्वाच श्रेणिस्थानेषु च त्रिषु । प्रव्रजेच्चपरस्थानयत्रगत्वा नशोचते ॥** બ્રહ્મચર્યાદિ ત્રણ આશ્રમોમા કૃમવાર રહી રાગાદિકષાયો (પાપો)નો ત્યાગ કરી સન્યાસ લેવો કે જેથી શોકરહિત પરલોકનો લાભ થાય છે.

સંન્યાસાશ્રમ ધારણ કર્યા પછી અધ્યયન, અધ્યાપન, ઉપદેશ વિગેરે કરવાથી શાસ્ત્ર સબંધી વાદવિવાદો કરી કીર્તિ મેળવવાના તથા શુંદર ભોજનો માટે સ્ત્રી તથા વિષય વાસનાદિકનો ત્યાગ કરી મનને નિયમમાં રાખવુ **अमृतत्वमेति** ચતુર્થ આશ્રમ ધારણ કરનાર સન્યાસી અમૃતને એટલે મોક્ષશુખને પામે છે એ પ્રમાણે શ્રુતિ સ્મૃતિમા ચાર આશ્રમનો શમુચ્ચ કહેલો છે **ब्रह्मचर्यादेव प्रव्रजेत् गृहाद्वावनाद्वा ॥** બ્રહ્મચર્યાશ્રમમાથી સન્યાસ ગૃહણ કરવો અથવા ગ્રહાશ્રમમાથી સન્યાસાશ્રમ ગ્રહણ કરવો પૂર્વ જન્મના યોગાદિ અભ્યાશવડે જેના કષાયો (પાપો) દૂર થઈ ગયા છે તેવા પુરૂષોને કોઇ પ્રકારે જન્મ પ્રાપ્ત થયો હોય તે બ્રહ્મચર્યાશ્રમમા વેદાધ્યયનમાત્રથી જ્ઞાન નિષ્ટા થઇ હોય તો બ્રહ્મચર્યાશ્રમ પછી તુરતજ સન્યાસાશ્રમનો અધિકાર પ્રાપ્ત થાય છે

આ વિષયમા શ્રીમત્ શકરાચાર્ય "જાબાલશ્રુતિમા" પ્રમાણ રહિત કહે છે કે બ્રહ્મચારી સ્વાધ્યાય કરી રહ્યા પછી જ્ઞાન નિષ્ટ થયો હોય તો તેને બીજા આશ્રમોનિ જરૂર નથી એ બ્રહ્મચર્ય પછી તુરતજ સન્યાસ ધારણ કરી શકે છે રામાનુજ આચાર્યોનો શિદ્ધાન્ત એવો છે કે ગૃહાશ્રમ ધારણ કરી યથાશક્તિ દેવ, મનુષ્ય, અને પિતૃ, એ ત્રણ ઋણમાથી મુક્ત થઇને પછી સન્યાસનો અધિકારી થાય છે પરતુ તે જો સકામ કર્મનો કરનાર હોય ને તેને જ્ઞાન નિષ્ટા ન થઈ હોય તો ગ્રહાશ્રમ ધારણ કરી વિષયા શક્તિમા મનને તૃપ્ત કરી વાસનાનો ત્યાગ કરી સન્યાસ ગૃહણ કરવો **यदहरेवविरजेत्तदहरेवप्राव्रजेद्वनाद्वा-गृहाद्वा । ब्रह्मचर्यादेवप्रव्रजेत् ॥ ब्राह्मणश्रुति ॥**

જ્યારે સત્ય વિરક્ત તથા જીતેન્દ્રિય થઇ યથાર્થ જ્ઞાન થાય ત્યારે વાનપ્રસ્થાશ્રમનુ યથાવિધિ પાલન કરી પછી સન્યાસાશ્રમનો અધિકાર પ્રાપ્ત થાય છે બરાબર વૈરાગ્યાદિ ગુણ પ્રાપ્ત થાય ત્યારે બ્રહ્મચર્યાશ્રમમાથી પણ સન્યાસગૃહણ કરી શકાય છે જીતેન્દ્રિય, વિદ્વત્તા, જ્ઞાન કર્તવ્યતા કર્તવ્યજ્ઞાન યથાર્થ પ્રાપ્ત થાય તો બ્રહ્મચર્યાશ્રમમાથી સન્યાસ ગૃહણ કરી શકાય છે વાનપ્રસ્થાશ્રમ સસ્કાર સમાપ્ત

પ્રકરણ ૧૭ મું.

सन्यासाश्रम संस्कार.

संन्यास=**सत्**+**न्यास**, **सं**=રૂડે પ્રકારે, **न्यास**=ત્યાગ, રૂડે પ્રકારે ઉપાધિ રહિત ત્યાગનુ નામ સન્યાસ કહેવાય છે એ વિષે **ब्राह्मण** શ્રુતિનુ પ્રમાણુ

प्राजापत्यां निरुप्येष्टिं तस्यां सर्व वेदसहुत्वा ब्राह्मणं प्रव्रजेत् ॥

પ્રજાપતિ જે પરમેશ્વર તેની પ્રાપ્તિને અર્થે ઇષ્ટિ હોય તે વિધાન તે કરીને તેમા સર્વ, વેદસ્, જે યજ્ઞોપવીતાદિ પૂર્વાશ્રમના ચિન્હને ત્યાગ કરી અધિકારી થવુ વળી મનુસ્મૃતિમા કહ્યુ છે કે

प्राजापत्यां निरुप्येष्टिं सर्व वेदस दक्षिणाम् ।
आत्मन्यग्निं समारोप्य ब्रह्मण प्रव्रजेद्गृहात् ॥ मनु ॥ १ ॥

પ્રજાપતિની ઇષ્ટિમા યજ્ઞોપવીતાદિ દક્ષણામા અર્પણ કરવા તથા પૂર્વાશ્રમ સબધી ત્રણ અગ્નિને આત્મામા સમારોપણ કરી ગૃહસ્થાશ્રમમાથી પણ સન્યસ્ત ગ્રહણ કરાય છે વળી છાન્દોગ્યોપનિષાદિમા કહ્યુ છે કે—

तपश्राद्धेयेह्युपवसन्त्यरण्ये शान्ता विद्वांसोभैक्षचर्याचरेत ॥
सूयद्वारेणते विरिजा प्रयान्तियत्रामृन सपुरुषोह्यवयात्मा ॥ १
परिक्ष्यलोकान्कर्मचित्तान्ब्राह्मणो निर्वेदमायान्नास्त्यकृत कतेन ॥
तद्विज्ञार्थं सद्गुरु मेवाभिगच्छेत्समित्पाणि श्रोत्रियब्रह्म-निष्ठम् ॥ २ ॥

તપ શ્રદ્ધા ઇત્યાદિ જે પુરૂષ અરણ્ય, (જગલ) વાસમા તપશ્ચર્યાની ઉપાશના વિચારથી કરે છે તથા શાન્ત ભિક્ષાચાર કરનારો સન્યાસી થાય છે તથા તે વિરજ શુદ્ધાત્મા થઇ સૂર્યદ્વારે અને પ્રાણદ્વારે અવિનાશી પૂર્ણ સર્વ વ્યાપક (અમૃતસ્વરૂપ) જન્મ મરણુ રહિત થઇ પરમાત્મામા લય થાય છે સર્વ પ્રાણિમાત્રોના સુખદુખાદિ કર્મોથી પ્રાપ્ત જે અનિત્ય તે જોઇએ બ્રાહ્મણ=બ્રહ્મવિત્ત, જે સન્યાસી તે નિર્વેદ એટલે વિવિક્ત જુદો થઇ જાય છે કેમકે 'અકૃત' સ્વયભૂ પરમાત્મા તે કર્મોથી મળતો નથીજ એટલે દુષ્ટ કર્મોથી મળતો નથી. તેથી પરમાત્માના

વિજ્ઞાનાર્થે વેદાદિમા પૂર્ણ વિદ્વાન્ બ્રહ્મનિષ્ટ ગુરુ સત્યોપદેશિ જે સન્યાસી તેની પાસે ગૃહસ્થ પુરૂષ જ્ઞાન સપાદાન કરે છે, વળી મડુમો પનિષદમા કહ્યુ છે કે—

त्रयोधर्मास्कंधायज्ञोऽध्ययनदानमिति प्रथम स्तपएव द्वितीयो ब्रह्मचर्या चार्य कुलवासी तृतीयात्यनन्तमात्मानमाचार्य कुलेव सादान्सर्व एते पुण्य लोकाभवन्ति ब्रह्मस॰ स्थोऽमृतत्वमेति ॥

મૂળ ધર્મના સ્કધ ત્રણ છે એક યજ્ઞ, બીજો અધ્યયન, અને ત્રીજો દાન. એમાથી પહેલો તપ, બીજો (બ્રહ્મચર્યાશ્રમ) ગુરૂ કુલવાશ કરી અધ્યયન કરવુ તે ત્રીજો આચાર્ય કુળમા રહિને આત્માનો સત્ય વિચાર. બ્રહ્મચર્ય, ગૃહસ્થના, અને વાનપ્રસ્થ એ ત્રણ ધર્મનુ પાલન કરવાથી અધિકારી થવાય છે અને ચતુર્થાશ્રમને બ્રહ્મસ્થ, જે સન્યાસી તે જ્ઞાનાગ્નિ વડે કર્મોને ત્યાગ કરી ભસ્મિભુત કરી સર્વ બધનોથી મુક્ત થઇ વાસનાનો ત્યાગ કરી બ્રહ્મમા લય થાય છે

'कठवल्ल्या'ना विनरतो दुश्चरितान्ना शान्तो नासमाहित'
नासन्तमान सोवापि प्रज्ञाने नैन माप्नुयात् ॥

જે પુરૂષ જ્ઞાનવાન છતા, વિદ્વાન છતા ત્યા સુધી પોતાના દુષ્ટ કર્મોનો ત્યાગ કરતો નથી તથા જીતેન્દ્રિય થઇ મન તથા આત્મ શુદ્ધિ કરતો નથી ત્યા સુધી તે પરમાત્માને પ્રાપ્ત થઇ શકતો નથી વળી શતપથના ચૌદમા કાન્ડમા કહ્યુ છે કે

तमेत वेदानु वचेनन विदिषन्ति। ब्रह्मचर्येण तपसा श्रद्धायायज्ञेना शकेन चैतमेव विदित्वा मुनिर्भवत्येतमेव प्रव्राजिनो लोकमिप्सन्त प्रव्रजन्ति ॥ एतद्धस्मवैतत्पूर्वे ब्राह्मगा ॥ प्रमुत्राना विद्वा॰ सप्रजान कामयन्ते। किंप्रजया करिष्यामो येषा नोयमात्माय लोक इति हे इस्म पुत्रैषणासा याश्चलोकैषणाश्च व्युत्थायाथ भिक्षाचर्य चरति या ह्येव पुत्रे-णासा वित्तेषगा या वित्तैषणासा लोकैषणो मेहयेतेषणे एव भवत ॥ इति ॥

જે સન્યાસી બુદ્ધિની શુદ્ધિ કરે, મન લોકનો અધિપતિ, સર્વ લોકનો સ્વામિ સર્વને શાસન કરનાર સર્વ પ્રાણિમાત્રનો ઇશ્વર, સર્વને ધારણ કરનારો, અને મોક્ષનો રસ્તો જે પરમાત્મા તેને વેદ વચન વડે

જાણવાની ઇચ્છા કરે છે બ્રહ્મચર્ય, તપશ્ચર્યા સત્ય, ધર્માનુષ્ટાન. જીતેન્દ્રિય, અતિશ્રેષ્ઠ અવિનાશી ફળવાળો અને જ્ઞાનજ્ઞ, જે વડે પરમાત્માને જાણીને મુનિ, સત્યબ્રહ્મ થવુ તે પરમાત્માને પામવાને માટે સન્યાસી લોકો સચ્ચિદાનંદની પ્રાપ્તિજે મોક્ષ તે પ્રાપ્ત કરવા સન્યાસી થવાય છે. વળી કેટલાક બ્રહ્મવિત્ બ્રાહ્મણો, પોતાની મહાન વિદ્વાન પ્રજા તથા ગ્રહાશ્રમી ઇચ્છાનો ત્યાગ કરીને બ્રહ્મચર્યાશ્રમમાથીજ તુરત સન્યસ્ત ગ્રહણ કરે છે તેઓમા એવો અનુભવ છે મૈથુની પ્રજાની ઇચ્છા હોતી નથી કેમકે હમારૂ લોક પ્રાપ્તિ સ્થાન આત્માજ છે અને સત્યોપદેશ થકી ઉત્પન્ન થયેલા શિષ્યો તેજ પુત્રો છે પુત્રેષણા, (પુત્રિનિ ઇચ્છા,) વિત્તેષણા=(વિતનિ ઇચ્છા) દારેષણા, (સ્ત્રીની ઇચ્છા) અને લોકષણા=લોકમા પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની ઇચ્છા એ ચાર એષણાનો ત્યાગ કરી નિષ્પક્ષ પાતે વર્તન કરી કોઇનિ સ્પૃહા વગર સત્યતુ વર્તન કરી સન્યાસી થાય છે

तस्मादात्मज्ञं ह्यर्चयेद्भूतिकाम જે મનુષ્યને ઐશ્વર્યની ઇચ્છા હોય તેણે બરાબર ઉત્તમ લક્ષણ યુક્ત 'આત્મજ્ઞ' સન્યાસીનિ પ્રીતિથી સેવા કરવી અને પોતાના મનમા ઉદ્ભવ થતા સદેહો દૂર કરવા વળી ધર્મસિંધુમા કહ્યુ છે કે બ્રહ્મચર્યનુ પાલન કરી સમાવર્તન થયા પછી વિવાહિત સ્ત્રી વડે પુત્ર ઉત્પન્ન કરી યજ્ઞ યાગાદિક કરી વાનપ્રસ્થાશ્રમનુ પાલન કરી પછી સન્યાસ ગ્રહણ કરવો બ્રહ્મચર્યમાથી પણ તેમજ ગ્રહાશ્રમમાથી પણ અને વાનપ્રસ્થાશ્રમાથી પણ સન્યસ્ત ગ્રહણ કરી શકાય છે તેમજ વ્રતરહિત, વ્રતવાળો, સ્નાતક કિંવાસ્નાતક, વિચ્છિન્નાગ્નિ, અથવા અગ્નિ રહિત, એવો છતા જે દિવસે વૈરાગ્ય ઉત્પન્ન થાય તેજ દિવસે સન્યાસ ગ્રહણ કરવો એ રિતે આશ્રમનો વિકલ્પ પક્ષ કહ્યો છે વિદ્વાન પુરૂષે બ્રહ્મચર્યમાથીજ સન્યાસ ગ્રહણ કરવો વાગ્રહાશ્રમથી સન્યાસ ગ્રહણ કરવો કિંવા વાનપ્રસ્થાશ્રમાથીજ સન્યાસ ગ્રહણ કરવો તેમજ આતુર અવસ્થા દુખિ છતા પણ સન્યાસ ગ્રહણ કરવો એ વાક્યના આતુર એટલે મરવા પડેલો દુખી, ચોર, અથવા વ્યાઘ્રાદિકથી ભય પામેલો આતુર કહેવાય છે આતુરનો સન્યાસ વિધિ નથી તેમજ ક્રિયા પણ નથી તેને પ્રૈષ માત્રનો ઉચ્ચાર કરાવી સન્યાસ ગ્રહણ કરાવવો વિદ્વસ યાસને માટે ક્ષત્રિ તથા વૈશ્યને પણ અધિકાર છે કળીયુગમા સન્યાસનો નિષેધ કહ્યો છે પરંતુ ત્રિદંડ સન્યાસ માટે છે એમ પ્રાચીન કહે છે

સન્યાસ ચાર પ્રકારના છે કુટીચક બહુદક, હસ અને પરમહસ એ રિતે ચાર પ્રકારના સન્યાસ છે એ ચાર સન્યાસમા પરસ્પર એક

એકથી ઉતરોતર અધિક શ્રેષ્ટ છે બહાર પર્ણકુટીમા અગર ઘેર રહેતા છતા કષાય (ગેરૂવાળા) વસ્ત્ર ધારણ કરનારો ત્રિદંડી તથા યજ્ઞોપવીતે કરીને યુક્ત છતા સબંધીઓના પ્રત્યે પોતાના ગૃહ પ્રત્યે ભિક્ષા કરનારો જે આત્મનિષ્ટ હોય તેને કુટીચક કહેવાય છે પુત્રાદિકનો ત્યાગ કરી સાત ગૃહ પ્રત્યે ભિક્ષા ગૃહણ કરવાળા તથા ભગવા વસ્ત્રો ધારણ કરનાર તે બહુદક, કહેવાય છે પૂર્વોક્ત વેષને ધારણ કરવાવાળા તથા સાથે એક દંડના ધારણ કરનાર તે હંસ કહેવાય છે શિખા અને યજ્ઞોપવીતનો ત્યાગ કર્યો છે જેણે અને એક દંડ ધારણ કરનાર પરમહંસ છે પરંતુ ભગવા વસ્ત્રો ચારે સન્યાસીને ધારણ કરવાના છે શિખા યજ્ઞોપવીત સહિત તે હંસમા ભેદ છે પરંતુ દંડનો ઉભયને ધારણ કરવા પરમહંસને દંડ ધારણ કરવાનુ વિવિદિષા (જ્ઞાન થવાની ઇચ્છા) દશામા અવશ્ય છે પરંતુ દંડ શિખા અને વસ્ત્ર એ પરમહંસ ધારણ કરતો નથી એવુ અન્યગ્રંથમા છે વૈરાગ્ય વિના આજીવિકા ઇત્યાદિક માટે કદાચ સન્યાસ ગ્રહણ કરે તો નર્કની પ્રાપ્તિ થાય છે એક દંડનો આશ્રય કરી જે ઘણા મનુષ્યો ઉપજીવિકા કરે છે તેની કર્મના ત્યાગથી નર્કની પ્રાપ્તિ થાય છે જેણે દંડ ધારણ કર્યા છે તથા સર્વભક્ષી (ભક્ષ્યાભક્ષ્યનો વિચાર ન કરતા ખાનારો) તે ઘોર નર્કમા જાય છે સન્યસ્ત ગ્રહણ કરવામા ઉત્તરાયણનો સમય ઉત્તમ છે ચાતુર્માસ્યમાં દક્ષિણાયન ઉત્તમ છે તે પ્રથમ ગૃહ્યાગ્નિમા અને ગૃહ્યાગ્નિ રહિત પ્રયોગ કહ્યો છે તેમા શાન્ત ઇત્યાદિ લક્ષણે યુક્ત એવા ઉત્તમ ગુરૂને જોઈ તેમની સમિપે ત્રણ માસ પર્યંત સન્યાસીના સ્વધર્મ સારી રીતે જોઈ ગાયત્રીજપ કૃચ્છ્ર કુષ્માંડ હોમ ઇત્યાદિક કરી દેહ શુદ્ધિ કરી (૪-૯-૧૪) તિથિને દેશકાળનુ સ્મરણ કરીને સંકલ્પ કરવો એ રિતે સંકલ્પ પત્રક અનિત્ય અથવા પનિત્ય એમાથી કોઇ એક પ્રમાણનુ રૂપ તથા પ્રત્યેક નિમિત્તે એક ગાયનો નિષ્ક્રય આપવો એમાની અથવા દ્વાદશીને દિવસે ક્ષૌર રાત્રિ પ્રાપ્ત થાય તે રીતે શ્રાદ્ધનો આરંભ કરવો આશ્રમ રહિત છતા ચાર દિવસ અગર તીન દિન કરવા એવો નિર્ણય સિંધુનો મત છે મનુસ્મૃતિમા કહ્યુ છે કે

क्लृप्तकेशनखश्मश्रु पात्रीदण्डकुसुमवान् ।
विचरेन्नियतो नित्य सर्वभूतान्यपीडयन् ॥ ५ ॥

માથાના, દાઢીના અને મુછના વાળ મુંડાવી નાખવા હાથમા પાત્ર, દંડ તથા કમંડળ રાખવા તથા નીયમોનુ પાલન કરીને પ્રાણિમાત્રને પિડા કર્યા વગર જગતમા વિચરવુ, નખ, બગલ, તથા દંડનો ત્યાગ કરવો નહી

ऋणानित्रीण्यपाकृत्य मनोमोक्षेनिवेशयेत् ।
अनपाकृत्यमोक्षंतु सेवमानोव्रजत्यधः ॥ ६ ॥

દેવ, ઋષિ તથા પિતૃ એ ત્રણ ઋણમાથી મુક્ત થઇને મનને વાસનાનો ત્યાગ કરી મોક્ષ વિષે જોડવુ (સન્યાસ ગ્રહણ કરવો) પરતુ દેવ ઋષિએ પિતૃઓના ઋણ આપ્યા વગર બ્રાહ્મણ સન્યાસ ગૃહણ કરેતો નકનો અધિકાર થાય છે

अनधीत्यद्विजोवेदा ननुत्पाद्यतथासुतान् ।
अनिष्ट्वाचैवयज्ञैश्च मोक्षमिच्छन्व्रजत्यधः ॥ ७ ॥

બ્રાહ્મણ વેદ પઠન કર્યા વગર પુત્રોને ઉત્પન્ન કર્યા વગર અને યજ્ઞાદિક કર્યા વગર સન્યાસ ગૃહણ કરે તો નકનો અધિકારી થાય છે

प्राजापत्यांनिरुप्येष्टिं सर्ववेदसदक्षिणाम् ।
आत्मन्यग्नीन्समारोप्य ब्राह्मण प्रव्रजगृहात् ॥ ८ ॥

પ્રાજાપત્ય નામની ઇષ્ટિ કરીને સર્વ ધન દક્ષિણામા અર્પણ કરવુ અને પછી તે અગ્નિને આત્મામા સમારોપણ કરી, બ્રાહ્મણે ગૃહ તથા સ્ત્રી પુત્રાદિકનાનો ત્યાગ કરી વનપ્રત્યે જઇ સન્યાસ ગ્રહણ કરવો

एकएवचरेनित्य सिध्यर्थमुसहायवान् ।
सिद्धिमेकस्यसपश्य न्नजहातिनहीयते ॥ ९ ॥

સર્વનો ત્યાગ કરી એકનો રહેનારો સિદ્ધિને પામે છે પરતુ કોઇની પણ સહાયતા લીધા વિના મોક્ષની સિદ્ધિ માટે એકલાજ ફર્યા કરવુ સ્ત્રી પુત્રાધિકનો ત્યાગ કરવો પડતો નથી તેમ તેને પણ કોઇનો ત્યાગ કરવો પડતો નથી

अनाग्निरनिकेतस्या ग्राममन्नार्थमाश्रयेत् ।
उपेक्षकोशकुशको मुनिर्भावसमाहित ॥ १० ॥

સન્યાસી એ ગૃહયાગ્નિ તથા ઘરનો ત્યાગ કરવો શરીરમા વ્યાધિ ઉત્પન્ન થાય તો તેની ઉપેક્ષા કરવી બુદ્ધિને સ્થિર રાખવી વૃત્તિને નીયમમા રાખવી મન વડે મનવાન રહેવુ મનમાથી ઉત્પન્ન થતો સકલ્પ વિકલ્પનો ત્યાગ કરવો અને જગલમા વાસ કરવો પરતુ અન્નને માટે ગામમા જવુ

कपालवृक्षमूलानि कुचेलमसहायता ।
समताचैवसर्वेस्मि न्नेतन्मुक्तस्यलक्षणम् ॥ ११ ॥

ભિક્ષા પાત્ર, વૃક્ષના મૂળ, જીર્ણું તથા મલિન વસ્ત્રનો ત્યાગ અસંહાયતા, (એકલુ વિચરવુ) અને સર્વ પર સમાન દૃષ્ટિ રાખવી એટલા મુક્ત પુરૂષના લક્ષણુ જાણુવા.

नाभिनिंदेतमरणं नाभिनिन्देनजीवितम् ।
कालमेवप्रतिक्षेत निर्देशंभृतकोयथा ॥ १२ ॥

મરણુની ઇચ્છા કરવી નહી તેમજ જીવવાનિ પણુ ઇચ્છા કરવી નહિ જેમ પગારદાર મનુષ્યો ધણીની આજ્ઞાનુ પાલન કરે છે, તેમ કાળની આજ્ઞાનુ પાલન કરવુ જેમ મને તેમ સહનશિલતા રાખવી

ग्रैस्मान्हैमंतिकान्मासा नष्टौभिक्षुर्विचक्रमेत् ।
दयार्थसर्वभूताना वर्षास्वेकत्रसवसेत् ॥ १३ ॥

સન્યાસીએ હેમન્ત ઋતુના અને ગ્રિષ્મ ઋતુના આઠ માસ બહાર ફરવુ અને વર્ષા ઋતુમા સવ પ્રાણિમાત્ર ઉપર દયા કરીને જીવ જતુઓની હિસા ન થાય માટે એક ઠેકાણે વાસ કરવો

नासूर्यहिव्रजेन्मार्ग नाद्रष्टाभूमिमाक्रमेत् ।
परिपूताभिरद्भिस्तु कार्यकुर्वीतनित्यस ॥ १४ ॥

સન્યાસીએ રાત્રિએ ચાલવુ નહિ તેમજ અજાણી ભૂમિમા પણુ જવુ નહિ અને પવિત્ર પાણીથી નદીઆદિ વિગેરેના જળથી સ્થાન આચમનાદિ કરવા

सत्यांवाचमहिंसांच वदेनोपकारिणीम् ।
कल्कापेतामपरुषा मनृससामपैशुनम ॥ १५ ॥

સત્ય અહિસાદિ દોષ રહિત કોઇનુ પણુ અકલ્યાણુ કરવાની ઇચ્છા કરવી નહિ કપટય રહિત, તિક્ષ્ણુતાથી રહિત, ક્રુરતા રહિત, તથા જેમા કોઇની ચાડી ન હોય તેવી વાણુી બોલવી

दृष्टिपूतन्यसत्पाद वस्त्रपूतजलपिबेत् ।
सत्यपूतावेदद्वाच मन पूतसमाचरेत् ॥ १६ ॥

દૃષ્ટિ વડે શુદ્ધ કરેલી ભુમિ પર પગ મુકવા ચાલતી વખત કીડી, મકોડાનો નાશ ન થાય એવી રિતે ચાલવુ પાણીને વસ્ત્રથી ગાળીને પીવુ સત્ય વડે પવિત્ર એવી વાણી બોલવી અર્થાત્ સત્ય બોલવુ અને મનને જેમ સારૂ લાગે તે પ્રમાણે કરવુ અને મનથી પણુ કોઇના ધનની ઇચ્છા પણુ કરવી નહી.

अतिवादांस्तितिक्षेत नावमन्येतकंचन ।
नचेमदेहमाश्रित्य वैरकुर्वीतकेनचित् ॥ १७ ॥

જે મનુષ્ય શાસ્ત્ર વિરૂદ્ધ વાત કરતો હોય તેને સહન કરવો. પરંતુ તેના ઉપર કદાપિ ક્રોધ કરવો નહિ કોઇનુ પણ અપમાન કરવુ નહી તથા વ્યાધિના ઘરરૂપ અને અસ્થિર એવા શરીરને માટે કોઇ પણ સાથે વૈર કરવુ નહી

क्रुध्यन्तनप्रतिक्रुध्ये दाक्रुष्टकुशलवदेत् ।
सप्तद्वाराचकीर्णाच नवाचमनृतांवदेत् ॥ १८ ॥

કોઇ ક્રોધ કરે તો તેની સામે ક્રોધ કરવો નહી કોઇ નિદા કરે તો તેની નિદા ન કરતા કુશળ વાણી વદવી તથા પાચ જ્ઞાનેન્દ્રિઓ, મન અને બુદ્ધિ એ સાત ઇન્દ્રિઓના વિષય સબધી વાતચીત કરવી નહિ પરતુ પરબ્રહ્મ સબધી વિચાર કરવો અથવા સાત દ્વાર કહેતા ધર્મ, અર્થ, કામ, ધર્માર્થ, ધર્મકામ, અર્થકામ, ધર્માર્થકામ એ સાત વિષયોનો વિચાર કરવો

अध्यात्मरतिराशीनो निरपेक्षोनिरामिष ।
आत्मनैवसहायेन सुखार्थीविचरेदिह ॥ १९ ॥

આત્મજ્ઞાન ઉપર પ્રીતિ રાખવી (અથવા પરબ્રહ્મનુ સતત્ ધ્યાન કરવુ) સ્વસ્તિકાદિક યોગના આસનો વાળી બેશવુ દડ, કમડળ ઉપર મમતા રાખવી નહિ વિષયોની ઇચ્છાનો સર્વથા ત્યાગ કરવો પરતુ સન્યાસીઓને પોતાની સહાયતાથીજ મોક્ષ સુખને માટે આ જગતમા વિચરવુ

नचोत्पातनिमित्ताभ्यां ननक्षत्राङ्गविद्यया ।
नानुशासनवादाभ्यां भिक्षांलिप्सेतकर्हिचित् ॥ २० ॥

ઉત્પાતો નિમિત્ત પૃથ્વી કપ ગ્રહણ, ધુમકેતુના ઉદય વિગેરે કરીને કાગડા, શિયાળ, ગધેડા, વિગેરેના શબ્દો ઉપરથી શુકને કરીને, કૃતિકા, રોહિણી વિગેરે નક્ષત્રોના ફળો તથા સામુદ્રિક ચિન્હે કરીને ચિકિત્સા વિગેરે કરીને રાજા તથા તેમના મત્રિઓને રાજનિતિનો ઉપદેશ કરીને અધ્યાપન, શાસ્ત્ર સબધી વાદવિવાદ પ્રતિવાદિ વિગેરેને દુષણ આપવા રૂપી વિવાદે કરીને સન્યાસીએ કદાચિત્ ભિક્ષાની ઇચ્છા કરવી નહિ. અર્થાત્ સન્યાસીએ વ્યવહારીક ઝઘડામા કદાપિ પડવુ નહી.

नतापसैर्ब्राह्मणैर्वा वयोभिरपिवाश्वभि' ।
आकीर्णभिक्षुकैर्वान्यै रागारमुपसव्रजेत् ॥ २१ ॥

ગ્રહસ્થને ત્યાં, તપસ્વીઓ, બ્રાહ્મણો, પક્ષિઓ, કુતરાઓ અને બીજા ભિક્ષુકો અન્નને માટે જે ઘેર ઉભા રહેલા હોય તે ઘરમાં સન્યાસીએ ભિક્ષા માગવી નહિ

क्लृप्तकेशनखश्मश्रु पात्रीदंडीकुसुंभवान् ।
विचरेनियतोनित्यं सर्वभूतान्यपीडयन् ॥ २२ ॥

સન્યાસીએ માથાના, દાઢીના, અને મુછના વાળ મુડાવી નાખવા હાથમા પાત્ર દંડ તથા કમડળ રાખવા તથા નિત્ય નિયમો પાળીને પ્રાણીમાત્રોને પીડા કર્યા વગર જગતમા વિચરવુ

अतैजसानिपात्राणि तस्यस्युर्निर्व्रणानिच ।
तेषामद्भि स्मृतशौच चमसानामिनाध्वरे ॥ २३ ॥

સન્યાસીના પાત્રો ધાતુના ન હોવા જોઇએ તેમ છિદ્ર વાળા ન હોવા જોઇએ પરતુ કાષ્ટના અથવા મતિકાના હોવા જોઇએ જેમ યજ્ઞમા ચમસ્ વિગેરે પાત્રોને જળથી શુદ્ધ કરવામા આવે છે તેમ સન્યાસીઓના પાત્ર પણ જળથી શુદ્ધ કરવા પડે છે

अलाबुदारुणपात्र मृन्मयवैदलतथा ।
यतानियतिपात्राणि मनु स्वायभुवोब्रवीत् ॥ २४ ॥

તુમડાનુ, કાષ્ટનુ માટીનુ અથવા વાસનુ પાત્ર સ્વાયભુમનુએ સન્યાસીને માટે ઉત્તમ કહ્યુ છે

एककालचरेद्भैक्ष्य नप्रसज्जेतविस्तरे ।
भैक्षेप्रसक्तोहियति विषयेष्वपिसज्जति ॥ २५ ॥

સન્યાસીએ એકજ વખત ભિક્ષા કરવી કદાચિત્ વધારે વખત ભિક્ષા કરવાનો પ્રસગ પાડવો નહિ કારણ કે જે સન્યાસી ભિક્ષામા આશક્તિ રાખે છે તે સસારના વિષયોથી બધન યુક્ત થાય છે

अलाभेनविषादीस्या ल्लाभचैवनहर्षयेत् ।
प्राणयात्रिकमात्र स्यान्मात्रासङ्गाद्विनिर्गत ॥ २६॥

કદાપિ ભિક્ષાન ન મળે તો ખેદ કરવો નહિ અને મળે તેથી હર્ષ પામવુ નહી દડકમડળ ઇત્યાદિ પદાર્થો ઉપરથી મમત્વ છોડી કેવળ શરીર નિર્વાહ પૂરતુ અન્ન ગ્રહણ કરવુ

अभिपूजितलाभांस्तु जुगुप्सेतैवसर्वशः ।
अभिपूजितलाभैश्च यतिर्मुक्तोऽपिबध्यते ॥ २७ ॥

સત્કાર પૂર્વક મળતી ભિક્ષાઓ તરફ સંપૂર્ણ ગ્લાનિ રાખવી કારણ કે સન્યાસી જો સત્કાર પૂર્વક સંપાદન કરે છે તો મુક્ત છતા બધયુક્ત થાય છે.

अल्पान्नाभ्यवहारेण रहः स्थानासनेनच ।
ह्रियमाणानिविषयै रिन्द्रियाणिनिवर्तयेत् ॥ २८ ॥

અલ્પ અન્નનો આહાર કરવો એકાન્તમા રહેવુ અને સર્વ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો અને પોતાને સ્વાધિનમા રાખવી

सूक्ष्मताचान्वेक्षेत योगेनपरमात्मनः ।
देहेषुचसमुत्पत्तिमुत्तमेष्वधमेषुच ॥ २९ ॥

યોગ ધ્યાનાદિક વડે આત્મની સૂક્ષ્મતાનુ એટલે દેહથી આત્મ ભિન્ન છે એવી જાતનુ અવલોકન કરવુ તથા એ આત્મા દેવ, મનુષ્ય, પશુ, પક્ષીઆદિના ઉત્તમ તથા અધમ શરીરોમા રહે છે, પરતુ દેહી તરિકે રહેતો નથી પણ સાક્ષી તરીકે રહે છે

दूषितोऽपिचरेद्धर्मं यत्रतत्राश्रमेरतः ।
समःसर्वेषुभूतेषु नलिङ्गंधर्मकारणम् ॥ ३० ॥

ગૃહાશ્રમમા અભુષણાદિથી શણગારીને રહેતો હોય અથવા બ્રહ્મચર્યાશ્રમ અગર વાનપ્રસ્થાશ્રમમા રહેતો હોય છતા પણ સર્વ પ્રાણી માત્રોમા એકજ આત્મા છે આવી સમાન દૃષ્ટિ જેમ છે તે સન્યાસી જાણવો કેમકે આશ્રમના ચિન્હ કાઇ ધર્માચરણમા કારણ ભુત ગણાતા નથી

फलंकतकवृक्षस्य यद्यप्यम्बुप्रसादकम् ।
ननामग्रहणादेव तस्यवारिप्रसीदति ॥ ३१ ॥

નિર્મળીના ફળનુ નામ લેવાથી માત્ર પાણી નિર્મળ થતુ નથી પરતુ તેને પાણીમા ઘસીને નાખવાથી નિર્મળ થાય છે તેમજ આશ્રમના લિંગ (ચિન્હ) એટલે ધારણ કરવાથી કઇ આશ્રમ ધર્મનુ ફળ મળતુ નથી પરતુ આશ્રમના ધર્મનુ આચરણ કરવાથી તેનુ ફળ મળે છે

संरक्षणार्थंजंतूनांरात्रावहनिवासदा ।
शरीरस्यात्ययेचैवसमीक्ष्यवसुधांचरेत् ॥ ३२ ॥

કદાચ શરીરને ગમે તેવી પીડા થતી હોય તોપણ સન્યાસીએ રાત્રે અથવા દિવસે સદાકાળ પ્રાણીઓના સંરક્ષણ નિમિત્તે પૃથ્વી ઉપર વિચરવુ.

अन्हाराऽयाचयाजन्तुन्हिंनस्त्यज्ञानतोयति ।
तेषास्नात्वाविशुध्यर्थं प्राणायामान्षडाचरेत् ॥ ३३ ॥

સન્યાસી, દિવસે, રાત્રે હાલતા ચાલતા અજાણતા જે પ્રાણીઓની હિંસા કરે છે તે હિંસાથી થયેલાં પાપોનો નાશ કરવા તેણે નિત્ય છ પ્રાણાયામ કરવા

दह्यन्तेध्यायमानानां धातुनांह्यिथामला ।
तथेन्द्रियाणिदह्यन्ते दोषा प्राणस्यनिग्रहात् ॥ ३४ ॥

સોનુ, રૂપુ વિગેરે ધાતુઓને કુરડીમા નાખીને અગ્નિથી તપાવવાથી તેમાં માટી વિગેરેનો મેલ બળી ભસ્મ થઇ જાય છે તેમ મનના રાગાદિ દોષો તેમજ નેત્રાદિ ઇન્દ્રિઓના વિષયા શક્તિરૂપ દોષો પ્રાણાયામ કરવાથી નાશ પામે છે

प्राणायामैर्दहेदोषान्धारणाभिश्चकिल्बिषम ।
प्रत्याहारेणशंसर्गान्ध्यानेनानीश्वरान्गुणान् ॥ ३५ ॥

પ્રાણાયામે કરીને કામ ક્રોધાદિ દોષોને બાળી નાખવા, ધારણાએ કરીને પાપોને બાળી નાખવા, પ્રત્યાહારે કરીને વિષયોમાથી ઇન્દ્રીયોને છુટી પાડી આત્મા ભિમુખ કરી અને પરમાત્માના ધ્યાન વડે સત્વ, રજ અને તમ વિગેરે ગુણો આત્માના નથી પરંતુ પ્રકૃતિના છે, એવો વિચાર કરવો

આ પ્રકરણ સન્યાસીના ધર્મોનુ હોવાથી આ શ્લોકમા યોગાભ્યાસની વાત કહી છે. યોગ ચાર પ્રકારના છે રાજયોગ, હઠયોગ, મત્રયોગ લયયોગ ધ્યાન વડે ચિત્તને એકાગ્ર કરીને કેવળ કુભકને શિદ્ધ કરવો એ રાજયોગ હઠથી પ્રાણનો નિરોધ કરીને ચિત્ત વૃત્તિને એકાગ્ર કરવી એ હઠયોગ રાજયોગમા ચિતને રોકવાથી પ્રાણનો નિરોધ થાય છે અને હઠયોગમા પ્રાણને રોકવાથી ચિત્તનો નિરોધ થાય છે, કારણ કે ચિત્ત અને પ્રાણ પરસ્પર નિત્યના સબધવાળા છે ઉપાસ્ય દેવના મત્રના જપથી ચિત વૃત્તિને ઉપાસ્ય દેવમા સ્થિર કરવી તે મત્રયોગ, અને કાનમા મીણ વિગેરેની ગોળીઓ રાખીને અતર્ શબ્દને શ્રવણ કરવો તે લયયોગ કહેવાય છે એ ચારે યોગમા પ્રાણ અને ચિત્તનો નિરોધ રહેલો છે માટે યોગસૂત્રમા યોગનુ લક્ષણ દર્શાવતા કહ્યુ છે કે **योगश्चित्तवृत्ति निरोध** ચિત્ અને વૃત્તિનો નિરોધ તેનુ નામ યોગ કહેવાય છે યમ, નિયમ, અને આશન એ ત્રણ અગ વગર યોગ થઇ શકતો નથી, અને તે ત્રણે અગો આગળ કહેલા છે. એ ત્રણે અગ

બહિરંગ સાધન હોવાને લીધે અમે વર્ણવ્યા નથી પરંતુ પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ પાંચ અંતરંગ સાધન હોવાથી અત્રે વર્ણવ્યા છે યમો તથા નિયમોનું પાલન કરીને સ્વસ્તિક, પદ્માસન વિગેરે શાસ્ત્રોક્ત આશનો સિદ્ધ કરીને પ્રાણાયામ સાધવો જોઈએ રોગ એટલે રાગ દ્વેષાદિ દોષને ઉત્પન્ન કરનારા અશુભ આચરણ જાણવા પ્રાણાયામવડે અશુભ આચરણ નાશ પામે છે અને તેના નાસથી રાગાદિ દોષો પણ નાશ પામે છે પ્રાણાયામ કરવાથી પ્રકાશ શિલ સત્વ ગુણને આવરણ કરનાર સંસારના બંધન રૂપ કર્મ ક્ષીણ થાય છે મનની ધારણા વિષે યોગ્યતા આવે છે અને ચિતનો શબ્દાદિ વિષયો સાથે સંબંધ ન થવાથી ઇંદ્રિઓ પણ વિષયોમાંથી નિવૃત્ત થઈને વશ થાય છે તેને પ્રત્યાહાર કહે છે વશ થયેલા ચિત્તને નાભિ દેશ, હૃદય, ભ્રૂમધ્ય મૂર્ધા વગેરે કોઇ પણ એક પ્રદેશમાં સ્થિર કરવું તેનું નામ ધારણા આ ધારણાથી પાપનો નાશ થાય છે અને ધારણા પ્રદેશમાં ધ્યેયનું (ઉપાસ્યનું) અનુસંધાન કરવાથી ચિત્તનો જે અખંડ પ્રવાહ તેને ધ્યાન કહે છે અને તે ધ્યાન વડે ક્રોધ લોભ, મોહ વિગેરે ઇશ્વર સંબંધી જ્ઞાનના વિરોધી ગુણોનો નાશ પામે છે ધ્યાતા તથા ધ્યાનનો ભેદ નાશ પામીને એક ધ્યેયાકાર રૂપ થવું એનું નામ સમાધિ આ સમાધિ થયા પછી દૃષ્ટા એવો આત્મ સ્વરૂપમાંજ નિમગ્ન રહે છે

अस्थिस्थूणं स्नायुयुतं मांसशोणितलेपनम् ।
चर्मावनद्धं दुर्गन्धिपूर्णं मूत्रपुरीषयो ॥ ३६ ॥
जराशोकसमाविष्टं रोगायतनमातुरम् ।
रजस्वलमनित्यं च भूतावासमिमं त्यजेत् ॥ ३७ ॥

આ શરીર હાડકાં રૂપી થાંભના વાળું સ્નાયુરૂપી દોરીઓ વાળું માંસ અને લોહી રૂપી ગારાથી લીંપેલ ચામડાથી મઢેલું મળ મૂત્રથી ભરપૂર દુર્ગંધીયુક્ત વૃદ્ધા વસ્થાથી તથા શક્તિથી ભરપૂર રોગના સ્થાન રૂપ ક્ષુધા, પિપાશા, તાઢ, તડકા વિગેરથી આતુર ઘણું કરીને રજોગુણ વાળું, નાશવંત સ્વભાવનું અને પૃથ્વી આપ, તેજ, વાયુ અને આકાશ, એ પાંચ ભૂતોના નિવાસ સ્થાન રૂપ છે આ પ્રમાણે સમજી મનુષ્યે દેહ ઉપરથી મમત્વનો ત્યાગ કરવો

प्रियेषु स्वेषु सुकृतमप्रियेषु च दुष्कृतम् ।
विसृज्य ध्यानयोगेन ब्रह्माभ्येति सनातनम् ॥ ३८ ॥

બ્રહ્મવેત્તા પુરૂષ પોતાનું હિત કરનારા પ્રિય પુરૂષો ઉપર પુણ્યનો અને પોતાનો દ્વેષ કરનારા પુરૂષો ઉપર પાપનો ત્યાગ કરીને પરબ્રહ્મના ધ્યાન યોગ વડે સનાતન એવા પરબ્રહ્મને પામે છે.

બ્રહ્મવેત્તા પુરૂષ પોતાના પ્રિય મિત્રાદિને પોતાનુ સુકૃત પુણ્ય અર્પણ કરીને અને અપ્રિયને (શત્રુને) દુષ્કૃત પાપ અર્પણ કરીને પરબ્રહ્મને પામે છે શાટ્યાયન શ્રુતિમા કહ્યુ છે કે **तस्यपुत्रादाय मुपयन्ति सुहृद साधुकृत्याद्विषन्त पाप कृत्याम्**। તેના પુત્રોને તેનો વારસો મળે છે મિત્રોને તથા સ્નેહિઓને તેનુ પુણ્ય મળે છે અને દ્વેષ કરનારને પાપ મળે છે

કૌશકી શ્રુતિમા પણ કહ્યુ છે કે **तत्सुकृतदुष्कृते विधुनुत्ते। तस्यप्रियाज्ञातय सुकृत मुपयन्ति अप्रिया दुष्कृतम**। યોગી પુણ્ય અને પાપનો ત્યાગ કરે છે તેમા મિત્રો સ્નેહી સબંધીઓ તેના પુણ્યને ગ્રહણ કરે છે અને શત્રુઓ તેના પાપને ગ્રહણ કરે છે ઇત્યાદિક શ્રુતિઓ પરથી બ્રહ્મવેત્તા પુરુષના પુણ્ય પાપની હાનિ થાય છે અહી શકા થશે કે એકના પુણ્ય પાપ બીજાને કેમ મળે છે? જો એમ માનીશુ તો અકૃતાભ્યાગમ એટલે નહી કરેલા કર્મના ફળની પ્રાપ્તિ થવા રૂપી દોષ પ્રાપ્ત થશે આ શકાનુ સમાધાન એવુ છે કે ઉપરની શ્રુતિનુ તાત્પર્ય બ્રહ્મવિદ્યા જાણનારાની બ્રહ્મવિદ્યાની પ્રશસામા છે અર્થાત્ બ્રહ્મવેત્તાનો દ્વેષ કરનાર તેના પાપનો જામીન થાય છે

મેધાતિથિ તથા ગોવિન્દરાજ આ શ્લોકનો અર્થ આ પ્રમાણે કરે છે

સન્યાસીનુ જે કોઇ પ્રિય કરે છે તો તેને પોતાના પુણ્યનુ ફળ છે અને દ્વેષ કરે છે તો તેને પોતાના પાપનુ ફળ છે એમ માનીને પ્રિય તથા અપ્રિય કરનારા ઉપર રાગદ્વેષ નહિ કરતા પોતાના પુણ્યપાપ ઉપરજ તો પ્રિય તથા અપ્રિયને છોડી દઇને ધ્યાન યોગથી પરબ્રહ્મને પામે છે

यदाभावेनभवति सर्वभावेषुनिष्पृह ।
तदासुखमवाप्नोति प्रेत्यचहचशाश्वतम ॥ ३९ ॥

સન્યાસી જ્યારે સવ જાતના વિષયો ઉપર અતઃકરણથી નિસ્પૃહ થઇ જાય છે ત્યારે આ લોકમા સુખ ભોગવે છે અને પરલોકમા સનાતન એવા મોક્ષસુખને પામે છે

अनेनविधिनासर्वा स्त्यक्त्वासङ्गाञ्छनै शनै ।
सर्वद्वन्द्वविनिर्मुक्तो ब्रह्मण्यवावतिष्ठते ॥ ४० ॥

ઉપર કહેલા વિધિ પ્રમાણે સર્વ પ્રકારની મમતા રૂપ સગોનો ત્યાગ કરીને તથા ભુખ, પિપાસા તૃષા, શોક, મોહ, જરા મૃત્યુ વિગેરેથી થનારા દુઃખોથી તથા સુખોથી મુક્ત થઇ પર બ્રહ્મમા સ્થિતિ રહેવુ

ध्यानिकर्मर्वमेवै तद्यदभिशद्दितम् ।
मह्यनध्यात्प्रवित्कश्चित्क्रियाफलमुपाश्नुते ॥ ४१ ॥

સ્ત્રી પુત્રાદિક ઉપરથી મમતા કહાડી સવ સુખ દુખનો ત્યાગ કરવો વિગેરે કહ્યુ તે પરમાત્માના ધ્યાનથી થઇ શકે છે પરંતુ જેને આત્મ સ્વરૂપનુ જ્ઞાન નથી તે ધ્યાનાદિ ક્રિયાના ફળને પામતો નથી.

अधियज्ञब्रह्मजपे दधिदैविकमेवच ।
अध्यात्मिकचसतत वेदान्ताभिहितचयत् ॥ ४२ ॥

યજ્ઞને પ્રતિપાદન કરનારા વેદ ભાગનો દેવતાના સ્વરૂપને પ્રતિપાદન કરનારા મંત્ર ભાગનો તથા આત્માના સ્વરૂપને પ્રતિપાદન કરનારા વેદાન્ત ગ્રંથનો પાઠ કરવો અને વેદોએ વર્ણન કરેલા ઓંકારનો સતત જપ વડે કરી આધ્યાત્મ, અધિભૂત, અને અધિદૈવ એ ત્રણે તાપનો નાશ થાય છે

इदशरीमज्ञाना मिदमेवविजानताम् ।
इदमन्वच्छतास्वर्ग मिदमानत्यमिच्छताम् ॥ ४३ ॥

વેદના અર્થને ન જાણનારા અજ્ઞાની પુરુષોને વેદના અર્થને જાણનારા વિદ્વાનોને સ્વર્ગને ઇચ્છનારાઓને અને મોક્ષ પર્યન્તની ઇચ્છા રાખનારાઓને એક શબ્દ બ્રહ્મનુ શરણ કરવા યોગ્ય છે

अनेनक्रमयोगेन परिव्राजतियोद्विज ।
सविधूयेहपाप्मान परंब्रह्माधिगच्छति ॥ ४४ ॥

જે બ્રાહ્મણ ઉપર કહેલા વિધિ પ્રમાણે સંસારનો ત્યાગ કરીને સન્યાસ ગ્રહણ કરે છે તે આ લોકમાં પાપથી મુક્ત થઇ બ્રહ્મપદનેપામે છે

एषधर्मानुऽनुशिष्टो वायतीनानियतात्मनाम् ।
वेदसन्यासिकानांतु कर्मयोगनिबोधत ॥ ४५ ॥

મનને નિયમમા રાખનારા સન્યાસીઓનો ધર્મ, આપને કહી સંભળાવ્યો. હવે યાગ, હોમ, સ્વાધ્યાય, ઉપવાસ, તીર્થયાત્રા વિગેરે ક્લેશ સાધ્ય ધર્મનો ત્યાગ કરીને કેવળ જપ તથા આત્મચિંતન કરનારા કુટીચક સન્યાસીનો ધર્મ સાંભળો

यथानदीनदा सर्वे सागरेयान्तिसस्थितम् ।
तथैवाश्रमीण सर्वे गृहस्थेयान्तिसस्थितम् ॥ ४६ ॥

જેમ મોટી નદીઓ અને નદો સમુદ્રમાં મળી જઇને સ્થિતિ કરે છે તેમ સર્વ આશ્રમીઓ પણ ગૃહસ્થને આધારે રહિ પોતાનુ પોષણ કરે છે.

चतुर्भिरपि चैवैतैर्नित्यमाश्रमिभिर्द्विजैः ।
दशलक्षणको धर्मः सेवितव्यः प्रयत्नतः ॥ ४७ ॥

ઉપર કહેના ચારે આશ્રમના દ્વિજવર્ણોએ નિત્યદશ પ્રકારનો ધર્મ પ્રયત્ન પૂર્વક સેવવો

धृतिक्षमादमोऽस्तेयं शौचमिन्द्रियनिग्रहः ।
धीर्विद्यासत्यमक्रोधो दशकंधर्मलक्षणम् ॥ ४८ ॥

ધૃતિ ક્ષમા, દમ અસ્તેય (ચોરી નહિ કરવી તે) શૌચ, ઇન્દ્રિય નિગ્રહ, વિજ્ઞાન, બ્રહ્મવિદ્યા સત્ય અક્રોધ એ દશ લક્ષણ ધર્મના છે

दशलक्षणानिधर्मस्य येविप्राः समधीयते ।
अधीत्यचानुवर्तन्ते यान्तिपरमांगतिम् ॥ ४९ ॥

જે બ્રાહ્મણો ઉપર કહેના દશ લક્ષણનુ પાલન કરે છે અને અધ્યયન કર્યા પછી તે પ્રમાણે વર્તન કરે છે તેઓ પરમ ગતિને પામે છે

दशलक्षणकंधर्ममनुतिष्ठन्समाहितः ।
वेदान्तंविधिवच्छ्रुत्वा संन्यसेदनृणोद्विजः ॥ ५० ॥

દ્વિજનાએ ઉપર કહેલા દશ લક્ષણના ધર્મનુ પાલન કરવુ મનને નિયમમા રાખવુ દેવ, ઋષિ મનુષ્ય અને પિતૃઓના ઋણમાથી મુક્ત થઇ યથાવિધિ વેદાન્ત શાસ્ત્રનુ શ્રવણ કરીને જ્ઞાન મેળવ્યા પછી સન્યાસ ગ્રહણ કરવો

संन्यस्यसर्वकर्माणि कर्मदोषानपानुदन् ।
नियतोवेदमभ्यस्य पुत्रैश्वर्येसुखंवसेत् ॥ ५१ ॥

કુટીચક અગ્નિ હોત્રાદિ સર્વ કર્મનો ત્યાગ કરી અજાણતા થયેલા પ્રાણીનાવધાદિ કર્માથી થયેલા પાપો । પ્રાણાયામ વિગેરેથી નાશ કરવો ઇન્દ્રિઓને નિયમમા રાખતા ઉપનિષદોનો અર્થ જ્ઞાનથી અભ્યાસ કરવો તથા પુત્રે આપેલ અન્ન વસ્ત્ર વિગેરે ભોગ ભોગવીને સુખમા રહેવુ

संन्यसेत्सर्वकर्माणि वेदमेकंनसंन्यसेत् ।
वेदसंन्यासतःशूद्रः तस्माद्वेदंनसंन्यसेत् ॥ ५२ ॥

સર્વ કર્મનો ત્યાગ કરવો પરન્તુ એક વેદનો ત્યાગ કરવો નહી. વેદનો ત્યાગ કરવાથી દ્વિજ શૂદ્ર બની જાય છે માટે દ્વિજવર્ણો એ કદાચિત્ વેદનો ત્યાગ કરવો નહિ

एवंसन्यास्यकर्माणि स्वकार्यपरमोस्पृह' ।
सन्यासेनापहत्येन प्राप्नोतिपरमांगतिम ॥ ५३ ॥

ઉપર કહ્યા પ્રમાણે અગ્નિ હોત્રાદિક કર્મોનો ત્યાગ કરીને સ્વર્ગાદિકની પણ સ્પૃહા (ઇચ્છા) રાખ્યા વિના કેવળ એક આત્મ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા રૂપી પોતાના કાર્યમા તત્પર રહીને સન્યાસ ધારણ કરવાથી બ્રાહ્મણ પોતાના પાપનો નાશ કરી પરમ ગતિને પામે છે

વળી પાતાંજલી યોગ શાસ્ત્રમા કહ્યુ છે કે

मैत्रीकरुणामुदितोपेक्षाणांसुखदु खपुण्याणांभावनातश्चित प्रसादनम ॥ ५४ ॥

સુખી મનુષ્યો મિત્રતા દુખિ મનુષ્યોમા કરૂણા પુણ્યાત્મામા પ્રશન્નતા પાપીમા ઉપેક્ષા એટલે અપ્રીતિ તેમ વેર પણ નહિ એવા વિચાર યુક્ત સન્યાસીએ આચરણ કરવુ સત્ય માર્ગે ચાલવુ પરમાત્મા પ્રત્યે પ્રીતિ યુક્ત રહેવુ સદવિચારથી જગતનુ કલ્યાણ કરવુ

વળી મડુંકોપનિષદમા કહ્યુ છે કે

सत्येनलभ्यस्तपसाह्येषआत्मासम्यगज्ञाननब्रह्मचर्येणनित्यम ।
अन्तशरीरज्योतिर्मयोहिशुभ्रोयपश्यतियतय क्षीणदोषा ॥ ५ ॥
सत्यमेवजयतेनानृतसत्येनपन्थाविततोदेवयान येनाक्रमन्त्यृषयो ह्यात्मकामायत्रतत्सत्यस्यपरमनिधानम ॥ ६ ॥ सम्प्राप्यैनमृषयो ज्ञानतृप्ता कृतात्मानो। वीतरागा प्रशान्ता तेसर्वगसर्वत प्राप्य-धीरायुक्तात्मानसर्वमेवाविशन्ति ॥ ७ ॥ वेदान्तविज्ञानसुनिश्चि-तार्था सन्यासयोगाद्यतय शुद्धसत्वा ॥ तेब्रह्मलोकेषुपरान्तकाले परामृत परिमुच्यन्तिसर्वे ॥ ८ ॥

સત્યથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે મિથ્યાચાર નહી પરતુ સમ્યક્ જ્ઞાન અથવા બ્રહ્મચર્યથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે એ નિત્ય સુખ છે અન્ય નથી એ અન્ત શરીર એટલે આન્તવૃત્તિથી શરીરને નાશ-વાન જુએ છે તે પરમાત્માને પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે તેમજ બાહ્ય શરીરથી પ્રાપ્ત થતો નથી એવા અતર્દ્રષ્ટિવાળા દોષ રહિત શુદ્ધાત્મા, સન્યાસી પરબ્રહ્મને પામે છે પ સદા સત્યાચરણ મનુષ્યનો સદાજ જય થાય છે પ તુ મિથ્યાચારીનો થતો નથી સત્યાચરણ કરનાર વિદ્વાન પુ ષો પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે જે માર્ગ, "આપ્તકામ ઋષિ" સત્ય-કારી, સત્ય પ્રિય સન્યાસી અને એક સત્યનો નિધિ જે પરમાત્માના ધામને પ્રાપ્ત થાય છે અને તે ધામ પ્રાપ્ત થયા પછી ઋષિ વિદ્વાન

વાન કૃતકૃત્યાત્મી રાગદ્વેષાદિ, દોષરહિત, તથા પરમ શાન્તિ યુક્ત આનદને પામે છે તે સન્યાસી સર્વવ્યાપક સર્વ ઠેકાણે પ્રાપ્યમા પ્રાપ્ય જે પરમેશ્વર તેમા સયુક્ત તથા ધીર થઇ સર્વ સુખમા પ્રવેશ કરે છે.

॥ सू॰ य॰ अ॰ ३६ मन्त्र १८ ॥

दृतेदृ६हमामित्रस्यमाचक्षुषासर्वाणिभूतानिसमीक्षन्ताम् । मित्रस्याहञ्चक्षुषासर्वाणिभूतानिसमीक्षे । मित्रस्यचक्षुषासमीक्षामहे ॥ ९ ॥

હે દૃતે સર્વ શક્તિમાન દેવ મને દઢ કરો અને સર્વ પ્રાણીમા મને મૈત્રિ યુક્ત નેત્રવડે અવલોકન કરો તેમજ હુ સર્વ પ્રાણીમાત્રમા મૈત્રિ રૂપ ચક્ષુ વડે જોઉં છુ સર્વ પ્રાણીમાત્રમા પ્રીતિયુક્ત નેત્રથી વર્તન કરૂ છુ મિત્રોમા પરસ્પર પ્રીતિ ઉત્પન્ન કરી કોઇ કોઇને મારતુ નથી તેમજ કોઇ કોઇનુ અહિતપણુ કરતુ નથી એવી સમાનાકાર દૃષ્ટિથી સન્યાસી અવલોકન કરે છે

वेदाहमेतम्पुरुषम्महान्तमादित्यवर्णन्तमस परस्तात् ।
तमेवविदित्वातिमृत्युमेतिनान्य. पन्थाविद्यतेऽयनाय ॥

सू य॰ अ॰ ३१ मन्त्र १८

હુ આ સર્વથી ઉત્કૃષ્ટ આદિત્યરૂપ, જગદીશ્વર આદિત્યવર્ણ વિદ્યા પ્રકાશ પરમેશ્વરના જ્ઞાનથી મનુષ્યની મુક્તિ થાય છે આ પ્રમાણે દેવયાન માર્ગ કહેવાય છે એ માર્ગ શિવાય બીજો માર્ગ નથી જેને આત્મ સાક્ષાત્કાર થાય છે તે એ માર્ગમા વહન કરે છે

વળી ગીતામા કહ્યુ છે કે

योगसन्यस्तकर्माण ज्ञानसञ्छिन्नसंशयम् ।
आत्मवन्तनकर्माणिनिबध्नन्तिधनजय ॥ गीता अ॰ ८–४१

હે ધનજય ? યોગથી જેણે કર્મના ફળનો સન્યાસ (ત્યાગ) કીધો છે અને જ્ઞાન રૂપિ શસ્ત્રો વડે કરીને સશય માત્રને છેદી નાખ્યા છે તેવા જીતેન્દ્રિય પુરૂષને કર્મ માત્ર બધન કરતા નથી

सन्यास कर्मयोगश्च नि श्रेयसकरावुभौ ।
तयोस्तुकर्मसन्यासात्कर्मयोगोविशिष्यते ॥ गीता अ. ५–२

જેને કર્મ સન્યાસ તેમ કર્મ યોગ બન્ને પરિપૂર્ણ શ્રેય કરે છે તેમા પણ કર્મ સન્યાસથી કર્મ યોગ વિશેષ શ્રેષ્ઠ છે

ज्ञेय सनित्यसन्यासी योनद्वेष्टिनकांक्षति ।
निर्द्वंदोहिमहाबाहो सुखबधात्प्रमुच्यते ॥ गीता अ. ५–३

જે દ્વેષ કરતો નથી તેમજ ઇચ્છા કરતો નથી તેને નિત્ય સન્યાસી જાણવો કેમકે હે મહા બાહો ? એ દ્વંદ્વ (રાગ દ્વેષ વિગેરે) રહિત હોવાથી સહજ બંધથી છુટે છે

संन्यासस्तुमहाबाहो दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तोमुनिर्ब्रह्म नचिरणाधिगच्छति ॥ गीता अ. ५-६

હે મહા બાહો ? યોગ વિના સન્યાસ મેળવવો મહુજ કઠણ છે પરંતુ (કર્મ) યોગયુક્ત મુનિ થોડાજ વખતમા બ્રહ્મને પામે છે

सर्वकर्माणिमनसा सन्यामस्तेसुखवशी ।
नवद्वारेपुरेदेहि नैवकुर्वन्नकारयन् ॥ गीता अ० ५-१३

જીતેન્દ્રિયજન, સર્વ કર્મ (ફળ) નો મનથીજ સન્યાસ (ત્યાગ) કરી સુખમા રહે છે નવદ્વારવાળા નગર (શરીર) મા એ કાઇ કરતો નથી કે કરાવતો નથી

ससन्यासमीतिप्राहु र्योगतविद्धिपाण्डव ।
नह्यसन्यस्तसकल्पा योगीभवतिकश्चन ॥ गीता अ० ६ २

હે પાંડવ ? જેને સન્યાસ કહે છે તેનેજ યોગ જાણ કેમકે સંકલ્પનો સન્યાસ (સારી રીતે ત્યાગ) કર્યા વિના કોઇ પણ યોગી થતો નથી.

સન્યસીએ આ પ્રમાણે નિયમોનુ પાલન કરવુ તેમજ જેટલા નિયમો સન્યાસીને પાળવાનો—તેટલાજ નિયમો વિધવા સ્ત્રીઓને પણ પાળવાજ જોઇએ વિધવાનો ધર્મ કહે છે

પતિ મૃત થયા છતા સ્ત્રીઓને બે પ્રકાર કહેલા છે તે નિચે પ્રમાણે ઉત્તમ રિતે વિધવા પણાનુ પાલન કરવુ અથવા સહગમન કરવુ (સતિ થવુ) પોતના ધણી સાથે બળી મરવુ જે સ્ત્રીનો પતિ મૃત થયા છતા સદા નિરતર વૈધવ્યનુ રક્ષણ કરે તે ફરી પતિને પ્રાપ્ત થઈ સ્વર્ગલોકમા વાસ કરે છે વિધવાએ પોતનુ શિયળ વૃત્ત પાળવુ શિલના ભંગથી અધોગતિને પ્રાપ્ત થાય છે અને કદાચ તે સ્ત્રી પોતાના ધર્મથી પતન થાય તો પોતાના સ્વામીનુ પણ અધપતન થાય છે. પરંતુ પોતાના શિયળ વ્રતમાજ પોતાના પતિનુ હિત સમાયલુ છે

તેમજ સ્ત્રી પોતાનો ધર્મ ચુકવાથી તેના માતા, પિતા, ભાઇ વિગેરેનુ પતન થાય છે, અને બરાબર સ્વધર્મનુ પાલન કરનાર પોતાના તથા પોતાના સ્વામિના સપ્તકુળનો ઉદ્ધાર કરે છે વિધવા સ્ત્રીએ ચોટલાને બાધવાથી પતિ બંધયુક્ત થાય છે એ કારણ માટે વિધવા સ્ત્રીઓની સર્વ કાળ કેશનુ મુડન કરાવવુ સર્વ કાળ, એકવાર ભોજન, ઉપવાસ,

અને વ્રતો પણ કરવા શય્યા પલંગ ઉપર શયન કરવું નહી પલંગ ઉપર શયન કરવાથી પોતાના સ્વામિની અધોગતી થાય છે અને નીચ યોનીમાં જવુ પડે છે માટે વિધવા સ્ત્રીએ અવશ્ય પલંગનો ત્યાગ કરવો સુગંધિ તેલનો ત્યાગ કરવો પરંતુ શ્વેત, કાળા, અગર રાતા રંગ એકજ એક સરખા રંગ હોય તે વસ્ત્ર ધારણ કરવા વૈશાખ, કાર્તિક, અથવા માઘમાસમાં વિશેષ નિયમો પાળવા તામ્બુલ-ભક્ષણ, નેત્રાંજન (આંખ આંજવી) અથવા કાંશાના પાત્રમાં ભોજન અને ચંદનાદિક એટલી વસ્તુ વિધવા સ્ત્રી તથા સન્યાસીએ અવશ્ય વર્જ કરવા પુત્રરહિત વિધવા સ્ત્રીએ પતિ ઇત્યાદિક ત્રણ પિતૃને ઉદ્દેશિને તિલ અને કુશ તથા જળ વડે તર્પણ કરવુ તેમજ શ્રાદ્ધાદિક પણ કરવુ જેણે પર્યંક શૌચ કરેલું એવા સન્યાસીએ શુદ્ધતા કરી કટિ સૂત્ર તથા કૌપીન ધારણ કરી દેહ ઉપર વસ્ત્ર વીંટી ગુરુની આજ્ઞાથી ઉંચા આશન ઉંપર બેશી સભાસદોની સાથે વેદાન્ત વિષે કાંઇ વ્યાખ્યાન કરવુ પછી ગુરુ સન્યાસીને શિષ્ય સન્યાસીના મસ્તક ઉપર શંખવડે પુરુષ શુક્તથી અભિષેક કરી ગંધાદિ પંચોપચાર વડે પૂજન કરી ઉપર વસ્ત્ર ઓઢાડી યતિઓ સાથે વિશ્વરૂપાધ્યાય **पश्यामि देवान्** અહીથી **भुङ्क्ष्व राज्यं समृद्धं** પર્યન્ત ગીતાનો પાઠ કરીપ્રથમ કલ્પી રાખેલુ નામ દેવુ પછી શિષ્યે સન્યાસીને કહેવુ અને ગુરુની આજ્ઞા વડે કરીને સન્યસ્તના અધિકારીને સન્યાસ દિક્ષા આપવી જ્યેષ્ઠ યતિઓને નમસ્કાર કરવા પછી ગુરુ કટિસૂત્ર તથા પંચ મુદ્રા વડે અલંકૃત એવો પ્રથમનો દંડ શિષ્યને અર્પણ કરી સંપ્રદાય પ્રમાણે સાષ્ટાંગ પ્રણામ કરવા અને ગ્રહસ્થોએ સન્યાસી પાસે જતાજ સાષ્ટાંગ દંડવત્ત પ્રણામ કરવા યતિએ જે કોઇ પ્રણામ કરે તેને 'નારાયણ" એવો ઉચ્ચાર કરવો પ્રથમ ગ્રહસ્થોએ સન્યાસીને પ્રણામ કરતી વખતે 'ૐ નમો નારાયણાય" એવો ઉચ્ચાર કરવો તેના પ્રત્યુત્તરમાં સ્વામીએ "નારાયણ" નો ઉચ્ચાર કરવો અને ઉપર કહેલા સન્યાસીએ નીયમનુ પાલન કરતા મોક્ષમા લીન થાય છે

સન્યાસીએ કાંચન અને કામીનીનો સર્વથા ત્યાગ કરવો સન્યાસીથી કદાચ કાંચનનો સ્પર્શ થાય તો એક કૃચ્છ્ર પ્રાયશ્ચિત કરવુ અને સ્ત્રીનો પરસંગ થાય તો ત્રણ કૃચ્છ્ર પ્રાયશ્ચિત કરવાથી શુદ્ધિ થાય છે આ પ્રમાણે ઉપર નીયમોનુ સન્યાસીઓએ પાલન કરવુ અને અહર્નિશ પ્રણવનુ રટન કરતા મોક્ષમાં લીન થવુ સન્યાસાશ્રમ સમાપ્ત

પ્રકરણ ૧૮ મુ.

अन्त्येष्टि सस्कार.

અન્ત્યેષ્ટિ સસ્કાર અગર મૃતક સસ્કાર મૃત્યુ પામ્યા પછી જે વિધિઓ કરવામા આવે છે તેને અન્ત્યેષ્ટિ કહે છે આ સસ્કારનુ વિવેચન કરતાં પહેલા મનુષ્યના મૃત્યુ પહેલાનિ સ્થિતિનુ વર્ણન કરવાની જરૂર છે મનુષ્યનો અતકાળનો સમય નજીક દેખાતો હોય તેવે વખતે તે સ્થળે કોઇપણ જાતની અનાસ્થા કે કકળાટ થવો જોઇએ નહિ મૃત્યુ કાલે મનુષ્યની વૃત્તિ અતિશય ગભીર હોવી જોઇએ મરણ નજીક આવ્યુ છે એમ સમજવા સાથેજ મરનારે આ લોકની તમામ વાસનાઓનો ત્યાગ કરવો અને પરલોકની તૈયારી પ્રત્યે ચીતને યોજવુ જ્યા સુધી વિચાર કરવાની શક્તિ કાયમ હોય, અને મન, શુદ્ધિમા હોય, ત્યાં સુધી મરણની અણીએ આવેલા મનુષ્યે પોતાની માલમતા અને પૈસા ટકાની જે કાઇ વ્યવસ્થા કરાવવી હોય તે કરાવી લેવી પછી પોતાના બાળ બચ્ચા, સગા સબધીઓ, ઇષ્ટમિત્રો, નોકર ચાકર, એ સર્વને પાસે બોલાવીને તેમની રજા લેવી તેમને હિતની તેમજ જ્ઞાનની વાતો સભળાવવી અને બધી જાતની વ્યવસ્થા કરવી, અને સગાં વહાલા ઇષ્ટ મિત્રોએ પણ મરનારનો આશીર્વાદ મેળવીને તેને રજા આપવી આ પ્રમાણે આ લોકની સઘળી બાબતોની વ્યવસ્થા કર્યા પછી પરલોક યાત્રાની તૈયારીમા લાગવુ સસાર સબધી તમામ ઉપાધીમાથી મનને ખેચી લઈ તેને પરલોકિક વિચારમા દોરવુ ઘરની અદર વૃદ્ધ, વડીલ, પુખ્ત અને અનુભવિ માણસોએ પોતાના આત્મ સબંધીના અન્ત સમયે તેના મનનુ સમાધાન કરવુ ચિત્ત સ્વસ્થ રહે તે પ્રમાણે વર્તન કરવુ અને કોઇ પણ પ્રકારે તેના આત્માની શાન્તીનો ભગ કરવો નહિ તેની પાસે વારવાર પ્રાર્થના કરવી ભકિતના પદો ગાવા, ધાર્મિક ગ્રથોનુ અવલોકન કરાવવુ અને તેનુ ચિત્ત પરમાત્મા પ્રત્યે લગાડવુ અને તેની સાથે એવી વાત કરવી કે આ નાશવાન જગતનો અધ્યાસ જલદી છુટે, અને પરમાત્માનો વિશુદ્ધ, આનદ, શાશ્વત સુખ અને અખડ સમાધાન, બાબતની વાતો કરવી આ સ્થૂલ લોક સાથેનો પોતાનો સર્વ સબધ છુટી ગયો છે પોતે પરમાત્મા પ્રત્યેનો એકત્રિત સબધ કાયમ રાખી તેનુ સતત્ ચિતન કરવુ, અને એક ક્ષણમા પોતાને પ્રભુ સમક્ષ ઉભા રહેવુ પડશે એ સબધી વિચારો મરણ પથારીએ પડેલા મનુષ્યોમા હોવાજ જોઇએ. આ લોક છોડીને પરલોકમા

વિશ્વજનની પાસે આપણે તેના પ્રેમમય કુટુંબમાં જઈએ છીએ, તે સ્થળે દુ:ખ શોક સતાપનુ નામ પણ નથી એ પ્રકારનો દૃઢ વિશ્વાસ રા વિના મરનારના આત્માને મરણ સમયે શાન્તિ અને સમાધાન ઉત્પન થતા નથી, આ લોકની ક્ષણિક વૃત્તિને છોડીને આપણે આપણા નિરંતરના સ્થાનમા જઈએ છીએ, એવો ભાવ અંતર આત્મામા અંતકાળ જેવા ગભીર પ્રસગે પૂર્ણ રીતે દૃઢ હોવો જોઈએ

આ સમયે સગા સંબંધીઓએ અથવા ઇષ્ટમિત્રોએ દુ:ખ કરીને કે શોક કરીને તેનુ ચિત્ત વ્યગ્ર કરવુ નહિ તેનુ મન સંસાર તરફ નહિ વળતા સ્વર્ગ પ્રત્યે વાળવુ મરણ કાળ નજીક આવ્યા પછી આત્મારૂપિ પક્ષીને દેહરૂપી પાંજરામા પુરી રાખવાનો કોઈએ પણ પ્રયત્ન કરવો નહિ પરંતુ આલોકના બંધનમાથી મુક્ત થઈને સ્વર્ગલોકના સ્વતંત્ર સુખો અનુભવવા માટે સત્વર જઈ શકે એવી યોજના કરવી મનુષ્ય મરણ પથારીએ પડયો તે સમયે પ્રભુના નામ સ્મરણ જેવુ મધુર તેને બીજુ કાંઈ નથી, માટે એવા પ્રસંગે જે કોઈ તેની પાસે હાજર હોય તે સર્વએ પ્રભુના નામનો ઉચ્ચાર એક સરખી રીતે કરવો અંતકાળે પ્રભુના નામનુ શ્રવણ કરવાથી મનુષ્યના મનમા આનદ થાય છે અને તેને મરણનો ભય લાગતો નથી આવા આનંદ અવસ્થામા તેણે એકવાર ઇષ્ટમિત્રોને નિહાળવા અને શાંત ચિત્તથી આંખો મીચી વિશ્વમાતાના પ્રેમમય ખોળામા માથુ મૂકીને અંતકાળ અનુભવ કરવો અંતકાળે મનુષ્યે પ્રાર્થના કરવી કે હે મંગળમય પ્રભો ! મારો આ સ્થૂળ લોકના પ્રવાસ પૂર્ણ થયો, હવે મને સત્વર પોતાનામા લિન કરી અને સર્વ તરામા લીન રહુ મહારી સર્વ આશા અને વિશ્વાસ આપના ઉપરજ છે મહારો પિતા, મહારી માતા, સર્વ કાંઈ તુજ છે મહારે સર્વ આધાર આપના ઉપરજ છે અને મારા પરલોક પ્રત્યે ગમનમા અંતરાય કરીશ નહિ અને પંચભૂતાત્મક શરીરમાથી મારો જલદિ છુટકારો કરી આપનામા લીન કરો મનુષ્યના શરીરનો નાશ થવાનો સમય નજીક આવે ત્યારે તેના ગાત્ર શિથિળ થાય છે ત્યારે સન્યસ્ત જેણે ન ગ્રહણ કર્યુ તેણે તે સમયે પ્રેતકલ્પદ્રુમ અથવા અન્ય ગ્રંથોમા બતાવ્યા મુજબ આતુર સન્યસ્તનુ ગ્રહણ કરવુ અને આતુર સન્યસ્ત ગ્રહણ કર્યા પછી, અત્યેષ્ટિ કર્મનો સ્વાભ લોપ થાય તો તેનો દોષ નથી અને આતુર સન્યસ્તનો ગ્રહણ કરનાર અંતકાલે પરમાત્મામા લીન થાય છે કેટલાક સદ્ગતિ મુમક્ષી ઇચ્છાવાળા મનુષ્યો અંતકાલે કરેલા પાપકર્મોના નિવારણાર્થે ધર્મ, દાન, ધ્યાન, તપ, ઉપવાસ, પૂર્વાંગ ઉત્ત

શંગ", પ્રાયશ્ચિત કરી શરીરની બાહ્ય શુદ્ધિ કરે છે અગર વિષ્ણુ ષોડશો પચાર પૂજન કરે છે. જળાશય બંધાવના ભજનકીર્તન વિગેરે કરવુ. નવધા ભક્તિ કરવી શાસ્ત્રમા કહ્યા મુજબ સાધુ સગ સત્‌સમાગમ, અતિથિ, સન્યાસી વિગેરેનો યોગ્ય સત્કાર કરવો. અન્નદાન, બ્રાહ્મણ ભોજન, ગૌદાન, ભૂમિદાન, અશ્વદાન, રથદાન, હસ્તિદાન, વસ્ત્રદાન, "અષ્ટદાન",=આઠ પ્રકારના દાન ભાત, અડદ, તલ, જવ, મગ, ઘઉં, મસુર, સામો, આ પ્રમાણે અષ્ટદાન આપવા છત્રી, જોડો, દિપદાન, પુસ્તક દાન, લોઢાનુદાન, કપાસ, લવણ, (મીઠુ) નૌકાનુદાન, (કાશાનુ પાત્ર ઘૃતયુકત) તિલપાત્ર=ત્રાબાના પાત્રમા તલનુદાન, ઘૃતપાત્ર,=કાશાના પાત્રમાં ઘીનુ દન અને વરૂણપાત્ર=ત્રાબાના વાસણમા જળ ભરીને આપવુ આ પ્રકારે દાનો કરવાઅને દાન કરવાથી પરલોક જવાનો માર્ગ સરળ થાય છે ગમન કરતા બધા સાધનો પહેલા દાનમા અપ્યાથી પરલોક પન્થે તેને માટે તૈયારજ હોય છે

એટલે પરલોકના માર્ગ તે આત્મા હેરાન થતો નથી, જેમ કરેલા કર્મોને ફળ ભોગવવવા પડે છે તેમ દાન પણ મળે છે પ્રથમ દાન કરનારને તેના પરલોકમા જતા રસ્તામા પહેલુ તેને મળે છે અને પાછળથી દાન કરનારને પાછળ મળે છે માટે અવશ્ય જ્યારે શરીર સ્વસ્થ હોય ત્યારે પોતે પોતાના સ્વહસ્તે પોતાના શકિતના પ્રમાણમા દાનો આપવા, અને તે પ્રમાણે કરવાની શકિત ન હોય તો કેવળ ભગવત્ સ્મરણ કરવુ અને શરીર મશક્ત હોય ત્યારે તીર્થાદિકનુ સેવન કરવુ અને કથાશ્રવણાદિ ભગવદ્ ગુણાનુવાદ્ની કરવો. અન્નદાન થકી. શરીરના રોગ, દોષ, વ્યાધિ વિગેરે પીડા કરી શકતા નથી અને પ્રણવ મત્રનો જપ સતત્ જાપ કરવો અને મનને વાસના ક્ષય રૂપિ તપ કરવુ, વિદ્યાનિ વૃદ્ધિને અર્થે વિદ્યાલયો, (શાળાઓ) બધાવવી અગર વિદ્યાર્થીઓને આશ્રય આપવો મહા માર્ગો પર વૃક્ષ રોપાવવા નિર્જળ સ્થળે પાણીના વાવ, કુવા, તળાવો વિગેરે બધાવવા તથા, આધળા, લુલા, લગડા, પીત્તવાળા, અને અનાથ, એટલાઓને અન્ન આપવા ક્ષૌરાદિકરાવવુ શુદ્ધ ગગાજળાદિથી સ્નાન કરવુ એટના સાધનો વડે બાહ્ય શુદ્ધિ થાય છે એટલે શરીરનું બહીરગ સાધનો પરતુ અતરગ સાધન, વગર અતરની શુદ્ધિ થતિ નથી માટે અવસ્ય બાહ્ય શુદ્ધિ તેવી અતર શુદ્ધિ જોઇએ અતર શુદ્ધિ જ્ઞાન વિના થતી નથી જ્ઞાન પ્રાપ્ત કરવાને કેવળ નિષ્કામ કર્મ કરવાની જરૂર છે કર્મ બે પ્રકારના એક સકામ, બીજુ નિષ્કામ, સકામ કરવાથી કેવળ શરીરની બાહ્ય

શુદ્ધિ થાય છે અને નિષ્કામ કર્મ વડે આંતર શુદ્ધિ થાય છે ફળની ઈચ્છા સહિત જે કર્મો તે સકામ, અને ફળની ઈચ્છા રહિત જે કર્મો તે નિષ્કામ, મનુષ્ય આ પ્રમાણે ફળની ઈચ્છા રહિત કર્મ કરતા જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે જ્ઞાનરૂપિ અગ્નિ વડે કરેલા કર્મ ભસ્મિભૂત થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે જેને મોક્ષ પ્રાપ્ત થયો તેને જન્મ મરણાદિક રહેતુ નથી

આ પ્રમાણે આંતર અને બાહ્ય શુદ્ધિ કરવી જે મનુષ્ય જીભ, ધ્રુવ, આકાશગંગા, અરૂંધતિ, ચંદ્ર, અને શુક્ર એમાથી એકને પણ ન જોઈ શકે તો તેનુ મૃત્યુ એક વર્ષ થાય એમ જાણવુ

જે મનુષ્ય જળમા પડેલા સૂર્યના પ્રતિબિંબને દક્ષિણ તરફ ખંડીતૂ થયેલુ જુએ તો તેનુ છ માસમા મૃત્યુ થાય અને તે સૂર્યના પ્રતિબિંબને પશ્ચિમ તરફ ખંડીતૂ થયેલુ જુએ તો ત્રણ માસમા મૃત્યુ સમજવુ અને તે સૂર્યના પ્રતિબિંબને ઉત્તર દિશા તરફ ખંડીતૂ થયેલુ જુએ તો બે માસમા મૃત્યુ જાણવુ અને તે સૂર્યના પ્રતિબિંબને પૂર્વ દિશામા ખંડીતૂ થયેલુ જુએ તો એક માસમા મૃત્યુ જાણવુ નાકનું ટેરવુ અને ભ્રકુટી જે મનુષ્યને ન દેખાય તો તેનુ મૃત્યુ તુરત જાણવુ

શરીરની અંતાવસ્થાના ચિન્હો ડોળા ફાટવા, નાડીનુ બંધ પડવુ હાથપગનુ તણાવુ ઇડા તથા પીંગળા નાડીનુ એકી વખતે ચાલવુ મુખે શરીરમા શરદી આવવી શરીરનુ તદન ઠંડુ થઈ જવુ નાડીનુ હલન ચલન બંધ થવુ આટલા ચિન્હો જ્યારે થાય ત્યારે શુદ્ધ ગોમયે કરી ભૂમિને લીંપવી, અને તલ, જવ, દર્ભ વિગેરે ત્યા નાખવા અને તે જગ્યાએ મરનારના શરીરને ઉત્તર દિશાએ મસ્તક રહે તે પ્રમાણે સુવાડવુ અને ઘીનો દીપ કરવો આ પ્રમાણે અવસ્થા થાય ત્યારે નિચે પ્રમાણે પાઠ કરવા

બ્રાહ્મણો ઇશાવાસ્ય ઉપનિષદ્‌નો પાઠ કરવો અગર પુરૂષ શુક્તનો પાઠ કરવો ક્ષત્રિય અને વૈશ્યોએ નારાયણના નામનુ ઉચ્ચારણ કરવુ શુદ્રાએ રામરામ શબ્દનુ ઉચ્ચારણ કરવુ **ईशावाश्यउपनिषद्** નિચે મુજબ—

ईशावाश्यमिदꣳसर्वंयत्किञ्चजगत्याञ्जगत् ।

तेनत्यक्तेनभुञ्जीथामागृधःकस्यस्विद्धनम् ॥ १ ॥

વાજસનેય યજુર્વેદ સંહિતાના ઓગણચાળીશ અધ્યાયોમાં કર્મકાંડનો બોધ કરી આ ચાળીશમા અધ્યાયમાં બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિદ્વારા મુક્તિની કામનાવાળા જિજ્ઞાસુને માટે બ્રહ્મના ઉપદેશક જ્ઞાનકાંડનું નિરૂપણ કર્યું છે તેથી **ઈશાવાસ્યમ**થી શરૂ થતા મંત્રોનો કર્મમાં વિનિયોગ નથી અથવા આગળના કર્મકાંડ અંતર્ગત યજ્ઞાદિ કર્મો સાથે એ બંધ નથી કેમકે તેઓને વિષે વાસનાયુક્ત કર્મોમા અનુપમ યોગી એવા બ્રહ્મભાવ સાધન એટલે આત્માના સ્વભાવનું નિરૂપણ કર્યું છે આત્માનો સ્વભાવ શુદ્ધ, નિષ્પાપ, એક, નિત્ય અશરીર, સર્વજ્ઞ, ઇત્યાદિ (જેના વિષે આગળ કહેવામા આવશે) હોવાથી તેને અનુસરતા ગુણોનું પ્રતિપાદન કરનાર આ મંત્રો આલોક અથવા સ્વર્ગની સુખ ભોગ ઇચ્છાએ કરવામા આવતા કામ્ય કર્મોથી વિરુદ્ધ છે તેમજ તેમા અનુપયોગી છે તેથી એ મંત્રોનો કર્મમા અસંબંધ એમ જે ઉપર કહ્યું તે યુક્તજ છે ઉત્પત્તિ, વિકાર, પ્રાપ્તિ, સંસ્કાર ભોગાદિ ગુણોથી યુક્ત પદાર્થોનો કર્મ સાથે સંબંધ છે અને એવા પદાર્થો કર્મમા ઉપયુક્ત થઈ શકે છે પરંતુ નિર્ગુણ નિર્વિકારી અને નિરવયવ આત્મા એવા પ્રાકૃતિ ગુણ સ્વભાવથી પરરહિત હોવાથી તેને માટે કર્મ શેષ નથી અથવા તેને એવા કર્મ કરવાનું નથી તેમ કર્મને તે ઉપયોગી નથી અને જ્યા કર્મનું પ્રતિપાદન કર્યું છે ત્યા આત્માનાં અનેકત્વ કૃતત્વ, ભોક્તૃત્વ, અશુદ્ધત્વ, આદિ ધર્મોના અવિદ્યા કલ્પિત ઉપાધિ આરોપણવડે લોકબુદ્ધિ સિદ્ધિ કલ્પિત વિધાન સમજવું વાસ્તવિક રીતે તેમ નથી જે પુરુષ બ્રહ્મ તેજાદિક કૃષ્ટ અને અને સ્વર્ગાદિ અકૃષ્ટરૂપ કર્મોનો ફળાર્થી (અર્થાત્ તેમની અભિલાષાવાળો છે) અને હું બ્રાહ્મણ છું હું ક્ષત્રિય છું• હું વૈશ્ય છું હું પ્રૌઢ છું, હું વૃદ્ધ છું, હું ધની છું, હું ઋણિ છું, હું જીર્ણ છું, હું શીર્ણ છું આ પ્રકારે આરોપિત ઉપાધિઓથી જાળમા ગુંથાયો હોય અર્થાત્ આ નિસ્સાર ભ્રમરૂપ અને ઝાંઝવાના જળ સમાન મિથ્યા જગત્‌ને સત્યરૂપે જાણી ભોગવતો હોય તેને સકામ કર્મો સાથે સંબંધ છે નિત્ય, મુક્ત અને કૃત સાધન અવિચ્છિન્ન આનંદ ભોક્તા આત્માને કર્મમા સંબંધ અથવા અધિકાર નથી આ પ્રમાણે ઉક્તવેદ મન્ત્રો આત્માનો સ્વભાવ પ્રકાશક હોવાથી આત્માને વિષય કરવાવાળા જે સ્વભાવિક કર્મોનું જ્ઞાન તેને નિવૃત્ત કરીને સંસાર ધર્મના અભાવનું સાધન, આત્માની એકતાઆદિ આત્મ સ્વભાવના જ્ઞાનનું ઉત્પાદક છે એટલા માટે આચાર્ય ભગવાન્ કહે છે કે જેના ગર્ભાધાનાદિક સંસ્કાર વિધિ સહિત થયા હોય જેણે વેદોનું અધ્યયન કર્યું હોય લબ્ધ પુત્ર (જનિત પુત-પોતાનો પુત્ર હોય જેણે યથા શક્તિ યજ્ઞ

નિષ્પાદન કર્યું હોય જે નિષ્પાપ હોય નિષ્પક્ષ હોય યમ નિયમોથી મુક્ત હોય એવા મુમુક્ષુ અથવા શિષ્ય અથવા પુત્રપ્રતિજ ઉપદેશ છે. કેમકે તે ત્યાજ સફળ થાય છે નામ રૂપ અને ક્રિયાવડે કરીને સર્વ સચરાચર કલ્પિત મિથ્યા પદાર્થોથી ભરેલી આ સૃષ્ટિમા અર્થાત્ આ સમગ્રવિશ્વ પ્રપચમા જે કાઇ જગતભાવ છે સ્થાવર જગમરૂપ સ્વામી સબધ યુકત સસારમા અહમહમિકા હુ અને મારૂ એવી ભાવનાથી રચાયેલી અનેક પણારૂપ જે બાજી છે અને પૃથ્વી આદિ લોક લોકાન્તરમા નામ રૂપાત્મક અને વિકારાધિન જે સર્વ સ્થૂળ સૂક્ષ્મ પ્રત્યક્ષ દૃશ્યમાન પદાર્થો છે અર્થાત્ મોટા હેમાદ્રિથી લઇ નાના તૃણ પર્યંત બ્રહ્માથી લઈ કીટ વસ્તુ માત્ર, તેમજ ઇન્દ્રિય, મન, બુદ્ધિ આદિજે સર્વ સ્થૂળ સૂક્ષ્મભાવ, ચર્મ ચક્ષુ અથવા બુદ્ધિરૂપ અતર ચક્ષુદ્વારા પ્રાણીના અનુભવનો વિષય પ્રતિત થાય છે તે સર્વ જગત્ભાવ, ઇશ્વર પરમાત્મારૂપ જે પોતાનુ સ્વરૂપ તે વડે વિવેકી જનોએ આચ્છાદન કરવા યોગ્ય છે અર્થાત્ આ સર્વ જે પ્રત્યક્ષ દૃશ્યમાન છે આ સર્વ જે મારા મન, બુદ્ધિ, અને વિચારનો વિષય છે, તે સર્વ હુજ છુ એવા પોતાના પરમાર્થ સત્યરૂપથી તેણે આ વિશ્વ પ્રપચનો ભેદ ભાવ તિરોધાન કરવો અને જે આ અનેકત્વ ભાસે છે, તે આત્માના સત્યજ્ઞાનથી એકપણા વડે ઢાકી દેવુ

કેમકે પરમેશ્વર સબધ રહિત, નિર્લેપ, નિર્ગુણ, શુદ્ધ હોવા છતા પણ શરાચરના અન્તર્યામી આત્મારૂપે આકાશવત્ સદા એક રસ એક જ્ઞાન સ્વરૂપ છે અર્થાત્ સ્થાવર જગમથી જોડાયલુ આ જગત્ એ વિશ્વવ્યાપક ઇશ્વરના અનુભવમા છે અને એ સર્વ જગત્ના અનુભવી આત્મરૂપ છે. **आत्मासर्वान्तर** એ આત્મા સર્વનુ અધિષ્ટાન હોઇએ પ્રાણ, મન, બુદ્ધિ આદિ કોઇનો પણ વિષય નથી કેમકે એ પરમાત્માજ પોતાના અનુભવ વડે જગત્રુપે ભાસે છે જગત્ અનુભવ રૂપજ છે અને અનુભવ આત્માથી ભિન્ન નથી જેમ દાહક શકિત અગ્નિથી છેમ જગતમા વ્યાપ્ત ચેતન્ય તત્ત્વ આત્મા વડે વસાયેલી પ્રાણી પદાર્થો, પરમાત્માથી ભિન્ન નથી કેમકે પરમાત્મા એજ ઇચ્છાવડે સર્વ જગત્ રૂપ થઇને અતર્યામી આત્મારૂપે સ્વરચિત સર્વ બ્રહ્માડમા પ્રવેશ કર્યો છે અર્થાત્ જગત્નુ નિમિત્ત કારણ તેનુ ઉપાદાન કારણ તેમજ અધિષ્ટાન પરમાત્માજ છે **तत्सृष्ट्वातदेवानुप्राविशत्** ॥ તૈત્તરીયઉપ૦ આથી વાસ્તવમા પરમાત્મા આત્મા અને જગત્ની ત્રિપુટી એકરૂપ અભેદ રૂપજ છે. આ વિશ્વ જગત્ પણાવડે કરીને અસત્ય અને

અધિષ્ઠાન સત્તાથી સત્ય સ્વરૂપ અસ્તિ, ભાતિ, અને પ્રિયરૂપ છે. જેમ મૃત્તિકામાંથી બનાવેલા ઘડામા ઘટત્વ (ઘડાપણુ) એવુ વિચારભણુ માત્ર અસત્ય છે પણુ મૃત્તિકાના ઘડારૂપ નામ અને રૂપની માત્ર વિકૃતિ રૂપાતર થયુ છે વાસ્તવમા તો મૃત્તિકાજ છે તદ્વત્ સર્વાધિષ્ઠાન આત્મા (બ્રહ્માડમા સપૂર્ણ નામ રૂપાત્મક વિકારાધિગત જગત્ અવિદ્યા વડે કલ્પિત હોવાથી જગત્ ભાવે મિથ્યા અને કારણુ ભાવે બ્રહ્મદ્વારા આત્મ સ્વરૂપ હોઇને સત્ય છે પરમાત્માથી આચ્છાદિત છે, તાત્પર્ય એકે વાચ્યારતગુ–નામરૂપાત્મક ભાવ આવર્ણુનો જહદ જહત્ લક્ષણુ વડે ત્યાગ કરવાથી સર્વ સ્થિત અધિષ્ઠાનરૂપ આત્મા સ્વરૂપની પ્રતિતિ થાય છે માટે **अहंब्रह्मास्मि** આદિ શ્રુતિઓના મહા વાક્યો વડે હુ પરમાત્મા છુ તેમજ સર્વ પણુ તેજ છે એવા પરમાર્થ સત્યરૂપથી આ સર્વ અસત્ય પ્રપચ આચ્છાદનીય છે નિરોધાન કરવા યોગ્ય છે **परमात्माहमेवाहमस्मिनात्मद्वस्तीचिन्तयेद्स्थिर्यं ॥**

સક્ષેપમા હુ પરમાત્મા છુ અન્ય નથી આવુ સર્વદા ચિન્તવન્ રાખવુ એ અર્થ છે **तेनत्यक्तेनभुञ्जीथा** - અને એ હેતુ સિદ્ધ કરવા જીજ્ઞાસુ જને આ કલ્પિત્ નામ રૂપાત્મક જગત્મા અધ્યાસથી સત્ય પ્રતીતિ ભાવ ઉત્પન્ન થાય છે તેને અર્થાત્ જગત્ (**अच्छंतीतिजगत् ।**) અનિત્ય, મિથ્યા કહેવા છતા "સાચુ છે" એવો દીર્ઘકાળના સસર્ગથી દ્રઢ થઇ બેઠેલો ભાસ ભ્રાન્તિ છે તેનો આત્માની ભાવનાથી ત્યાગ કરો આ મારી સ્ત્રી છે. આ મારો પુત્ર છે આ મારો બધુ છે આ મારો શત્રુ છે આ મારા પૈસા છે આ મારા પદાર્થો છે આવુ જે મિથ્યા મમત્વ સ્વામી સબધ રૂપ ખોટી ભ્રમણા, તેનો સત્ય પરમાત્માના જ્ઞાન વડે સમ્યક્ પ્રકારે ત્યાગ કરી તેમાથી અનુરાગ વૃત્તિને ત્યાગ કરી ઇશ્વર રૂપ ભાવનાથી તુ તારા આત્માનુ રક્ષણુકર, અથવા ક્ષણિક અને મિથ્યા વિષય સુખનો ત્યાગ કરી તેને સ્થાને આત્માના નિરતિશય નિત્ય બ્રહ્મ સુખનો અનુભવ પ્રાપ્ત કર, આ પ્રમાણે આત્મ ભાવના વડે સર્વ પ્રપચનુ નિરોધાન થવાથી પુત્રૈષણા, વિતૈષણા અને લોકૈષણાનો મોહ છુટી જશે અને પુત્ર પરિવાર દ્રવ્યાદિની વાસના સિથિલ થએ ઐહિક અથવા પારલૌકિક કોઇપણ મિથ્યા પદાર્થની અભિલાષા કર નહી ચોથા પદ **मागृत्र कस्यस्विद्धनम्** નો બીજો અર્થ આ પ્રમાણે પણ થાય છે કે પારકા કોઇના પણ ધનની ઇચ્છા ના કર, કોઇનુ પણ ધન ગ્રહણ કરવાની આકાક્ષા ના કર, કેમકે ધનાદિ સર્વ પદાર્થો પારકાજ છે. પોતાનુ શું છે? જેને દેખી પોતાનુ ધારી મમત્વ બાધી બેસે છે.

એ સર્વ દેહ ભિન્નત્વે અહિંજ રહે છે ચલિત લક્ષ્મી જે સ્થિર-થઇ બેસવાનો સ્વભાવજ નથી, વિશ્વ પ્રપંચમાં જગત્‌રૂપી ધન કોઇનુ પણ થયું નથી એ સર્વ ચચળ અર્થાત્ ક્ષણિક અને નાશવાન હોવાથી "હું અને મારૂ" એવી બુદ્ધિજ અવિદ્યા છે (**ममेदमितिबुद्धिरविद्या ॥**) માટે એ અવિદ્યાને આધીન થઇ "આ મળે" "તે મળે" એવી તૃષ્ણાથી પચેન્દ્રિયોના ભોગરૂપ મિથ્યા ધન સામગ્રીથી ભરેલા પચ ભૂતાત્મક જગત્‌મા કદિપણ સતોષ શાન્તિ અથવા સુખની પ્રાપ્તી નથી એવી નિશ્ચયાત્મક બુદ્ધિવડે શાશ્વત માયિક અને વિકૃતિવાળા પદાર્થોની પ્રિતિ ત્યજી આકાક્ષાથી રહિત થઈ, આ સર્વ દૃશ્ય પ્રપચના અભાવકાળે જે એક નિર્વિશેષ, સર્વાધિષ્ઠાન, આત્મ સત્તા અવશેષ રહે છે તેના સ્વભાવિક નિરતિશય, નિત્ય, આનદમા મસ્ત રહેવુ

कुर्वन्नेवेहकर्माणिजिजीविषेच्छतंसमाः ।
एवंत्वयिनान्यथेतोऽस्तिनकर्मलिप्यतेनरे ॥ २ ॥

જો આત્મજ્ઞાનના અભ્યાસમા સામર્થ્ય ન હોય તો સંધ્યા, અગ્નિહોત્ર, યજ્ઞ, યાગાદિ વેદોએ ધર્મરૂપ કહેલા વિહિત કર્મો (જેનુ અનુષ્ટાન ન કરવાથી ધત હીનરૂપ પ્રત્યવાય ઉત્પન્ન થાય છે) કરીને જીવનો નિર્વાહ ચલાવવો પરતુ તે કર્મો કામના સહિત ન કરવા કેમકે કામ્ય સકામ કર્મો અને જ્ઞાન બન્નો પરસ્પર વિરોધી હોવાથી ઉભયનો સહયોગ સભવતો નથી આ પ્રમાણે જ્ઞાન અને કર્મ બન્નેનુ સાથે પ્રધાન પણે અનુષ્ટાન અસભવિત હોવાથી નિષ્કામ કર્મનો બોધજ આશય છે કારણ નિષ્કામ બુદ્ધિથી વર્ણાશ્રમ આદિના કર્મો કરવાથી અતકરણની શુદ્ધિ થઇ વૈરાગ્યાદિ સાધનની પ્રાપ્તીદ્વારા જ્ઞાન અને મુક્તિ સુધી પહોચી શકાય છે અને જ્ઞાન થયા પછી જે કર્મો કરવામા આવે અથવા સ્વાભાવિક રીતે થાય તે કર્મ નહિ પણ માત્ર કર્માભાસ સમજવા કેમકે જ્ઞાનીને અક્રિય આત્માનો અપરોક્ષ અનુભવ હોવાથુ એ કર્મોમા તેને કોઇપણ રીતે કર્ત્તાપણાની બુદ્ધિ નથી ઉપજતી આ પ્રમાણે નિષ્કામ કર્મો કરીને જે સો વર્ષો જીવવાને ઇચ્છા રાખવી, આવી રીતે શુભ પરિણામ પ્રતિ દૃષ્ટિ રાખી પરમ આયુષ્યની ઇચ્છાવાળા મનુષ્યને એ શિવાય અન્ય કોઈ માર્ગ નથી કે જે માર્ગના અનુકરણથી તે અશુભ કર્મોથી લેપિત્ થાય નહિ

योनिमन्येप्रपद्यन्तेशरीरत्वायदेहिन स्थाणुमन्येनसंयान्ति यथाकर्मयथाश्रुतम् ॥

તાત્પર્ય એ કે વિહિત નિષ્કામ કર્મો કરવાથી આપત્તિ અથવા અજ્ઞાનથી મુક્ત અશુભ કર્મોમા પ્રવૃત્તિ ન થાય તેમ કામથી યુક્ત ન હોવાથી કર્મની હાની થતી નથી તેથી વૈરાગ્યાદિ સાધનદ્વારા મોક્ષ મેળવવાની ઇચ્છાવાળા મનુષ્યે પરમાયુ પર્યન્ત જીવવાની આકાંક્ષા રાખી સસાર બંધનની નિવૃત્તિને અર્થે વિહિત નિષ્કામ કર્મો નિરતર કરતા રહેવુ

असूर्यानामतेलोकाअन्धेनतमसावृता ।
ताँस्तेप्रेत्याभिगच्छन्तियकेचात्महनोजना ॥ ३ ॥

પૂવ કથનથી જેમનુ વિપરીત આચરણ છે અર્થાત્ જે મનુષ્યો નિષ્કામ કર્મનો વીહીત માર્ગ છોડી કામ્ય અને નિશિદ્ધ કર્મોમા રત રહે છે એવા અવિવેકીજનોના દેહત્યાગ પશ્ચાત્ જે લોકમા જન્મ થાય છે તેને કહે છે જ્યા આત્માના યથાર્થ દર્શનની યોગ્યતા અધિકાર નથી એવા અદર્શનાત્મક અજ્ઞાન તિમિરાવૃત્ત, દેવતાદિ શરીરરૂપી લોકપણ અસુર લોક છે અસુર=અસુ+ર "અસુ" એટલે પ્રાણ તેમનુ માત્ર ભોગ્ય પદાર્થોવડે "ર" એટલે રક્ષણ કરનારા—અથવા—અસુ—ઇન્દ્રિઓ તેમા "ર"=રમણ કરનારા જે વિષયા સક્ત વિષયની ભાવનાવાળા જીવો તે અસુર કહેવાય છે અર્થાત્ અદ્વય એવા પરમાત્મભાવથી જે અપેક્ષા કરતા નથી તે દેવાદિક હોયતો પણ અસુરજ છે તેમનું જીવન અસુર જન્મરૂપજ છે જે મૂર્ખ અજ્ઞાની જીવો આત્માનો ઘાત કરનારા છે (અછેદ્ય, અભેદ્ય, અને અજર અમર, આત્માને કોઈ હણી શકતુ નથી તેનો ઘાત નહિ પરતુ જેમ કોઈ નિર્દોષ નિષ્પાપ મનુષ્યમા મિથ્યા દોષ આરોપ કરવો ખોટો અપરાધ ચઢાવવો એ તેની નિર્દોષતાનુ અને તેનું હનન કર્યુ કહેવાય છે તેમજ નિષ્પાપ, નિષ્કૃય અને શુદ્ધ આત્મામા પાપ, કૃતૃત્વ, ભોક્તૃત્વ, અને અશુદ્ધપણાનો આરોપ કરવો તે પણ તેનો ઘાત કર્યો ગણાય અને જન્મ મૃત્યુની પરપરા એ આત્મ વધનુ ફળ પરિણામ સમજવુ) અર્થાત્ જે પ્રાકૃત અને અજ્ઞાની જીવો અવિદ્યારૂપ દોષથી આત્માના શુદ્ધ, બુદ્ધ મુક્ત, સ્વભાવાદિ વાસ્તવિકરૂપનો તિરસ્કાર કરનારા છે તેઓ સ્વકર્માનુસાર દેવથી તે સ્થાવર પર્યન્ત અધકારરૂપ આવર્ણવાળા શરીરોને વર્તમાન શરીરનો ત્યાગ કરીને પામે છે આત્માના નિરાદરથી દેવલોકની પણ આ સુર્ય લોકમાજ ગણના થાય છે દેવલોક અર્થાત્ દેવતાઓના લોક જે કર્મના ફળનુ ભોગ સ્થાન છે તે દેવ શરીર રૂપી લોક પણ સ્વયપ્રકાશ પરમાત્માની ઉપેક્ષાએ અસુર કહેવાય છે "છાન્દોગ્ય બૃહદારણ્ય" મા ઇન્દ્રિયોના અધિષ્ટાતા દેવતાઓને અસુર

નામથી વ્યાખ્યા છે આ દેવ લોક પણ આત્મપ્રકાશના અભાવથી અજ્ઞાનરૂપી અંધકારાવૃત છે જેનાથી દેવતાઓને પણ વિષયોની લાલસા અને રાગદ્વેષાદિકની ઇચ્છા છે આ વિષયાશક્તિ અને માયાનુ આવરણ એજ અપ્રકાશ અંધકારથી આવૃત આવા, સકામી પુરૂષો, જે વિષયની કામનાથી આરાધના કરે છે તે, જન્મ મરણની ઘટ માળમાજ રહેલા એવા લોકને પામે છે અને જે સદા સર્વદા નિસિદ્ધ કર્મો કરે છે તેવા આત્મપ્રકાશ રહિત પામર જનો મૃત્યુને પામીને પશુ, પાષાણ, વૃક્ષાદિ શરીરરૂપ લોકને પામે છે આ પ્રમાણે સકામ અને નિસિદ્ધ કર્મો કરનારા પુરૂષો દેહ ત્યાગ કરીને કરેલા કર્મો અનુસાર દેવતાથી તૃણ પર્યન્ત શરીરોને પ્રાપ્ત થાય છે જન્મે છે અને મરે છે તાત્પર્ય કે વિવેકની પ્રાપ્તિ વિના, જન્મ મરણની નિવૃત્તિ નથી માટે મનુષ્યે આત્મહત્યાનાનથઇને આત્માના જ્ઞાનદ્વારા આત્માનુ રક્ષણ કરવુ જોઇએ

अनेजदेकंमनसोजवीयोनैनद्देवाऽआप्नुवन्पूर्वमर्शत् ।
तद्धावतोन्यानत्येतितिष्ठत्तस्मिन्नपोमातरिश्वादधाति ॥४॥

તે આત્મતત્વ ચલનથી રહિત એટલે નિષ્ક્રય, નિર્વિકારી અને અચળ છે બાલ્યાવસ્થા, યુવાવસ્થા, અને વૃદ્ધાવસ્થા, જાગ્રત્ સ્વપ્ન સુષુપ્તિઆદિ અવસ્થા અથવા અન્ય કોઈ પણ પ્રકારે એ આત્મ તત્વ વિકૃતિ નથી પામતુ, સદાસર્વદા, ત્રણે કાળમા એકજ રૂપ રહે છે ભૂત માત્રમા સર્વાન્તર્યામી આત્મારૂપે તે એકજ છે અદ્વય છે તેનાથી અધિક બીજુ કોઈ પણ તત્વ નથી, અથવા સર્વત્ર એકજ તત્વ છે અન્ય કંઈ નથી સર્વ વ્યાપક હોવાથી મન જ્યા જાય ત્યા તેના પૂર્વથીજ ગયેલા સમાન પ્રતિત થાય છે માટે સકલ્પ વિકલ્પાદિયુક્ત અતિ ચચળ એવુ જે મન તેથી પણ અધિક વેગવાળુ છે દેવો એટલે રૂપ વિગેરે વિષયોને પ્રકાશ કરનાર ચક્ષુ, ઘ્રાણાદિ, ઇન્દ્રિઓ પણ આ અચિન્ત્ય આત્મ તત્વને પામી શકતી નથી આત્મતત્વ આકાશની પેઠે વ્યાપક હોવાથી સંકલ્પ વડે ક્ષણમાત્રમા દૂર અતિદૂર દેશમા દોડી જનારા વેગવાળા મનથી પણ તે પૂર્વે ગયેલુ છે ત્વરાથી ગમન કરનારા મન વૃત્તિઆદિનુ જાણે ઉલ્લંઘન કરીને જતુ હોય, ગતિ કરતુ હોય એમ જણાય છે અને વાસ્તવિક રીતે તો પોતે અક્રિય ક્રિયારહિતજ છે તે નિત્ય ચૈતન્ય સ્વભાવને યોગેજ મન ઇત્યાદિનો ધારણ કરનારો વાયુ તે પ્રાણી પદાર્થોની ચેષ્ટા રૂપકર્મોને ધારી રહ્યો છે અથાત્ કાર્ય કારણાદિ જે સર્વ વિકારો છે. તે ભૂત માત્રના આશ્રયરૂપ આત્મ સત્તા વડેજ થાય છે

तदेजतितन्नैजतितद्दूरेतद्वन्तिके ।
तदन्तरस्यसर्वस्यतदुसर्वस्यास्य बाह्यतः ॥ ५ ॥

તે આત્મતત્વ જગમ શરીરરૂપ ઉપાધીની સાથે મળીને ગમનાગમન ક્રિયા કરતુ હોય એમ ભાસે છે એથી તે ગતિમાન્ અથવા ક્રિયાથી મુક્ત હોય એમ પ્રતિત થાય છે અથવા લિગ શરીરરૂપ ઉપાધીની સાથે લોકાદિમા આવતુ જતુ જણાવાથી અને તેમના અધિષ્ઠાનરૂપ આશ્રયભૂત હોવાથી જેમ બાળક વાદળાને ચાલતા જોઇ ચદ્રમાને ચાલતો દેખીને અજ્ઞાનથી ચદ્રને ચાલતો દેખવાનુ-કહે છે આ પ્રકારે શરીરાદિ ઉપાધિના કારણથી આત્મામા ગતિની કલ્પના અજ્ઞાન વડે કરે છે પરતુ સર્વ ઉપાધિહીન આત્મા અક્રિય સ્થિર છે ઉપાધિદ્વારા ક્રિયાવાન્ અને ચલન્ વલન્ ગમનગમનાદિથી યુક્ત છે એથી વિદ્વાનો તેને આકાશની પેઠે અચળ અક્રિયરૂપે સર્વત્ર અનુભવે છે અજ્ઞાનીજનોને જ્ઞાન વિના લોકાલોક પર્યન્ત જોવાથી તેમજ અનતકાલ કોટિ વર્ષો પર્યન્ત પણ એ આત્મતત્વ ધ્યાન ગમ્ય નથી થતુ ત્યારે તેની પ્રાપ્તિ તો કયારેજ સભવે? માટે એવા અજ્ઞાનજનોને તે બહુ દૂર ભાસે છે અથવા મન બુદ્ધિ અને ઇન્દ્રિઓથી અગોચર હોવાથી દૂર છે તેજ આત્મતત્વ, જ્ઞાનવાનજનોને સ્વસ્વરૂપે પ્રતીત થતુ હોવાથી અન્ત્યત સમીપ—નજીક છે અથવા **"निहितोगुहायाम्" कठोउप०** બુદ્ધિરૂપી ગુહામા સ્થિત હોવાથી અનુભવી પુરૂષોને અતિ નિકટ છે તે માત્ર સમિપ અને દૂર નથી, પરન્તુ અતર્યામિ આત્મારૂપે આ સર્વ જગત્-વસ્તુમાત્રની અદર છે તેમજ અતિ સુક્ષ્મ હોવાથી તેજ આત્મા આકાશની પેઠે સર્વથી બહાર છે.

यस्तुसर्वाणिभूतान्यात्मन्येवानुपश्यति ।
सर्वभूतेषुचात्मानन्ततोनविचिकित्सति ॥ ६ ॥

જે સશય રહિત થયેલા મુમુક્ષુ આત્મા જ્ઞાનીને આત્માનો સત્ય અનુભવ થયો છે જે વ્યક્તાવ્યક્ત વસ્તુમાત્રને અજ્ઞાનથી મટાડીને સ્થાવર પર્યન્તના સર્વ ભૂતોને આત્મામા જુએ છે અથવા આત્મરૂપે જાણે છે પોતાના રૂપ અનુભવે છે અને તેને આત્મારૂપે પોતાને જુએ છે જેમ સમુદ્રના તરગ-બુદબુદા આદિ સવને જલરૂપ તેમ નહના મોટા પ્રાણી પદાર્થોને (**सर्वखल्विदंब्रह्म**) એ ન્યાયે બ્રહ્મરૂપે પોતાના આત્મારૂપ જુએ છે તે પુરૂષ પોતાના શુદ્ધ જ્ઞાનયોગે કોઇની નિદા કરતો નથી જેમકે –

यत्रहिद्वैतमिवभवतितदितरइतरपश्यति ॥ बृ. उ० ॥ દ્વૈત ભાવથીજ અન્યપણુ ભાસે છે પરતુ એક આત્મજ્ઞાનથી જ્યા અભેદ

પ્રકૃતિ સર્વત્ર એકરૂપ આત્મરૂપ પોતાનાં રૂપે જણાય-અનુભવાય ત્યાં પારકાપણાના અભાવે નિર્દ્વન્દ્વ અગ્નિ અવકાશજ નથી આત્માનો સર્વભૂતોમા નિર્વિકલ્પ દર્શનથી કોઇ પ્રકારના સશય અથવા દ્વિધાભાવનું અસ્તિત્વ રહેતું નથી અને સશયો છેદાઇ જવા પશ્ચાતાપ ઘ્રણા-નિંદા વૃત્તિ ન હોય તે મુક્તજ છે

यस्मिन्त्सर्वाणिभूतान्यात्मैवाभूद्विजानत ।
तत्रकोमोह क शोकऽएकत्वमनुपश्यत ॥ ७ ॥

જે અવસ્થામા જે સમયે આત્માના વાસ્તવિક સ્વરૂપમા જ્ઞાનવાળાને વેદ ગુરૂ તથા તેમના અનુભવથી પવ કથન પ્રમાણે સર્વ ભૂતો પરમાત્મા રૂપ આત્મા દર્શનથી આત્મતત્ત્વ સ્વરૂપ જણાય છે અર્થાત્ (**सर्वंख-ल्विदंब्रह्म छान्दो०** અને **नेहनानास्तिकिंचन बृह. उ**) શ્રુતિઓથી સ્થૂલ, સૂક્ષ્મ, કાર્ય, કારણાત્મક સર્વ તત્ત્વો પોતાના આત્મારૂપજ છે એવુ જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે સર્વત્ર એકતા-નિત્ય પરમાર્થ વસ્તુને જાણનારાને શો મોહ અને શો શોક ? આકાશના જેવા વિશુદ્ધ અને વ્યાપક આત્માનુ એકપણુ જ્યારે અન્તઃકરણની વૃત્તિઓનુ દૃઢ ભાવે સિદ્ધ થયુ ત્યારે તત્ત્વવિદ જિજ્ઞાસુને શોક મોહનુ કાઇપણ કારણ રહેતુ નથી કેમકે **तरतिशोकमात्मवित्** આત્મવેત્તા સમાગરૂપ શોક સાગરને તરી જાય છે કામનાના બીજરૂપ અજ્ઞાનથી ઉત્પન્ન થતા શોક મોહનુ કામનામા લીન થઇ જવાથી અસ્તિત્વ નષ્ટ થાય છે આ પ્રમાણે અવિદ્યાથી પ્રાદુર્ભાવ પામનારા શોક મોહાદિનો અભાવ કહીને, અહીં કારણ સહિત સસારની અત્યન્ત નિવૃત્તિ દર્શાવે છે

सपर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरꣳशुद्धमपापविद्धम । कविर्मनीषीपरिभू स्वयभूर्याथातथ्यतोऽर्थान्व्यदधाच्छाश्वतीभ्य समाभ्य ॥ ८ ॥

તે પરમાત્મા-બ્રહ્મ આકાશની પેઠે વ્યાપક, શુદ્ધપ્રકાશ, મુક્ત સ્વય પ્રકાશરૂપી લિંગ શરીરથી રહિત, ક્ષત અથવા છિદ્રથી રહિત, અર્થાત્ ઇન્દ્રિયોના ગોલકરૂપી છિદ્ર આદિ વ્રણથી રહિત, (અક્ષતાદિઓ અને છિદ્રથી વ્યષ્ટિ એટલે સ્થૂલ શરીરરૂપ ઉપાધિથી રહિત કહ્યા છે) પાપરહિત, અર્થાત્ ક્લેશ, કર્મ વિપાક, આશયોથી રહિત છે

(આ પૂર્વાર્ધથી આત્મા નિષેધ મુખથી પ્રતિપાદન કરીને હવે ઉત્તરાર્ધમા વિધિમુખથી કહે છે)

એ આત્મા સર્વના દ્દષ્ટા "**नान्योऽतोस्तिद्रष्टा**" (બૃ. ઉ.) મનને જાણવા અને નિયમમા રાખવાવાળા સર્વજ્ઞ, સર્વથી શ્રેષ્ઠ અને સ્વતં સિદ્ધ હોવાથી પેતાનાથીજ અસ્તિત્વવાળા છે તે નિત્ય, મુક્ત ઇશ્વરે, સર્વજ્ઞપણાથી સૃષ્ટિના આદિમા અનત કાલસ્થાયી સવત્સર નામના પ્રજાપતિને યથાર્થ કર્મફળ અને સાધન સહિત કરવાના પદાર્થોનુ કથન કર્યું છે એવા ઉપાધિરહિત ઇશ્વર તે મારૂ સ્વરૂપ છે એના જ્ઞાનથી પુરૂષ મુક્ત થાય છે.

अन्धन्तम' प्रविशन्तियेऽसभूतिमुपासते ।
ततोभूयऽइवतेतमोयऽउसमूत्या-रता ॥ ९ ॥

સભવ શબ્દપરથી સભૂતિનો જન્મ થાય છે–જેનો જન્મ થાય છે એવા કાર્યરૂપ જે હિરણ્યગર્ભ તેને અહીં સભૂતિ કહેતા છે તેનાથી ભિન્ન કારણરૂપ અવ્યાકૃત નામવાળી જે પ્રકૃતિ છે તે અત્રે અસભૂતિ કહેલી છે કારણ અને કામ્યકર્મના બીજરૂપ માયા–અવિદ્યા એ પણ અસભૂતિનુજ નામ છે જે અવિદ્યારૂપ પ્રકૃત્તિ-અસભૂતિનેજ ઉપાસે છે તેઓ અજ્ઞાનરૂપ અધકારમા પ્રવેશ કરે છે અર્થાત્ વારવાર કારણભાવને પ્રાપ્ત થાય છે કેમકે અવિદ્યાના કાર્ય કામનાનો પોતાના આત્મામા આરોપ કરીને સકામ કર્મોનુ અનુષ્ટાનદ્વારા જન્મમરણરૂપ અદર્શનાત્મક અજ્ઞાનરૂપ સસારમા પ્રવેશ કરે છે તેથી અનેક શરીર ધારણ કરીને પોતેજ કારણ (પ્રકૃતિરૂપ) થાય છે અને જે કોઇ હિરણ્યગર્ભ નામવાળા કાર્ય બ્રહ્મરૂપ સભૂતિમા રત આશક્ત રહે છે તેઓએ અજ્ઞાનથી પણ વિશેષ અધકારવાળી અજ્ઞાનની સ્થિતિને પામે છે અર્થાત્જ અત્યન્ત અવિવેકી સકામ પુરૂષ છે તેઓ ઉત્પત્તિ આદિ ધર્મોથી યુક્ત કાર્યરૂપ બ્રહ્મની (હિરણ્યગર્ભની) સકામ ઉપાસના કરે છે તેથી તેઓ અતિશય અદર્શનાત્મક અજ્ઞાનાધકારમા પ્રવેશ કરે છે કેમકે કાર્યની કાર્યભાવથી ઉપાસના કરીને તેઓ જડાત્મક કાર્યભાવને પામે છે તાત્પર્ય કે–પ્રકૃતિને આત્મા માની તેની ઉપાસના કરનારા પ્રકૃતિમા લય પામે છે મોક્ષ પામતા નથી અને સભૂતિ હિરણ્યગર્ભ, તેની ઉપાધિ પાચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાચ પ્રાણ, મન અને બુદ્ધિ છે તેમાના કોઇને આત્મા માનીને ઇશ્વર–કર્તા–માનીને તેની ઉપાસના કરે છે અને જે નાસ્તિક, આત્માને અસભૂતિ માને છે અસભવ–અસ્તિત્વ રહિતને કહે છે, અને મૃતકનો ફરીથી સભવ નથી એટલે શરીરનો નાશ થતા આત્માનો પણ નાશ થાય છે અથવા આત્મા જેવુ કાઈ છેજ નહી આમ માની જડવાદસ્વિકારી જડ વસ્તુઓમા આશક્ત રહે છે તેઓ સ્થૂલ દેહથી રહિત થઇ જે જડવસ્તુની

ઉપાસના કરી હોય તે વસ્તુમાં-તે તત્ત્વમા લીન થાય છે કહ્યુ છે કે- **यामतिः सागति** જેવી બુદ્ધિ તેવીજ ગતિ થાય છે અર્થાત્— **याद्रसीभावनायस्यासिद्धिस्तस्यापितादृशी ॥** જેવી જેની ભાવના તેવીજ સિદ્ધિથી યુક્ત તેની સ્થિતિ થાય છે અર્થાત્ શરીરાદિ જડ વસ્તુમા જે તત્વને આત્મારૂપ માને છે મૃત્યુ પછી પોતેજ તે રૂપને પામે છે અર્થાત્ એવા જડવાદીને દેહાત્મવાદી મૃત્યુ પશ્ચાત્ શ્વાન શુકરાદિ શરીરરૂપ નર્કને તથા વૃક્ષ, પાષાણાદિ, જડભાવને વારવાર પ્રાપ્ત થાય છે તેમજ જે લોકો દૃષ્ટિ માત્ર બ્રહ્મવિદ્યામા રત રહે છે અને આત્મા-ભ્યાસથી રહિત થઇને અત કરણમા અનેક વિષય વાસનાની પ્રવૃત્તિ પ્રબળ વેગથી ચાલુ હોવા છતા પોતાને જ્ઞાનવાન-અકર્તા માનીને શિશ્નોદર પરાયણ થાય છે અને અગ્નિ હોત્રાદિ શાસ્ત્રોક્ત વિહિત કર્મોનુ અત કરણની શુદ્ધિ માટે અનુષ્ટાન નથી કરતા તેઓ પણ ઉપર જણાવ્યા પ્રમાણે મહા અધકારમા ગમન કરે છે પ્રકૃતિની ઉપાસના કરનારા પ્રકૃતિમા લય પામનારી કામના સાથે કર્માવલબી પુરુષો કરતા પ્રકૃતિના કાર્યો જે શરીર પદાર્થાદિ જડ પદાર્થો છે તેમા આશક્તિ રાખી નિષિદ્ધ કર્મ કરનારને જન્મ મરણ તેમજ સસાર દુ ખનો વિશેષ તાપ ભોગવવો પડે છે માટે તેમને વધારે અધકારમા પ્રવેશ કરનાર કહ્યા છે

अन्यदेवाहु सभवादन्यदाहुरसभवात ।
इतिशुश्रुमधीराणांयेनस्तद्विचचक्षिरे ॥ १० ॥

હવે બન્નો ઉપાસનાના સમુચ્ચય કારણ ફળ ભેદ કહે છે, હિરણ્ય ગર્ભ અર્થાત્ કાર્ય બ્રહ્મના સભવ અને સભૂતિ એ પ્રમાણે નામો છે અને અસભવ અથવા અસભૂતિએ આદિ કારણ-પ્રકૃતિ માયાના નામ છે કાર્ય બ્રહ્મરૂ૫ સભવની ઉપાસનાના અનુષ્ઠાનથી અણિમાદિક ઐશ્વર્ય અથવા જડ પદાર્થોની પ્રાપ્તીરૂપ ફળ થાય છે અને પ્રકૃતિરૂપ અસ-ભવની ઉપાસનાના અનુષ્ઠાનથી પ્રકૃતિમા લયરૂપ ફળ પ્રાપ્ત થાય છે આ પ્રમાણે વ્યાકૃત અવ્યાકૃત ભિન્ન ઉપાસના એના તત્વવેત્તા મહર્ષિ યોગીઓ ભિન્ન ભિન્ન ફળ કહે છે આવુ અને બુદ્ધિમાન્ આચાર્યો બુદ્ધિમાન્ પુરૂષોનુ વચન સાભળ્યુ છે જે બુદ્ધિમાનો સભવ અને અસભવની ઉપાસનાના ભિન્ન ભિન્ન ફળો અમને સ્પષ્ટ કરીને કહેતા હતા

सम्भूतिञ्चविनाशञ्चयस्तद्वेदोभय सह ।
विनाशेनमृत्युन्तीर्त्वासम्भूत्यामृतमश्नुते ॥ ११ ॥

પ્રથમ શબ્દ સભૂતિમા "અ" કારનો લોપ થયો છે માટે સભૂતિનો ઉચ્ચારને સ્થાને અસભૂતિ શબ્દ સમજવો (સભૂતિ શબ્દ

અનુસાર પણ ઠીક અર્થ થઇ શકે છે તેને માત્ર આ વિવેચનની નિચે દર્શાવ્યો છે) જે પુરૂષ અસભૂતને એટલે પ્રકૃતિ અને વિનાસ એટલે હિરણ્ય ગર્ભ એ બન્નેનુ એક સાથેજ અભ્યક્ પ્રકારે અનુષ્ઠાનવડે મૃત્યુ તરી જઇને અસભૂતિરૂપ પ્રકૃતિની ઉપાસનાના અનુષ્ઠાનવડે પ્રકૃતિમા લીન થના રૂપ ગૈણુ અમૃતને પ્રાપ્ત થાય છે કેમકે કર્મ અને ઉપાસના વડે વધારેમા વધારે ફળ પ્રકૃતિ લય પર્યન્ત થાય છે માટે તદનુસાર ફળની પ્રાપ્તિ થાય છે જે પુરૂષો સભૂતિ અને અસભૂતિ ઉભયને એકરૂપે જાણે છે એક સાથેજ જાણીને બન્નેનુ સમુચ્ચય સેવન કરે છે, તે વિનાશી ધર્મ કાર્ય અસભૂતિ ઉપાસના વડે મૃત્યુને તરીને આદિકારણ અસભૂતિની ઉપાસનાથી અધર્મ કાન્તાદિ દોષોને અતિક્રમણ કરી શાન્તિરૂપે અમૃતને મેળવે છે જે પુરૂષ સભૂતિ જગત્ સભાવના હેતુ પરબ્રહ્મ અને વિનાશ ધર્મ શરીર અર્થાત્ શરીરી રૂપેને સારી રીતે એકભાવે જાણે છે, એટલે દેહથી ભિન્ન હુ આત્મા કર્મવશથી દેહી દેહની ઉપાધિવાળો છુ એવુ જેને જ્ઞાન થયુ છે તે આ શરીરથી કર્તવ્ય એવા જ્ઞાન ઉત્પન્ન કરવાવાળા નિષ્કામ કર્મ કરે છે અને તેમના દ્વારા અતઃકરણની શુદ્ધિ પામી વિનાશી શરીર વડે મૃત્યુને તરી "સભૂતિના જ્ઞાન"થી આત્મજ્ઞાન દ્વારા સર્વોત્તમ સુધા રૂપ મુક્તિને પ્રાપ્ત કરે છે

अन्धन्तम प्रविशन्तियेऽविद्यामुपाशते ।
ततोमूयइवतेनमोयऽउविद्यायाᳬरता ॥ १२ ॥

જે જેની ઉપાસનાની ઉપેક્ષા કરી માત્ર અવિદ્યા-કર્મો સકામ અગ્નિ હોત્રાદિ નિરતર અનુષ્ટાન કર્યા કરે છે તે અવિવેકી પુરૂષો કામનાઓને વશિભૂત થઇને, ઉપાસ્ય દેવ (પરમાત્મતત્વ)મા વૃત્તિને સ્થિર ન કરતા અજ્ઞાન રૂપી અન્ધતમમા પ્રવેશ કરે છે એટલે પુનઃ પુનઃ જન્મ મરણાદિને પ્રાપ્ત કરી સસારની પરપરાના અનુભવ કર્યા કરે છે કેમકે ઉપાસના વિના ચિત્તની સ્થિરતા થતી નથી અને અસ્થિર ચિત્તે આવતા કર્મોથી ચિત્ત શુદ્ધિ ન થાય ચિત્ત શુદ્ધિ વિના જ્ઞાન પ્રાપ્ત થતુ અસભવિત છે અને જ્ઞાન વિના સસારની નિવૃત્તિ ન થવાને લીધે જગતની વટમાળમા ત્રિવિધ તાપથી મુક્ત થવાનો પ્રસગ આવતો નથી આજ આત્મહનન અર્થાત્ આત્માનો ઘાત સમજવો વળી જેઓ વિહિત કર્મનો ત્યાગ કરી માત્ર ઉપાસનામાજ આશક્ત છે, તેમને વિહિત કર્મોના અનુષ્ઠાન વિના ચિત્તની શુદ્ધિ થતી નથી. અને ચિત્ત શુદ્ધિ

વિના કર્મનો ત્યાગ કરવાથી સાધનમાં પ્રત્યવાય (અડચણો) આવે છે આ વિહિત અધિકાર વિના માત્ર દાંભિક વૃત્તિથીજ ઉપાસનામા પ્રવૃત્તિ કરવાથી દાંભિક ચિત્તમા પાપ સસ્કારોનિ વૃદ્ધિ થાય છે તેથી એવા જનો આગળ કહેલા અંધતમ કરતા પણ વધારે અત્યન્ત અજ્ઞાનરૂપ અંધકારથી આચ્છાદિત થયેલા પ્રદેશો (સ્થિતિઓ) મા પ્રવેશ કરે છે અથવા ઉપાધિ ભેદે ભિન્ન માનેલા દેવ દેવતાઓની ભેદ બુદ્ધિ વડે, વાસ્તવિક એકત્વ સ્વરૂપમા જે જનો ભેદમાનીને ભે વાળી દેવોઉપાસના કરે છે તે અત્યન્ત કનિષ્ટ એવી અંધતમમા પ્રવેશ કરે છે

કેમકે—**अन्योऽसावन्योहमस्मीतिनमवेदयथापशुरेवंसहि देवानाम् ।** (बृ. उ. अ. १) અન્યોઅન્ય ભેદ બુદ્ધિવાળા પશુ સમાન છે

अन्यदेवाहुर्विद्यायाऽअन्यदाहुरविद्याया'
इतिशुश्रुमधीराणांयनस्ताद्विचचक्षिर ॥ १३ ॥

હવે આ મત્રવડે કરી વિદ્યા અવિદ્યાનો ફળ ભેદ કહે છે, **कर्मणापितृलोकोविद्यायादेवलोकः**=(કર્મો વડે કરીને પિતૃલોક અને વિદ્યા ઉપાસના અથવા અધ્યાત્મ વિદ્યાથી દેવલોકને પમાય છે) ઇત્યાદિ શ્રુતિઓને આધારે ધીર પુરૂષોએ-બુદ્ધિ મન્ત ઋષિ મહર્ષિઓએ કહેલા વચનો અમે સાભળ્યા છે કે વિદ્યાથી-ઉપાસનાથી દેવલોક પમાય છે અથવા આત્મજ્ઞાન રૂપવિદ્યાથી અમરત્વ અમૃતરૂપ મોક્ષ પ્રાપ્તિનુ ફળ થાય છે અને અવિદ્યા કર્મોદ્વારા પિતૃલોકાદિની પ્રાપ્તિ રૂપ ફળ થાય છે તે અમે મોટા ધીર (બુદ્ધિમાન્) વિદ્યા અવિદ્યાના વિભાગ વિવેચન કર્તા પૂર્વાચાર્યોના વિસ્તાર પૂર્વક વિવેચન યુક્ત વચનો દ્વારા સાભળ્યા છે

विद्याञ्चाविद्याञ्चयस्तद्वेदोभयꣳसह ।
अविद्ययामृत्युन्तीर्त्वाविद्ययामृतमश्नुते ॥ १४ ॥

જે મનુષ્ય સત્ય ઉપાસનારૂપ વિદ્યા અને શાસ્ત્રોક્ત કર્મોએ બન્નેનુ એકજ સમયે એક સાથે અનુષ્ઠાન કરે છે તે વેદ વિહિત કર્મોના અનુષ્ઠાન વડે અશુભ યોનિની પ્રાપ્તિ અને પાપના સસ્કારરૂપ મૃત્યુને તરી જાય છે અર્થાત્ તેમનાથી રહિત મુક્ત થાય છે અને ઉપાસ્ય તત્વમા ચિત્તને સ્થિર કરવારૂપ વિદ્યા વડે અથવા જ્ઞાન સાધન વડે પોતાના ઉપાસ્યરૂપને પામીને અમૃતત્વ મોક્ષરૂપ અમૃતની પ્રાપ્તિ કરે છે અહિ અમૃતને ગૌણ સમજવુ કેમકે કેવળ જ્ઞાનથી પ્રાપ્ત થનારા

મોક્ષ સુખને મુખ્ય અમૃત કહે છે અને આ કર્મો ઉપાસનાદિ સાધન વડે જે પ્રકૃતિ લય પ્રાપ્ત થાય તે ગૌણ-અમૃત કહેવાય છે. અર્થાત્ બ્રહ્મલોક અથવા દેવભાવની પ્રાપ્તિ પણ અમૃતત્વ પ્રાપ્તિ છે.

વાયુરનિલમમૃતમથેદમ્ભસ્માન્તઽશરીરમ્ ।
ॐ३म् ॥ ક્રતોસ્મર ક્લિબેસ્મર કૃતઽસ્મર ॥ ૧૫ ॥

હવે જેણે ઉપાસના કરેલી છે એવો યોગી અંતકાલે પ્રાર્થના કરે છે આ કાળે ગમન કરતા પ્રાણવાયુ સંતદશાત્મક લિંગરૂપ પ્રાણ અધ્યાત્મ પરિચ્છેદને છાંડીને અધિ દૈવતરૂપ સર્વાત્મક અમૃતમય વાયુ સુત્રાત્માને પ્રાપ્ત થાઓ અર્થાત્ ઉપાસના અને કર્મના સંસ્કાર વડે યુકત આ લિંગ શરીર છે તે આ સ્થૂલ શરીરથી બહાર નીકળી પ્રાણ વાયુ અમૃતમિશ્ર મહવાયુથી મિલિત થાઓ એટલે જ્ઞાનકર્મથી સંસ્કૃત લિંગ શરીરનું ઉત્ક્રમણ થાઓ, અને આ સ્થૂલ શરીર અગ્નિમાં હુત હોવાથી ભસ્માત્ થાઓ ભસ્મ થાઓ ઉપાસ્ય પરમદેવતા બ્રહ્મનું નામ ॐ ઓ૩મ્ છે ॐ પ્રત્યગાત્મક, સત્યાત્મક, અગ્નિનામક બ્રહ્મનું અભેદ રૂપથી બોધન કરે છે માટે અવસાન કાળે જે પુરૂષ શુદ્ધચિત્ત વડે પ્રણવ ॐકારનું સ્મરણ કરે છે તે પરમગતિને પામે છે આહેતુથી જે કાલની સાધના માટે આયુપર્યન્ત પ્રણવની ઉપાસના કરી છે એ સમય હવે ઉપસ્થિત થયો જાણી દેહાન્ત સમયે સાધક મનને કહે છે સંકલ્પ વિકલ્પના ધર્મવાળા હે મન ! જેના પ્રભાવથી બ્રહ્મલોકમાં બ્રહ્મદ્વારા ત્રિમાત્રિક પ્રણવનો ઉપદેશ પામી અમૃતની પ્રાપ્તિ કરશે તે ॐકારનું તારા કલ્યાણ નિમિત્તે સ્મરણકર અને આકર્મ ભૂમિમાં આવીને તે શું શું કર્મો કર્યાં કયા કયા અગ્નિ હોત્રાદિ વેદ વિહિત નિષ્કામ કર્મો કર્યાં છે તે તારા નિવિધ કર્મોને નાશ કરીને અંતઃકરણની શુદ્ધિદ્વારા પ્રણવથી ઉપાસનામાં તને સહાયક થયા છે તે-સર્વ કર્મોનું સ્મરણ કર, તું કયાથી આવ્યો છે ? અને કયાં જશે ? તેનું સ્મરણ કર, ભૂલ નહિ તારા કર્મો પર દૃષ્ટિ રાખ, અને પ્રાપ્ત થવા યોગ્ય કયો લોક છે તેનું સ્મરણ-કર, સ્મરણ કર,સ્મરણ કરાવવાનું પુનઃકથન અત્રે આદરને માટે છે

અગ્નેનય સુપથા રાયે અસ્માન્વિશ્વાનિ દેવ વયુનાનિ વિદ્વાન્ ।
યુયોધ્યસ્મજ્જુહુરાણમેનો ભૂયિષ્ઠાન્તે નમઽઉક્તિં વિધેમ ॥ ૧૬ ॥

એ મંત્રના દેવ અગ્નિ અને છંદ ત્રિષ્ટુપ્ છે જ્યોતિર્મય ? હે અગ્નિ દેવ ? હે દિવ્ય વિભુ, આપ સર્વજ્ઞતાથી અમારા કર્મોને જાણો છો હે દેવ ? ગમના ગમનરૂપ આ દક્ષિણમાર્ગથી અમે ખેદ પામ્યા

છીએ માટે હે અગ્ને ! અમે આપની પાસે યાચના કરીએ છીએ કે અમને આ ચોર્યાસી લક્ષના ભ્રમણરૂપ ગમનાગમન માર્ગથી એવા ઉત્તરાયણ (શોભાત) માર્ગથી મુક્તરૂપીધન માટે (અથવા કૃત કર્મોના ફળના ભોગ માટે) અમને દોરો વળી અમારી વચનાન્દગાઇ આદિ જે કુટિલ પાપો તે સર્વનો આપ નાશ કરો, જેથી અમને વિશુદ્ધ કર્મ રહિત થઇને ઇષ્ટને પ્રાપ્ત કરીએ આ શરીર અવસાન સમયે અમે હવનાદિ અન્ય પ્રકારની પરિચર્યા–સેવામા આશક્ત હોવાથી ઘણા ઘણા નમસ્કાર વચન વડે આપને વદન કરીએ છીએ, આપની નમસ્કાર વાણીરૂપ પરિચર્યા વડે ઇષ્ટ પ્રાપ્તિમા સહાયભૂત થવા આપને પ્રાર્થના કરીએ છીએ

हिरण्मयेनपात्रेणसत्यस्यापिहितम्मुखम ।
योसावादित्येपुरुष सोसावहम् ॥ १७ ॥ ॐखम ॥ १८ ॥

આ મત્રના દેવતા સૂર્યભગવાન છે આ સુવર્ણ સમાન વર્ણ યુક્ત–તેજોમય મડળમા સત્ય સ્વરૂપ પરમાત્માનુ મુખ આવૃત્ત રહેલુ છે અર્થાત્ તેજ મતિ–ચૈતન્ય પ્રકાશ વડે આ સૂર્ય મડળ પ્રકાશિત થયુ હોવાથી સર્વવ્યાપક આત્મતત્વ આ શ્રી સૂર્યભગવાનમા પણ વિરાજે છે એ આદિત્ય મડળમા આવૃત થયેલો જે એ પરમપુરુષ-સર્વત્ર વ્યાપક આત્મા તે મારુ સ્વરૂપ છે એ પરમ જ્યોતિયુક્ત ચૈતન્ય તત્વ આકાશના આધારરૂપ-અથવા આકાશની પેઠે વ્યાપક છે તે વ્યાપક બ્રહ્મ નામરૂપ હોવાથી તેનુ નામ આપવુ અથાત્ તે નામનો વિષય નહિ થઇ શકતુ હોવાથી ઉપાસના સમયે તેનુ ૐકાર એવુ સ્વાભાવિક ઉચ્ચાર વડે યત્ન કરવામા આવે છે વળી ગીતામા કહ્યુ છે કે—

ओमित्येकाक्षरब्रह्मव्याहरन्मामनुस्मरन् ।
य' प्रयातित्यजन्देहसयातिपरमागतिम ॥ गी अ ८ १३

ભગવાન કહે છે કે બ્રહ્મ પ્રતિપાદક એકાક્ષર જે ઓમ્ (ૐ) તેને જાપનો તથા મારુ સ્મરણ કરતો મનુષ્ય દેહ છોડી જાય છે તે મનુષ્ય પરમગતિને પામે છે

अन्तकालेचमामेवस्मरन्मुक्त्वाकलेवरम्र ।
य प्रयातिसमद्भावयातिनास्त्यत्रसशय ॥गी अ.८-५

અને અતકાળે મારુ સ્મરણ કરતો જે આ દેહ છોડે છે તે મારા ભાવને પામે છે એમા કાઇપણ શશય નથી

**यंयंवापिस्मरन्भावंत्यजत्यंतेकलेवरम् ।
तंतमेवैतिकौंतयसदातद्भावभावित ॥ गी. अ. ८-६**

હે કૌંતેય ! જે મનુષ્ય અંતાવસ્થામાં જે જે દેવનું સ્મરણ કરતો આ દેહનો ત્યાગ કરે છે તે મનુષ્ય સદા તેજ દેવની ભાવનાવાળો હોવાથી તે દેવને પામે છે આ પ્રમાણે ઉપનિષદનો પાઠ કર્યા પછી પ્રાણાન્તરગત્ આ સ્થૂલદેહનો ત્યાગ કરી, પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, અંતકરણ ચતુષ્ટય, પંચપ્રાણસહિત જ્યારે પંચભૂતાત્મક શરીરનો ત્યાગ કર્યા પછી પુત્ર હોય તેણે ક્ષૌર કર્મ કરાવી સ્નાનમાત્ર વડે શુદ્ધ થઇ **पिण्डदान** કરવુ અને સંકલ્પ કરીને **षट् पिण्डादि क्रिया** કરવી તેમા રાંધેલા ચોખા, અગર ચોખાના લોટને પક્વ કરી તેના પિંડ કરવા પ્રથમ પિંડ **मृतस्थाने शवनामनो** મુકવો જ્યા મૃતક શરીર પડ્યુ છે એ સ્થાને શબ નામનો પિંડ મુકવો તેથી પૃથ્વીના દેવતા પ્રસન્ન થાય છે બીજો **द्वारदेशे पाथेय नामान** ગ્રહના દ્વારમા "પાથેય" નામનો પિંડ મુકવો તેથી ઘરના વાસ્તુદેવતા પ્રસન્ન થાય છે ત્રીજો **चत्वरे चेखरा नामान** ચકલે "ખેચર નામનો પિંડ મકવાથી રાક્ષસાદિ પ્રસન્ન થાય છે ચોથો **विश्रामे भूत संज्ञक**, વિશ્રામને વિષે "ભૂત" નામક પંડિત મુકવાથી યક્ષાદિક પ્રસન્ન થાય છે પાચમો **चिताहेसाधकोनाम** ચિત્તાને વિષે "સાધક" નામક પિંડ મુકવાથી શાસ્ત્રને જાણનાર એવા પ્રેતોને તૃપ્તિ થાય છે અને છઠ્ઠો **अस्थिसंचयेप्रेतनामान** અસ્થિ સંચય થયા પછી પ્રેત નામક પિંડ મુકવાથી પ્રેતસંજ્ઞાને પ્રાપ્ત થાય છે આ પ્રમાણે ષટ્પિંડ કરવા અને ષટ્ પિંડ ન કરે તો શબને માર્ગમા ઉત્પાત થાય છે એવુ પ્રેત કલ્પદ્રુમમા કહ્યુ છે વળી આ આશ્વાલયન ગૃહ્યસૂત્રમા કહ્યુ છે કે—

सस्थितेभूमिभागस्यानयेदक्षिणपूर्वस्यान्दिशिदक्षिणापरस्यांवा। ६

જ્યારે મનુષ્ય મૃત્યુને પામે ત્યારે આ સ્થૂલ શરીરનો ત્યાગ કરી આત્મ તત્વ પોતાનામા લય થાય છે ત્યારે સ્થૂલ પંચભૂતાત્મક શરીરને દાહ કરવો એ શરીર શબ શબ્દ વડે સંબોધાયલો છે એ શબને શુદ્ધોદક વડે સ્નાન કરાવી સુગંધી યુક્ત પદાર્થો વડે યુક્ત કરી સ્મશાને લઇ જવુ અને સ્મશાન ગામથી દક્ષિણ અગર નૈઋત્ય દિશામા જોઇએ. અને સ્મશાનને વિષે શબને લઇ પછી અગ્નિ સંસ્કાર કરવાની જગ્યાએ ગોમય, મૃતિકાદિથી ભુમિને શુદ્ધ કરી માટે શિંચિ તેના ઉપર શબને શયન કરાવવુ **अभित आकाश स्मशान**, સ્મશાન ચારે બાજુથી

ઓપખુ' અને આકાશથી આચ્છાદિત્ થયેલુ જોઇએ. આસપાસ મકાન વગરતુ એકાન્ત જગ્યા ઉપર રાખવુ **वहुलौषधिकम्** અને આસપાસ ઔષધીવાળા ઝાડો હોવા જોઇએ **कण्टकी क्षरिण स्विति यथोक्तं पुरस्तात्** । કાટાવાળા તેમજ દુધવાળા વૃક્ષો સ્મશાનની પાસે ન હોવા જોઇએ

यत्रसर्वत्रआप प्रस्यन्देरन्नेतदाहनस्यलक्षणम्स्मशानस्य ॥ १४ ॥ केशलोमस्मश्रुनखानियुक्तपुरस्तात् ॥ १५ ॥ द्विगुल्फंबर्हि राज्यच ॥१६॥ दध्नयत्रसर्पिरानयन्त्येतत्पित्र्यप्रशदाज्यम् ॥१७॥

જ્યા વધુ પાણી રહેતુ હોય અગર નદી સરોવર સમુદ્ર તથા સમુદ્ર ગામિ નદિ યુક્ત સ્મશાન હોવુ જોઇએ ચિતામા કાષ્ટ પિપળા અગર સુખડના જોઇએ અગર તુળસી કાષ્ટથી શબને દહન કરવુ શબના દાઢી મુછ કઢાવવા અને અગ્નિ સસ્કાર કરનાર પુત્રે પણ દાઢી મુછ કઢાવવા શબનુ મસ્તક પૂર્વ, ઉત્તર, ઇશાન અગર વાયવ્ય, એટલી દિશાએ રાખવુ ત્યારબાદ કપાલગ્નિ વડે શબને અગ્નિ સસ્કાર કરવો પ્રથમ ચિતા સ્થાનમા મૃત્તિકાની ચારી કરી **क्रव्यादग्नि** મત્ર વડે ઘૃતની આહુતી આપી પછી અગ્નિ સસ્કાર કરવો અગ્નિમા કપુર, સુખડ, આદિ સુગધી પદાર્થો નાખવા અને ચિત્તામા એક મણ ઘીનો ઓછામા ઓછો હોમકરવો અને ત્રેતાગ્નિમળે તો શબને ભૂમિ દાહ તથા જળદાહ કરવો નહી પરતુ દાહજ કરવો અગર દૂર જગલમા મુકી આવવુ એનુ નામ "પ્રપદાન્ય" કહેવાય છે અગ્નિહોત્રી હોય તેનો યજ્ઞાદિક પાત્રો પોતાના અવયવો ઉપર મુકવા પછી દાહ કરવો ચિતા પ્રદિપ્ત થયા પછી નિચેના મત્ર વડે અગ્નિમા ઘીની આહુતિ આપવી

ॐ अस्मात्त्वमधिजातोसित्वदयजायतेपुन असौस्वर्गाय लोकायस्वाहा ॥

જ્યા થકી ઉત્પન્ન થયા છે અને ભવિષ્યમા ઉત્પન્ન થશે માટે હે, અગ્નિ એવા સ્વર્ગ લોકની પ્રાપ્તિ કરાવો

ऋगवेद अ० ७ वर्ग २०

ॐ सूर्यचक्षुर्गच्छतुवातमात्माद्यांचगच्छपृथिवींचधर्मणा । अपावागच्छयदितत्रतेहितमोषधीषुप्रतिष्ठाशरीरै ॥३॥ अजोभाग स्तपसातंतपस्वतंतंशोचिस्तपतुतंतेअर्चि ॥ यास्तेशिवास्तन्वा जातवेदस्ताभिर्वहैनंसुकृतामुलोकं ॥४॥ (वर्ग २१) ॐ क्रव्याद मग्निंप्रहिणोमिदूरंयमराज्ञोगच्छतुरिप्रवाह ॥ इहैवायमितरोजात वेदादेवेभ्योहव्यंवहतुप्रजानन् ॥९॥

ऋ. म. ७ वर्ग १

अग्नियमानंम्वयनसक्तानयत्परायणआवर्तनविवर्तनंयोगोपा· अपिर्तहुवे ॥ ४ ॥ यउदानड्व्ययनयउद्दानट्परायर्ण ॥ आवर्त्तनं निवर्त्तनमिषगोपानिवर्त्तता ॥ ६ ॥ आनिवर्तयनिवर्त्तयपुनर्नइन्द्र गादेहि । जिवामिभुनजामहै ॥ पग्विोविश्वतोदधउजोघृतेनप· यसायदेवा वेचयज्ञियास्तेरय्यासस्तृजतुन ॥ ७ ॥ (वर्ग २) भद्रनोअपिवातयन्त मन ॥१॥ अग्निमिष्टेभुजाजविष्ठसासाभिन्न दुर्घरीतु । यस्यधर्मन्स्त्यरेनी सपर्जन्तिमातृरूध ॥ २ ॥ अर्यो- विशागातुरितिप्रयदा विह्रोअन्तान् ॥ कविरभ्रदीद्यान ॥ जुसाद्रु- ज्यामानुषष्योदयस्तस्थाववायसे । मिन्वन्त्समपूरपति ॥ ६ ॥ सहिक्षेमोहविर्यज्ञ श्रुष्टिदस्यगातुरेतिअग्निदेवावाशीमत ॥ ७ ॥ वर्ग ३ ॥ कृष्णश्वेतोऽरुषोयामोअस्यव्रध्नऋजउतशोजोयशस्वान्। हिरण्यरूपजनिताजजान ॥

આ મંત્રો વડે કરીને ચિતામા સ્વાહાન્તે આહુતિ ઘીની અગ્નિમા આપવી તથા મૃત થએલા જીવને અર્થે પ્રાર્થના કરવી હે જીવ તારા ચક્ષુ સૂર્યને પ્રાપ્ત થાઓ તારો આત્મા યમ માર્ગે વાયુ સાથે ગમન કરે સ્વધર્મ થકી તુ સૂર્યના તેજ, સુખ સ્વરૂપ સ્થાનમા ગતિ કર, અને આ પૃથ્વિમા તને સુખ શાન્તિ મળે, મેઘમંડળ અથવા પ્રાણુમા ગમન કર, જ્યા તને સુખ પ્રાપ્ત થાય ત્યા ગતિ કર અને ઔષધીઓમા આનંદ યુક્ત રહે અને સુંદર મનુષ્ય દેહ ધારણ કરીને તુ પાપમાથી મુક્ત થા હે જીવ ઓજ” (પરાક્રમ) ભગ ઐશ્વર્ય એ બન્ને “તપ” ધર્માનુષ્ટાનથિ પ્રકાશિત કર, ‘હે જાતવેદ”–પરમાત્મા તમો આ જીવ પર કૃપા કરિ સુકૃત પુણ્ય લોકોને પ્રાપ્ત કરો, હે જીવ ઇશ્વરની કૃપા વડે તારૂ પૂન ઉત્પન્ન થવાનુ શરીર સુખ તથા કલ્યાણકારી થાઓ ચિતાનો જે અગ્નિ તે કૃવ્યાદ કહેવાય છે તે ક્રવ્યાદને દૂર કરૂ છુ તે ‘યમરાજ, વાયુરૂપે જે રાજા તે લોકને અન્તરિક્ષ પ્રાપ્ત થાય, અને હમારૂ કુળ દીર્ઘાયુષિ થાવ, અને અગ્નિ દ્વારા જલદી સુખની પ્રાપ્તિ થાય અને જલદી જ્યા સુખ પ્રાપ્ત થાય ત્યા ગમન કરાવે બીજા આહવનીયાદિ અગ્નિ પરમાત્મા હમારા કુળમા નિત્ય પ્રકાશિત રહે, તથા વિદ્યા અને સુખ આપે, હે જીવ તને ઉત્તમ લોકની પ્રાપ્તિ થાઓ નિત્ય જે વાયુરૂપી ‘યાન” અન્તરિક્ષ સ્થાન તથા ઉત્તમ દેહ તને પ્રાપ્ત થાવ અને આ મનુષ્ય દેહમા આવિ પૂર્ણ આયુર્દાનો ભોગવનાર થા. ફરી તેમાથી નિવૃત્ત થઈ બીજા ઉત્તમ દેહને ધારણ કર, જે તારો અમારો

"ગોપા"=રક્ષક ઇશ્વર તેની હમો પ્રાર્થના કરીએ છીએ તે પરમાત્મા તને અથવા હમોને સુખ અર્પણ કરો હે જીવ, જે પરમાત્મા સર્વને પોત પોતાના કર્મોનુ સારે સર્વને વ્યવસ્થામા રાખનારો તથા જન્મ મરણુથી મુક્ત કરનારો તે તને હમોને સરણુમા રાખો, તથા દુઃખમાથી મુક્ત કર ઓ "અનિવત" સર્વ દુઃખથી છોડાવનાર પરમાત્મા આ જીવને તથા અમો સવને દુઃખથી મુક્ત કર હે ઇન્દ્ર આપ હમોને તથા આ જીવને ફરી શ્રેષ્ઠ ઇન્દ્રિ તથા ભૂમિનુ રાજ્ય અર્પણ કર, તે હમો આનદથી ભોગવીએ હે પરમાત્મા તુ આ જીવને ધારણ કર, અને સારા ઉત્તમ પરાક્રમ ગુણ યુક્ત કર, તથા સર્વને આનદમા રાખ, અને હમારા અને વ્યવહારમા નિતિ યુક્ત રાખ, હે અયમા=ઇશ્વિર પ્રજાને આપની કૃપા વડે સુખી કર, તથા જીવને સ્વર્ગ સુખ આપો હે પરમાત્મા આપની કૃપાવડે કરીને આ જીવનિ ઉત્તમ ગતિ થાઓ અને અત્યેષ્ટિ યજ્ઞ સુખકારક થાવ, હે યમ' જે વાયુ તે અન્તરિક્ષ લોક વિષે રાત્રિને વિષે કૃષ્ણરૂપે રહે છે અને દિવસે શ્વેતરૂપે રહે છે અને સર્વ સમયે રક્તરૂપે રહે છે તે આ જીવને સુખદાયક પ્રકાશરૂપ થાઓ જગતનો ઉત્પાદક પરમાત્મા આ જીવને ઉત્તમ જન્મ અર્પો હે જીવ તારૂ મન "યમ" વાયુ 'વૈવસ્વત" સૂર્યનુ તેજ પ્રાપ્ત થઈ દૂર ગયુ તેને ઇશ્વરની પ્રાર્થનાથી અમો લોક નિવૃત્ત કરીએ છીએ તેથી આ લોકમા ઉત્તમ જન્મ ધારણ કરી ઉત્તમ જીવન ગાળવાને સમાર્થ્યવાન્ થાય હે જીવ દેવ=સૂર્યનો પ્રકાશ પૃથ્વિ તથા ભૂમિ ચાર દિશા, સમુદ્ર નિર્ણુ, જળ, ઔષધિ, ઉપ=પ્રાતઃકાળનો પ્રકાશ એઓને સર્વ સુખને પ્રાપ્ત કરો, અને તેની કૃપાવડે કરી ઉત્તમ જન્મ પ્રાપ્ત કરી આનદમા રહે હે પરમાત્મા આ જીવના પાપ દૂર કરી દુઃખ ઉત્પન્ન ન થવા દો અને જ્યા જન્મ થાય ત્યા વિદ્વાન લોક સાથે પ્રિતિ કરો, કે જેના સહવાસે કરી સર્વોકૃષ્ટ ગુણને પ્રાપ્ત કરી આનદમા રહે હે વરુણ, મિત્ર, અયમા, આપની પ્રાથના હમો ખરા અતઃકરણ વડે કરીએ છીએ માટે હે પરમાત્મા તમો આ જીવનુ હમેશ રક્ષણ કરી સુખને આપો

શુક્લ યજુર્વેદ અ० १५

अग्नेजातान्प्रणुदान सपत्नान्प्रत्यजातान्नूदजातवेद ॥
अधिनोब्रूहिसुमनाअहेडस्तवश्यामशर्मांस्त्रवरूथऽउद्भौ ॥ १ ॥
सहसाजातान्प्रणुदान सपत्नान्प्रत्यजातान् जातवेदोनुदस्व ।
अधिनोब्रुहिसुमनस्यमानोवयꣳस्यामप्रणुदान सपत्नान् ॥ २ ॥
(यजुर्वेद अ ३९) स्वाहाप्राणेभ्य.सधिपतिकेभ्य स्वाहा पृथि

ध्यैस्वाहाअग्नयेस्वाहान्तरिक्षायस्वाहावायवेस्वाहादिवेस्वाहा ॥
१ ॥ दिग्भ्य स्वाहाचन्द्रायस्वाहा नक्षत्रेभ्य' स्वाहा । अद्भ्य स्वाहा
वरुणायस्वाहानाभ्यै स्वाहापूतायस्वाहा ॥ ॥ ॥ ३ ॥
वाचेस्वाहा प्राणायस्वाहा प्राणायस्वाहा चक्षुषेस्वाहाश्रोत्राय
स्वाहाश्रोत्रायस्वाहा ॥४॥ मनस कामामन्कूतिंवाचासत्यमशी
मयिपशूनारूपमन्यस्यमयिश्री श्रयतामयिस्वाहा ॥ ५ ॥
प्रजापति सम्भ्रियमाण सम्राड्सम्भृतोवैश्वदेव सꣳसन्नोघर्म'
प्रवृक्तस्तेजउद्यतआश्विन प्रयस्यानीयमानेपौष्णाविष्यन्दमाने-
मरुत क्लथन् ॥ मैत्र सरशिसन्ताप्यमानेवायव्योह्रियमाणआग्ने
योहूयमानोवाग्घूत ॥ ६ ॥ सविताप्रथमेऽहन्नग्निर्द्वीतियेवायु
स्तृतीयआदित्यश्चतुर्थेचन्द्रमा पञ्चमऋतु' षष्ठमरुत सप्तमेबृह-
स्पतिरष्टमे । मित्रो नवमेवरुण दशमऽइन्द्रएकादशेविश्वदेवा
द्वादशे ॥ ७ ॥ उग्रश्चभिमश्चध्वान्तश्चधुनिश्च । सासह्वांश्चामि-
युग्वाचविक्षिप स्वाहा ॥ ८ ॥ अग्निꣳ हृदयेनाशनिꣳ हृदयाग्रेण
पशुपतिंकृत्स्नहृदयेनभवञ्जक्ना । शर्वम्मतस्नाभ्यामीशानमन्यु
नामहादेवमन्त पर्शव्योग्रदेवंवनिष्टुनावसिष्ठहनु' शिङ्गिनिको
श्याभ्याम् ॥९॥ उग्रलौहितेनमित्रꣳ सौव्रत्येनरुद्रदौर्व्रत्येनेन्द्रप्रक्री
डेनमरुतोबलेनसाध्यान्प्रमुदा । भवस्यकण्ठ्यꣳरुद्रस्यान्त' पार्श्व्यं
महादेवस्ययकृच्छर्वस्यवनिष्ठु पशुपते पुरीतत् ॥१०॥ लोमभ्य
स्वाहालोमभ्य' स्वाहात्वचेस्वाहात्वचेस्वाहा लोहितायस्वाहा
लोहितायस्वाहामेदोभ्य स्वाहामेदोभ्य स्वाहा माꣳसेभ्यमाꣳ
सेभ्य स्वाहास्नावभ्य स्वाहा स्नावभ्य स्वाहामज्जभ्य' स्वाहा
मज्जभ्यःस्वाहा रेतसेस्वाहापायवेस्वाहा ॥१०॥ आयासायस्वाहा
प्रायासायस्वाहा सयासायस्वाहावियासायस्वाहोद्यासायस्वाहा
शुचेस्वाहाशोचतेस्वाहाशोचमामायस्वाहाशोकायस्वाहा ॥११॥
तपसेस्वाहा तप्यतेस्वाहातप्यमानायस्वाहातप्तायस्वाहाघर्माय
स्वाहा । निष्कृत्यैस्वाहाप्रायश्चित्यैस्वाहाभेषजायस्वाहा ॥१२॥
यमायस्वाहान्तकायस्वाहामृत्यवस्वाहाब्रह्मणस्वाहा ब्रह्महत्यायै
स्वाहाविश्वभ्योदेवेभ्य स्वाहाद्यावापृथिवीभ्याꣳस्वाहा ॥ १३ ॥

હે અગ્નિ દેવતા તમો હમારા શત્રુને પ્રેરણા કરો કે હમારા પ્રત્યે તેનો વૈર ભાવ હોય તેનો ત્યાગ કરે જે ઉત્પન્ન થનાર સુખદાયક નીવડો અને પુણ્યાત્મા રૂપે જન્મને ધારણ કરો, જે મૃતક શરીરને જોવાથી હમોને શોક ઉત્પન્ન થાય છે.

તે શોકને હે પરમાત્મા જલદી નાશ કરી અને મૃતક જીવને આનંદમાં રાખ, તથા તમારા પ્રત્યે હંમેશ ધ્યાનસ્થ થઇએ અને આ જીવ પૂર્વ જન્મને વિષે સંપૂર્ણ સુખ ભોગવનાર થાય, સ્વાહાપ્રાણેભ્ય એ મંત્ર વડે અગ્નિમાં આહુતિ આપવી (પ્રાણ, પ્રાણનો અધિપતિ પૃથ્વી, અગ્નિ અન્તરિક્ષ વાયુ, દિવ, સૂર્ય, દિશાનો અધિપતિ, ચંદ્ર નક્ષત્ર, અદ્ભ્ય વરૂણ, નાભિ, પૂત, વાચા, પ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન, રૂપ, શ્રી, પ્રજાપતિ સામ્રાટ્ વિશ્વેદેવાદિ દેવતાઓ તારૂં રક્ષણ કરો તથા પ્રજાપતિ પરમાત્મા તારૂં રક્ષણ કરે અને તેના આધારે રહેલો સંસાર તેમાં સુખ પ્રાપ્ત થાય, મરણના પ્રથમ દિવસે સૂર્યના પ્રકાશમાં મળે છે બીજે દિવસે વાયુનિ અંતર્ગતિને મળે છે ત્રીજે દિવસે વાયુને મળે છે ચોથે દિવસે આદિત્યની પાચમે દિવસે, ચંદ્રમાને છઠ્ઠે દિવસે મરૂત્-મેઘાદિ ધારણ કરનાર વાયુને, સાતમે અને આઠમે-સૂત્રાત્માને અને નવમે દિવસે પ્રાણને, દસમે દિવસે વરૂણને અગિઆરમે દિવસે ઇન્દ્રને, તથા બારમે દિવસે વિશ્વદેવને આ રીતે જીવ ત્રયોદશાહે ત્યાંથી ગમન કરી યમ માર્ગમાં ગતિ કરે છે

આ પ્રમાણે અગ્નિમાં આહુતિ આપવાથી હે જીવ તું અંતઃકરણ ચતુષ્ટય સહિત અગ્નિમાં મળે મનનીવૃત્તિથી [ઘૃતને પશુપતિ પરમાત્માને સંપૂર્ણ પ્રીતિ તથા જ્ઞાનથી "યકૃત" લોહીના પિંડ વિશેષથી, સર્વ મંગળ કારી હૃદયાગ્નિ ઇશાને ક્રોધથી, મહાદેવને અન્તર્યોગથી ઉગ્રદેવને આતરથી, વસિષ્ઠને, ચિબુકમાં (દાઢી)થી ટપ્લીહા=હૃદસ્થ માંસ અથવા લોહીના પિંડથી, શિંગી=પ્રકૃતિના ગુણોને મળ, લોમભ્ય-આદિથી લઇ ધાવા૦ સુધી મંત્રનો અર્થ શરીરના અંગ વાચક છે તેમજ ઇશ્વરની પ્રાર્થના વાચક છે પરંતુ ટુંકમાં એનો અર્થ એ છે કે સર્વ પ્રાણી માત્ર એવા પુરૂષાર્થ વડે કરી સુવ્રતથી મૈત્રાદિઓને પ્રાપ્ત થઇ પરમાત્માની કૃપા વડે મૃતકનો બીજો જન્મ એવો પુરૂષાર્થિ થાય, પુરૂષાર્થ એવો કરવો કે આ જન્મ મરણાદિને ત્યજી મોક્ષને પ્રાપ્ત થાય

अथर्ववेद का० १९ प्र० ३५ अनु० १

शतआपोहैमवती शमुतेशन्तुस्या शतेसनिष्यदाआप शमुतेशन्तुवर्ष्या ॥१॥ शतआपोधन्वन्या४ शतेसान्त्वनुप्या शते सनित्रिमाआप शया कुम्भेभिराभृता ॥२॥ शतआपहशिवाआ- योऽयक्ष्मकरीणिराप यथैवतृप्यतेमयस्तातआहुतभेषजी ॥ ३ ॥

હે જીવ પરમાત્માની કૃપાવડે કરીને હિમાલયનું જળ પ્રાણ તથા આકાશમાં સર્વ સૃષ્ટિ તારા સુખને અર્થે સુખદાયક હો પૃથ્વી

આદિમા જે જળ કુપાદિમા અથવા વૃષ્ટિનુ જળ તથા સર્વત્ર પ્રાણવાયુ એ સર્વ તને સુખકારક હોય તે પ્રમાણે મરૂ સ્થળ નિકટસ્થ ખોદવાથી જે પાણી નીકળે છે અને જે વડે કુભ ભરાય છે તે સર્વ જળ વડે ઔષધિ પેદા થાય છે તેમજ સર્વ ઔષધિઓ અને સર્વ પ્રાણવાયુ તને મગળ રૂપ થાવ જેમ તૃષાતુર મનુષ્યને જયતે સુખકારક છે પ્રમાણે સર્વ પ્રાણી તને સુખ અર્પો તથા જળાદિ સર્વ પદાર્થો તારે માટે સુખકારક હો તુ જ્યા ગમન કરે ત્યા સુખરૂપ રહે અને તેને કોઇપણ પ્રકારનુ દુ ખ પ્રાપ્ત થાય નહિ એવી મારી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે તે પરમાત્મા પ્રર્થનાનો અનુગ્રહ સુખને આપો આ પ્રમાણે ચિતામા ઘીની આહુતિ આપી શબ જ્યાંસુધી તદન ન રહે ત્યાથી બાળી અસ્તિ સચય કરવો અસ્તિ સચય કરી પિડદાન કરવુ ત્યારબાદ સ્નાનાદિ વડે શુદ્ધ થઇ ઘેર આવવુ આ પ્રમાણે આવ્યા પછી સ્મશાનમા ગયેલા મનુષ્યો સહિત ઘટસ્ફોટન કરેલા પથ્થર અગર વસ્તુ ઉપર તિર્થમાજઇ પ્રેતના દાહ શાન્તિને અર્થે, અજલિ આપવી પહેલે દિવસે એક બીજે ત્રણ, પાચ, સાત, નવ, અગીઆર, તેર, પદર, સત્તર, ઓગણીશ, આ પ્રમાણે પ્રતિદિન બબે વધુ અજલીઓ આપવી આ અજલી હાલના સમયમા આપતા નથી પરતુ દશાશ્રાધના પિડ ઉપર આપવામા આવે છે અને સાજના ઉઠમણુ કરવુ તેમા મૃન્મય પાત્રમા દુધ અને પાણી મુકી આકાશ માર્ગે મુકવુ **श्मशाननलदग्धोसिपरित्यक्तोसिबांधवै -इदनीरमिदक्षीरमत्रस्नाहिदुग्धपिव।** જે જીવાત્મા સ્મશાનમા દગ્ધ થએલો તે બધુ વર્ગથી ત્યાગ થએલો આ જળમા સ્નાન કરી દુધનુ પાન કરી સુખી થા પછી કોઇ સારા જળાશય પ્રત્યે જઇ લીમડાના પાત્રેનુ ભક્ષણ કરી કોગળા કરવા, અને પોતાની છાયાને જળમા જોવી આ પ્રમાણે ઘેર આવ્યા પછી, યથાર્થ મૃતાશૌચનુ કુટુબી જનોએ પાલન કરવુ (હવે મરણ થયેલાના આ શૌચનો વિધિ કહે છે) જનોઇ દીધા પહેલા દ્વિજનુ મુતક બાળક દશ દિવસનો થયા પછી નામ પડયા પહેલા જો મૃત્યુ થાય તો સાત પહેડીવાળાને કોઇને આ શૌચ લાગતુ નથી પરતુ તેના માતાપિતાને ફક્ત ત્રણ રાત્રિ આશૌચ લાગે છે નામ પાડયા પહેલા જો બાળકનુ મૃત્યુ થાય તો તે બાળકને ભૂમિદાહ કરવો એટલે દાટવુ નામ પાડયા પછી અરાઢ માસ સુધીનુ બાળક થાય તેને ભૂમિ દાહ કરવો ત્યારબાદ તેની અગ્નિ દાહ કરવો બારમા દિવસથી એટલે નામ પાડયા પછી છમાસમા બાળકનુ મૃત્યુ થાય તો મરનારના માતાપિતાને ત્રણ રાત્રિ આશૌચ લાગે, અને સપિડોઓને

સ્નાન માત્રે શુદ્ધિ જાણવી, અને અઢાર માસનું બાળક થયા પછી જેનો ચૌલ સસ્કાર, (બાળ ઉતારવાનો) થયો હોય તેનુ કુટુબીઓએ ત્રણ રાત્રિ શૌચ પાળવુ જેનામા જનોઇ દેવાનો ચાલ નથી, તેને ત્રણ વર્ષથી જ્યા સુધી વિવાહ થયો ન હોય અને મૃત્યુ પામે તો ત્રણ રાત્રિ આ શૌચ અને કદાચ સોળ વર્ષની ઉમર થઇ હોય અને વિવાહ પણ થયો ન હોય અને મૃત્યુ થાય તો સપૂર્ણ સુતક લાગે અને સોળ વર્ષની અદર મૃત્યુ થાય તો ત્રિરાત્રિ આશૌચ લાગે, અને જેનો ઉપનયન સસ્કાર (જનોઇ) દેવાયુ હોય એવાનુ મૃત્યુ થાય તો તેનુ સપૂર્ણ આશૌચ પાળવુ.

પુત્રિનુ આશૌચ, દશ મદી નામ પડયા પહેલા એટલે બાર દિવસ પહેલા જો દિકરીનુ મૃત્યુ થાય તો સાત પેઢીના કુટુબીઓને સ્નાન માત્રે શુદ્ધિ અને માતાપિતાને એક રાત્રિ આશૌચ પાળવુ, નામ પાડયા પછી જો મૃત્યુ થાય તો માતાપિતાને ત્રિરાત્રિ આશૌચ અને, અને કુટુબીઓને સ્નાન માત્રે શુદ્ધિ છે પુત્રિના ત્રણ વર્ષ ઉપરાન્ત મૃત્યુ થાય તો માતા પિતાને ત્રણ રાત્રિ આશૌચ અને કુટુબીઓને એક રાત્રિ આશૌચ, ત્રણ પેઢી સુધીના પિત્રાઇને એક રાત્રિ આશૌચ પુત્રિનુ સાપિડય ત્રણ પેઢી સુધી ગણાય છે તેથી પુત્રિની સગાઈ થયા પછી જો પુત્રિનુ મત્યુ થાય તો સાત પેઢી સુધીના પિતરાઇને ત્રણ રાત્રિ આશૌચ, તેમજ જેના કુળમા સગાઈ થઇ હોય તેના એટલે પતિના કુળના પણ સાત પેઢી સુધીના પીત્રાઇને ત્રણ રાત્રિ અશૌચ પુત્રીનો વિવાહ થયા પછી પતિને ઘેર જો તેનુ મૃત્યુ થાય તો તેના માતાપિતા અથવા ઓરમાન માતાને ત્રણ રાત્રિ આશૌચ તેમજ તેના સગાભાઇને દોઢ દિવસ આશૌચ લાગે છે (દોઢ દિવસ એટલે બે દિવસ તથા એક રાત્રિ અથવા બે રાત્રિ અને એક દિવસ સમજવો) પતિને ઘેર મૃત્યુ થવાથી પિતાના પિત્રાઇને આશૌચ લાગતુ નથી વિવાહ લગ્ન થયેલી પુત્રિનુ પિતાને ઘેર મૃત્યુ થાય તો એક ઘરમા રહેનાના સઘળા મનુષ્યોને ત્રિરાત્રિ આશૌચ લાગે છે બ્રાહ્મણની જાતમા જનોઈ લિધા પછી પુરુષનુ અગર પરણેલી સ્ત્રીનુ જો મૃત્યુ થાય તો સાત પેઢી સુધીનાને દશ રાત્રિ આશૌચ લાગે છે જેનામા જનોઈ દેવાનો ચાલ નથી તેના વિવાહ કર્યા પછી અથવા સોળ વર્ષ સધી વિવાહ ન થયો હોય તો સોળ વર્ષ પછી ક્ષત્રિઓને સાત પેઢી સુધીનુ બાર રાત્રિ આશૌચ લાગે છે સાત પેઢી પછીનાને ત્રણ રાત્રિનુ તથા શુદ્રને એક માસનુ આશૌચ લાગે તે જાતા શાચમા લખ્યુ તેથી સમજવુ સાત પેઢી પછી ચૌદ પેઢી સુધીમાના કોઇપણ

પિત્રાઇમાં કોઇપણ પુરૂષ અથવા સ્ત્રીનુ મૃત્યુ થાય તો ચારે વર્ણ વાળાએ તેનુ ત્રણ રાત્રિ અશૌચ પાલવુ પરણેલી સગી બ્હેનનુ પોતાના ભાઇને ઘેર મૃત્યુ થાય તો ભાઇને ત્રણ રાત્રિનુ આશૌચ, અને પતિને ઘેર મૃત્યુ થાય તો ભાઇને દોઢ દિવસનુ આશાચ લાગે છે

સગી બ્હેનને ઘેર જો ભાઇનુ મૃત્યુ થાય તો બ્હેનને ત્રણ રાત્રિ આશૌચ પરતુ પોતાને ઘેર મૃત્યુ થાય તો બ્હેનને દોઢ દિવસનુ આશૌચ લાગે છે

સગી બ્હેનોનું પરસ્પર જ્યારે બેનનેજ ઘેર મૃત્યુ થાય ત્યારે એક બીજાને ત્રણ રાત્રિ અશાચ લાગે પરતુ પતિને ઘેર જો મૃત્યુ થયુ હોય તો દોઢ દિવસનુ અશૌચ લાગે છે સગામામાનુ મૃત્યુ થતી વખત મામા ભાણેજને ઘેર હોય અથવા ભાણેજ મામાને ઘેર હોય અથવા જે મનુષ્ય મામાને ઘેર રહી મોટો થયો હોય અને પાછળથી જુદો હોય તો પણુ મામાનુ મરણ થયા પછી ભાણેજને ત્રણ રાત્રિ આશૌચ લાગે પરતુ મૃત્યુ વખત જુદો હોય અને પ્રથમ પણ સાથે ન રહ્યા હોય તો તો દોઢ દિવસનુ ભાણેજને તેમજ ભાણેજીને પણ આશૌચ લાગે છે ઓરમાન માતાનુ મૃત્યુ થાય તો આજ પ્રમાણે આશોચ પાળવુ

સસરો અથવા સાસુનુ મૃત્યુ થાય અને જમાઇ પાસે હોય તો જમાઈને ત્રણ રાત્રિ અશોચ અને કદાચ પાસે ન હોય તો દોઢ રાત્રિ આશૌચ લાગે તથા પરગામ જમાઈ હોય તો એક રાત્રિ આશૌચ, પરતુ સ્ત્રીનુ મૃત્યુ થયેનુ હોય તો સસરા સાથેનો સબધ મટી ગયો હોય તો સસરાના મૃત્યુથી જમાઇને દોઢ રાત્રિનુ આશૌચ, અથવા એક રાત્રિનુ આશૌચ લાગે છે જનોઇ દીધા પછી ભાણેજનુ મૃત્યુ થાય તો મામા માસીને ત્રણ રાત્રિ અશૌચ લાગે પરતુ જનોઇ ન દીધુ હોય તો દોઢ રાત્રિનુ આશૌચ લાગે ઓરમાન ભાણેજના મૃત્યુમા પણ આ ત્રણેનુ અશાચ સમજવુ પરણેલી પુત્રિને પોતાના માતા પિતાનુ મૃત્યુ થાય તો ત્રણ રાત્રિ આશાચ લાગે પરણેલી પુત્રિનુ મૃત્યુ થાય તો તેના માતા પિતાને ત્રણ રાત્રિનુ આશાચ લાગે છે જનોઇ વિના પુત્રિના પુત્રનુ મૃત્યુ થાય એટલે દોહિત્રનુ તો નાનીને (આજીને) ત્રણ રાત્રિ આશૌચ લાગે છે સગી મામીનુ ભાણેજને ઘેર મૃત્યુ થાય તો ભાણેજનો ત્રણ રાત્રિ આશાચ લાગે પરતુ પોતાને ઘેર મૃત્યુ થાય તો દોઢ રાત્રિ આશૌચ લાગે છે સગી ફોઇનુ ભાણેજને ઘેર મૃત્યુ થાય તો ભત્રિજાને ત્રણ રાત્રિ આશાચ લાગે અને પોતાને ઘેર જો મૃત્યુ થાય તો દોઢ દિવસનુ આશાચ લાગે છે

જમાઇનુ સસરાને ઘેર મૃત્યુ થાય તો સસરાને ત્રણ રાત્રિ આશૌચ લાગે પરતુ જમાઇ પોતાનુ ઘેર મૃત્યુ થાય તો સસરાનો આશૌચ લાગતુ નથી આચાર્યનુ મૃત્યુ થાય તો શિષ્યને ત્રણ રાત્રિ આશૌચ લાગે (જેણે યજ્ઞોપવિત દિક્ષા આપી હોય તથા વેદ ભણાવ્યા હોય તે તે આચાર્ય સમજવો)

જનોઈ દિપેલા શિષ્યનુ મૃત્યુ થાય તો આચાર્યને ત્રિરાત્રિઆશૌચ (હાલમા આચાયનુ આશૌચ પાળવામા આવતુ નથી પરતુ પાળવુ જોઇએ) બધુત્રયનુ એક બીજાને ઘર મૃત્યુ થાય તો ત્રણ રાત્રિનુ અશૌચ લાગે છે

દોઢ દીવસનુ સુતક—ત્રણ બધુનુ દોઢ દીવસનુ અશૌચ લાગે છે પોતાના મામાના તથા ફોઈના છોકરા પિતાના મામાના માસિના તથા ફોઇના છોકરા માતાના મામાના મામીના, તથા ફોઈના છોકરા ઉપરના નવ બધુત્રય ગણાય છે, અને તેનુ દોઢ દિવસ આશૌચ લાગે છે વગર જનોઇ દીપેલા મામાનુ પણ દોઢ દિવસ આશૌચ લાગે છે ઉપર કહેલા બધુ ત્રયમાથી પરણેલી પુત્રીને બધુત્રયનુ આશૌચ લાગતુ નથી પરતુ પરણેલી પુત્રિને બધુત્રય માહેના ભાઇઓએ દોઢ દિવસનુ આશૌચ પાળવુ જોઇએ

એક રાત્રિ આશૌચ—જનોઈ દીપેલા માળાનુ બનેવીને એક રાત્રિ આશૌચ લાગે છે શબનુ વહન કરનાર મનુષ્યને પણ એક રાત્રિ આશૌચ લાગે છે

શબનુ વહન ન કર્યુ હોય પણ સ્પર્શ માત્ર કર્યો હોય તેમા દિવસે શબનો સ્પર્શ કર્યો હોય તો રાત્રિએ તારા દર્શન સુધી આશૌચ લાગે અને સૂર્યાસ્ત પછી શબનો સ્પર્શ થયો હોય તો સૂર્યોદય સુધી આશૌચ લાગે છે

સપાતા શૌચ—(એકમા બીજુ સુતક પડે તે) એકનુ સપૂર્ણ આશૌચ હોય તેમા બીજુ પ્રથમનુ આશૌચ ઉતર્યા પહેલા પડયુ હોય તો પ્રથમના આશૌચ સાથે બીજુ પ્રથમનુ આશૌચ ઉતરી જાય છે ત્રણ રાત્રિનુ આશૌચ ઉતર્યા પહેલા તેમા સપૂર્ણ આશૌચ ઉતરતુ નથી પરતુ ત્રણ રાત્રિથી ઓછી રાત્રિ વાળુ આશૌચ પડે તો ઉતરી જાય છે

એક સપૂર્ણ આશૌચમા બીજુ ત્રણ રાત્રિનુ આશૌચ આવી પડે તો પ્રથમની સાથે બીજુ ઉતરી જાય છે.

સંપૂર્ણ મૃતાશૌચમાં સંપૂર્ણ અથવા ઓછું જાતાશૌચ પડે તો મૃતા શૌચ સાથે જાતાશૌચ ઉતરી જાય છે સંપૂર્ણ જાતાશૌચમાં સંપૂર્ણ અથવા ઓછુ જાતાશૌચ પડે તો પ્રથમની સાથે ઉતરી જાય છે માતાના સંપૂર્ણ આશૌચમા પિતાનુ આશૌચ આવી પડે તો પૂર્વ શેષથી એટલે પ્રથમના આશૌચના બાકી રહેલા દિવસોથીજ શુદ્ધિ છે પરતુ પિતાનુ આશૌચ પડયા પછી નવમે દિવસે માતનું મૃત્યુ થાય તો દોઢ દિવસ વધારે આશૌચ પાળવુ સપિડના આશૌચમા માતા પિતાનુ આશૌચ ઉતરતુ નથી તેમજ આ પ્રમાણે સ્રીને પતિનુ આશૌચ ઉતરતું નથી

દશ રાત્રિના આશૌચમા છેલ્લી એટલે દશમી રાત્રિએ બીજુ સૂતક પડે તો બે દિવસ વધારે પાળવુ એ પ્રમાણે વધારાના બેદિવસના આશૌચમા ત્રીજુ આશૌચ આવે તો તે આશૌચ પુરેપુરૂ પાળવુ

દત્તક વિષે સૂતક—શાસ્રોક્ત વિધાનપૂર્વક કરેલા દત્તક પુત્રનુ મૃત્યુ થાય તો પાલન કરનાર માતાપિતાને તથા તેના સપિડિઓનેદસ રાત્રિનુ આશૌચ લાગે દત્તક પુત્ર ઘેર અથવા પુત્રીનો જન્મ અથવા મૃત્યુ થવાથી જન્મ આપનાર તથા પાલન કરનાર પિતાના સપિડિઓને એક રાત્રિ આશૌચ લાગે

તેમજ બન્નો તરફના સપિડિઓને ઘેર પુત્ર પુત્રીઆદિ જન્મ અથવા મૃત્યુ પામવાથી દત્તક પુત્રોને એક રાત્રિ આશૌચ લાગે જન્મ આપનાર માતા પિતાના મૃત્યુથી દત્તક પુત્રને ત્રણ રાત્રિનુ તેમજ દત્તકના મૃત્યુથી જન્મ આપનાર માતા પિતાને ત્રણ રાત્રિ આશૌચ લાગે બન્ને તરફના સપિડિઓના મૃત્યુથી દત્તકના પુત્ર પૌત્રાદિકને એક રાત્રિ આશૌચ લાગે તેમજ દત્તકને પણ સપિડિઓનુ તેજ પ્રમાણે આશૌચ લાગે છે ધરધરણાનુ મૂતક એક સ્રી પોતાના પતિને જીવતો મુકીને બીજાને વરેલી હોય ત્યારે તે સ્રીના મૃત્યુથી બન્નો પતિને ત્રિરાત્રિ આશૌચ લાગે છે

આવી રિતે એક મા અને બે બાપના છોકરાનુ (સહોદરનુ) જન્મ તેમજ મૃત્યુ થવાથી પરસ્પરને જન્મનુ એક રાત્રિનુ, અને મૃત્યુનુ રાત્રિ આશૌચ લાગે છે

પિતાને જ્યારે ત્રણ રાત્રિનુ આશૌચ લાગે ત્યારે સપિડિઓને એકરાત્રિ મિત્રનુ સૂતક લાગે છે.

અતિક્રાન્ત શૌચ-(મોડી ખબર પડી હોય તેનુ આશૌચ) જાતા શૌચમા અતિક્રાન્તા શૌચ લાગતુ નથી પરતુ જ્યારે પિતાને બાળકનો જન્મ થવાની ખબર પડે ત્યારે મગળ સ્નાન કરવુ.

જેનું ત્રણુ રાત્રિનુ આશૌચ પડે છે તેના ત્રણુ દિવસ થઇ ગયા પછી ખબર પડે તો સ્નાન માત્રથી શુદ્ધિ થાય છે

જન્મ અથવા મૃત્યુ થયા પછી સપિડીઓને દશ દિવસની અદર ખબર પડે તો જેટલા દિવસ બાકી રહ્યા હોય તેટલાજ દિવસનુ આશૌચ લાગે છે

માતા પિતાના મૃત્યુના સમાચાર દશ દિવસ સુધી ન થયા હોય તો ત્યારપછી વર્ષ પર્યન્ત જે દિવસે ખબર પડે તે દિવસથી પુત્રએ દશ રાત્રિ આશૌચ પાળવુ

તેજ પ્રમાણે સ્ત્રીપુરૂષને તથા શૌકયને, જે દિવસે ખબર પડે તે દિવસથી પરસ્પરનુ દશ રાત્રિનુ આશૌચ લાગે છે તેમજ ઓરમાન માતાનુ વર્ષ સુધી ખબર થાય ત્યારથી દશ રાત્રિ આશૌચ, પાળવુ ઔરસ પુત્રનુ માતા પિતાને ખબર થાય ત્યારથી દશ રાત્રિનુ આશૌચ પાળવુ

સાત પહેઢીમા કોઇના મૃત્યુની ખબર દોઢ માસ સુધી ન થઇ હોય તો દશ રાત્રિ પછી દોઢ માસ સુધી ત્રણુ રાત્રિનુ આશૌચ લાગે દેઢ માસ પછી છ માસ સુધીનુ દોઢ દિવસનુ આશૌચ લાગે તથા છ માસ પછી વર્ષ પર્યન્ત એક રાત્રિ આશૌચ લાગે અને ત્યારપછી ખબર થાય તો સ્નાન માત્રથી શુદ્ધિ થાય છે

સ્નેહને લીધે પોતાના સમાન જાતીના શબનુ કોઇ વહન કરે અને તેને ઘેર રહી સાથે ભોજન કરે તો તેને સૂતક ન હોય છતા દશ રાત્રિનુ આશૌચ પાળવુ

પોતાનાથી હિન જાતિના શબનુ વહન કર્યુ હોય અથવા તો દાહ કર્યો હોય તો જે જાતિનુ શબ હોય તે જાતનુ સપૂર્ણ સૂતક લાગે છે મુલ્ય લઇને હિન જાતિનુ વહન અથવા દાહ કર્યો હોય તો બમણુ આશાચ પાળવુ

પોતાની અથવા પોતાથી ઉચી જાતના શબનુ અનુગમન કરવાથી (અભડવાથી) સૂતક લાગતુ નથી પરતુ સ્નાન કરી અગ્નિ સ્પર્શ કરવો, ઘી સુઘવુ તથા પ્રાણાયામ કરવા પોતાનાથી હિન જાતના શબનુ અનુગમન કરનાર મનુષ્યને ત્રણુ રાત્રિનુ આશૌચ પાળવુ પડે છે,

મૃત્યુ વખતે પુત્ર અથવા જેને ક્રિયા કરવાનો અધિકાર છે એવો મનુષ્ય પાસે ન હોય તો પ્રથમ દિવસે દાહાદિક સસ્કાર કર્યો હોય તેને દશ રાત્રિનુ આશૌચ લાગે ત્યાર પછી ક્રિયા કરનાર અધિકારી આવે તો પણ દશ દિવસનુ કૃત્ય જેણે દાહ કર્યો છે તેણેજ કરવુ.

જે માણુસ અનાથ હોય અને જેની ક્રિયા કરનાર કોઇપણ મનુષ્ય હોય નહી તેવા માણુસનો દાહાદિ સસ્કાર કરવાથી કોઇપણ જાતનુ સૂતક લગતુ નથી પરતુ તે ક્રિયાનો કરનાર ઘણુાજ પુણ્યનો ભાગિ થાય છે

સૂતક અન્તે ક્ષૌર (હજામત) પ્રાપ્ત થાય છે તેમજ દાઢી મૂછ પણ આપવા પરતુ દાઢીમુછ મરનારથી ઉમરે મોટા હોય તો તેને આપવા પરતુ મરનારની ઉમર નાની હોય તો મોટાએ દાઢીમુછ આપવા નહી પરતુ ક્ષૌર તો અવશ્યજ કરાવવુ

આશાચાપવાદ સન્યાસી તથા બ્રહ્મચારીને સપિડના જન્મ તથા મરણુનુ આ શૌચ નથી પરતુ માતાપિતા મૃત થયા હોય તો સન્યાસી બ્રહ્મચારીએ વસ્ત્ર સહિત સ્નાન કરવુ બ્રહ્મચારીનુ સમાવર્તન થયા પહેલા પોતાના બ્રહ્મચર્ય દશામા હોય અને માતાપિતાનુ મૃત્યુ થાય તો બ્રહ્મચારીએ ત્રણ રાત્રિ આશૌચ પાળવુ અને ઉદક દાન આપવુ અથવા સાપિડનુપણુ બ્રહ્મચારીએ ત્રિરાત્રિ આશાચ પાળવુ શબ ઉપાડવુ ઇત્યાદિક નૈમિત્તિક આશૌચ બ્રહ્મચારીએ અવશ્ય પાળવુ શાસ્ત્રની આજ્ઞા વિના, શસ્ત્ર, અગ્નિ, વિષ, જળ, પાષાણુ ભૈરવ, જાપ, અથવા આત્મહત્યા કરનાર ચોરી આદિ ગુનાથી વ્યભિચારી, સ્ત્રી પોતાના પતિનો નાસ કરનારી વીજળી પડીને મરવાથી ઝાડ ઉપર ચઢીને મરવાથી, કુવામા પડીને મૃત્યુ થવાથી તથા ગાયના ચોરનારનુ આટલા ઉપર કહેલા મનુષ્યોનુ મૃત્યુ થાય તો તેનુ આશૌચ લાગતુ નથી પતિઇત્યાદિને મારનારી હીન જાતિ સાથે વ્યભિચાર કરનારી ગર્ભ હત્યા કરનારી, કુલટા, અને પ્રથમ કહ્યા મુજબ આત્મહત્યા કરનારી એવી સ્ત્રી મૃત થયા છતા આશૌચ પાળવુ નહિ પરતુ એઓની પ્રાયશ્ચિત કરવાથી શુદ્ધિ થાય છે પ્રાય-શ્ચિત પછી સૂતક લાગે છે

આશૌચમા વર્જ્ય, કર્મો, સધ્યા, વહ્નાદિ, શય્યા ઉપર શયન, નેત્રાંજન (આખ આજવી) તાબુલ, ભક્ષણુ, ઉપાસના, જપ, તીર્થ સ્નાન, સ્ત્રીગમન, અને કોઇનો સ્પર્શ કરવો મિષ્ટાન્, દાન લેવુ, દાન આપવુ, વેદ ભણવો ભણાવવો તથા યજ્ઞાદિક એટલા કર્મો આશૌચમા ત્યાગ કરવા, અને પ્રેતની ગાથાનુ ધ્યાન કરવુ ને મરનારની ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય એવા કર્મો મરનારના દશ દિવસમા અવશ્ય કરવા પ્રેતકલ્પદ્રુમ તથા ગીતા ઇત્યાદિકનુ શ્રવણ કરવુ એટલા કાર્યો આશૌચમા કરવાથી મરનારની ઉત્તમ ગતિ થાય છે.

દાહાદિક કરનાર પુત્રાદિકે દશ દિવસ દશા આપનુ પિડદાન કરવું અને કદાચ મરનારના દશ દિવસમા અમાવાસ્યા આવી હોય તો તેના દશાના પિડ દાનની સમાપ્તિ કરવી દશ દિવસમા મરનારની પાછળ શુ શુ ક્રિયાયો કરવી તેનુ શ્રવણ કરી તે પ્રમાણે વર્તવુ.

કૃષ્ણ પરમાત્માને અર્જુને મોક્ષ માર્ગના પ્રશ્નો પૂછ્યા તે વડે અર્જુનને સપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયુ હતુ તે પ્રમાણે અધ્યાત્મ વિદ્યાનું પાલન કરવાથી મનુષ્ય આ અસાર સસારમાથી મુક્ત થઈ પોતાના સ્વરૂપમા હમેશ લીન થવુ એ શિવાય ઉત્તમ માર્ગ બીજો નથી પરતુ મરનારે પોતાની હયાતિમા ધમ, ધ્યાન, સુચલતા, દાન, પુણ્ય, સદા ચરણ દયા, શાન્તિ તથા નવધા ભક્તિ કરી ઉત્તમ પદને પ્રાપ્ત કરવુ

ॐ विश्वानिदेवसवितर्दुरितानिपरासुव । यद्भद्रंतन्नआसुव ॥

હે પરમાત્મા વિશ્વના દેવતા અમારા સર્વ દુખોને દૂર કરો અને જેનાથી અમારૂ કલ્યાણ થાય અને આનદમા નિમગ્ન થઇએ

ॐ सहनोवतुसहनौभुनक्तुसहवीर्यंकरवावहैतेजस्विनावधीतमस्तुमाविद्विषामहै ॥

જેના વડે કરીને હમો પરસ્પર એક બીજાનુ રક્ષણ કરીએ અમે સર્વ એકત્ર થઇને સુખ ભોગવીએ એક બીજાની સાથે સપ સપીને સર્વ પુરૂષાર્થ માનિએ અમારૂ અધ્યયન તથા અધ્યાપન તેજ યુક્ત થાય, અને અમારામા પરસ્પર વિરોધ થાય નહિ

ॐ द्यौ शान्तीरन्तरीक्षᳬ शान्ति. पृथिवीशान्तिराप शान्तिरोषधय' शान्ति ॥ वनस्पतय शान्तिर्विश्वेदेवा शान्ति ब्रह्म शान्ति सर्वᳬशान्तिरेवशान्ति सामाशान्तिरेधि ॥

દ્યૌ અન્તરિક્ષ, પૃથ્વી, જળ, આષધી, વનસ્પતિ, વિશ્વેદેવા, અને સર્વ જગત્ શાન્તિ યુક્ત થાઓ તથા સર્વત્ર સ્થળે શાન્તિ પ્રસગે ઇતિ શિવમ્

॥ ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

समाप्तोय ग्रन्थः

પ્રથમ ગ્રાહક થનાર ગ્રહસ્થોના નામ.

૧	ડૉકટર નાથુભાઇ દેવશંકર	રાંદેર
૨	ભટ્ટ ગણપતરામ કૃષ્ણરામ પોષ્ટ માસ્તર	,,
૩	પાઠક પુરૂષોતમ કાશીરામ મિશન કન્યાશાળાના માસ્તર	,,
૪	વ્યાસ કેશવરામ નરભેરામ	,,
૫	શોની ઝવેર હરગોવન	,,
૬	મહેતા હરિલાલ ભવાનીશંકર	અંકલેશ્વર
૭	ઉપાધ્યા મગનલાલ પ્રાણશંકર વૈદ્ય	દીહેણ
૮	ડૉકટર ગણપતરામ કાશીરામ અંનયુ એમ બી બી એસ	મુંબાઇ
૯	શેઠ મગનલાલ જીવણરામ વૈદ્ય	,,
૧૦	સપતરાવ હુકમતરાવ મહેતા	ઓરપાડ
૧૧	શોની નાથુભાઇ ભકિતદાસ	રાંદેર
૧૨	વ્યાશ દુર્ગાશંકર અભયરામ	અડાસ
૧૩	વ્યાશ જયશંકર ભાનુદત્ત	નરથાણ
૧૪	ડૉ હરિરામ ભાઇશંકર સબ આસિસ્ટન્ટ સરજન	રાંદેર
૧૫	વ્યાશ હરિલાલ પાર્વતીશંકર	નરથાણ
૧૬	શુકલ હરિદત્ત રમાદત્ત	સુરત
૧૭	જોશી ઉત્તમરામ દલપતરામ વૈદ્ય	ઇચ્છાપોર
૧૮	જોશી અમૃતરામ દલપતરામ	,,
૧૯	રાવળ નરભેરામ લક્ષ્મીરામ	અડાજણ
૨૦	પંડ્યા રામચંદ્ર કરૂણાશંકર	,,
૨૧	શોની ચુનીલાલ ભકિતદાસ	રાંદેર
૨૨	દીનાનાથ કેશવરામ ઇંગ્રેજી બી એ એલ એલ બી	,,
૨૩	ભટ્ટ પ્રાણશંકર તુળજારામ	મુંબાઇ
૨૪	ભટ્ટ કાશીનાથ જયકૃષ્ણ એલ ટી એમ	સિદ્ધપુર
૨૫	ભટ્ટ અમૃતરામ નરોત્તમ	રાંદેર
૨૬	પુરોહિત રામચંદ્ર નર્મદાશંકર	સુરત
૨૭	દેશાઇ મણીભાઇ નરોત્તમભાઇ	વરીયાવ
૨૮	બાળચંદ્ર જયશંકર	વલસાડ
૨૯	ભટ્ટ મણીશંકર ગીરજાશંકર	રાંદેર
૩૦	ડૉ જમીયતરામ લક્ષ્મીરામ ઇચ્છાપોરીયા	,,
૩૧	વ્યાસ ધીરજરામ વિશ્વનાથ	,,
૩૨	જોશી જયકૃષ્ણ પ્રાણશંકર	,,

૩૩	વ્યાસ ઉત્તમરામ જયાનંદ	,,
૩૪	લલ્લુભાઇ ગિરધરલાલ ઝવેરી	મુંબાઇ
૩૫	દેવજીભાઇ રણછોડભાઇ કાજીવાળા	રાંદેર
૩૬	ભટ્ટ ભગવાન શિવશંકર મિશન હાઇસ્કુલ માસ્તર	સુરત
૩૭	છોટાલાલ વજેરામ બારડોલીવાલા	ઘાટકુપર
૩૮	ભોગીલાલ લક્ષ્મીરામ ત્રીવેદી	અમદાવાદ
૩૯	શાસ્ત્રી દુર્ગાશંકર ભાનુદત્ત નરથાણવાળા	સુરત
૪૦	શોની ત્રીભોવનદાસ કાશીરામ	ઓરમા
૪૧	ડૉ. ચીમનલાલ નાથાલાલ	હિલોલ
૪૨	સુરજરામ દયાશંકર વૈદ્ય	ઇચ્છાપોર
૪૩	ઉપાધ્યા બાળકૃષ્ણ રેવાશંકર	માસમા
૪૪	ડૉ. જયન્તીલાલ ઉત્તમરામ ઇચ્છાપોરીયા	રાંદેર
૪૫	ચુનીલાલ રામચંદ્ર શેલત સબરજીસ્ટાર	સુરત
૪૬	માણેકલાલ જમનાદાસ ભક્તરાજ મલારજી	,,
૪૭	ડૉ. જદુરામ હરિરામ ઓનોરરી મેજીસ્ટ્રેટ	રાંદેર
૪૮	અંબાશંકર વ્યાસ સર્વજનીક પુસ્તકાલયના સેક્રેટરી	મોટાકરાયા
૪૯	કેશવલાલ કાશીરામ મ્યુનિસિપાલ સ્કુલમાસ્તર	અસલાલી
૫૦	મહેતા જમનાદાસ ગિરધરલાલ	અમદાવાદ
૫૧	ભટ્ટ કેશવરામ નરભેરામ દીહેણુ	દીહેણુ
૫૨	ચતુર્ભુજ કુવરજી ત્રીવેદી	મુંબાઇ
૫૩	પુરશોત્તમ શંકરલાલ શર્મા	ધોલેરા
૫૪	મોહનલાલ ગોપાળજી દવે	મુંબાઇ
૫૫	પાઠક કેશવરામ કૃષ્ણાશંકર	રાંદેર
૫૬	રાવબહાદુર અંબાશંકર ઉત્તમરામ મલજી	ભરૂચ
૫૭	શામજી ગોપાળજી રાવળ	કલકત્તા
૫૮	ભટ્ટ દલપતરામ નરભેરામ	મુંબાઇ
૫૯	અધ્યારૂ મણીશંકર નરભેરામ વૈદ્ય	ધળા
૬૦	વ્યાસ મગનલાલ ગીરજાશંકર	નરથાણ
૬૧	ઉપાધ્યા મણીશંકર ગવરીશંકર	રાંદેર
૬૨	રાવળ ઉત્તમરામ પુરશોત્તમ	માસમા
૬૩	ઉપાધ્યા મણીશંકર ગણપતરામ વૈદ્ય	ઓરપાડ
૬૪	નરહરિશંકર રમાશંકર	ઓરપાડ
૬૫	શાસ્ત્રી પુરશોતમ રવિશંકર	નરથાણ
૬૬	સુકલ રેવાશંકર બહેચરભાઇ	વાસાવડ

૬૭ વ્યાસ ગજાનન ગણપતરામ માસ્તર	નરથાણ
૬૮ ભિમભાઈ જીવણજી નાયક ,,	દીહેણ
૬૯ પટેલ દીયાળજીભાઇ	રાદેર
૭૦ ભટ્ટ નરભેરામ કેશવરામ ડાક્ટર સબ આસિસ્ટંટસરજન	વાગરા
૭૧ પડ્યા મોતીરામ ગણપતરામ	સકરકદા
૭૨ પાઠક કાશીનાથ ઉત્તમરામ	મુબાઇ
૭૩ પાઠક કાન્તીલાલ મણીશકર	ગીરજરમ
૭૪ વ્યાશ રામચદ્ર ગીરજાશકર	નરથાણ
૭૫ ગોપાળજી પુરશોતમ દેશાઇ	મહેમદાવાદ
૭૬ જોશી સવાઇલાલ જયશકર	મુબાઇ
૭૭ નૈમિત્તિક ગૌડ ગરબે સવારી કામદાર સાહેબ	વડોદરા
૭૮ નાથુભાઇ લાલભાઇ દેશાઇ	દીહેણ
૭૯ ભટ્ટ જમીયતરામ રામશકર	રાદેર
૮૦ જોશી મણીશકર ભાઇશકર	હાસોટ
૮૧ ભટ્ટ નરભેરામ રવિશકર માસ્તર	સોસક
૮૨ પ્રભુશકર નરભેરામ વ્યાશ	અડાજણ
૮૩ વ્યાસ જગન્નાથ હરિકૃષ્ણ	રાદેર
૮૪ ભટ્ટ બાળકૃષ્ણ કેશવરામ	રાદેર
૮૫ પાઠક કાશીનાથ ભગવાનજી	રાદેર
૮૬ ભગવાનલાલ કેશવલાલ મહેતા	અમદાવાદ
૮૭ સુકલ ભાળચદ્ર ડાહ્યાભાઈ બી એ	વરીયાવ
૮૮ ભોગીલાલ ગવરીશકર વ્યાસ	અડાજણ
૮૯ વ્યાસ ગણપતરામ માધવરામ	કરજણ
૯૦ જોશી પરભુરામ રામશકર	સ્યાદલા
૯૧ વ્યાસ કરૂણાશકર ભાનુદત્ત	નરથાણ
૯૨ વ્યાસ બાળકૃષ્ણ પ્રેમશકર	નરથાણ
૯૩ વૈદ્ય મણીશકર રમાશકર	સુરત
૯૪ ભટ્ટ ગણપતરામ કાશીરામ	યેગોન (બરમા)
૯૫ ભટ્ટ પુરશોતમ જોગીભાઇ બી એ એલ એલ બી	અમદાવાદ
૯૬ ભટ્ટ નાનાલાલ વિષ્ણુરામ	રાદેર
૯૭ પાઠક દલપતરામ નરભેરામ	આણદ
૯૮ શેઠ ભાઇદાશ પ્રાણજીવનદાસ પારેખ	સુરત
૯૯ જનાર્દન રામશકર ભટ્ટ	વડોદરા
૧૦૦ જોશી રામચદ્ર રવિશકર	ઝમડા

૧૦૧ પાઠક પુરસોતમ મછારામ	વરીયાવ
૧૦૨ મહારાઉલશ્રી ભવાનીસિંહજી અજીતસિંહજી	છોટાઉદેપુર
૧૦૩ ભટ્ટ અમૃતલાલ નરોતમ સબ ઓવરસીઅર	ગોધરા
૧૦૪ જોશી ગણપતરામ અમૃતરામ	રાદેર
૧૦૫ રઘુરામ પુરૂષોતમ વ્યાસ	કુંભાકોનમ
૧૦૬ વૈદ મણીશંકર જયશંકર	સુરત
૧૦૭ શેઠ અંબાલાલ મોહનલાલ મારફતીઆ	રાદેર
૧૦૮ શાસ્ત્રી રાજારામ રામશંકર	રાદેર
૧૦૯ વ્યાસ કૃષ્ણમુખરામ રામકૃષ્ણ સ્ટેશન માસ્તર	સિધખેડા
૧૧૦ પંડ્યા મણીશંકર જીવણરામ	શિવાણ
૧૧૧ ચિમનલાલ હરિલાલ ઠક્કર	વડોદરા
૧૧૨ ચિંતામણીશંકર દલપતરામ	રાદેર
૧૧૩ જોશી રામશંકર રવિશંકર	ઓરપાડ
૧૧૪ પંડ્યા સુરજરામ જીવણરામ	ઓરપાડ
૧૧૫ ગોર ઝીણાભાઇ	ઓરપાડ
૧૧૬ અગ્નિહોત્રી ભાનુશંકર ચંદ્રશંકર	દીહેણ
૧૧૭ જીનાભાઇ રામભાઈ દેશીનામા સ્કુલ માસ્તર	સુરત
૧૧૮ ભાણાભાઇ મીઠાભાઇ	રાદેર
૧૧૯ અંબાલાલ નામળદાસ	ભરૂચ
૧૨૦ દેસાઇ નાગરજી જીવણજી પોલીસ પટેલ	નરથાણ
૧૨૧ ભટ્ટ જમીયતરામ ગીરજાશંકર	દામકા
૧૨૨ ડા. કરૂણાશંકર દેવશંકર જોશી વેટેનરી સરજન	રાદેર
૧૨૩ ડાહ્યાભાઇ ધનજીભાઇ રાઠોડ	કચ્છઅંજાર
૧૨૪ પુરાણી રામચંદ્ર હીરજીરામ વ્યાસ	અમલેશ્વર
૧૨૫ પાઠક રમણલાલ દલપતરામ	વડોદરા
૧૨૬ વ્યાસ હરિકૃષ્ણ ઉત્તમરામ ડાક્તર	કીમ
૧૨૭ સુકલ ગણપતિશંકર વિશ્વનાથ	અંકલેશ્વર
૧૨૮ શાસ્ત્રી ગંગાશંકર ચંદ્રશંકર	સુરત
૧૨૯ સુકલ અળરામ	સુરત
૧૩૦ ભુખણદાસ કલ્યાણદાસ શાહ	રાદેર
૨૩૧ દવે ઠાકોરલાલ દયાશંકર	અંકલેશ્વર
૧૩૨ વ્યાસ સુરજરામ જગુરામ	રાદેર
૧૩૩ પાઠક ઉત્તમરામ દલપતરામ	શિવાણ
૧૩૪ જમીયતરામ ઉત્તમરામ	ઇલાવ
૧૩૫ માસ્તર નરોતમ ગીરજાશંકર ઇંગ્રેજી પેન્સનર	રાદેર
૧૩૬ પાઠક નાથુભાઈ ફકીરભાઈ	અંભેટા

ગ્રાહકોનું લીસ્ટ.

શેઠ ચુનીલાલ માણેકચંદ ગાંધી બી એ એલ એલ બી વકીલ	સુરત
ભટ્ટ નાથુભાઈ રાજારામ	દીહેપુ
પાઠક છોટુભાઇ ગવરીશંકર	કરજણ
શેઠ વનેચંદ ભગવાનજી	વાંકાનેર
શેઠ મગનલાલ હરગોવનદાસ	જે પી મુંબાઇ
શેઠ મોતીલાલ મગનલાલ જૈન ... ના સ્થાપનાર	લીમડી
શેઠ લક્ષ્મીનારાયણ ગોકુલકૃષ્ણદાસ ... વાળા	મદ્રાસ
શેઠ ક્રસનદાસ મુળજી જેડાવાળા	મુંબઇ
શેઠ હરકીસનદાસ જગજીવનદાસ પટેલ	અંકલેશ્વર
શેઠ મગનલાલ મોતીલાલ	નડીયાદવાળા
શેઠ ગુલામ ... દાસ ... મહેતા મી ... ના મેનેજર	નાગપુર
શેઠ લાલજી કુંવરજી	મુંબાઈ
શેઠ મુળજી હરીદાસ ચાના વેપારી	મુંબાઇ
શેઠ ચતુરભુજ તુળજાદાસ વશનજી બોમનવાળા	મુંબાઇ
શેઠ રતનજી કરમસીંહ દામજી	જે પી. મુંબાઈ
ભટ્ટ જમીયતરામ કુબેરરામ પેમાસ્તર બી બી એન સી આઇ રેલવે	મુંબઇ
શેઠ દલસુખભાઇ વાડીલાલ (વીરચંદ દીપચંદવાળા)	મુંબાઇ
શેઠ વીરજી પરાજી અમરની વિધવાશ્રમના સ્થાપક	મુંબાઇ
ભટ્ટ રામશંકર તુળજારામ	મુંબાઇ
દેશાઇ ક્રીપાભાઇ ખંડુભાઇ પોલીશ પટેલ	પોંજરત



શુદ્ધિપત્રક.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૪	૧૧	वार्गलर्वौषधं	वासर्वौषधं
૧૫	૮	भ्रीरोदन	क्षीरोदनं
૧૫	૮	मुश्रीयाता	मश्नीयाता
૧૫	૧૦	वनुनवीत	वनुब्रवीत
૧૫	૧૫	शुषुषितां	शुश्रूषितां
૧૫	૧૬	सोदन	क्षौदन
૧૬	૧૩	तस्ताद्युग्मासु	तस्माद्युग्मासु
૧૭	૧૩	નખળ	નિર્બળ
૧૭	૧૫	गृह्यत्र	गृह्यसूत्र
૧૭	૧૮	प्रसेतन	प्रसूतेन
૧૭	૨૮	ववितंा	वदिता
૧૯	૧૩	जीवस्था	जीवत्या
૧૯	૧૫	विष्णुर्योति	विष्णुर्योनि
૧૯	૨૩	સુખમૂર્વક	સુખપૂર્વક
૨૦	૬	यथात्व	यथा
૨૦	૧૧	मिंद्रिय	मिन्द्रिय
૨૦	૧૭	"પયઆ"	"પયસા"
૨૦	૨૦	હિઅન	હિસન
૨૧	૧	ગભ	ગર્ભ
૨૧	૨	આવિનૌ	આશ્વિનૌ
૨૧	૧૬	કહો	કરો
૨૧	૬૮	બધા	મધા
૨૩	૯	मन्णलागार	मण्डलागार
૨૩	૨૧	ઉધર	ઉપર
૨૪	૨૬	हुविषा	हविषा
૨૪	૨૬	द्वियम्	विधेम
૨૭	૭	गृह्यसू	गृह्यसूत्र
૨૮	૯	प्रजाप्रत्येकी	प्रजापत्येक

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૮	૨૭	तस्याना	तस्यानाम
૨૯	૧૯	बोस्मान्	योस्मान्
૩૨	૨૬	સસર	સંસ્કાર
૪૪	૬	सस्रद्न्ति	संस्रवन्ति
૪૪	૨૧	सवाहृति	स्वाहेति
૪૮	૨૩	वशसा	यशसा
૫૧	૨૪	૨૭૪૨૫ના	૨૭૪૨નલા
૫૬	૬	वत्तेशुषिमे	यत्तेशुषिमे
૫૮	૧૦	यारास्कर	पारास्कर
૬૧	૧૨	शुश्मिण	शुष्मिण
૬૧	૧૨	निषर्ज्जना	रिषऊर्ज्जम्नो
૬૫	૯	उद्रुतुते	उदन्तुते
૧૧	૧૯	ब्रह्मपर्चस	ब्रह्मवर्चस
૭૬	૩૨	तेनन्त्वा	तेनत्वा
૭૭	૪	मग्रब	मध्य
૭૭	૧૨	मसव्रते	ममव्रते
૮૧	૮	प्रब्रवामशरद्	शतप्रब्रवामशरद्
૮૮	૩૧	अग्निसि	अग्नेसि
૮૮	૩૨	वर्चोदाअग्निसि	वर्चोदाअग्नेसि
૯૪	૨૭	स्वादिशै	स्वादिरौ
૧૦૧	૧૯	जहालो	जटालो
૧૦૩	૧૦	बूयात्	ब्रूयात्
૧૧૨	૨૫	सोप्ररता	साप्ररता
૧૧૨	૨૬	પહેધીમા	પહેઠીમા
૧૧૭	૨૯	मकिर्तित	प्रकिर्तितः
૧૨૫	૧૯	बूयान्न	ब्रूयान्न
૧૨૫	૨૦	बूयात्	ब्रूयात्
૧૨૭	૨૮	बूयात्	ब्रूयात्
૧૩૭	૨૧	मधपं	मद्यपं
૧૩૮	૨૦	घासा	वासा
૧૩૮	૨૮	अमुक	ममुक

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૩૮	૩૩	भायत्वने	भार्यत्वेन
૧૪૦	૮	षिविर्षषि	विवर्षनि
૧૪૪	૩૧	બેચયન	બેઅયન
૧૪૫	૧	भामाम	माम
૧૪૬	૧૨	कार्माणे	कर्माणि
૧૪૬	૧૪	मषित	ब्रवित्
૧૪૮	૨૦	सौमाङ्ग	सैमाङ्ग
૧૪૯	૧૨	ઓગગીવાળી	આગળીવાળી
૧૫૩	૫	अथवेदमत्रा	अथर्ववेदमंत्राः
૧૫૫	૯	वक्षो	वक्षौ
૧૫૫	૧૫	जरदः	शरद्
૧૫૬	૨૫	मयत्नेन	प्रयत्नेन
૧૫૮	૨૫	ज्ञानमूला	ज्ञानमूलां
૧૮૪	૪	ભય	અભય
૧૮૬	૨૦	શુકનિતિ	શુક્રનીતિ
૧૯૭	૨૪	દેખાતો	દેખતો
૧૯૭	૨૭	पतिव्रता	पवित्रता
૧૯૯	૪	સિશ્વાસ	વિશ્વાસ
૨૧૭	૧	યણાપ્રામ	પ્રાણાયામ
૨૧૭	૧૦	દન	દાન
૨૩૧	૪	તદ્દત્	તદ્દવત્
૨૩૧	૮	વાચારતણુ	વાચારભણુ
૨૪૧	૧૭	जमत्	जगत्
૨૩૨	૧૬	ધન	ધન
૨૩૪	૧૪	नत्याति	नत्येति
૨૩૯	૩	અમ્યક્	સમ્યક્
૨૪૩	૧૭	પડિત	પિંડ
૨૪૬	૩૦	वूहि	ब्रूहि
૨૪૯	૫	જય	જળ
૨૫૬	૧૪	तजस्विना	तेजस्विना

अभिप्राय.

श्री राधनपूर निवासी शुक्ल जयकृष्ण प्रेमशंकर.

वि. ,, आपने "आर्य संस्कार" नामक ग्रन्थ परिश्रम करके वेद प्रणित द्विजत्व षोडश संस्कारोंका गुर्जर भाषामें उलथा किया है यह सर्वथा मान्य है। आधुनिक समयमें सनातन धर्मकी जागृतिके लीये ऐसे पुस्तकोंकी आवश्यकता है। आप सर्वथा जातिहिनके ऐसे कार्योंमें निमग्न हो। परमात्माकी कृपासे आपका परिश्रम सफल हो ऐसी प्रार्थना है। अस्तु.

ली० श्रीमत्परमहंस परिव्राजकाचार्य

मंडलेश्वर स्वामीश्री १०८

परमात्मानंदजी.

स्थळ काशी (बनारस).